|| શિવમસ્તુ સર્વ જગતઃ ||

|| શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-
પ્રદ્યોતન-કુંદકુંદ-મહાયશવિજય સદ્‌ગુરુભ્યો નમઃ ||

# શબ્દ ધુરંધર

(કથાઓ - લેખો - સંવેદનાઓ)


...કર્તા...
વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

...સંયોજક - સંપાદક...
આચાર્ય હેમપ્રભ સૂરિ



...પ્રકાશક...
ભદ્રંકર પ્રકાશન

પુસ્તક :- શબ્દ ધુરંધર

કર્તા/લેખક :- વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

વિષય :- કથાઓ - લેખો - સંવેદનાઓ

આવૃત્તિ :- પ્રથમ - વિ.સં.-૨૦૮૦, ઇ.સ.-૨૦૨૪

પાના :- ૨૨+૨૧૪ = ૨૩૬ કુલ

નકલ :- ૫૦૦

પ્રકાશક :- ભદ્રંકર પ્રકાશન

C/o. કેયુરભાઇ એફ. શાહ
૪૯/૧,મહાલક્ષ્મી સોસાયટી,સુજાતા પાસે,
શાહીબાગ,અમદાવાદ-૩૮૦૦૦૪.
મો. : 98252 58969.

પ્રાપ્તિ સ્થાન :-

૧. મૈત્રી વાત્સલ્ય ટ્રસ્ટ
જૈનનગર, સંજીવની આયુર્વેદિક હોસ્પીટલવાળી
ગલીમાં, પાલડી - અમદાવાદ - ૩૮૦૦૦૭.
મો. : 90990 54105.

૨. કસ્તુરધામ
તળેટી રોડ - પાલિતાણા-૩૬૪૨૭૦.
જિ. - ભાવનગર.
મો. : 78745 26943.

૩. હાલારતીર્થ - આરાધનાધામ જૈન તીર્થ
મુ.પો. વડાલિયા સિંહણ-૩૬૧૨૮૦.
તા. જામ ખંભળીયા.
જિ. - દેવભૂમિ દ્વારકા
મો. : 80002 44433 / 81415 57166

મુદ્રકઃ- તેજસ પ્રિન્ટર્સ
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road,
Kalupur, Ahmedabad-380001.
M. 98253 47620

## ...પ્રકાશકના આનંદ ઉદ્‌ગાર...

શાસનના અદ્‌ભૂત સિતારા શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર એવા અમારા ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી ધુરંધરવિજયજી મહારાજ રચિત અને લિખિત રચનાઓનો સંપુટ શ્રી સંઘના કરકમલમાં મૂકતાં અમો અપાર આનંદ અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી વર્તમાનકાળમાં વિદ્વાનોમાં શિરમોર છે.એમના બાલ અને યુવાન કાળમાં વિશેષ રચાયેલી રચનાઓમાં - લખાણોમાં તે તે વિષયોને અનુરૂપ ગહરાઇ અને રસાળતા અનુભવાય છે.

પૂજ્યશ્રીની રચનાઓ આદિનો વિશાળ ભંડાર, અમારા પ્રકાશનના પરમ ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી વજસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના લઘુગુરુ બંધુઓ પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના પ્રયત્નોથી પ્રકાશિત થઇ રહ્યો છે.તેનો લાભ અમારા પ્રકાશનને મળ્યો તેને અમારું સદ્‌ભાગ્ય માનીએ છીએ.

આ રચનાઓ-લેખો-કથાના માધ્યમે આપણે સૌ પ્રભુશાસનના પદાર્થોનું રહસ્ય પામી લોકોત્તર સુખ- પરમપદને પામીએ એ જ અભિલાષા...

- ભદ્રંકર પ્રકાશન



## ...પુસ્તક પ્રકાશનના સદ્ભાગી...

**પરમપૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યસ્મૃતિપૂર્વક**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી**

શ્રી હાલારી વિશા ઓશવાળ આદિજિન સેવા ટ્રસ્ટ (કસ્તુરધામ-પાલિતાણા)

હાલારી વિશા ઓશવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (કામદાર કોલોની)
- જામનગરમાં સંવત ૨૦૭૭ના વર્ષે ઉભય પૂજ્યોના ચાતુર્માસની સ્મૃતિમાં

શ્રી ગાંધીગ્રામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - રાજકોટ

શ્રી પોરબંદર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ટ્રસ્ટ - પોરબંદર

આ ચારે સંઘે પોતાના જ્ઞાનનિધિમાંથી...

...શ્રાવક વર્ગ પણ આનો લાભ લઇ શકે તે માટે...
માતુશ્રી જયાબેન ચુનિલાલ દોઢિયા પરિવાર, હસ્તે : પારસભાઇ-દીપાબેન-પ્રિયન
(ગામ : હાલાર-નવાગામ-લંડન)

આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

## ...જ્ઞાનામૃતં ભોજનમ્...

સ્વાધ્યાય ક્યારે કરવો ? હંમેશા (મનમાં તો થાય જ)

સ્વાધ્યાયનો પ્રારંભ કઇ ઉંમરે થાય ? સમજણા થઇએ ત્યારથી,

આ બંને વાતો લાગુ પડે છે અમારા વડીલ વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધર વિજયજી મહારાજને...!

એમણે સ્વાધ્યાય - વાંચન - અભ્યાસ - ચિંતન - મનન - રચના ક્યારે કરી ? એ પૂછવા કરતાં ક્યારે નથી કરી ? એ પૂછવું પડે.

એ વિષે માત્ર ૧ સેંપલ પ્રસંગ '' ગરમીના દિવસો હતા, રાતે પણ અસહ્ય ગરમી, ઊંઘ નથી આવતી, લગભગ મધ્યરાતનો સમય હતો. તો પૂજ્યશ્રીએ શું કર્યું ? શાંતસુધારસ ગ્રંથનો સમશ્લોકી ભાવાનુવાદ રચી દીધો. - વિશેષ વાત તો એ છે કે રાતે રચના સંથારામાં સુતા સુતા કરી અને યાદ રહી ગઇ. સવારે એ અનુવાદ કાગળ પર ઉતાર્યો.

રચના કરવી સહેલી - પણ ક્યારે ? કાગળ પર લખતા લખતા સહેલી, આમ મનમાં રચના કરવી - યાદ રાખવી અને ૫-૬ કલાક પછી લખવી એ ખૂબ અઘરૂં કામ છે. જેઓ કવિ હશે તેમને આ વાત સુપેરે જ્ઞાત જ હશે.

તેઓ કહેતા કે હું સમજણો થયો ત્યારથી એટલે લગભગ ૩ વર્ષના થયા ત્યારથી એમના જીવનમાં બનેલા પ્રસંગો-ઘટનાઓ ઘણાં-ખરાં યાદ છે. ૬-૭ વર્ષની ઉંમરે કરેલાં વાંચનની વિગતો હજુ યાદ છે. અને વિશેષતા એવી કે તેઓએ પ્રાકૃત કર્યું નથી છતાંય કિલષ્ટ પ્રાકૃત ગ્રંથને પણ રમતાં રમતાં ઉકેલી દે. ધન્ય છે એમની પ્રજ્ઞાને...! પૂર્વભવની જ્ઞાન સાધનાને...!

આટલી અદ્‌ભૂત પ્રજ્ઞાવાન્ છતાં નમ્રતા એવી કે કાયમ કહે કે હું તો સાવ અબુધ ગામડીયો હતો. મને અહીં સુધી પહોંચાડનાર હોય તો પૂજ્ય ગુરુમહારાજ (પરમપૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય)

એ પૂજ્યશ્રીએ પોતાના બાલ્યકાળથી પ્રારંભી ૮૦ વર્ષની વય સુધીમાં અનેકાનેક ગુજરાતી, હિન્દી, સંસ્કૃત રચનાઓ-લેખો-કાવ્યો આદિની રચના કરી છે. આ બધી રચનાઓ-લેખો આદિમાંથી અમુક કલ્યાણ માસિક, વૈદ્યકલ્પતરૂ, **नन्दनवन कल्पतरुः** સંસ્કૃત પત્ર, **निःश्रेयसम्** સંસ્કૃત પત્ર આદિ સામયિકોમાં પ્રકાશિત થયેલા, તો અમુક સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકાશિત થયેલા અને અમુક રચનાઓ તો અદ્યાવધિ અપ્રકાશિત જ હતી એ સર્વેને એક સાથે પ્રકાશિત કરીએ તો વાચક વર્ગ - જિજ્ઞાસુઓને સુગમતા રહે એવો વિચાર આવતાં પૂજ્યશ્રી ને એ વિષે વિનંતિ કરી. નિઃસ્પૃહી પૂજ્યશ્રીએ પહેલાં તો બહુ ધ્યાન ન આપ્યું. છતાં વારંવાર ઉઘરાણી કરતા રહ્યા અને પછી પૂજ્યશ્રીએ આપવાનું માન્ય કર્યું, એનું પરિણામ આજે સહુની સામે છે.



આ ગ્રંથો પ્રકાશિત કરવામાં મુખ્યતાએ જો શ્રેય આપવાનો થતો હોય તો તે છે ગણિ જિનભદ્રવિજયજી મહારાજને, કે જેમણે પૂજ્યશ્રીના લ્હેરી સ્વભાવ સાથે સેટ થઈને પ્રેમથી વારંવાર જણાવી - જણાવીને આટલું મેટર મેળવી પ્રુફ આદિ જોઈ સંકલન કરી આપ્યું.

ભદ્રંકર પ્રકાશન વાળા કેયુરભાઈ ફકીરચંદ શાહે - ચિત્રો તથા લખાણ મેળવી આપ્યા.

અમદાવાદ નિવાસી સમીરભાઈ તથા ધરણેન્દ્રભાઈ<br>
નવાડીસા હાઈવે નિવાસી સુનિલભાઈ જેંતીભાઈ શાહ } પૂજ્યશ્રી પાસેથી ચિંતનો મેળવ્યા.

જલારામ પ્રેસવાળા જલદીપભાઈ ઠક્કર કે જેઓએ સતત પ્રયત્ન કરીને છ વર્ષ સુધીની ધીરતા ધરીને કંપોઝ કરી આપ્યું. ઈત્યાદિ મહાનુભાવો વિવિધ રીતે ખૂબ જ સહાયક બન્યા છે. તેમની અંતરથી અનુમોદના.

આમાં અપાયેલ રચનાઓ આદિની વિશેષતા આદિ આગળ દર્શાવેલ છે.

અત્યારે એક સાથે ચાર પુસ્તકો પ્રકાશિત થાય છે. હજુ પણ પત્રો-વિહાર લેખમાળા-ચિંતનો-શક્રસ્તવ વાચના આદિ બાકી છે, ભવિષ્યમાં અનુક્રમે પ્રકાશિત કરાશે.

આ ચારેય પુસ્તકના નામો પૂજ્યશ્રીના પ્રિય પાત્ર અને પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિવંત પૂજ્ય મુનિરાજ શ્રી હિતરતિવિજયજી મહારાજે સૂચવી પોતાની લાગણી દર્શાવી છે.

અમારા શિરછત્ર સમા પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના બાળસખા પૂજ્યશ્રીના ગ્રંથોને પ્રકાશન કરતાં, આ રચનાઓ આદિના આલંબને સહુને પ્રભુની આજ્ઞા-શાસ્ત્રપ્રીતિ વધે અને એ દ્વારા આત્મકલ્યાણ પ્રાપ્ત થાય એ જ ભાવના સહ...

હેમપ્રભ

સંવત - ૨૦૭૯, આસો સુદ - ૧૫ ,ધોરાજી.



# ...કવિહૃદય વિદ્વદ્શિરોમણી
# પૂજ્યપાદ્ ધુરંધરવિજયજી મહારાજ સાહેબ સાથે સીધી મુલાકાત...

શ્રીમતી અમિતા મહેતા

બે વર્ષ પૂર્વે સુશ્રાવિકા અમિતાબેને પૂજ્ય સાહેબજીનો ઇન્ટરવ્યૂ લીધો. તે ''હૃદય પરિવર્તન'' નામે ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત સામયિકમાં પ્રકાશિત થયેલો. તેના અમુક અંશો અહિં રજૂ કર્યા છે. આખો ઇન્ટરવ્યૂ વાંચવાની ઇચ્છા હોય તો એ મેગેઝિનમાંથી વાંચીલેવો. –સંપાદક

શ્રુતપૂંજ, અગાધ જ્ઞાનનાં મહાસાગર પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી ધુરંધરવિજયજી મહારાજ એટલે વર્તમાન શ્રમણ સમુદાયમાં વિદ્વત્તાનું મેરુ શિખર ! વિચારશીલ, નિર્ભીક અને કવિહૃદય મહાત્મા છે. અહિં આપેલ એમના વિચારો સ્વતંત્ર છતાં'ય શાસ્ત્રીય પુરાવા સહિતના છે... તેમનો આ દીર્ઘ ઇન્ટરવ્યૂ રજૂથાય છે.

**પ્રશ્ન : સાહેબજી, આપનાં વૈરાગ્યનું નિમિત્ત શું હતું ?**

**ઉત્તર :** કોઇ નિમિત્ત નહોતું. પપ્પા દીક્ષા લેવાનાં હતાં એટલે મારે દીક્ષા લેવાની જ હતી અને હું લઉં એટલે મમ્મીએ લેવાની હતી. બાલ્ય વયથી એ જ સંસ્કાર હતા કે દીક્ષા જ લેવાની છે. ખૂબ સહજ વાત હતી.

**પ્રશ્ન : અરિહંતની ભક્તિ અને અરિહંતની કૃપા કઇ રીતે મેળવી શકાય ?**

**ઉત્તર :** અરિહંતની ભક્તિથી જ અરિહંતની કૃપા મળે છે.

**પ્રશ્ન : પણ એની સાચી રીત શું ?**

**ઉત્તર :** પ્રભુની આજ્ઞાનું પાલન એ જ અરિહંતની સાચી ભક્તિ, એ સિવાય ભક્તિનો અર્થ છે ભાગ... આપણાં જીવનની પળોમાં પ્રભુનો ભાગ. પ્રભુએ જે આદેશ આપ્યા છે, જે કરવાનું કહ્યું છે એને અનુસરીએ... પ્રભુનાં ગુણનાં રાગી બનીએ, બીજું, આપણને જે જીવનોપયોગી વસ્તુઓ મળી છે (જળ, ફળ, ફૂલ, ધાન્ય) એમાં ભગવાનનો ભાગ કરીએ પછી એનો ઉપયોગ કરીએ, એ પ્રભુની ભક્તિ.

પ્રભુની કુપા એને જ મળે કે જે એની આસપાસની વ્યક્તિને નારાજ નથી કરતો, પોતાનાથી શક્ય હોય એટલી મદદ કરે છે. કારણ કે પ્રભુએ જગતનાં સર્વ જીવોને પરમ સુખ આપવાનો વિચાર કર્યો. એ જ એમની મહેચ્છા હતી અને એ જ ભવિષ્યનું લક્ષ્ય હતું. જગતના સર્વ જીવોને સર્વ રીતે સહાયક થવું. બધાને દુઃખથી મુક્ત કરવા એ પ્રભુની ભાવના હતી. આ ભાવનાનો સ્પર્શ પામીને જે વ્યક્તિ જરૂરતવાળા જીવને સહાય કરે છે એ પ્રભુની કૃપા પામે છે. પરિવારની કે અન્ય આજુબાજુની વ્યક્તિની યોગ્ય અપેક્ષા અને લાગણીને ઠુકરાવીને જે ભગવાન પાછળ દોડે છે એના પર પ્રભુની કૃપા વરસતી નથી.

**પ્રશ્ન : શક્રસ્તવની રચના કેવી રીતે થઇ?**

**ઉત્તર :** પ્રસન્ન થયેલા ઇન્દ્રે જે રીતે શક્રસ્તવ બતાવ્યું એ જ રીતે શક્રસ્તવ રચ્યું. (સિદ્ધસેન દિવાકર નહીં) આ જે રચયિતા સિદ્ધસેન છે એમણે ૧. નમસ્કાર મહાત્મ્ય ૨. સિદ્ધ માતૃકા (આગળ પ્રાસાદ કે ગ્રંથ જેવો શબ્દ છે) ગ્રંથ રચ્યું. એમાં અનેક રહસ્યોની વાત કરી. એ જ ધારા ઝીલાઇને એમનાં શક્રસ્તવમાં આવી. જે અનુક્રમે નમસ્કાર સ્વાધ્યાય અને અનુસંધાનમાં છપાયા હતા. શક્રસ્તવની એક પ્રત ઉજ્જૈનનાં ચંદ્રસાગર જ્ઞાનમંદિરમાંથી મને મળી હતી, એની ઝેરોક્ષ આચાર્યદેવ શ્રી શીલચંદ્રસૂરિને આપી જે એમણે પણ છાપી.

શક્રસ્તવના અંતમાં લખ્યું છે કે પ્રતિષ્ઠા વગેરે શુભકાર્યનાં અંતમાં એનો પાઠ કરવો. આમ, તો શક્રસ્તવ નમસ્કાર સ્વાધ્યાયમાં છપાયું એ પહેલાં ભાવનગરથી છપાયેલી ચોપડીમાં વિનયવિજયજી મહારાજ સાહેબનાં સહસ્રનામ સાથે શક્રસ્તવ પણ હતું.

વિક્રમ સંવત ૨૦૦૬ પહેલાં પણ નમસ્કાર સ્વાધ્યાયમાં અમૃતલાલ દોશી, પૂજ્ય ગુરુજી પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ તથા સંપાદક પૂજ્ય તત્ત્વાનંદજી મહારાજ સાહેબે એ શક્રસ્તવ પર લખ્યું. એનું જ્ઞાન આપ્યું અને ગુરુ મહારાજની પ્રેરણાથી કોઇક કોઇક લોકો એનો પાઠ પણ કરતા. મારી વાત કરું તો ગુરુ મહારાજની પ્રેરણાથી ૨૦૨૩માં જૂનાગઢમાં ચોમાસું હતું ત્યારે અટ્ઠાઇની અંદર રોજ સવારે ૯ થી ૧૨માં શક્રસ્તવનાં ૩૬ પાઠ ગંભીરનાદથી બોલીને કર્યાં. મારા જીવનમાં પ્રથમ શક્રસ્તવની આરાધના કરી.

આજથી પચ્ચીસેક વર્ષ પહેલા આબુમાં આદીશ્વર દાદાનાં જન્મકલ્યાણકનાં દિવસે પ્રકાશ દાઢી અને અતુલ દાઢી વગેરે એ દાદાનાં અભિષેક અલગ રીતે કરવાનું કહ્યું. ત્યારે મને શક્રસ્તવથી અભિષેક કરવાનું સ્ફૂર્યું. પૂજ્ય આચાર્યદેવ શ્રી યશોવિજયજી સૂરિશ્વરજી મહારાજ સાહેબ પણ ત્યારે ત્યાં જ હતા. એ સમયે અમે શક્રસ્તવનાં ૧૧ અલાવાનાં ૧૧ અભિષેક અને એક નમુત્થુણં એમ ૧૨ અભિષેક ૯ વાર એટલે ૧૨ × ૯ = ૧૦૮ અભિષેક કરાવ્યા. શક્રસ્તવનો આ પહેલો પ્રયોગ હતો.

**પ્રશ્ન : છેલ્લા ઘણાં સમયથી અન્ય પૂજન કરતાં શક્રસ્તવનું પ્રમાણ વધ્યું છે કેમ?**

**ઉત્તર :** એમાં એવું છે કે જે સમયમાં, વાતાવરણમાં જે પાઠની જરૂર હોય તેની લોકોને સ્વયંભૂ પ્રેરણા થતી હોય છે. શક્રસ્તવ પહેલાં ક્યારેક જ ભણાવાતું. એમ તો સ્નાત્ર પણ પર્વતિથિએ જ ભણાવવાનું છે. નિત્ય નહીં, પણ વિઘ્નપ્રાબલ્ય ખૂબ વધી જતાં એનાં શમન માટે રોજ ભણાવાય છે.

જેમ દર્દ વધતાં ડોકટરો નવી દવા આપે એમ વિઘ્નો વધતાં તત્કાલ પ્રભાવ બતાવે એવા અનુષ્ઠાનો-મંત્રપાઠો વધ્યાં છે. લોકોને હવે દેવી-દેવતામાં રસ નથી. માત્ર પ્રભુમાં રસ છે. છેલ્લાં વીસ વર્ષથી આચાર્યદેવ શ્રી યશોવિજયજી સૂરિશ્વરજી મહારાજ સાહેબ વગેરે દ્વારા પ્રભુ જ બધું કરે છે એવું પ્રતિપાદિત થઇ રહ્યું છે. એને કારણે લોકોનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ વધતો ગયો. તેથી જેમાં પ્રભુની ભક્તિ જ સર્વોપરિ છે એવા

અનુષ્ઠાનો વધ્યા. એમાં ખોટું પણ નથી. વળી, મોટી શાંતિમાં કહ્યું છે ,

''નૃત્યંતિ નૃત્યં, મણિપુષ્પવર્ષમ્

સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ,

સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મંત્રાન્

કલ્યાણભાજો હિ જિનાભિષેકે''

કલ્યાણની કામનાવાળાં પ્રભુનાં અભિષેકમાં મંત્રોનાં ઘોષ કરે, સૂત્રોનો પાઠ કરે, નૃત્ય કરે, હર્ષનાદ કરે, મણિ અને ફૂલોની વર્ષા કરે, કૂદે, બધુ જ કરી શકે. મતલબ કે વિશ્વનું એવું કોઇ નૃત્ય નથી કે જે પ્રભુનાં જન્માભિષેકમાં ન કરી શકાય. છલાંગો મારો, કૂદો તો પણ ચાલે. હર્ષનાં અતિરેકમાં આખું શરીર સક્રિય થઇ જાય, આ સરસ સ્વસ્થ થવા માટેની સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ છે. આજનાં જે હિપ્પી નૃત્યો છે, તેવા નૃત્યો પ્રભુનાં જન્માભિષેક વખતે થતાં. દેવો રાડો પાડે, ચિલ્લાય, ચિચિયારીઓ પાડે, ગર્જના-સિંહગર્જના કરે. હર્ષનો જે આવેગ છે તે આ રીતે વ્યક્ત થાય, એ ખોટું નથી.

**પ્રશ્ન : મંત્ર-તંત્રનું જૈનધર્મમાં શું મહત્ત્વ છે ?**

**ઉત્તર :** એક વાત ખ્યાલમાં રાખો કે ધર્મમાં તો પરમાત્માની ઉપાસનાનું જ મહત્ત્વ છે. મંત્ર-તંત્ર એ સાઇડની બાબત છે. ભારતીય પરંપરામાં વૈદિક-બૌદ્ધ અને જૈન પરંપરાનો સમાવેશ થાય છે. આ ત્રણેય પરંપરાનો મૂળ સ્રોત એક છે આર્ય પરંપરા.

મંત્ર એટલે શું ? મન દ્વારા જે કામ ન થતું હોય કે ધીરું થતું હોય એને મંત્રના જાપ દ્વારા સ્પીડી કરવું. તંત્ર એટલે શું ? અભૌતિક શક્તિઓને ભૌતિક પદાર્થો દ્વારા પકડવાની પ્રક્રિયાનું નામ તંત્ર. તંત્ર જે કામ સો વર્ષે થતું હોય એ બે કલાકમાં કરી આપે છે. તંત્રનો એક પ્રકાર વનસ્પતિ તંત્ર છે. જો કેરીની ગોટલીને તેલથી ભાવિત કરીને એને વાવવામાં આવે તો બે ઘડીમાં ઝાડ ઉગી આવે અને એનાં પર જેવી કેરીની ગોટલી વાવી હોય એવું ફળ આવી જાય. જે આંબાને કેરી આપતાં ૧૨ વર્ષ લાગે, તંત્રથી એ પોણાં કલાકમાં સિદ્ધ થાય.

**પ્રશ્ન : આપ કવિ હૃદય ધરાવો છો તો કાવ્ય કયા સંજોગોમાં સ્ફૂરે છે ?**

**ઉત્તર :** કવિ હૃદય તો ઠીક છે, પરંતુ હું બીજાનાં કાવ્યો જોતો ત્યારે વિચારતો કે આ કાવ્ય કેવી રીતે બનતા હશે? ૧૬-૧૭ વર્ષની ઉંમરે મને કાવ્યનો રસ લાગ્યો. પહેલાં સંસ્કૃત કાવ્યો ખૂબ વાંચતો... ખૂબ વાંચતો... રાત દિવસ વાંચતો... ખૂબ વાંચો એટલે એનાં સંસ્કાર પડે. અનકોન્સિયસ માઇન્ડમાં સંગ્રહ થાય... બસ, એમાંથી પંક્તિ ફૂટવાની શરૂઆત થઇ. પહેલાં સંસ્કૃત કાવ્યો લખ્યા, પછી ધીરે ધીરે કૃતિની અનુકૃતિ બનાવવા માંડી.

કાવ્યો મારા સ્વતંત્ર પોતાનાં, પણ કોઇએ અમુક પ્રકારની કૃતિ બનાવી છે તો હું પણ એનાં જેવી બનાવું એવું. જેમ કે મને 'ગીત ગોવિંદ' ખૂબ ગમી ગયું અદ્ભૂત સંસ્કૃત કાવ્ય, આખું રોમેન્ટિક... મને એમાં મજા આવી. પછી મેં એનો કે. કા. શાસ્ત્રીનો અનુવાદ વાંચ્યો અને મને થયું કે હું પણ આવી કૃતિ રચું. મેં આપણું શાંત સુધારસ જોયું આ સરસ છે. આપણે આ બનાવીએ. મૂળગાથા છે એનો પૂરેપૂરો અનુવાદ એમાં આવે છતાં શબ્દો સાવ સરળ, એના સમશ્લોકી અનુવાદ એટલે કે જે રાગમાં અને જે છંદમાં મૂળ કાવ્ય હોય એ જ રાગ અને છંદમાં મેં અનુવાદ કર્યો. લગભગ દોઢ વર્ષ કામ કર્યું. વીસ વર્ષની ઉંમરે પૂરો કર્યો અને કલ્યાણમાં છપાયો પછી ઉમાશંકર, સુંદરમ્, વેણીભાઇ, રાજેન્દ્ર શાહ, મકરન્દ દવે વગેરેને ખૂબ વાંચ્યા. પછી ગુજરાતી કાવ્યોની શરૂઆત કરી.

**પ્રશ્નઃ આપે કેટલાં કાવ્યોની રચના કરી ?**

**ઉત્તર :** સો-દોઢસો... જ્યારે ચાલતો હોઉં, પ્રકૃતિને જોઉં તો કાવ્યો નીકળતા જાય છે.

**પ્રશ્નઃ સાહેબજી, આપ પૂજ્ય ભદ્રંકર વિજયજી મહારાજ સાહેબ સાથે રહ્યાં છો. તો એમની સાથેના અનુભૂત વિશ્વની વાત કરશો?**

**ઉત્તર :** ગુરુજી અમારા હતા. અમને બહુ ગમતા હતાં, અમે એમનાં હતા એ એક જ સંબંધ. લેણ-દેણનો કોઇ સંબંધ નહીં. સાહેબ પાસેથી કાંઇ મળે એવી કોઇ અપેક્ષા નહોતી. નિરપેક્ષ ભાવે જ અમે ગુરુ પાસે રહ્યા છીએ. જન્મજન્માંતરનાં સંસ્કાર... દીક્ષા લેતા પહેલા કોઇ સંબંધ નથી. પહેલી વાર એમને મળ્યો ત્યારે ચાર વર્ષનો... તેઓ છ ફૂટનાં અને હું બે ફૂટનો... એમની સામે પહાડને જોઇએ એમ જોવું પડે... છતાં કોઇ ઋણાનુંબંધ કે હું એમની પાસે ગયો. બાકી મારી દીક્ષા ખૂબ મુશ્કેલ હતી. મારા સંસારી દાદાનો ખૂબ વિરોધ હતો. મારા દાદા મને દીક્ષાના આગલા દિવસે લેવા આવ્યા હતા. પણ હું ન ગયો અને સવા સાત વર્ષની ઉંમરે મમ્મી-પપ્પાની દીક્ષાનાં દિવસે મારી દીક્ષા થઇ એ જ દિવસથી દાદાગુરુ મહારાજ જ મારા દાદા... એવો ભાવ... ન કોઇ જિજ્ઞાસા હતી.

સાચું કહું તો મને ૧૨-૧૩ વર્ષની ઉંમરે હિમાલય જવાનો વિચાર આવતો હતો. પરંતુ પછી મારા જીવનમાં એવી ઘટનાઓ બની કે હું હિમાલય જઇ ન શક્યો. ૧૫-૧૬ વર્ષની ઉંમરે મને લકવો થયો. ત્યારબાદ સાત-આઠ વર્ષે એમને મળ્યો ત્યારે એમણે કહ્યું કે તારી સામે જ હિમાલયનાં ગુરુ છે પરંતુ એને તું ઓળખતો નથી. એમનો સંકેત સ્પષ્ટ હતો કે તારો ગુરુ હું જ છું. એમણે જ એમનાં સંકલ્પથી મને બધે જતાં રોક્યો. મારા જીવનમાં બનનારી ઘણી વિચિત્ર ઘટનાઓ એમણે રોકી. એનો તાગ મને એમનાં સ્વર્ગવાસ પછી હું જેમ-જેમ અજ્ઞાત રહસ્યો ઉકેલતો ગયો એમ મળતો ગયો. ગુરુ મહારાજ પાસેથી એ જીવતાં હતાં ત્યાં સુધી કોઇ અપેક્ષા નહોતી કે તેઓ કોઇ શક્તિ આપે, આધ્યાત્મિક માર્ગ બતાવે, સાધના બતાવે, ચોક્કસ સમયે તેઓ જે જે સાધના સ્વયં આપતાં એ અમે અપનાવતાં રહેતાં.

**પ્રશ્ન : સાહેબજી, નવકારને આત્મસાત્ કરવા માટે આજનાં સમયમાં શું કરી શકાય ?**

ઉત્તર : જપાત્ સિદ્ધિ... જપાત્ સિદ્ધિ... બસ. જાપ કર્યા જ કરો તો આત્મસાત્ થાય. બીજો કોઇ રસ્તો જ નથી. એને મન અને બુદ્ધિને ત્રાજવે ન તોલી શકાય, સતત તમે જાપ કરો. એનાં સંયોજનમાં જ એવી તાકાત છે કે તમે જેમ જેમ જપતાં જશો તેમ તેમ તમારા ઔદારિક શરીર, સૂક્ષ્મ શરીર અને ભીતર (કાર્મણ શરીર) સુધી એ પહોંચશે. એનો અનુભવ તમને જન્માંતરમાં થશે અને આ જનમમાં મૃત્યુ સમયે થશે, બહુ પ્રસન્નતાથી તમે દેહ છોડી શકશો.

**પ્રશ્ન : સાહેબજી, જાપમાં એકાગ્રતા જ ન ભળે તો ?**

**ઉત્તર :** મન ગમે ત્યાં ભટકશે તો ચાલશે. તમે જમતાં હો તમારું મન ગમે ત્યાં ભટકતું હોય તો ભોજન તમને ગુણ નહીં કરે ? ભોજનમાં ચિત્ત રાખે તો જ ભોજન અસર કરે ? જો તમને બહું વિચાર આવતા હોય તો બોલીને જાપ કરો. મનમાં બોલીને કરો. મનમાં સાંભળવા પ્રયાસ કરો.

**પ્રશ્ન : પૂજ્ય ભદ્રંકર વિજયજી મહારાજ સાહેબ, પૂજ્ય અભયસાગરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય કલાપૂર્ણસૂરિજી સાથેનાં નવકારનાં અનુભવ શેર કરશો ?**

**ઉત્તર :** આ બધા કરતાં જંબૂવિજયજી મહારાજ સાહેબ પહેલા આવે. જંબૂવિજયજી મહારાજ સાહેબનું જીવન આખું જ નવકારનાં પ્રભાવને બતાવે છે. નવકારથી જ તેઓ આટલી ઊંચાઇએ પહોંચી શક્યા. બાપજી મહારાજથી તેઓ ૧૨ વર્ષની ઉંમરે ભણવા માટે છૂટા પડ્યા તયારે બાપજી મહારાજે કહ્યું હતું કે, બેટા! ભણવા જાવ છો પણ આ કાળ વિષમ છે. દિવસે-દિવસે બગડતો જાય છે. સંયમ જીવન દુર્લભ છે એટલે રોજ ૧૦૦૦ નવકારનો જાપ કરજો. એ નવકારનાં જાપનાં પ્રભાવથી તેઓ આ ઊંચાઇએ પહોંચ્યા. ચમત્કારો એમનાં જીવનમાં ઘણાં બન્યાં.

પંન્યાસજી મહારાજ નવકાર માટે આખી જીંદગી ઝઝૂમ્યા. એમનાં એ સંઘર્ષની શરૂઆત મારી દીક્ષા પછી થઇ. તેઓ મૈત્રીભાવ, નવકારની જે વાતો કરતા તે જીવનમાં ઉતારતાં! ગુરુ મહારાજનો પ્રભાવ અમે ખૂબ જોયો. એ જ્યાં હોય ત્યાં એક પણ ઉપદ્રવ ન હોય, હોય તો શાંત થઇ જાય. અમે એમની જોડે ત્રણ ચાર જણ હોઇએ તો પણ ભર્યું ભર્યું લાગે પણ એ ન હોય અને અમે ૨૫ જણ હોઇએ તો પણ ખાલી લાગે. એ એક સો બરાબર હતાં. ચમત્કાર એ જ કે તેઓ જ્યાં જાય ત્યાં શાંતિ આવે, બે-બે વર્ષથી વરસાદ ન થયા હોય તો કૂવામાં પાણી ફૂટે. સાહેબજી જે બોલે તે થાય. આ છેલ્લાં વર્ષોમાં મેં ખૂબ જોયું.

પૂજ્ય અભય સાગરજી મહારાજ સાહેબ જબરજસ્ત સાધક. મારા જીવનમાં એમને ઊંડો રસ. નવકારની સાધનામાં મને મારા ગુરુ મહારાજે નથી જોડ્યો, પૂજ્ય અભયસાગર મહારાજ સાહેબે જોડ્યો. મારો સંબંધ એમની સાથે એમના શિષ્યો કરતા પણ જૂનો. નવકારના પ્રભાવની વાત એમણે પુસ્તકોમાં લખી જ છે

અને મારા બાપા મહારાજ પણ નવકારનાં આરાધક હતા. એમનો પ્રભાવ પણ મારા પર હતો.

**પ્રશ્ન : હસ્તલિખિત પ્રતો અંગેનું આપનું સંશોધન કેવું રહ્યું ?**

**ઉત્તર :** એ કોઇ પૂર્વ જન્મનાં સંસ્કારો જ હશે. ૧૨-૧૩ વર્ષની ઉંમરે પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે એક પ્રત પકડાવી. હું અને કીર્તિચંદ્ર સાથે હતા. એમણે કહ્યું કે તમે વાંચો બીજા લખશે. અમે એ વખતે ૧૪મી સદીની પ્રત વાંચી ગયા. જન્માંતરના સંસ્કાર હશે, મેં અગાઉના જન્મમાં ખૂબ જ્ઞાનભંડારો જોયા હશે. એનાં કારણે આ જન્મમાં મને સૌથી વધારે રસ હસ્તલિખિત પ્રતોમાં પડ્યો છે. ૧૩ વર્ષની ઉંમરે રસ જાગ્યો તે હજી પણ એટલો જ છે. બે-બે વર્ષ સુધી એમાં ડૂબેલો રહ્યો. સવારથી સાંજ સુધી હસ્તપ્રતોની માવજત કરી, ૭૮ વર્ષમાં ૩૦ વર્ષ હસ્તપ્રત સાથે પસાર કર્યા છે.

**પ્રશ્ન : એમાંથી શું વિશેષ પ્રાપ્તિ થઇ ?**

**ઉત્તર :** ઘણાં બધા ગ્રંથો મને મળ્યાં, જે ન મળતાં હતાં. સેંકડો ભંડાર જોયા, લાખો પ્રતો જોઇ, એની વિશેષતાઓ જોઇ, અવનવી લિપિઓ, અવનવી માહિતીઓ, ઐતિહાસિક માહિતીઓ એટલું બધું મળ્યું છે કે ન પૂછો વાત. એકવાર એક કચરામાંથી પ્રતનું છેલ્લું પાનું મળ્યું. જેમાં ભગવાન મહાવીરના આખા પરિવારનાં આયુષ્ય લખેલાં હતાં. એમાં ભગવાન મહાવીરનાં પિતા ૮૫ વર્ષ, માતા ૮૫ વર્ષ, ભાઇ નંદિવર્ધન અને બહેન પ્રિયદર્શના પણ ૯૬ વર્ષ જીવ્યા. કાકા સુપાર્શ્વ પણ ઘણું જીવ્યા. એવું લખ્યું હતું. એના પરથી મેં કેલ્ક્યુલેશન કર્યું કે ભગવાન જન્મ્યા ત્યારે ત્રિશલારાણીની ઉંમર ૫૮ વર્ષની હતી, ૫૮-૫૯ વર્ષે પણ તેઓ મેનોપોઝમાં નહોતા આવ્યા. ભગવાન ૨૮ વર્ષનાં હતાં ત્યારે માતા મૃત્યુ પામ્યા. ૮૫ માંથી ૨૮ બાદ કરો તો કટલાં થયા ? એક સામાન્ય કાગળ પરથી આ વાત મળી. જો કે ભગવાનનાં અંગતજીવનની માહિતી બીજે ક્યાંય નથી મળતી.

**પ્રશ્ન : મંદિર, મૂર્તિ અને મંત્ર અંગે આપ શું માનો છો, આપનો અભ્યાસ શું કહે છે ?**

**ઉત્તર :** મંદિર-મૂર્તિ અને મંત્ર આ ત્રણેય, જે અભૌતિક સત્તા છે એની સાથે સંપર્ક કરવાનાં સાધનો છે. મંદિર, મૂર્તિ અને મંત્ર ત્રણેય જીવંત છે. આ ત્રણેય જીવંત શક્તિઓ મળી જાય તો જે ઇચ્છીએ તે થઇ શકે.

**પ્રશ્ન : સંવેગી મુનિઓ અને યતિઓ વચ્ચે વિરોધ વધવાનું કારણ શું હતું ?**

**ઉત્તર :** વિરોધ હતો જ નહીં, એક ભયંકર પોલિટીક્સ ખેલાઇ ગયું અને એ રીતે વિરોધ થયો. એનાથી સંઘને બહુ મોટું નુકસાન થયું અને વિરોધ કરાવનાર અંગ્રેજો હતાં.

**પ્રશ્ન : યતિ અને ભટ્ટાકર બંને જુદા કહેવાય ?**

**ઉત્તર :** આખા ગચ્છનાં જે આચાર્ય-ગાદિપતિ હોય તે ભટ્ટારક કહેવાય. ભટ્ટાકરની આજ્ઞામાં જ બધા સાધુઓ હોય, પહેલાં સાધુને યતિ જ કહેતા. પણ જે લોકો અતિ વૈરાગ્યવાન હતા અને કઠોર સંયમ જીવન પાળતા હતાં, તેઓ જુદા થયા અને એ સંવેગી કહેવાયા. યતિથી જુદા થવા માટે તેઓએ પીળા કપડાં પહેર્યા, એવા પંદર-વીસ સાધુ હતાં. જે યતિઓ હતાં એમનું જીવન પણ આજનાં સાધુ કરતાં કઠિન હતું. પણ એ સમયનાં સંવેગી સાધુ કરતાં શિથિલ હતું. યતિની સમગ્ર સમાજમાં જે મજબૂત પકડ હતી એ ન તૂટે તો અંગ્રજોની અંગ્રેજિયત સ્થાયી ન થાય, તેથી અહીંનાં જ મુનિઓમાં વિદ્રોહ કરાવીને ભાગ પડાવ્યા. પહેલા યતિ વધારે હતા, પરંતુ પછી સંવેગી મુનિઓ દીક્ષા આપી-આપીને સંખ્યા વધારતા ગયા. બીજુ, શેઠિયાઓને યતિની કડકાઇ કઠતી હતી. વહીવટ બધો જતિનાં હાથમાં જ હતો. શેઠિયાઓનું કશું ન ચાલે. જો સામા પડે તો યતિઓ મંત્ર-તંત્ર જાણે એટલે સામા પડ્યા તો પતી ગયું. તેથી શેઠિયાઓએ જતિ વિરોધી વાતાવરણ ઉભુ કરી બેઇજ્જત કર્યા અને સાધુ એમને પીઠબળ આપતા ગયા. એમ કરતાં સંવેગી સાધુઓ વધી ગયા.

**પ્રશ્ન : અત્યારે આપણે સંવેગી સાધુ જ કહેવાઇએ ને ?**

**ઉત્તર :** કહેવાના... આપણે ખૂબ નીચા ઊતરી ગયા છીએ. સામાન્ય યતિઓ પણ રોજ ત્રણસોનો સ્વાધ્યાય, રોજ એકાસણું, બે-ત્રણ વિગઇનો ત્યાગ, પાંચ તિથિ ઉપવાસ કરતાં. આજે કેટલાં સાધુઓ કરે છે ?

**પ્રશ્ન : એટલું તો કરતાં જ હોય છે. સાધ્વીજી મહારાજને પણ આ બધું કરતાં જોયા છે.**

**ઉત્તર :** સાધ્વીજી એ જમાનામાં ખૂબ ઓછા હતા. યતિ બે હજાર હતા ત્યારે સાધ્વીઓ ૨૦૦ હતા.

**પ્રશ્ન : પણ આપણે ત્યાં તો નારીને નરકની ખાણ કહી છે.**

**ઉત્તર : જુઓ, સ્ત્રી ને પુરુષનું એટલું આકર્ષણ નથી જેટલું પુરુષને સ્ત્રીનું છે. પુરષના આ આકર્ષણને તોડવા માટે, એનાં મોહને તોડવા માટે એકાંગી રીતે આવું લખવામાં  આવ્યું છે, સ્ત્રીની નિંદા કરવા માટે નહીં, છતાંય સ્ત્રીઓ માટે ઘણું લખાયું છે જો સ્ત્રીઓ ન હોય તો તીર્થંકર ન હોય અને આચાર્ય પણ ન હોય. સ્ત્રીઓની નિંદા વૈરાગ્યનાં ગ્રંથોમાં જ કરાઇ છે. બાકી સ્ત્રીનાં જીવનનાં આનંદને, સ્વતંત્રતાને અનેક ગ્રંથોમાં દર્શાવી છે.**

**પ્રશ્ન : સાહેબજી, ફરી પાછા યતિ પર આવીએ. છેલ્લા યતિ મુનિચંદ્રસૂરિની ઘટના આપ ઘણીવાર કહો છો એ શું ?**

**ઉત્તર :** પૂજ્ય ધરણેન્દ્રસૂરિ મહારાજ સાહેબ આચાર્ય હતાં. ત્યારે આત્મારામજી મહારાજ અને રાજેન્દ્ર સૂરિ મહારાજ સાહેબ એમની આમન્યામાંથી બહાર આવ્યા. તો ય એમનો પ્રભાવ હતો, એમનું રાજ પણ ચાલતું. ત્યારે પછી માત્ર ૨૫ વર્ષની ઉંમરે નવા આચાર્ય મુનિચંદ્રસૂરિ થયાં. તેઓ ઉદયપુરનાં મહારાણાને આશીર્વાદ આપવા ગયા. એ પહેલા નેમિવિજય મહારાજ સાહેબને (નેમિસૂરિ) મળવા ગયાં હતાં. મુનિચંદ્રસૂરિ ખાસ

વિદ્વાન્ નહોતા. એમને સંસ્કૃત પણ આવડતું ન હતું. તેથી, તેઓએ નેમિવિજય મહારાજ સાહેબને રાજાને આશીર્વાદ આપતો એક શ્લોક બનાવી આપવાનું કહ્યું. પૂજ્ય નેમિવિજયનાં શિષ્ય ઉદયવિજયજીએ એમને સંસ્કૃત શ્લોક બનાવી આપ્યો. જે મુનિચંદ્રસૂરિએ રાજાને દરબારમાં આશીર્વાદ આપતાં કહ્યો. રાજાને ખબર હતી કે મુનિચંદ્રસૂરિને સંસ્કૃત નથી આવડતું. તેઓએ મુનિચંદ્રસૂરિને શ્લોક અંગે પૂછ્યું તો ભોળાભાવે એમણે કહી દીધું કે આ શ્લોક સંવેગી મુનિ ઉદયવિજયજીએ બનાવ્યો છે. રાજા એમની નિખાલસતાથી ખુશ થયા. ત્યારબાદ મુનિચંદ્રસૂરિ નેમિવિજય મહારાજ સાહેબને મળવા આવ્યા. નેમિવિજય મહારાજ સાહેબે કહ્યું કે તમે આચારની શિથિલતા છોડી સંવેગી મુનિ જેવું સંયમ પાળો તો અમે તમારી આજ્ઞામાં આવીએ. આ વિશે બંને વચ્ચે ચર્ચા થઇ અને મુનિચંદ્ર સૂરિ યતિજીવનની શિથિલતા ત્યજી ક્રિયોદ્ધાર કરવા તૈયાર થયા. બધું નક્કી થઇ ગયું. પરંતુ યતિ અને સંવેગી મુનિઓ એક થાય એ અંગ્રેજોને મંજૂર ન હતું. યતિની શક્તિ – વિદ્યા, સંવેગીઓ સાથે જોડાય તો એમની તાકાત વધી જાય, એટલે તેઓએ એક દાવ ખેલ્યો.

મને એ સમયનાં જૂનાં લોકો કહેતાં હતાં એ પ્રમાણે પાલનપુરનાં છાપી ગામ પાસે મજાદર ગામમાં એક દોલતવિજય નામના સાધુ હતા. એમને અંગ્રેજ અફસર મળ્યા અને મુનિચંદ્રસૂરિ મહારાજ સાહેબ માટે વિષયુક્ત કપડાં બનાવીને આપ્યાં અને કહ્યું કે તમારા ગુરુ મુનિચંદ્રસૂરિ મહારાજ સાહેબ ખૂબ મહાન છે. અમારા વતી આ કપડાં તમે એમને આપજો અને પહેરાવજો. દોલતવિજય આ ષડ્યંત્રથી બેખબર હતા. તેઓએ અફસરનો ભક્તિભાવ જોઇને મુનિચંદ્રસૂરિ મહારાજ સાહેબને કપડાં આપ્યા. મહારાજ સાહેબે એ કપડાં પહેર્યા કે તરત જ પરસેવો થતાં શરીરમાં ઝેર વ્યાપી ગયું અને તેઓ કાળ પામ્યાં. એથી એમની પાસે તપાગચ્છની જે મૂળ મંત્ર પરંપરા હતી તે જતી રહી. એનાથી તપાગચ્છને ખૂબ નુકસાન થયું. મંત્રો આજે પણ છે પરંતુ એનો એવો નિયમ છે કે પરંપરાથી જેમને મળ્યા હોય એ આપે તો જ મંત્ર કામ કરે.

**પ્રશ્ન : યતિ પરંપરા જીવંત રહી હોત તો સંઘને શું લાભ થાત ?**

**ઉત્તર :** જો યતિ પરંપરા જીવંત રહી હોત અને એમણે ક્રિયોદ્ધાર કર્યો હોત તો સંઘમાં એક પણ વિભાગ ન પડત. આખો સંઘ એક હોત, એક મત પર ચાલતો હોત અને આખા હિન્દુસ્તાન પર એમનો પ્રભાવ હોત.

**પ્રશ્ન : સાહેબજી, કલ્યાણકોનું આંતરિક રહસ્ય શું છે ?**

**ઉત્તર :** ભગવાને સમગ્ર વિશ્વને મોક્ષમાર્ગ મળે એ માટે જે કર્મબંધ કર્યો એ કાર્ય મૂળતઃ થાય એ માટેની શક્તિ આખા વિશ્વમાં ફેલાઇ જાય એ જ કલ્યાણકનો ઉદ્દેશ – ભગવાનનાં કલ્યાણક વખતે એક વિસ્ફોટ થાય છે, એવું હું માનું છું. એ વિસ્ફોટ દ્વારા સર્જન માટે જરૂરી શક્તિઓ આખા વિશ્વને મળે છે. એનાથી જ આખું વિશ્વ સંચાલિત થાય છે. જેમ કે ઋતુઓનું ચક્ર. આ બધાનાં સંચાલનમાં પરમહેતુભૂત પ્રભુની કલ્યાણક દ્વારા વિસર્જિત થયેલી શક્તિ જ છે. કલાયાં ભવતિ ઇતિ કલ્યમ, કલામાં જે થાય એનું નામ કલ્ય. એટલે શું ? કર્મ કલા... એનાથી જે ઉત્પન્ન થાય એ કલ્યમ્. શું ઉત્પન્ન થાય ? કલ્ય, કલ્ય એટલે જીવનની શક્તિ અને

જીવનની શક્તિ જેનાથી સમગ્ર વિશ્વમાં ફેલાવા માંડે એટલે કલ્યમ્. અણતિ, ગચ્છતિ તત્ કલ્યાણં... જીવનની શક્તિ ચારે બાજુ ફેલાય અને શુભ તરંગોની તરંગાવલિ હજારો-લાખો વર્ષ ચાલ્યા કરે.

એટલે તીર્થંકરનાં જન્મ પછી જ આખા વિશ્વમાં અગ્નિ ઉત્પન્ન થાય. પ્રથમ તીર્થંકર પછી જ સૃષ્ટિનું સર્જન શરૂ થાય.એટલે જ એમને આદિ દેવ કહેવાય.

**પ્રશ્ન : તો બાકીના તીર્થંકરોનું શું ?**

**ઉત્તર :** આગલા તીર્થંકરોની શક્તિ પૂર્ણરૂપે જાગૃત હોય ત્યાં સુધી મોક્ષ માર્ગ ચાલે અને મોક્ષમાર્ગ બંધ થાય એટલે બીજા તીર્થંકરનો જન્મ થાય. બાકી સૃષ્ટિનું સંચાલન તો પ્રથમ તીર્થંકરની શક્તિથી ચાલ્યા કરે, એ બંધ ન થાય. માત્ર મોક્ષમાર્ગ માટે ફૂલ ફોર્સની જરૂર પડે. નીચેથી ઉપર જવા માટે ગુરુત્વાકર્ષણથી મુક્ત થવા માટે, જે પ્રચંડ શક્તિ જોઇએ તે અન્ય તીર્થંકરો દ્વારા સમયે સમયે મળતી રહે અને સૃષ્ટિ ચાલતી રહે.

**પ્રશ્ન : સાહેબજી, પરમાત્માની ભક્તિથી કુદરતમાં પરિવર્તન લાવી શકાય ?**

**ઉત્તર :** બહુજ સારી રીતે, બહુ જ ઝડપી.

**પ્રશ્ન : અત્યારે તો વિપુલ પ્રમાણમાં ભક્તિ થાય છે. પરિણામ મળે છે ?**

**ઉત્તર :** જે પ્રયોગ કરાય છે એમાં સફળતા મળે છે. છેલ્લાં ત્રણ વર્ષથી વરસાદનાં પ્રયોગ થાય છે. એમાં પરિણામ મળ્યાં છે. દર વર્ષે પર્યુષણ પછી જબરજસ્ત વરસાદ થાય જ છે. ઘાસ થાય અને પશુઓ ન મરે એટલો પ્રયોગ કરાય. કોરોના માટે પણ પ્રયોગ કર્યો. ...અશિવ શમન વિદ્યાના પ્રયોગ પછી તરત જ કોરોનાં ઘટતો ગયો. પરમાત્માનાં અભિષેક દ્વારા (શાંતિધારા, લઘુશાંતિ કે ભક્તામરનાં અભિષેક) જે તે એરિયામાં કોરોના રોકી શકાય.

**પ્રશ્ન : આટલી શક્તિ હોય તો એનો વૈશ્વિક સ્તરે ઉપયોગ થઇ શકે ?**

**ઉત્તર :** ના થઇ શકે. વૈશ્વિક સ્તરે પ્રયોગ કરવા પડે. બહુ મોટા પાયે કરવું પડે એની ચર્ચા ચાલે છે. નવકાર એક જ વૈશ્વિક મંત્ર છે. એનાં અમુક પ્રયોગ કરીએ તો નિશ્ચિત આપણને વૈશ્વિક ફળ મળે.

**પ્રશ્ન : જાગૃત પ્રતિમા, જાગૃત મંદિર કેવું હોવું જોઇએ ?**

**ઉત્તર :** જીવંત મૂર્તિની ચક્ષુમાંથી પ્રકાશનું રીફ્લેક્શન જબરજસ્ત પ્રકારનું હોય અને જે મંદિર ઉપર કાગડા ના બેસતાં હોય એ જીવંત મંદિર કહેવાય. મંદિરમાં રહેલી કોસ્મિક એનર્જી ઓછી થઇ જાય તો એના પર કાગડા આવે. એનો પ્રવાહ જબરજસ્ત ચાલુ હોય તો કાગડા ન આવે, શત્રુંજયમાં પણ કોસ્મિક એનર્જી છે ત્યાં કાગડા નથી આવતા. મંદિર-મૂર્તિને જીવંત રાખવા માટે આ પૂજાઓ છે... અભિષેક, ફળ, નૈવેદ્ય અર્પણ વગેરે... આ

બધુ માત્ર સમર્પણ માટે નથી. મૂર્તિ આહાર કરે છે. મંદિર આહાર કરે છે, મંદિર આહાર કરે, નૈવેદ્ય-ફળમાંથી કસ ખેંચી લે છે, સાવ નિર્માલ્ય પડી રહે છે. આપણે માનીએ છીએ કે અધિષ્ઠાયક ખેંચી લે છે. પરંતુ અધિષ્ઠાયક પણ જૈન છે, ભગવાનને ધરાવેલું તે ન ખાય. મૂર્તિ અને મંદિર આહાર કરે છે એ હકીકત છે.

**પ્રશ્ન : મૂર્તિમાં પરમાત્મા ચૈતન્યનું અવતરણ કઇ રીતે થાય છે ?**

**ઉત્તર :** જુઓ તમને સમજાવું, સ્ત્રી-પુરુષ ભેગા મળે ત્યારે એક બિંદુની અંદર ચેતનાનું અવતરણ થાય છે ને ? એ જ રીતે મૂર્તિ અને આચાર્યના મંત્રોનો સંયોગ થાય છે જે પ્રક્રિયા માતાના ગર્ભમાં થાય છે એ જ પ્રક્રિયા મૂર્તિમાં થાય.

**પ્રશ્ન : મુનિ, મંત્ર અને મંદિરનો પ્રભાવ શું છે ?**

**ઉત્તર :** મુનિ ખરેખર મુનિ હોય. મંત્ર સિદ્ધ હોય અને મંદિર જાગૃત હોય, તો દેવદેવીએ પણ આવવું પડે એટલો એનો પ્રભાવ હોય, એ પોતે જ શક્તિનો પૂંજ હોય. સંઘ, સમાજ અને વૈશ્વિક ચેતના પર એનો પ્રભાવ પડે જેમકે પાલિતાણાનું મંદિર છે એ વૈશ્વિક એનર્જીનો સ્રોત છે, વિશ્વ પર પ્રભાવ પાડવો હોય તો એનું અનુષ્ઠાન દાદા પર કરવું પડે.

**પ્રશ્ન : મંદિરોનો આટલો પ્રભાવ હોય તો આપણાં મોટાભાગનાં તીર્થસ્થાનોમાં ગરીબી કેમ છે ?**

**ઉત્તર :** સૂર્યના પ્રકાશથી આખી સૃષ્ટિ ચાલે છે ને ? જો સૂર્યનો સીધો પ્રકાશ એક જ જગ્યાએ પડે તો શું થાય ? બધુ ભસ્મ થઇ જાય.

મૂર્તિમાં કોસ્મિક એનર્જી વધારે હોય છે. વધારે એનર્જી એક જગ્યાએ એકત્રિત થાય તો આપણે સહન ન કરી શકીએ. ત્યાંથી જતાં રહેવું પડે. એટલે જ તીર્થમાં રહેવાની ના પાડી છે, ત્યાં સંન્યાસી જ રહી શકે. અન્ય રહે તો એનર્જી ઝીલી ન શકવાથી નબળો પડે.

**પ્રશ્ન : સાહેબજી, આચારની દ્રષ્ટિએ શું માનો છો ?**

**ઉત્તર :** આચાર બધાનાં સરખાં જ છે, બધા એકાસણાં કરે છે, કોઇ કાચુ પાણી પીતા નથી, કોઇ રાત્રે ખાતા નથી. બધાયે લગભગ વિહાર કરે છે. કોઇનાં આચાર જુદા નથી.

**પ્રશ્ન : દીક્ષા માટેની ટ્રેનિંગ કે લાયકાત શું હોવી જોઇએ ?**

**ઉત્તર :** દીક્ષાની કોઇ ટ્રેનિંગ નથી હોતી. જૂના જમાનામાં દીક્ષા લેવા આવે એટલે એને કપડાં બદલાવીને બેસાડી દેવાતો. બેસાડ્યા પછી ચકાસીએ કે બરાબર છે કે નહીં... બરાબર હોય તો વડી દીક્ષા કરીએ નહીં તો મોકલી દેવાય. આવું મેં દીક્ષા લીધી ત્યારે પણ હતું. નવકાર ન આવડતો હોય તો પણ દીક્ષા અપાય પરંતુ વડી

દીક્ષા ચકાસ્યા બાદ જ આપવી જોઇએ. આજે ૧૫ દિવસમાં વડી દીક્ષા આપી દેવાય તે ખોટું છે.

**પ્રશ્ન : આજનો યુવાન સાધુ શાસનને બચાવવા શું કરી શકે ?**

**ઉત્તર :** શાસન યુવાનને બચાવે... યુવાન શાસનને ન બચાવે... એ પહેલી વાત. આ તો એવો પ્રશ્ન છે કે આજનો યુવાન સૂરજને બચાવવા શું કરે ? - બંધારણ તમને બચાવે કે તમે બંધારણ ને બચાવો ? બંધારણ જ બચાવે. શાસનરક્ષા અને શાસન પ્રભાવનાનાં નામે જેટલી દીક્ષા થાય એ બધી બોગસ છે. એ દીક્ષા જ નથી. અહંકારનો ફેલાવ છે. દીક્ષા આત્મકલ્યાણ માટે જ લેવાય.

**પ્રશ્ન : જૈન ધર્મ ઉપર ધનનો પ્રભાવ વધ્યો છે એ વાત સાથે આપ સંમત છો ?**

**ઉત્તર :** જૈન સાધુ ઉપર ધનનો પ્રભાવ વધ્યો છે એવું તમે કહો! સુધારો! ધર્મ ઉપર કોઇ પ્રભાવ નથી વધ્યો. અનુષ્ઠાનો ધનલક્ષી બનતાં અનુયાયીઓ ઘટતાં જાય છે. એમને પૂછો કે ભવ્ય મંડપોમાં તમારે ત્યાં કેટલા આવે છે ? અને પાંડુરંગ શાસ્ત્રીને ત્યાં કેટલાં જાય છે ? (ત્યાં ખર્ચ નથી)

**પ્રશ્ન : જૈન ધર્મની ભવિષ્યની સ્થિતિને આપ કઇ રીતે જુઓ છો. આજે જે રીતે ચાલે છે એ રીતે ચાલશે તો સાધુ પણ નહીં હોય અને શ્રાવક પણ ન હોય.**

**ઉત્તર :** પણ ભગવાન તો ભાખી ગયા છે કે શાસન ૨૧,૦૦૦ વર્ષ ચાલશે. બીજા કોઇ દેશમાં ચાલશે. ઘણાં દેશો છે અજ્ઞાત. જેની આપણને ખબર નથી.

**પ્રશ્ન : શાસનની કઇ બાબતો તમને આનંદિત કરે છે ?**

**ઉત્તર :** શાસનનાં શાસ્ત્રો અને આગમો તથા પ્રાચીન મંદિરો જ્યાં પવિત્ર વાતાવરણ જળવાઇ રહ્યું છે.

**પ્રશ્ન : ચતુર્વિધ સંઘને આપનાં તરફથી શું મેસેજ આપશો?**

**ઉત્તર :** સાધુઓને એ મેસેજ આપું કે તમારા ગમે તેટલા ચેલા થાય તો પણ ગુરુથી અલગ થવાનો વિચાર ના કરશો. શ્રાવકોને કહેવાનું કે કોઇ પણ સાધુ-સાધ્વીની નિંદા કરતાં નહીં અને જે પણ સાધુ-સાધ્વી તમારા ઘરે આવે તેમની ભક્તિ કરજો.

**પ્રશ્ન : કિલ્બિષિક દેવો શું છે ?**

**ઉત્તર :** એ ચાંડાળ દેવો છે. જેઓ ગુરુનો ને શાસનનો દ્રોહ કરે એવા શિષ્યોને સહાય કરે છે, જે શાસન માટે ભયંકર નુકસાનકારક છે. જેઓ ગુરુપ્રેમી છે એમને તેઓ મીડિયા ન બનાવી શકે. શાસ્ત્ર કે શાસનનાં નામે જેઓ ગુરુને છોડીને જાય તેને એ દેવો ખૂબ સહાય કરે. એમનાં શિષ્યો પણ ખૂબ વધે અને ગુરુની સાથે જ

રહેવાવાળા હોય એનાં શિષ્યો ન વધે.

**પ્રશ્ન : શાસન પ્રભાવના માટે કઇ બાબતોને મહત્ત્વ આપવું જોઇએ ?**

**ઉત્તર :** કોઇપણ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, જાહેરમાં કોઇપણ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની નિંદા ન કરે. બધા એકબીજાનાં ગુણ જ દેખે. દોષ ન દેખે એ જરૂરી છે. કોઇ પણ વાત છાપામાં ન આવે, ઘરની ઇજ્જત બચાવવા તમે તમારી વાત દબાવો એ રીતે, એક ખરાબ હોય એટલે બધા ખરાબ હોય એવું ન વિચારવું.

પ્રભાવના માટે તમે જે સ્થિતિમાં હો એ સ્થિતિમાં તમારો ધર્મ નિભાવવો. કોઇપણ સાધર્મિકને દીકરાની જેમ જોવો અને ભક્તિ કરવી. તમારા આંગણે આવેલું કોઇ ભૂખ્યું ન જાય એ સ્વધર્મ નિભાવો તો શાસન પ્રભાવના થાય. અને સાધુનો ધર્મ છે કે એ બધા જ ગુરુભાઇઓને આગળ લાવવામાં સહાય કરે, એમનું હિત ચિંતવે અને ગુરુની સાથે રહે.

**પ્રશ્ન : આપનાં ઘડતરમાં કોનો વિશેષ ફાળો રહ્યો ? જ્ઞાન પ્રત્યે કોણે વિશેષ પ્રેરણા કરી ?**

**ઉત્તર :** આપણે રમતિયાળ. દીક્ષા લીધી એટલે સંસારથી કોઇ બીજી જગ્યાએ આવી ગયો છું એવું ન હતું. ઘરે રહેતો એ જ રીતે રહેતો. ગુરુ જે કરે એ બધું જોયા કરું. ગુરુ મહારાજનો મારા ઘડતરમાં સૌથી વધારે પ્રભાવ. એ સિવાય મહાભદ્રવિજયજી મહારાજ - જેમનાં હાથ નીચે ગુરુ મહારાજે વરસો સુધી મને રાખ્યો. એ સિવાય પણ પૂજ્ય પ્રેમસૂરિ મહારાજાનો ઉપકાર. ચંદ્રશેખર મહારાજ જે મારા સૌથી નજીકનાં ભાઇબંધ, એમની વિચારની સ્પષ્ટતા, નિર્ભિકતાનો હું ફેન હતો. પપ્પા મહારાજ અને એ સિવાય અનેક મહાત્માઓનો પ્રભાવ હતો. એટલે હું બહુરંગી રહ્યો. ભણવામાં તો એવું હતું કે મને ભણવામાં એક કલાક ભણાવે એટલે ભણી લઉં અને બાકીના ૨૩ કલાક સુધી છુટ્ટી. મને ગુરુ મહારાજ અને ચંદ્રશેખર મહારાજ સાહેબ સાથે ઇન્ટરનલ લગાવ. અધ્યયન પર એમનો પ્રભાવ, બાકી મારો અધ્યયનકાળ ખૂબ ઓછો. ૮ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. સિનોરમાં એક ઘરડા પંડિત પાસે ભણ્યો! પછી બોમ્બે ગયા ત્યાં ગાથાની સાથે અભિધાન ચિંતામણિ ગોખ્યું. મને ગાથા ગોખવાનું અને દાદા ગુરુ મહારાજનાં (પૂજ્ય પંન્યાસ ભદ્રંકર વિજયજી મહારાજનાં) ખોળામાં સૂઇ જવાનું એ બે જ કામ. એ વ્યાખ્યાનમાં હોય કે ૫૦ માણસની વચ્ચે હોય હું ખોળામાં જઇને સૂઇ જતો. ગુરુ મહારાજે અમને કોઇ દિવસ કોઇ સજેશન કર્યા નથી. કોઇપણ જાતની સાંપ્રદાયિકતાથી અમે રંગાયા નથી. એક જૈન સંન્યાસી જેવું જીવન હું જીવ્યો.

**પ્રશ્ન : સાધુ અને સંન્યાસીમાં શું તફાવત ?**

**ઉત્તર :** સંન્યાસી એટલે મુક્ત અને જૈન સાધુ એટલે પોતાની બધી મર્યાદામાં સંકોચાઇને રહે એ. જે ક્યાંય જાય તો મિથ્યાત્વ લાગી જાય એ જૈન સાધુ અને જે ક્યાંય જાય એને મિથ્યાત્વ ન લાગે એ જૈન સંન્યાસી. પછી પાટણ ૧ વર્ષ અને ૨ વર્ષ જામનગર સંસ્કૃત ભણ્યો. ચંદ્રશેખર મહારાજ સાહેબ પાસે પણ થોડું ભણ્યો. એમણે

મને અનુવાદ તરફ દોર્યો. પૂર્વજન્મનાં સંસ્કાર એવા કે ગુરુ મહારાજ સંસ્કૃત કે ઇંગ્લીશમાં કોઇ સાથે વાત કરે તો પણ સમજી જાઉં. પંડિતે મને પાસ કરીને કાવ્યમાં જવાની અનુમતિ આપી. બધા કાવ્યો હું મારી જાતે કરતો. બે ચોમાસા ન્યાય અને બે ચોમાસા વ્યાકરણ એમ ૪ વર્ષ ભણ્યો. બાકી બધું જાતે વાંચીને... મારું વાંચન ભયંકર, મોહનલાલ ધામીની પાંચ નવલકથા એક દિવસમાં વાંચતો, મુનશી – ધૂમકેતુ, ર. વ. દેસાઇ બધાં જ લેખકો વાંચ્યા.

**પ્રશ્ન : આ બધું તો સમાજલક્ષી સાહિત્ય એને ધર્મ સાથે શું લેવા-દેવા ?**

**ઉત્તર :** મેં ક્યાં કહ્યું કે હું જૈન સાધુ છું હું તો સંન્યાસી છું. મારું ઘડતર જ ક્યાં એ રીતે થયું હતું ? મારી ઘડતરની ઉંમરના ૧૬માં વર્ષે લકવો થયો અને જામનગરની હોસ્પિટલમાં ૨૭ મહિના રહ્યો અને પોસ્ટગ્રેજ્યુએશન છોકરાઓ વચ્ચે રહ્યો અને પછી બાપા મહારાજ સાથે ગામડે-ગામડે ૮ વર્ષો ફર્યો. ખુલ્લી આંખે પરિભ્રમણ કર્યું એટલે બધા જ પ્રકારનું કલ્ચર જાણ્યું. સમજ્યો એ જ રીતે મારું ઘડતર થયું.

**પ્રશ્ન : સાહેબજી, જ્ઞાનભંડારની સ્થિતિ અંગે આપનું શું કહેવું છે ?**

**ઉત્તર :** આજે મોટામાં મોટો જ્ઞાન ભંડાર ડહેલાનો છે ત્યાં ૨૦,૦૦૦ પ્રતો છે. પાટણમાં કેટલાય ભંડારો ભેગા કરીએ ત્યારે ૧૬,૦૦૦ પ્રતો થાય, એલ.ડી.માં ૮૦,૦૦૦ પ્રતો નોંધાયેલી છે. કોબામાં ઘણું ભેગું કર્યું છે. જોધપુરની અંદર સ્થાનકવાસી સંઘના હાથમાં ૪૦,૦૦૦ પ્રતો છે. લીમડીમાં આપણો અને સ્થાનકવાસીનો બંને ભંડાર સારા છે. જો કે દિગંબર પાસે જબરજસ્ત જ્ઞાન ભંડારો છે અને સચવાયેલ છે. ભટ્ટારક પરંપરાને કારણે એ સચવાયા છે. જ્યારે આપણે ત્યાં ઉત્તરગુજરાતનાં જ્ઞાનભંડારની પ્રતો ક્યાં ગાયબ થઇ ગઇ. ખબર જ ન પડી. ધાનેરા – ખીંમતના જ્ઞાનભંડારોમાંથી કલ્પસૂત્ર વગેરે લેનારાઓ કહી ગયા છે કે અમે અહીંથી વેચાતું લીધું. ઘણીવાર તો જેમને ચાવી સોંપી હોય એ જ વેચી નાંખે.

**પ્રશ્ન : જ્ઞાન ભંડારોની સાચવણી માટે શું કરાય ?**

**ઉત્તર :** આ કામ સાધુઓએ જ કરવું પડે. ઉત્સવો, પ્રસંગોમાંથી સમય કાઢી આ માટે સમય ફાળવે અને બીજા ખર્ચાઓને બદલે જ્ઞાનભંડાર માટે બજેટ બનાવે. આપણી પાસે જ્ઞાનભંડારો માટે બજેટ જ નથી.

**પ્રશ્ન : ડહેલાનાં જ્ઞાનભંડાર વિશે શું માનો છો ?**

**ઉત્તર :** આ ભંડાર સૌથી સરસ છે. સ્કેન કરીને સાચવવાના પ્રયાસો શરૂ થયા છે.

**અમિતાબેન :** સાહેબજી ! આપનો ખૂબ અમૂલ્ય સમય આપીને આપે ખૂબ કૃપા વરસાવી. આપનો આભાર. કાર્યસેવા ફરમાવશો. શાતામાં રહેજો. પુનઃ પુનઃ સાભાર વંદન !

**ખૂબ જ જાણીતા - પ્રગતિશીલ ''હૃદય પરિવર્તન'' મેગેઝિનના જુલાઈ/ઓગસ્ટ-૨૦૨૨ ના અંકમાંથી સાભાર**

# ...ગ્રંથ વિષય દર્શન...

૧. **આયુર્વેદિક કથાઓ :-** પ્રાકૃત ભાષાના જૈન ધર્મના વિવિધ પ્રાચીન ચરિત્ર ગ્રંથોના આધારે ૭ કથાઓ અહીં લખાઇ છે. આ કથાઓ પૂર્વે ''વૈદ્ય કલ્પતરૂ'' નામના સામયિકમાં ભિન્ન ભિન્ન મહિનાઓમાં પ્રકાશિત થયેલી છે.

૨. **સ્નેહતંતુના તાણાવાણા – કથા :-** પરમાત્મા શ્રી વીર પ્રભુના સમયમાં બનેલી વૈરાગ્ય સભર આ કથા (''શ્રી મહાવીર વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ – ખંડ બે'' માં પ્રકાશિત થયેલી છે.)

૩. **નારી તીક્ષ્ણ કૃપાણ :-** સંપૂર્ણ સત્ય ઘટના, એક અપૂર્વ બ્રહ્મવ્રતી મહાત્મા જ્યારે અનાયાસે સ્ત્રીમોહમાં લપેટાય છે ત્યારે કેવી દુર્દશા થાય છે, તે દર્શાવતી કથા. (કલ્યાણ માસિક માં પ્રકાશિત થયેલી છે.)

૪. **અનોખું બલિદાન :-** ''જીવદયા'' ધર્મ કાજે એક અજૈન–ગમાર–ગામડીયો પણ પોતાની જાતને હોમી દે છે તે દર્શાવતી કથા (કલ્યાણ માસિકમાં પ્રકાશિત થઇ છે.)

૫. **સત્ત્વ અને કરુણા :-** કારૂણવજ્રાયુધ સંસ્કૃત નાટક નું ગુજરાતીમાં અત્યંત રસાળ શૈલીની કથા (કલ્યાણ માસિકમાં પ્રકાશિત થઇ છે.)

૬. **સ્થૂલભદ્રની શીયળવેલ :-** શ્રી શુભવીર વિજયજી મહારાજ રચિત ૧૮ ઢાળની સ્થૂલભદ્રની શીયળવેલ સજ્ઝાયનો રસાસ્વાદ અહીં પૂજ્યશ્રીએ ગુજરાતીમાં કરાવ્યો છે. ખુબ જ મજા આવે એવો આ રસાસ્વાદ છે. ( આ ગ્રંથમાં પ્રકટ થાય છે.)

૭. **હીર સૌભાગ્ય મહાકાવ્ય રસ દર્શન :-** આ મહાકાવ્યમાં આલેખિત પ્રકૃતિની સુંદરતાના વર્ણનોને પૂજ્યશ્રી એ ગુજરાતી પદ્યમાં અદ્‌ભૂત રીતે વર્ણવ્યા છે. (આ ગ્રંથમાં પ્રકટ થાય છે.)

૮. **આર્હંત્યનો પ્રભાવ :-** તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણક સમયે જે–જે ઘટનાઓ બને છે, એ કલ્યાણકોનું રહસ્ય શું છે. તે વિષયની સંવેદના.

૯. **પુણ્ય પુરુષના પાવન સંભારણાં – સંસ્મરણો :-** આગમ પ્રભાકર પરમ પૂજ્ય મુનિરાજ શ્રી પુન્યવિજયજી મહારાજના સ્મૃતિ ગ્રંથ ''વીસમી સદીની અલૌકિક વ્યક્તિ'' માં પ્રકાશિત પૂજ્યશ્રીનો લેખ.

૧૦. **પરમ રહસ્યના ઉદ્‌ઘાટનની લેખન યાત્રા :-** પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ દ્વારા આલેખાયેલા વિવિધ સાધકો પરત્વેનાં પત્રોનું ૧૦ ભાગનો સંપૂટ પત્રગંગા, તેમાં ભાગ બીજામાં પૂજ્યશ્રી દ્વારા આલેખાયેલો આ લેખ છે.

૧૧. **પૂજ્યશ્રી દ્વારા આલેખિત સંવેદનાઓ :-** તપસમ્રાટ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજની સ્મૃતિમાં આયોજિત, વિવિધ મહોત્સવોની પત્રિકામાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય હર્ષતિલકસૂરીશ્વરજી ની પ્રેરણાથી આલેખાયેલ...

## ...ગ્રંથ પ્રકાશન નિમિત્ત...

પૂજ્યશ્રીના સંસારી પિતાજી મહારાજ તથા
ગુરુ મહારાજ પરમપૂજ્ય ઉપાધ્યાયજી શ્રી મહાયશવિજયજી
મહારાજના સમાધિમંદિર સ્વરૂપ નવાડીસા (બનાસકાંઠા) મધ્યે નવનિર્મિત
ગુરૂમંદિરમાં પાવન પગલાની પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંતની
ઉપકારોની દિવ્યસ્મૃતિમાં...

વિ.સં. ૨૦૮૦,ફાગણ સુદ-૪, બુધવાર, તા. ૧૩-૩-૨૦૨૪



# ...વિષયાનુક્રમ...


૧) આયુર્વેદિક કથાઓ

૧. વિષહર યષ્ટિ ........................................................૧

૨. બ્રહ્મકીટ........................................................૯

૩. ગૂઢશલ્ય ........................................................૧૫

૪. શાકિની દોષ........................................................૨૦

૫. જલ-પરિષેક........................................................૩૦

૬. ગંધયુક્તિ ........................................................૩૬

૭. એડકાક્ષ........................................................૪૪

૨) સ્નેહતંતુના તાણાવાણા (કથા) ................................................૫૧

૩) નારી તીક્ષ્ણ કૃપાણ (કથા) ................................................૬૫

૪) અનોખું બલિદાન (કથા) ................................................૯૧

૫) સત્ત્વ અને કરૂણા (કથા)................................................૧૧૯

૬) શ્રી સ્થૂલભદ્રની શીયળવેલ (સજ્ઝાય રસદર્શન) ..........................૧૫૨

૭) શ્રી હીર સૌભાગ્ય મહાકાવ્ય (કાવ્ય રસદર્શન) ............................૧૬૫

૮) પંચ કલ્યાણક ભાવના................................................૧૮૧

૯) પુણ્ય પુરૂષના પાવન સંભારણાં (આગમ પ્રભાકર પરમ પૂજ્ય પુન્યવિજયજી મહારાજ માટેનો સ્મૃતિલેખ) ..............................૧૮૪

૧૦) પરમ રહસ્યના ઉદ્દ્ઘાટનની લેખનયાત્રા (પ્રસ્તાવનાલેખ)...............૧૯૬

૧૧) પૂ. આ. ભ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ.ની, વિવિધ સ્મૃતિ મહોત્સવની પત્રિકામાં આલેખાયેલ સંવેદનાઓ ..........................................૨૦૦

# આયુર્વેદિક કથાઓ

## ૧

## ...વિષતંત્રની રોચક વાત...

### વિષહર યષ્ટિ

ગ્રીષ્મ ઋતુ હતી.

ભીષ્મ તાપ હતો.

મધ્યાકાશમાં આવી ચૂકેલો સૂર્ય અગ્નિજવાળા જેવા હજારો સંતપ્ત કિરણો વર્ષાવી રહ્યો છે.

વાતાવરણ ધીખી ઉઠ્યું છે.

વિન્ધ્યાચળના સપાટ ડુંગરાઓ લોઢાના ગોળાની જેમ તપી ઉઠ્યા છે.

સારોયે પહાડ નિર્જન જેવો છે.

રાત્રિના સમયે વિન્ધ્યના પાણે પાણાને સજીવ કરી દેતી ભયાનક પ્રાણિસૃષ્ટિ પણ અસહ્ય તાપથી અકળાઈ પોતાની બખોલોમાં ભરાઈ ગઈ છે.

આ સમયે વનની નીરવતાનો ભંગ કરતા બે માનવ પ્રાણી ઝડપી ગતિએ વિન્ધ્યના વિકરાળ ખડકોને વટાવી રહ્યા છે.

અરે! તેઓ કોણ છે? આવા વનનિકુંજોની શીતળ ગુહામાં આરામ લેવા જેવા સમયે આ ભાઠાઓમાં એ કેમ રખડી રહ્યા છે? શું ! તેઓને ખબર નથી કે તેઓ વિન્ધ્યના એવા ભયાનક વનભાગમાંથી પસાર થઈ રહ્યા છે કે જે સદા માનવ માટે અગમ્ય રહ્યાં છે. જ્યાં માનવે કદી જોયા ન હોય, કદી કલ્પ્યા ન હોય, એવા ભયાનક પ્રાણીઓ વસે છે.

ના, એમને આ વાતની કોણ ખબર આપે? તેઓ દૂરના પ્રવાસી મુસાફરો છે. મહાન મુસાફરો છે. આ માર્ગના અજાણ્યા છે.

ઉત્તરાપથના એક મહાન મંત્રશાસ્ત્રિના એ સપૂતો દક્ષિણાપથના એક અતિ મહાન

માંત્રિક પાસે ગારૂડિક મંત્રની પ્રાપ્તિ માટે ગયા હતા, મંત્રશાસ્ત્રના અતિ ગહન રહસ્યોના અભ્યાસ માટે ગયા હતાં.

અને ત્યાંથી આજ કેટલાય વર્ષે અભ્યાસ પુરો કરી પાછા ફર્યા છે. દેશમાં જલ્દી પહોંચવા દીલમાં ઉતાવળ છે. વૃદ્ધ માતાની મધુરી યાદ દેશમાં જલ્દી પહોંચવા એમને આતુર બનાવી રહી છે.

તેથી જલ્દી પહોંચવા એમણે ટૂંકો છતાં અતિવિકટ આ પહાડી માર્ગ પકડ્યો.

પરંતુ... વિન્ધ્યની ઉંડી ખીણોમાં દિવસે પણ સૂર્યનો તાપ ન પહોંચતો હોય એવી ગાઢ ઝાડીમાં એ ભૂલા પડ્યા. માર્ગ ચૂકી ગયા.

અને... ઝાડપાન વિનાના સૂકા વિકટ પહાડી પ્રદેશમાં ચડી ગયા. કયાંય માર્ગ ન હતો. ફક્ત દિશાના આધારે આગળ વધી રહ્યા હતાં.

સવારથી કંઇ ખાધું નથી. પાણી પણ પીધું નથી. તૃષા અત્યંત લાગી છે. ગળાં સૂકાઇ રહ્યા છે પણ પાણી કયાં?

એક ઉંચા ખડકને પાર કર્યો ને દૂર દૂર દેખાતા એક લીલાછમ પ્રદેશ પર એમની નજર પડી.

બેય જણાએ પગ ઝડપી ઉપાડ્યા.

ઘડી બે ઘડીમાં પહાડના પથરાળ ખડકો વટાવી નીચે ઉતરી આવ્યા.

ત્યાં એક ગિરિણદી હતી.

પરંતુ સુકી હતી. એની રજત શુભ્ર રજકણ જાણ્યે એમની હાંસી કરી રહી. બેયના શ્વાસ અધ્ધર ચડી ગયા.

હવે? હવે શું કરીશું? તૃષાથી તો પ્રાણ જ ઉડવાના બાકી રહ્યા છે. આંખે અંધારા આવી રહ્યા છે. હમણાં જ બેભાન થઇ જવાશે એમ લાગે છે.

ત્યાં જ... મોટાભાઇની આંખો ચમકી ઉઠી. નદીના પટમાં દૂર દૂર એક વિશાળ ધરા જેવું દેખાતું હતું

અને એની બાજુમાં સરસ વૃક્ષનિકુંજ પણ જણાતો હતો.

બેય જણે કદમ ઉઠાવ્યા... થોડી જ વારમાં પેલા વૃક્ષનિકુંજ પાસે પહોંચી ગયા. વૃક્ષોની છાયામાં જરા વિશ્રાંતિ કરી.

સામે જ વિશાળ ધરો હતો. એનું જલ બારે માસ અખૂટ રહેતું જ્યારે બીજા ધરા સૂકાઇ જતાં ત્યારે પણ આ ધરામાં તો વિન્ધ્યાચળના બધા પ્રાણીઓ એના જલનું પાન કરતા, છતાં પણ પાણી ભરેલું ને ભરેલું જ રહેતું.

થાક ઉતર્યો એટલે પાણી પીવા માટે બેય જણે ધરા તરફ પગલા ભર્યા. ધરો હવે પચાસ કદમ દૂર હતો. સામે જ પાણી હિલોળા લેતું હતું. જલ તરંગથી ભીની બનેલી વાયુલહરીઓ જલ પાનનું નિમંત્રણ કરી જતી હતી.

પણ... ધરાના કિનારે એક એવી આફત ઉભી હતી કે એને જોતાં જ બેયના પગ થંભી ગયા. ત્યાં જે દ્રશ્ય જોયું તેનાથી બેય થીજી ગયા.

ઓહ... કેવું આશ્ચર્ય અને ભય ઉત્પન્ન કરે એવું દ્રશ્ય ! અદ્ભૂત અને અકલ્પ્ય...! આવાં તો ઘણા આશ્ચર્યો હજી એમણે જોવાના હતા.

વિન્ધ્યના ઉંડા જંગલોમાં આવા આશ્ચર્યો ડગલેને પગલે હતાં.

એ અખૂટ જલના ધરામાંથી એક મહાસર્પ નીકળતો હતો. વંશદંડ જેવો જાડો અને દીર્ઘ એનો દેહ હતો. ભયંકર એની ફણા હતી. અને એથીયે વધુ ભયંકરતા તો એની પીઠ પર સવાર હતી.

એ મહાવિષધરની પીઠ ઉપર એનાથી કૈં ગુણો નાનકડો એક નાગ આરૂઢ થતો હતો. એનો અતિ નાનો દેહ કાજળથીયે કાળો હતો. એથીયે નાની એની ફેણ પર અતિ દેદીપ્યમાન સુવર્ણરંગી મણીરત્ન ઝગારા મારતું હતું. એના ચળકાટથી નાગનો શ્યામ દેહ ભૂખરો થઇ જતો હતો.

નાગની એ સવારી ધીમે ધીમે, ગારૂડિકો ઉભા હતા તે તરફ આગળ વધી, ધરાથી પચીસ ડગલા દૂર ઉભેલા બેય મહાન ગારૂડિકો થોડા પાછા હઠી ગયા. બન્નેએ ભયંકર વિષધરો રમાડ્યા હતા. પણ આવો નાગ તો કદી જોયો ન હતો. હા, શાસ્ત્રમાં એનું વર્ણન વાંચ્યું હતું.

નાનાભાઇએ મોટાભાઇને પૂછ્યું : ભાઇ, આ નાગને મહાન ગારૂડમંત્રના બળથી અટકાવું?

ના. ભાઇ, એ સાહસ ન કરીશ. આ તો ક્ષત્રિય વર્ગનો મહાન રાજનાગ છે. આ નાગો કોઇ પણ મંત્રથી અજેય હોય છે. અને કદમાં અતિ નાના આ નાગનું વિષ તાલપુટ વિષ કરતા યે કૈં ગણું ભયંકર હોય છે. એ કદી ચાલતો નથી. પણ ભયાનક વિષધરને નાથી એના ઉપર આરૂઢ થઇ બધે ફરે છે. ગુરૂજી ન'તા કહેતા કે ''આ નાગનું વર્ણન પરંપરાથી મેં સાંભળ્યુ છે. પરંતુ મોટા જંગલોમાં હું ભમ્યો છું તોય કદી આવો નાગ જોયો નથી. કહે છે કે કોઇ ગાઢ-અતિગાઢ જંગલોમાં ક્વચિત આવા નાગ જોવામાં આવે છે. તમે કદી આ નાગને જુઓ તો એના ઉપર મંત્ર ન વાપરશો. આપણા સઘળાય મંત્રોથી એ અજેય હોય છે.'' માટે ભાઇ, એ સાહસ રહેવા દે. મોટા ભાઇએ નિષેધ કર્યો.

ભાઇ, તોય પ્રયોગ તો કરી જોવા દે. એમ કહી સાહસિક નાના ભાઇએ શિખાબંધ છોડયો. ગરૂડમુદ્રા પૂર્વક મહાન ગારૂડમંત્રનો ઉચ્ચાર કર્યો. અને આજ્ઞા આપી નાગના માર્ગની વચ્ચે અભિમંત્રિત રેખા કરી.

પછી બન્ને ભાઇ નજીકના એક ગાઢ વૃક્ષ નિકુંજમાં છૂપાઇ શું બને છે તે જોવા લાગ્યા.

રાજ નાગને પીઠ પર વહતો મહાસર્પ ધીમે ધીમે તે રેખાની પાસે આવી ગયો. અને અટકયો.

મહાન ગારૂડમંત્રના પ્રભાવથી એની ગતિબંધ થઇ ગઇ. એ મંત્રરેખાને ઓળંગવાની એની તાકાત ન હતી.

રાજનાગ એની પીઠ પરથી ઉતર્યો રેખા ઉપર આળોટી એણે એ રેખાને નષ્ટ કરી દીધી. પાછો પીઠ ઉપર આરૂઢ થયો અને આગળ વધ્યો

બેય ગારૂડિક બંધુઓ રાજનાગનું, મહાન ગારૂડમંત્રથી પણ અજેય તેજ પ્રત્યક્ષ નીહાળી છક્ક થઇ ગયા.

એમને ભય લાગ્યો કે નાગ કયાંક એમની ખબર લેવા ન આવે કારણ કે એમણે એની ગતિમાં અવરોધ કર્યો હતો.

પણ એવું કશું બન્યુ નહિં. તેઓ જે વૃક્ષ નિકુંજમાં છૂપાયા હતા એની વિરૂધ્ધ દિશા તરફ રાજનાગ વળી ગયો. જાણ્યે જંગલના એ રાજાને ક્ષુદ્ર માનવ પ્રાણીની કશી કિંમત જ ન હતી.

હવે એ બન્ને પાણી પીવા માટે ધરાની નજીક આવ્યા.

ત્યાં જ નજીકની ઝાડીમાંથી હાથીની ભયાનક ગર્જનાઓ સંભળાવા લાગી. ધીમે ધીમે એ ગર્જારવ નજીક આવવા લાગ્યો.

ધરામાં નજર કરી તો પાણી વિષમય થઇ ગયું હતું. એનો રંગ બદલાઇ ગયો હતો. બધુ પાણી મહાદેવના કંઠ જેવું નીલ થઇ ગયું હતું.

મોટાભાઇએ નાનાને કહ્યું : ''ભાઇ, આપણે પાણી પીવાનું પડતું મૂકવું પડશે, સામેથી ભયાનક ગર્જના કરતા જંગલી હાથી એ પાણી પીવા આવતો લાગે છે. એમનાથી આપણો જીવ બચાવવા એક ઉંચા ઝાડ પર ચડી જઇએ.

વળી આ ધરાનું પાણી પણ વિષમય થઇ ગયું છે. એનું પરીક્ષણ કર્યા સિવાય પીવાના ઉપયોગમાં ન લેવાય અને એટલો સમય નથી. હાથીઓ હમણાં આવી પહોંચશે. તો હાથીઓ ઉપર આ જળની શી અસર થાય છે એ જ જોઇએ.''

અને સામેની ઝાડીમાં સજીવતા આવવા લાગી. બેય ભાઇઓ દોડીને એક મોટા ઝાડ ઉપર ચડી ગયા. પોતાનો દેહ હાથીઓને ન દેખાય તેમ ઉંચી ડાળ પર ગોઠવાઇ ગયા.

પળ બે પળ વીતી. અને ઝાડીની છાતીને ચીરતા પહાડના ટૂકડા જેવા કાળા હાથીઓની હારમાળા બહાર નીકળી આવી. કૂદંકૂદા કરતા નાનકડા મદનિયાઓ આનંદની ચીચીઆરીઓ પાડતા હતા. હાથીઓનું વૃન્દ પહાડની જેમ ધીમે ધીમે ધરા તરફ આવવા લાગ્યું.

એટલામાં સિંહની અતિપ્રચંડ ગર્જનાઓથી આસપાસની ગિરિકંદરાઓ ગાજી ઉઠી. કૂદાકૂદ કરતા મદનિયાઓ ધ્રૂજી ઉઠ્યા. ડરના માર્યા એ મૂત્રને વિષ્ઠા કરવા માંડયા.

ત્યાં જ સામેની દિશામાંથી છલાંગ મારતો સિંહ આવ્યો.

યૂથપતિ હસ્તી નાનકડા મદનિયાઓને પાછળ ધકેલતો સહુની આગળ દોડી આવ્યો.

સિંહે ભયંકર ગર્જના કરી. એક લાંબી છલાંગ ભરી અને વીજળી જેમ વિરાટકાય હાથીના વિશાળ કુંભસ્થળ પર ઉત્તરાણ કર્યું.

પણ.... આ હાથી કંઇ કાચોપોચો ન હતો. એ તો વિન્ધ્યનો સહુથી બળવાન અને અતિ ચતુર હાથી હતો. આવા કૈંક સિંહ એણે જોઇ નાંખ્યા હતાં.

વૃક્ષની સુદ્રઢ ડાળોમાં નિર્ભય સ્થાન જમાવીને બેસવા છતાંય આ બધી આફતો ઉપર

આફતો આવવાથી ધ્રૂજી ઉઠતા, એ મહાન ગારૂડિક બાંધવોએ જીંદગીમાં ન ભૂલાય એવું દ્રશ્ય જોયું.

હાથીએ કુંભસ્થળને જોરથી હલાવ્યું. સિંહ કુંભસ્થળ ઉપર ચીટકીને પકડ જમાવે એ પહેલા જ પાકેલા પાંદડાની જેમ નીચે પડ્યો.

ઝડપથી હાથીએ અતિબળવાન સૂંઢની વજ્ર પકડમાં સિંહને પકડયો અને પોતાના સુદ્રઢ પગ નીચે દબાવ્યો.

વનને કંપાવી દેતી એક મરણ ચીસ સિંહે પાડી, હાથીના લોહસ્થંભ જેવા પગ નીચે એનો છૂંદો થઇ ગયો.

અને અતિરોષાયમાન યૂથપતિ હસ્તીએ સિંહના નિર્જીવ કલેવરને તિરસ્કાર-ભરી નજરે જોઇ બાજુની ઝાડીમાં ફગાવી દીધું.

વીજળી ઝડપે આ બધું બની ગયું.

હસ્તિવૃન્દ નિર્ભય બની નદીમાં ઉતર્યું. પાણીના ધરા પાસે જવા લાગ્યું.

યૂથપતિ સહુની આગળ હતો. એણે જલની પરીક્ષા કરી સહુને પોતાની ભાષામાં આજ્ઞા કરી કે પાણી વિષમય થઇ ગયું છે માટે કોઇ પીશો નહિ.

આખુંયે હાથીઓનું ટોળું આગળ વધતું અટકી ગયું.

યૂથપતિ તુરંત વનની અંદરના એક ચોક્કસ લતામંડપ પાસે ગયો. સૂંઢવડે એક અપૂર્વ દેખાતા વૃક્ષની ડાળ તોડી પછી એ ડાળને લઇને ધરાને કિનારે આવ્યો.

ધરાના કિનારા પર નીલમણિ જેમ ચમકતી શ્યામ શિલા ઉપર થોડું જલ નાંખ્યું. પછી એ ડાળને થોડી ઘસી, એનો ઘસારો જલમાં નાંખ્યો.

ઓહ... જબરો ચમત્કાર થયો...!

વૃક્ષની ડાળ પર બેઠેલા બન્ને બાંધવો બરોબર જોઈ શક્યા કે પાણીનો રંગ બદલાવા માંડ્યો. અરે!... પળ બે પળ વીતી ન વીતી ત્યાં તો વિશાળ ધરાનું સમગ્ર જલઓઘ શંકરના હાસ્ય જેવું ઉજ્જવલ થયું. સવિષ પાણી અમૃત જેવું બની ગયું.

યૂથપતિએ એક આનંદભરી ગર્જના કરી. એમાં હસ્તિવૃન્દને જલપાન કરવાનો

આદેશ હતો.

બધા ડોલતા ડોલતા ધરા પાસે આવ્યા. જલપાન કરી સ્વસ્થ થઈ સહુ અંદર જલક્રીડા કરવા લાગ્યા. ધરાની વિશાળતા એમને સમાવી શકે એટલી હતી જ.

ઘડી-બેઘડી જલક્રીડા કરી હસ્તિવૃન્દ પાણીની બહાર નીકળ્યું અને થોડી જ વારમાં મુખ્ય હસ્તિની પાછળ વિન્ધ્યની ગાઢ વન ઝાડીમાં અદશ્ય બની ગયું.

સૂર્ય પશ્ચિમ તરફ ઉતરવા માંડ્યો.

વાયુ શીતળ બની ગયો.

વૃક્ષની ડાળોમાં છૂપાઈને બેઠેલા બન્ને બાંધવો નીચે ઉતર્યા. હવે ભયનું કોઈ કારણ ન હતું.

ધીમે ધીમે ધરા પાસે આવ્યા. પેલી ડાળ પણ કિનારાના એક પત્થર પર પડી હતી.

ધરાના શીતળ જળનું પાન કરી બન્ને સ્વસ્થ થયાં. સ્નાન કરી થાક ઉતાર્યો અને થોડા જાંગલ મધુર ફળો લાવીને ધરાને કિનારે બેસી ઉદરને તૃપ્ત કર્યું.

આજનો દિવસ એમને જીવનભર યાદ રહે એવા પ્રસંગોથી ભરચક વિત્યો હતો.

રાજનાગનું દર્શન, ભયંકર સિંહને વીજળી ઝડપે કચડી નાખતો યૂથપતિ હસ્તિરાજ, અને એથીયે વધુ આશ્ચર્યજનક પેલી વિષહર યષ્ટિ... જેના પ્રભાવથી સદ્યઃ પ્રાણહર તાલપુટ વિષથી પણ ભયંકર... મંત્રોથી પણ અજેય, રાજનાગનું પ્રબલ વિષ ક્ષણમાં નષ્ટ થતું એમણે નજરે જોયું.

ધરાના કિનારે પડેલી એ અમૂલ્ય યષ્ટિને એમણે ઉઠાવી લીધી. યુથપતિ જાણ્યે એમને આપવા માટે જ છોડી ગયો હતો.

સૂર્ય હવે ઝડપથી નીચે ઉતર્યે જતો હતો.

ઝાંખા સોનેરી તડકામાં અતિરમ્ય જણાતો વનપ્રદેશ રાત્રિકાળે પણ ભયંકર બની જશે એ વાતનો એ બાંધવોને ખ્યાલ હતો.

એટલે રાત પડે એ પહેલાં કોઈ સુરક્ષિત સ્થાને પહોંચી જવાનો નિર્ણય કરી બન્ને ઉભા થયાં.

હજી પ્રહર જેટલો દિવસ બાકી હતો.

જીવનભર ઉપયોગી નીવડે એવી... લોકોને અમૃત બક્ષે એવી અદ્‌ભૂત દિવ્ય ઔષધિ

આપનાર એ રમ્ય પ્રદેશને નમસ્કાર કરી નિશ્ચિત દિશા પકડી બન્ને આગળ વધ્યા.

અને થોડે આગળ ગયા ત્યાં જ માર્ગ મળી ગયો. કારણ કે એમને જવાનો માર્ગ આ ધરાની નજીક થઈને જ જતો હતો.

અવિશ્રાન્તપણે માર્ગ કાપતા... માર્ગમાં જ્યાં રાત પડે ત્યાં વિશ્રામ કરતાં એ મહાન ગારૂડિકો થોડા જ દિવસોમાં ઉત્તરાપથમાં પ્રવેશી ગયા.

એમના પહોંચ્યા પહેલાં જ એમની ખ્યાતિ ઉત્તરાપથમાં પહોંચી ગઈ હતી. એમણે ભલભલા ગારૂડિકોને પોતાની મંત્રવિદ્યા દ્વારા મહાત કર્યા. મહાન ગારૂડમંત્રોથી પણ ન ઉતરતા જીવલેણ વિષને પેલી વિષહર યષ્ટિથી રમતમાં ઉતારી નાંખ્યા. સાક્ષાત્ કાળ જેવા વિષધરે દષ્ટ કરેલી વ્યક્તિ પણ એ વિષહર યષ્ટિથી જીવનનું અમૃત પ્રાપ્ત કરતી હતી.

એ વિષહર યષ્ટિ દ્વારા એમણે પોતાના જીવન દરમ્યાન હજારો વ્યક્તિઓને જીવન બક્ષ્યું...

અને એનાથી એ બન્ને બાંધવો જનહૃદયમાં અમર બની ગયા...

**...પ્રિયધર્મા...**

**(જૈન ''सुपासणाह चरिअं'' ના આધારે**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, સપ્ટેમ્બર, ઇ.૧૯૬૫)**

## ૨

## ...બ્રહ્મકીટ...

મધ્યાહ્નનો સમય હતો.

નિરવ એકાંત હતું

ઘાઢી નીલી વનરાઈની વચ્ચેથી 'કો' વિશાળ જળવાહિનીની જેમ કંડો પાડતો ઉજ્જયિનીનો રાજમાર્ગ પસાર થઈ રહ્યો હતો.

માર્ગની બન્ને પડખે ઉભેલાં લીલાંછમ વૃક્ષોની ઘેઘૂર પર્ણઘટામાંથી ચળાઈને પડતો તડકો, કુશળ શિલ્પીની જેમ કલામય જાળીની રચના કરી રહ્યો હતો.

ખીલી ખીલીને ખર્યે જતા વિવિધરંગી પુષ્પ, રાજમાર્ગ પર સુકોમળ ગાદી પાથર્યે જતા હતા.

ત્યારે એકલો અટૂલો એક પથિક, મૂકપણે એ માર્ગ પર ચાલ્યો જાય છે. દરિદ્રતાની ચાડી ખાતો એનો વેષ છે. કાંતીવિહોણી એની આંખો છે. ફીક્કું એનું મુખ છે.

એના કપાળ પર ઠેર ઠેર રીઢા થયેલા ઘા છે, કાળ જુના ઢીંમચા છે. કયાંક કયાંક શુષ્ક થયેલા રક્તબિંદુ પણ બાઝેલાં છે.

એવો એ પથિક બસ ચાલ્યો જ જાય છે...ચાલ્યો જ જાય છે, વણથંભી ગતિએ.

સો કદમ...બસો કદમ...પાંચસો કદમ અને જાણે વીજળીનો ઝાટકો ન લાગ્યો હોય, તેમ અચાનક એની ગતિ અટકી ગઈ.

એના મુખ ઉપર અસહ્ય દર્દની રેખાઓ ઉપસી ઉઠી, બે હથેળી વચ્ચે જોરથી એણે માથું ભીસ્યું. એના મુખમાંથી એક આછી ચીસ નીકળી ગઈ.

અને વળતી જ પળે અસહ્યપીડાથી એ પાગલ જેવો બની ગયો. માર્ગના કિનારે ઉભેલા એક વૃક્ષના થડ ઉપર એણે માથું વીંઝવા માંડયું.

ધડ...ધડ...ધડ...!

એની અતિ દર્દનાક ચીસોથી આનંદનિમગ્ન વનપ્રદેશ કંપી ઉઠ્યો. સમીરની મૃદુ લહરીઓ સાથે ગમ્મત કરતી વૃક્ષમંજરીઓ થંભી ગઈ.

વાયુના મધુર શીતળ સ્પર્શે મીઠી આનંદનિદ્રામાં પડેલી નાનકડી કુમાશદાર કુંપળો જાગી અને ગુસ્સાથી એનું મોં લાલ લાલ થઈ ઉઠયું એ ધીમે રહીને બબડી.

રે ! આ કોણ છે ?

હાં. કોણ છે આ દુઃખી પથિક ? હમણા તો એ શાંતિથી ચાલ્યો જતો હતો. ત્યાં અચાનક એણે આ શું તોફાન માંડ્યું ? શું એ કોઈ પાગલ છે ?

ના રે ના. એ કોઈ પાગલ નથી. પરંતુ દરિદ્ર અને રોગિષ્ટ બ્રાહ્મણ છે. ભયંકર દરિદ્રતામાં પણ શાંતિથી જીવન વીતાવતો હતો, ત્યાં અધૂરામાં પૂરૂં હોય તેમ બે-ત્રણ વર્ષથી એને શિરઃપીડાનો રોગ લાગુ પડ્યો.

જાણે કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી માંસ ન ઉતરડી નાંખતું હોય એવી વેદના નિરંતર એના માથામાં થાય છે. અને એથી એને નિદ્રા પણ આવતી નથી...એમાંય જ્યારે આ પીડા અસહ્ય થાય ત્યારે તો એ પાગલ જેવો થઈ જાય છે. એનું કપાળ જુઓને ? ઠેરઠેર ઘા થી ભરેલું છે ને ?

એવા એ બ્રાહ્મણને એક દિવસે કોઈ ભલા માણસે કહ્યું: ભાઈ ! તું ઉજ્જયિનીએ જા. ત્યાં મહારાજ વિક્રમ રાજ કરે છે, એ ગરીબોનો બેલી છે. મહાન દાનવીર છે...એ દયાળુ રાજા તારો રોગ પણ દૂર કરશે ને ધન પણ આપશે.

આ વાત સાંભળી એ ઉજ્જયિની તરફ ચાલી નીકળ્યો. ઝરણાનાં નીર પીતો...વૃક્ષોના ફળ ખાતો એ શાંતિથી એકધારો માર્ગ કાપ્યે જાય છે.

ચાલતાં ચાલતાં જ્યારે પીડા અસહ્ય થઈ જાય છે ત્યારે આમ પાગલની જેમ એ ચીસો પાડે છે ને ઝાડના થડ સાથે માથાં પછાડે છે... બાકી પીડા ઓછી હોય ત્યારે તો એ બહુ શાંતિથી માર્ગ કાપે છે.

આમ અવિરત મુસાફરી કરતો એ બ્રાહ્મણ પથિક થોડા જ દિવસમાં ઉજ્જયિની પહોંચી ગયો. એણે મહારાજ વિક્રમના રાજસભાના દ્વારે જઈને પોકાર કર્યો.

હે પરદુઃખભંજન મહારાજ વિક્રમ ! હું ગરીબ બ્રાહ્મણ, મસ્તકના ભયંકર શૂલથી મરી રહ્યો છું. તમે મારી રક્ષા કરો. રક્ષા કરો...

તે સમયે મહારાજા વિક્રમ, ભારતવર્ષના સમર્થ નૈમિત્તિક શ્રીવરાહ સાથે જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા હતા...એમના કાને બ્રાહ્મણનું કરુણ રૂદન પડ્યું. એટલે તરત સેવકદ્વારા એને પોતાની

પાસે બોલાવ્યો.

એનો અતિદરિદ્ર વેષ...કંગાલ જેવો દેહ અને રોગની પીડા જોઈ વિક્રમનું દિલ છળી ગયું...અને બ્રાહ્મણનો રોગ મટશે કે નહીં એવી જિજ્ઞાસાથી એમણે શ્રીવરાહને પૂછયુંઃ

આર્ય વરાહ !, આ ભયંકર રોગપીડિત બ્રાહ્મણ જીવશે ? અને જીવશે તો એનો રોગ મટશે કે નહિં ?

વરાહે થોડી પળ વિચાર કરી કહ્યુંઃ રાજન્, આ બ્રાહ્મણ નીરોગી થઈ પૂર્ણ શતવર્ષનું આયુષ્ય ભોગવશે. પરંતુ એનો રોગ મદ્યપાનથી જ નષ્ટ થશે.

મહારાજા આ વાત સાંભળી ચમકી ગયા...અરે ! આ સમર્થ જ્યોતિષી આવી અસંભવિત વાત કરે છે ? બ્રાહ્મણને વળી મદ્યપાન કરવાનો પ્રસંગ ક્યાંથી આવે ? હવે તો આ વાતનો પૂરો તાગ લેવો પડશે.

અને સ્હેજ વિચાર કરી વિક્રમે મહાપ્રતિહારને આજ્ઞા કરી. ભટ્ટ, તું તરત મહાવૈદ્ય હરિશ્ચન્દ્રને અહીં તેડી લાવ. રથમાં જ જજે અને જો જે વિલંબ ન થાય...

એકાદ ઘટિકા વીતીને વૈદરાજને સાથે લઈ મહાપ્રતિહાર આવી ગયો.

વૈદ્યરાજે વિક્રમને પ્રણામ કર્યા અને એમની પાસે એક આસન ઉપર બેસી પૂછ્યુંઃ કૃપાવતાર, આ સેવકનું શું કામ છે ? આજ્ઞા કરો.

મહારાજે બ્રાહ્મણની સામે અંગુલિનિર્દેશ કર્યો, અને કહ્યુંઃ વૈદ્યરાજ ! આ બ્રાહ્મણને ક્યો રોગ છે. એનું સચોટ નિદાન કરો.

વૈદ્યરાજે પોતાની તેજસ્વિ દ્રષ્ટિ બ્રાહ્મણના મુખ ઉપર ઠેરવી...બે ત્રણ પળ સુધી બરોબર નિરીક્ષણ કરી મહારાજને કહ્યુંઃ

દેવ, આ બ્રાહ્મણને બ્રહ્મકીટનો વ્યાધિ લાગુ પડયો છે. એની કોઈ પ્રતિક્રિયા નથી.

વૈદ્યરાજ, આ વિશ્વમાં એવો કોઈ રોગ નથી, જેના ઔષધનું, પ્રકૃતિએ નિર્માણ ન કર્યું હોય. માટે વિચાર કરીને ઉત્તર આપો.

મહારાજ, આ રોગમાં રૂગ્ણના મસ્તકમાં અસાધ્ય એવો બ્રહ્મકીટ ઉત્તપન્ન થાય છે. આ રોગ ક્વચિત્ કોઈને થાય છે. શાસ્ત્રમાં પણ આ રોગનું વિવરણ બહુ અલ્પ છે...મારા સાઠ

વર્ષના ચિકિત્સાકાળમાં હજીસુધી એક પણ આવો રોગી આવ્યો નથી.

આ બ્રહ્મકીટ અગ્નિથી બળતો નથી. પાણીથી ક્લિન્ન થતો નથી. લોહીથી ભેદાતો નથી. આનું એકમાત્ર ઔષધ છે, અને તે મદ્ય.

હેં ! મહારાજ વિક્રમ ચોંકી ઉઠ્યા...અને બોલ્યા અરે ! 'શાંતમ્ પાપમ્ શાંતમ્ પાપમ્' બ્રાહ્મણને મદ્યપાન કેમ કરાવાય ? બીજો કોઈ નિરવદ્ય ઉપાય સૂચવો...

ના. મહારાજ. આની બીજી કોઈ ચિકિત્સા, શાસ્ત્રે સૂચવી નથી. કેવલ તીખી મદિરા જ આનું ઔષધ છે. અને આ રોગીની અવસ્થા અત્યારે એવી ભયંકર છે કે જો એને તુરતમાં મદ્યપાન નહિ કરાવવામાં આવે તો એ અલ્પસમયમાં જ મૃત્યુના મુખમાં ધકેલાઈ જશે.

રાજા વિક્રમ આ સાંભળી ભારે ચિંતામાં પડી ગયા. ઓહ ! આમાં શો માર્ગ કાઢવો ? બ્રાહ્મણને માટે મદ્યપાનનો શાસ્ત્રો નિષેધ કરે છે...અને જો આને મદ્યપાન ન કરાવું તો છતે ઉપાયે બિચારો અકાલમૃત્યુ પામશે.

ત્યારે એક બુદ્ધિમાન સભાસદે મહારાજ વિક્રમને કહ્યુંઃ કૃપાવતાર, બ્રાહ્મણને મદ્યપાન કરાવવું કે નહિં એ પ્રશ્ન ધર્મશાસ્ત્રનો છે તો આપ મહાન્ ધર્મવેત્તા, મિમાંસક, આચાર્ય શબરસ્વામીને અહીં બોલાવો, એ આમાંથી નિરાપદ માર્ગ કાઢશે.

આચાર્ય શબરસ્વામી ! ...

મંત્રવિજ્ઞાનના મહારથી, વેદ અને વેદાંતમાં પારગામી, મહાન યોગસિદ્ધ, આચાર્ય શબરસ્વામી, મિમાંસક મતના ધુરંધર વિદ્વાન હતા. ઋષિ જેવું જીવન જીવતા એ મહાપુરૂષની કીર્તિ ભારતવર્ષને ખૂણે ખૂણે ફરી વળી હતી.

એવા આચાર્ય શબરસ્વામીને રાજા વિક્રમે રાજસભામાં નિમંત્ર્યા અને એમને આ વિકટ સમસ્યાનો ઉકેલ સૂચવવા પ્રાર્થના કરી.

આચાર્ય શબરસ્વામીએ ગંભીર સ્વરે કહ્યું : રાજન્, જો આ રોગ અન્ય નિરવદ્ય ઔષધથી અસાધ્ય હોય અને મદ્યપાનથી જ આ બ્રાહ્મણના પ્રાણની રક્ષા થશે, એવો દૃઢ વિશ્વાસ વૈદ્યરાજને હોય તો પ્રાણરક્ષાની યાચના કરતા આ બ્રાહ્મણને મદ્યપાનથી પણ દોષ નહીં લાગે.

ત્યારે વૈદ્ય શ્રી હરિશ્ચન્દ્રે કહ્યુંઃ આ બ્રાહ્મણનો રોગ મદ્યપાન વિના ભગવાન ધન્વંતરી પણ મટાડવા સમર્થ નથી. અને જો મદ્યપાન વિના અન્ય ઉપાયથી આ બ્રાહ્મણ જીવિત રહે તો હું

મહાપાતકી થાઉં.

અને વિક્રમરાજાએ દાસ દ્વારા તિવ્રગંધથી યુક્ત ઉત્તમ મદ્યનો ઘટ મંગાવ્યો અને એક પાત્રમાં મદ્ય ભરી બ્રાહ્મણને પીવા માટે આજ્ઞા કરી.

બ્રાહ્મણે ધ્રુજતાં હાથે મદ્યપાત્ર હાથમાં ઉઠાવ્યું.

તેજ સમયે આકાશવાણી થઈ, હે શબર, તું બ્રાહ્મણને મદ્યપાન કરાવવાનું સાહસ ન કર. આ સાંભળી બ્રાહ્મણ, પાન કરતાં અટકી ગયો.

ત્યારે તે બ્રાહ્મણને તેજસ્વી સ્વરે શબરસ્વામીએ આજ્ઞા કરી: અરે, પાગલ ! પી જા...પી જા ! ગભરાય છે કેમ ?

અક્ષર, પદ અને વાક્યની રચનામાં કુશલ એ વાગ્દેવતા મૂર્ખ છે. ધર્મના નિર્ણયમાં એ શું સમજે ?

દ્રઢ વિશ્વાસથી આજ્ઞા આપતા શબરસ્વામી ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. રાજા અને સભાસદોને શબરસ્વામીની ધર્મશાસ્ત્રોના મર્મજ્ઞતા ઉપર અને એમના વચન ઉપર વિશ્વાસ બેસી ગયો.

★★

રાજાજ્ઞાથી બ્રાહ્મણે મદ્યપાત્રને હાથમાં ઉઠાવ્યું...ધીમે ધીમે મુખ પાસે આણ્યું...કોઈ દિવસ મદ્યપાનનો અભ્યાસ ન હોવાને કારણે મદ્યની તીવ્રગંધથી એનુ માથું અત્યંત ઘૂમવા લાગ્યું...અને...

એ બ્રાહ્મણ મદ્યનું એક બિંદુ પણ ચાખે તે પહેલા સહુના આશ્ચર્ય વચ્ચે એના નાસિકાછિદ્રમાંથી મદ્યની તીવ્રગંધથી જ પરાભૂત થયેલો બ્રહ્મકીટ ભૂમિ ઉપર ખરી પડ્યો.

તરત જ વિક્રમરાજાએ કૌતુકથી એ કીટને અગ્નિમાં નાંખ્યો. પણ એ દગ્ધ ન થયો. જલપાત્રમાં નાંખ્યો પણ એ ભીંજાણો નહિં, તીક્ષ્ણ શસ્ત્રથી છેદવા પ્રયત્નો કર્યો પણ એમાંય રાજા નિષ્ફળ ગયો... છેવટે મદ્યનું માત્ર એક બિંદુ એ કીટ ઉપર રાજાએ નાંખ્યું અને સમગ્ર રાજસભાના કુતુહલ તથા આશ્ચર્ય વચ્ચે એ કીટ હિમખંડની જેમ ક્ષણમાત્રમાં પીગળી ગયો.

પછી વિક્રમે ઉપહાસભર્યા સ્વરે કહ્યું : વૈદ્ય ! તારો શાસ્ત્રાભ્યાસ કેવો ? આ તો મદ્યપાનને

બદલે મદ્યગંધથી જ આ રોગ મટી ગયો.

ત્યારે ઉત્તર આપતા વૈદ્યરાજે કહ્યુંઃ કૃપાવતાર, જો મેં મદ્યગંધ લેવાનું કહ્યું હોત તો આ બ્રાહ્મણ મદ્યપાત્રને નાકથી દૂર રાખત. તેથી મદ્યગંધ એના મસ્તકમાં બરોબર પહોંચત નહિં. તેથી મેં પાન કરવા કહ્યું.

વૈદ્યનો સચોટ ખુલાસો સાંભળી સમગ્ર રાજસભા વૈદ્યના ચાતુર્યથી પ્રસન્ન થઈને 'ધન્ય' 'ધન્ય' પોકારી ઉઠી...

સભાસદોએ રાજા વિક્રમને અભિનંદતા કહ્યું : રાજન્ તું ધન્ય છે, આ પૃથ્વી, અમે અને આ રાજસભા પણ ધન્ય છે. અતિ ધન્ય છે. જયાં આવા યથાર્થવાદી નૈમિતિક, ચિકિત્સક અને સર્વ સંદેહોને દૂર કરનારા શબરસ્વામી જેવા મિમાંસક બિરાજે છે.

અતિ પ્રસન્ન થયેલા રાજા વિક્રમે પૃથ્વીના અમૂલ્ય રત્ન સમા એ ત્રણેયનું અશ્વ, હસ્તી, ધન અને સુવર્ણથી સન્માન કર્યું.

રોગ નષ્ટ થવાથી દિલની દુવા દેતા એ ગરીબ બ્રાહ્મણને એણે માંગ્યું એટલું સુવર્ણ આપ્યું. એક રથ આપ્યો, અને ધનની રક્ષા માટે એના ગામ સુધી પાંચ સૈનિક આપ્યા.

એ જ નીરવ એકાંત.

એ જ ગાઢી નીલી વનરાઈ, અને એ જ ફૂલે મઢ્યો રાજમાર્ગ.

મૃદુ મધુર પ્રેમાળ સમીરલહેરીઓ હીંચકો કરતીતીને કોમળ રાતી કુંપળો મજાની સ્વપ્ન લોકની મુસાફરી કરતી'તી, ત્યાં જ રથનો અવાજ થયો કિચૂડ... કિચૂડ...

અને આનંદનિદ્રાનો ભંગ થવાથી ખીજાઈ ઉઠેલી નાની કુંપળો ફેર બબડી.

રે ! આ કોણ છે ?

પણ...નીરોગિતા અને અખૂટ ધનની પ્રાપ્તિના ઉલ્લાસથી આનંદગીત ગાતો એ રથારૂઢ બ્રાહ્મણ કૂંપળોને ઉત્તર આપશે ખરો ?

**...પ્રિયધર્મા...**

**(જૈન ''पुरुष परीक्षा'' ના આધારે,**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, ફેબ્રુઆરી-માર્ચ, ઇ.સ. ૧૯૯૬)**

# 3

## ...ગૂઢશલ્ય...

મધ્યાહ્નની વેળા હતી.

મગધની સીમા પર પથરાયેલા ભયાનક વનનો નિર્જન પ્રદેશ હતો.

વનમાં છોડવે છોડવે સૂર્યનાં પ્રચંડ કિરણો અગનશિખા જેમ વીંટળાઈ વળ્યા હતાં.

ત્યારે...

એ ભયાનક વનને વીંધીને કુશાગ્રપૂરથી ચંપાનગરી તરફ જતા ટૂંકા અને વિકટ વનમાર્ગ પર એક વિશાળ રથ ઝંઝાવાતની જેમ દોડ્યે જતો હતો.

વેગથી ફરતાં રથચક્રોનો ‘કિચૂડ કિચૂડ’ અવાજ વનની નીરવતાને ભેદી નાંખતો હતો.

કુશાગ્રપૂરના મહાશ્રેષ્ઠી સુરેન્દ્રદત્તના પુત્ર ધમ્મિલકુમાર સાથે કુશાગ્રના મહારાજા અમિત્રદમનની કન્યા, અને મગધની સર્વશ્રેષ્ઠ રૂપસુંદરી રાજકુમારી વિમલસેના, તથા ધાવમાતા કમલસેના એ રથમાં પ્રવાસ કરી રહ્યા હતા.

અશ્વવિદ્યામાં અતિનિપુણ ધમ્મિલ રથનું સંચાલન કરતો હતો. રથને જોડેલા અતિમૂલ્યવાન તેજસ્વિ તુખારો એના ઈશારે પવનની જેમ ઉડતા હતાં.

રથની ગતિ અત્યંત તીવ્ર હતી.

કારણકે ધમ્મિલ અને રાજકન્યા ગુપ્ત રીતે પ્રણયલગ્ન કરી કુશાગ્રથી ભાગી છૂટ્યા હતા. તેથી એમને જલ્દી જલ્દી મગધની સીમા વટાવી અંગની સીમામાં પ્રવેશી જવું હતું.

મધ્યરાત્રિથી રથ ઉપાડ્યો હતો. તે વચ્ચે સૂર્યોદય સમયે થોડી પળો વિશ્રામ કર્યો તે સિવાય એકધારી ગતિએ દોડ્યો જતો હતો...બસ...દોડ્યે જ જતો હતો...મેઘ જેવા શ્યામ વનપ્રદેશની વચ્ચે બીજરેખા જેમ !...

મધ્યાહ્નનો ભયાનક તાપ, અને વિકટ વન માર્ગ પર તીવ્રગતિએ દોડ્યે જતા રથનું સફળ સંચાલન !...

એના શ્રમથી ધમ્મિલનાં ગૌરદેહ ઉપર પ્રસ્વેદની ધારાઓ વહી રહી હતી. ચાર-ચાર પ્રહરથી એકધારું રથનું સંચાલન કરવાથી એનો દેહ થાકથી તૂટી પડતો હતો. અંગે-અંગ આરામ-

આરામ પોકારી રહ્યા હતાં.

કમલગર્ભ જેવી સુકુમાર રાજકન્યા અને વૃદ્ધા ધાવમાતા પણ રથનો આવો ઝડપી અને દીર્ઘ પ્રવાસ જીવનમાં પહેલી જ વાર કરી રહ્યા હતાં. તેથી એમના દેહ, રથમાં બેસી-બેસી સાવ અકડાઈ ગયા હતાં.

પવન વેગે દોડ્યે જતાં અશ્વો પણ થાક્યા હતા...એમના મુખમાંથી ફીણ નીકળવા માંડ્યા હતા.

હવે તો એ સહુ કયારે માનવવસ્તિ આવે અને વિશ્રાંતિ લઈએ એની જ પ્રતીક્ષા કરતા હતાં.

થોડી પળ વીતી ન વીતીને અખૂટ લાગતી વનની વિજન વાટ પૂરી થઈ મેદાન જેવો પ્રદેશ શરૂ થયો.

અને...દીર્ઘ પ્રતિક્ષાના અંત સાથે લગભગ અડધા કોષ ઉપર મગધની સીમા પરનું વનવૃક્ષોથી મંડિત એક સુંદર ગામ સહુની નજરે પડ્યું.

ધમ્મિલની આંખમાં ઉત્સાહની ચમક આવી ગઈ.

અશ્વો દ્વિગુણિત વેગે દોડવા માંડ્યા...

થોડી જ પળોમાં રથ ગામની સીમામાં જઈને ઉભો રહ્યો. પડખે સુંદર જલાશય હતું. અને એના કિનારા ઉપર એક વિશાળ આમ્રવૃક્ષ હતું.

આમ્રની ઘેઘૂર પર્ણઘટાની છાયામાં રથને ઉભો રાખી ધમ્મિલ નીચે ઉતર્યો. ધાવમાતાને ઉતાર્યા. અશ્વોને મુકત કરી રથના અગ્રભાગ સાથે બાંધી દીધા.

અને રાજકન્યા તથા ધાવમાતાને આમ્રની છાયામાં આરામ કરવાનું કહી ઉતારાની તપાસ કરવા ધમ્મિલ ગામ તરફ ગયો.

ગામની નજીકમાં એક વિશાળ વૃક્ષ હતું.

એની છાયામાં અનેક પુરુષોથી વીંટળાયેલો એ ગ્રામનો અધિપતિ એક અશ્વને લઈને બેઠો હતો.

ગ્રામાધિપના વદન પર ભારે નિરાશાને, વિષાદની છાયા ઢળેલી હતી. અન્ય પુરુષો પણ

ગમગીન વદને ગુપચૂપ બેઠા હતા ને વારે વારે ચિંતાભરી નજરે અશ્વની સામે જોતા હતા.

ગ્રામ તરફ જતાં ધમ્મિલનું ધ્યાન એ તરફ ગયું અને એ જીજ્ઞાસા તથા કૌતુકથી તેમની પાસે ગયો.

ત્યાં જઈ એણે ગ્રામાધિપને પ્રણામ કર્યા. પછી સહુના ચિંતાભર્યા મુખ અને વચ્ચે બેઠેલા અશ્વને જોઈ ધમ્મિલે ગ્રામાધિપને પૂછયુંઃ 'આર્ય ! આપ સહુ ચિંતાતુર કેમ છો ?...અને આ અશ્વ ઉત્તમ જાતિનો છે તોય કેમ ભૂમિતલ પર બેસી ગયો છે ?...'

ત્યારે વળતો ઉત્તર આપતા ગ્રામાધિપે વિષાદપૂર્ણ સ્વરે કહ્યુંઃ 'વત્સ ! તું વૈદેશિક છે એટલે તને અમારા દુઃખની ખબર ન હોય તે સ્વાભાવિક છે. અમારી ચિંતાનું કારણ સાંભળ.'

'ગઈ કાલે મધરાતે અમે અસાવધ હતા ને એક દસ્યુઓની ટોળીએ અમારા ગામ ઉપર આક્રમણ કર્યું અને અમારા ગોધનની લૂંટ કરી એ લોકો સહીસલામત છટકી ગયા.'

અમે પણ સાવધ થઈ તુરત અશ્વ ઉપર બેસી દસ્યુઓની પાછળ પડયા. એ લોકો પગપાળા હતા એટલે અમારા તેજીલા અશ્વો તુરત એમને આંબી ગયા.

'અમારી અને એમની વચ્ચે ભારે ઝપાઝપી થઈ.'

'અમે અશ્વારૂઢ હતા અને એ લોકો પગપાળા હતાં. એટલે છેવટે એ લોકો હાર્યા અને ગોધનને પડતું મૂકી ભાગ્યા.'

'અમે જીતથી ખૂબ આનંદમાં આવી ગયા અને હર્ષની કીકીયારીઓ પાડી. પરંતુ થોડી જ વારમાં અમારો આનંદ ધૂળમાં મળી ગયો.'

'ગોધનને લઈને અમો પાછા ફર્યા ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે મારા અશ્વને દસ્યુઓના બાણે ભારે ચોટ લગાવી હતી તેથી એ બરોબર ચાલી શકતો ન હતો.'

'બાણનો એક નાનકડો ટુકડો એના શરીરના કોક ભાગમાં ઉંડે સુધી ખૂંપી ગયો હતો. એની પીડાથી એની ગતિ મંદ પડતી ગઈ.'

'ધીરે ધીરે ચાલતાં અમે અહીં સુધી આવ્યા. અને બાણના શલ્યથી અતિપીડિત આ અશ્વ અહીં બેસી પડ્યો.'

'કયારના અમે અશ્વના શરીરમાં કયાં શલ્ય છે એ શોધીએ છીએ, પણ શલ્ય જડતું નથી.

તેથી અમે સહુ ચિંતાતુર છીએ, ' વાત પૂરી કરતાં ગ્રામાધિપે ધમ્મિલની સામે જોઈ કહ્યું.'

ધમ્મિલે વળતું પૂછયું: 'આર્ય ! અહીં કોઈ ગૂઢશલ્યને જોવાની વિદ્યા જાણતું નથી ?'

'ના' સામેથી જવાબ મળ્યો.

ધમ્મિલ સર્વ કળાઓમાં કુશળ હતો. ચિકિત્સાશાસ્ત્રમાં પણ એની નિપુણતા અદ્ભુત હતી.

સામેથી નકારાત્મક ઉત્તર મળતાં એણે ગ્રામાધિપને કહ્યું: 'આર્ય ! મને એ વિદ્યા થોડી ઘણી આવડે છે. એટલે મને જોવા દો.'

ગ્રામાધિપે એની વાત સાંભળી આજીજીભર્યા સ્વરે કહ્યું: 'આપ જુઓ, અને મારા આ અશ્વને કૃપા કરી બચાવી લ્યો. મને એ પ્રાણથી પણ પ્રિય છે.'

ધમ્મિલે ધ્યાનપૂર્વક અશ્વના શરીરને તપાસ્યું અને બે-ત્રણ પળમાં એની ચકોર દૃષ્ટિએ ગૂઢશલ્યને પકડી પાડયું.

પછી તુરત ગ્રામાધિપના સેવક દ્વારા મૃતિકા મંગાવીને અશ્વના સમગ્ર શરીર પર લેપ કર્યો.

જે ભાગમાં શલ્ય હતું તે ભાગ થોડી વારમાં જ સૂકાઈ ગયો. એટલે તેટલો ભાગ સાફ કરી નાંખ્યો.

અને ધમ્મિલે ભારે કુશળતાપૂર્વક તીક્ષ્ણ શસ્ત્રથી એ ભાગ ચીરીને શલ્યને બહાર ખેંચી લીધું.

ઘાને ઘૃત તથા મધુથી ભરીને રૂઝાવી નાંખ્યો.

પોતાના પ્યારા અશ્વની જીંદગી બચી જવાથી ગ્રામાધિપ ધમ્મિલ ઉપર ખૂબ સંતુષ્ટ થઈ ગયો. અને એનો ઉપકાર માન્યો. અન્ય ગ્રામજનોએ પણ ધમ્મિલને ખૂબ ધન્યવાદ આપ્યા.

ગ્રામાધિપ ધમ્મિલનું સામૈયું કરી ગામમાં લઈ ગયા અને એક સુંદર ગૃહમાં ઉતારો આપ્યો.

વિમલસેના તથા ધાવમાતાને, માણસ મોકલી રથ સાથે ગામમાં બોલાવી લીધા.

રથના અશ્વોને ખૂબ તૈલમર્દન કરી ઉષ્ણજલથી નવરાવ્યા, ઉત્તમ ઘાસચારો નીર્યો...

ગ્રામાધિપે અને ગ્રામજનોએ પોતાની શક્તિ અનુસારનું ખૂબ ખૂબ સ્વાગત કર્યું...બહુમાન કર્યું.

ધમ્મિલ પણ ભોળા ગ્રામજનોના અતિ સ્નેહભર્યા આદરમાનથી ખૂબ પ્રસન્ન થઈ ગયો.

અને વળતા દિવસના નિર્મળ પ્રભાતે ગ્રામધિપનો અતિશય આગ્રહ હોવા છતાં ય રાજકન્યાના જોખમનો ખ્યાલ કરી એ લોકો ચંપાનગરી તરફ ચાલી નીકળ્યા.

ગામની સીમ મૂકીને પાછી ભયાનક અટવી શરૂ થઈ.

અને ગગનને આંબવા મથતાં વિરાટ વનવૃક્ષોથી અષાઢી ગગન જેવા શોભતા નીલ વનપ્રદેશમાં સુવર્ણ રેખાઓથી દેદીપ્યમાન રથ વીજ જેમ ચમકવા લાગ્યો. પવનવેગે ઉડતા અશ્વનો પગરવ મેઘગર્જનાની જેમ ગાજી ઉઠ્યો.

**...પ્રિયધર્મા...**

**(જૈન ''वसुदेव हिण्डी'' ના આધારે,**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, એપ્રિલ-૧૯૯૬)**

# ૪

## ...શાકિની દોષ...

પૂર્વ દિશામાં ધીરે ધીરે વહેતા યમુનાના ઘેરાં નીલાં જલ !

ઉત્તર-દક્ષિણ અને પશ્ચિમમાં લીલીછમ્મ વનરાજી તથા ફલ-દલથી લચી પડતા વૃક્ષનિકુંજો.

એની બરોબર વચ્ચે 'ગંભીરક' ગ્રામ બેઠું હતું. સોહામણા ઇંદીવરફૂલની વચ્ચે મધુર ગુંજન કરતા સોનેરી ભમરાની જેમ!...

ગંભીરકની આસપાસ પથરાયેલી વનસૃષ્ટિ ખરેખર અદ્ભૂત હતી.

પ્રકૃતિએ મુક્ત હાથે એ પ્રદેશમાં સૌંદર્યપ્રદાન કર્યું હતું. એના અણુ અણુમાંથી ગજબની રૂપહેલી પ્રગટતી હતી. એ એટલી તો મોહક હતી કે, તમે ત્યાં ફરવા નીકળો તો બે ઘડી સમય સ્થાનનું ભાન ભૂલી અતિ ગહરી મીઠી મૂર્છનામાં પડી જાઓ.

પ્રકૃતિસર્જિત આવા વનસૌંદર્ય વચ્ચે વસેલા ગંભીરક ગ્રામમાં, વત્સનો રાજકુમાર ફરતો ફરતો આવી ચડ્યો અને ત્યાંના એક કુલપુત્રને ઘેર ઉતર્યો.

આમ તો રાજકુમારને હજી આગળ જવું હતું પણ ત્યાંનું વનસૌંદર્ય જોયા પછી એણે આગળ જવાનું માંડી વાળ્યું અને કુલપુત્રના ઘરમાં જ એના એક કુટુંબીની જેમ રહી ગયો. પોતે રાજકુમાર છે એવું કોઈને કહ્યું નહીં.

સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વનની કુંજે કુંજે રખડવું, નિસર્ગે મુકત હાથે વેરેલા અઢળક સૌંદર્યને મન ભરીને નીરખવું, શ્રમ લાગે ત્યારે કોક ઝરણાંના કિનારે કદંબવૃક્ષને અઢેલીને બેસવું, ઝરણાના સ્વચ્છ નીલમ'શા જલપ્રવાહમાં બન્ને પગને ઘૂંટણ સુધી ડૂબતા રાખી વાંસળીના છિદ્રોમાંથી અતિ મધુર સ્વરહેલી પ્રગટાવવી, આ એનો નિત્યક્રમ થઈ પડ્યો.

આમ મધ્યાહ્ને જમવા, અને રાતે સૂવા એ ઘેર આવતો. એ સિવાયના સમયે એક વાંસળી હાથમાં રાખી વનસૃષ્ટિમાં એકલો રખડ્યા કરતો.

રાજકુમારના રૂપ અને તેજ અસામાન્ય હતાં, એનો સ્વભાવ અત્યંત ઉદાર અને પ્રેમાળ હતો. તેથી કુલપુત્રના કુટુંબમાં એ, અતિપ્રીય થઈ પડ્યો.

રાજકુમારે પોતાની જાતિ વિષે ભારે મૌન રાખ્યું હતું, પરંતુ અતિ પરિચયમાં આવ્યા બાદ એના અપ્રતિમ તેજ અને ગુણો જોઈ કુલપુત્રે એ રાજકુમાર હોવો જોઈએ એવું અનુમાન કર્યું અને એથી એની બધી અનુકૂળતા સાચવવા લાગ્યો.

આમને આમ દિવસ ઉપર દિવસ વીતવા માંડ્યા, રાજકુમાર અને કુલપુત્રનો સ્નેહસંબંધ ઘનિષ્ઠ થતો ગયો.

એક દિવસે રાજકુમાર તો નિત્ય પ્રમાણે વહેલી સવારમાં વનમાં ચાલ્યો ગયો હતો ત્યારે અચાનક કુલપુત્રનું સ્વાસ્થ્ય એકદમ બગડી ગયું.

કુટુંબીઓએ વૈદ્યને બોલાવ્યો, વૈદ્યે કુલપુત્રને વ્યાધિનું નિદાન પુછયું. ત્યારે તેણે કહ્યું મને કંઈક એવું થાય છે કે જે હું સમજી શકતો નથી.

વૈદ્યરાજ વૃદ્ધ અનુભવી હતાં. એ વાત સાંભળી વિચારમાં પડી ગયા. થોડી પળો સુધી કુલપુત્રની ચેષ્ટા આદિનું બરોબર નિરીક્ષણ કરતાં એમને શાકિનીઓએ ગ્રહણ કર્યો હોય એવાં લક્ષણો વૈદ્યરાજને જણાયાં.

શાકિનીદોષના લક્ષણ આ છે.

શાકિનીગૃહિત રોગી પોતાની દ્રષ્ટિ બીજાની દ્રષ્ટિ ઉપર સ્થિર ન કરી શકે, અસંબદ્ધ વાર્તાલાપ કરે, વારે વારે આતુર થાય, નિષ્કારણ હાસ્ય કરે, વચ્ચે વચ્ચે કંઈક ગાયા કરે, વાળ ઓળ્યા કરે, કોઈ પણ રોગ ન હોય છતાં એનો દેહ ઘડીક એકદમ ઠંડો પડી જાય, ઘડીક એકદમ તપી ઉઠે, 'આને હું લઈ જાઉં' 'આને હું કાતરથી ફાડી નાખું.' આવું બબડ્યા કરે. આવા લક્ષણો શાકિની દોષના છે.

આ બધાં લક્ષણો કુલપુત્રમાં પ્રગટ થઈ ગયાં હતાં તેથી વૈદ્યરાજે સ્હેજ વિચાર કરીને કહ્યું ''આ રોગી વિશિષ્ટ મંત્રવાદીને સાધ્ય છે, પરંતુ વાત પિત્તાદિ વિકારોની ચિકિત્સાને સાધ્ય નથી.''

આ પ્રમાણે નિદાન કરી વૈદ્યરાજ ઘર તરફ ગયા. કુલપુત્રના કુટુંબીજનો આ વાત સાંભળી ગભરાઇ ગયા અને મંત્રવાદિને બોલાવવા ચાલ્યા. પરંતુ તેઓ જેવા ઘરની બહાર નીકળ્યા ત્યાંજ સંમુખ યુદ્ધ કરતી બિલાડીઓ એમની નજરે ચડી તેથી અપશુકન માની સહુ પાછા ફર્યા.

કુટુંબની એક-બે વૃદ્ધ સ્ત્રીઓને સામાન્ય મંત્રોપચાર આવડતો હતો તે કાંઈક ઉપાય કરવા

લાગી. પણ કુલપુત્રને પીડા એકદમ વધવા લાગી અને ઘડી બે ઘડી વીતી ત્યાં તો શાકિનીઓએ તેને શ્વાસરહિત કરી નાંખ્યો.

સહુ સ્વજનો એને મૃત માની પોકેપોક મૂકી રડવા માંડ્યા. સ્ત્રીઓ છાતી માથું કૂટતી અતિ કરૂણ રૂદન કરવા માંડી. સારાયે ઘરમાં અત્યંત શોકનું વાતાવરણ છવાઈ ગયું.

એ જ સમયે રાજકુમાર ઘેર આવ્યો.

ઘરમાં સૌને રોતાં જોયાં, કુલપુત્રના દેહને નિશ્ચેષ્ટ જોયો, તેથી એ સ્તબ્ધ થઈ ગયો અને રે! આ અણધાર્યું શું થયું? એમ વિચારતો અત્યંત પરિતાપ કરવા લાગ્યો.

શિશિરઋતુના ટૂંકા દિવસ હતા.

સુર્ય અસ્તાચળ તરફ ઝડપથી ઉતરવા માંડ્યો હતો.

તેથી ગૃહજનો કુલપુત્રના નિશ્ચેષ્ટ દેહને પાલખીમાં નાંખી તુરત સ્મશાનમાં લઈ ગયા.

ત્યાં એક વિશાળ ચિતા રચી, એમાં અગ્નિ પ્રગટાવ્યા પછી ભભૂકતી અગ્નિજ્વાળાઓ વચ્ચે કુલપુત્રના દેહને નાંખી સહુ સૂર્યાસ્ત થાય એ પહેલાં ઘર તરફ પાછા ફરી ગયાં.

કારણ કે, સૂર્યાસ્ત પછી ગંભીરકનું સ્મશાન અતિ ભયજનક બની જતું તેથી કુલપુત્રનો દેહ પૂરો જલી રહે ત્યાં સુધી ત્યાં રહેવું કોઈને માટે નિરાપદ ન હતું.

સૂર્યાસ્ત થયો અને સંધ્યાના રંગ ચિતાના અગ્નિની જેમ આકાશને આવૃત્ત કરવા લાગ્યા.

કુલપુત્રના શોકથી વિહ્વલ કુટુંબીજનો ગૃહાંગણમાં જ ઢગલો થઈને બેસી ગયા હતા અને અતિ કરૂણ રૂદન કરતા હતા.

રાજપુત્ર પણ શોકના અતિ ભારથી શૂન્ય મનસ્ક થઈ ગૃહના શૂન્ય પ્રદેશમાં એકલો બેઠો હતો. એનું મુખ સંતાપના કારણે મ્લાન થઈ ગયું હતું.

ત્યારે પ્રદોષવેળાએ દૂર દેશાંતરનો કોઈ અજાણ્યો પથિક ભિક્ષા નિમિત્તે ત્યાં આવ્યો.

ગૃહાંગણમાં પ્રવેશ કરતાં જ રૂદન કરતાં સર્વેગૃહજનો એની નજરે પડ્યાં, તેથી ગૃહના પ્રાંત પ્રદેશ પર જ્યાં એકલો રાજકુમાર મૌન બેઠો હતો ત્યાં જઈને એને પથિકે પૂછ્યું, ''ભદ્ર ! સહુ ગૃહજનો કેમ અત્યંત રૂદન કરે છે?''

પ્રત્યુત્તર આપતાં રાજકુમારે કહ્યું, 'ભાઈ, આ ગૃહનો સ્વામી શાકિની દોષથી આજે મૃત્યુ

પામ્યો છે. તેથી એના શોકથી સહુ રૂવે છે.'

'ઓહ, એમ છે! પણ આ જ કારણ હોય તો તમારે શોક ન કરવો જોઈએ. કારણ કે, શાકિની દોષથી મૃત થયેલાંનો ઉપાય છે, જે સત્ત્વથી સિદ્ધ થઈ શકશે.'

'અરે ભોળા પથિક, અમે એના દેહને અગ્નિદાહ પણ આપી દીધો. હવે તો ત્યાં ભષ્મપુંજ પડ્યો હશે, તેમાં સત્ત્વ હોય તોય શું થઈ શકે?' ત્યારે હસતા હસતા તે પરદેશીએ કહ્યું, 'આયુષ્યમાન્ ! અન્ય રોગથી મૃત્યુ માટે આપની વાત યોગ્ય છે, પરંતુ શાકિનીદોષથી મૃત માનવની નિશ્ચેષ્ટતા, અગ્નિદાહ આદિ માયાજાલ જેવું અસત્ હોય છે.

રાજકુમારના આશ્ચર્ય વચ્ચે પરદેશીએ આગળ ચલાવ્યું, 'મહાનુભાવ, શાકિની એ કાંઈ દેવતા નથી, પરંતુ ઘોરમંત્રોની સાધનાથી સિદ્ધ થયેલી માનવ સ્ત્રીઓ છે. જ્યારે એ લોકોને માનવબલિની જરૂર પડે છે, ત્યારે પ્રથમ તેઓ પ્રમત્તાવસ્થામાં રહેલાં સુલક્ષણ પુરૂષને દષ્ટિથી ગ્રહણ કરે છે. પછી શાકિની મંડળની સર્વ શાકિનીઓ તે પુરૂષના સઘળા અવયવોને વહેંચી લે છે, ધીરે ધીરે પોત પોતાના ભાગમાં આવેલા એના અંગ ઉપર સહુ પ્રભુત્વ જમાવી દે છે. પછી થોડા સમય બાદ એના શ્વાસોશ્વાસની ગતિનો રોધ કરી એ પુરૂષને મૃત સદશ કરી દે છે.

શાકિનીઓની માયાથી વિભ્રમમાં પડેલાં ગૃહજનો તે વ્યક્તિ સજીવ હોવા છતાંય તેને મૃત માની અગ્નિદાહ આપે છે. પરંતુ શાકિનીઓના પ્રભાવથી અગ્નિ તેને જલાવી શકતો નથી. છતાંય સાંજ સુધી એકધારી ભયંકર અગ્નિજવાળાઓ પ્રગટેલી રહે છે.

અગ્નિજવાળાઓની વચ્ચે રહેતાં મૃતદેહનું શું થયું એ કોઈ જાણી શકે નહીં અને સૂર્યાસ્ત થતાં સહુ મૃતદેહ બળી ગયો હશે એમ સમજી ઘરે ચાલ્યા આવે. જ્યારે દેહ તો જરાય દગ્ધ થયાં વિના અખંડ ચિતાની ભસ્મમાં દટાઈ ગયો હોય.

મધ્ય રાત્રિની વેળા થાય અને સહુ શાકિનીઓ સ્મશાનમાં એકત્ર થાય પછી ચિતાની ભસ્મમાં દટાયેલ એ વ્યક્તિના સજીવ દેહને કાઢી સહુ પોત પોતાના ભાગને ગ્રહણ કરી એનો ભક્ષ્ય કરે છે.

હવે જ્યાં સુધી એ શાકિનીઓ પોતપોતાના ભાગને ગ્રહણ કરવા તે વ્યક્તિના સજીવ છતાં મૂર્છનામાં પડેલા દેહના ખંડ ન કરે ત્યાં સુધીમાં જો કોઈ સત્ત્વશાળી પુરૂષ શાકિનીઓનો

નિગ્રહ કરે તો એ વ્યક્તિને પુનર્જીવન મળી શકે, એ માટે તમારે મધ્યરાત્રિએ સ્મશાનમાં જઈ શાકિનીઓના નિગ્રહ માટે, સત્ત્વ હોય તો પુરૂષાર્થ કરવો જોઈએ, તો નક્કી તમે ગૃહસ્વામીને બચાવી શકશો.

અજાણ્યા પથિકની આ વાત સાંભળીને રાજકુમાર ખૂબ જ આનંદિત થઈ ઉઠ્યો. એણે કહ્યું, 'ઓહ, આટલા માત્રથી જો કુલપુત્ર બચી શકતો હોય તો મારા પ્રાણના ભોગે પણ હું આ ઉપાય કરવા સજ્જ છું.'

એ અજાણ્યો પથિક આટલી વાત કરીને ચાલતો થયો, એનો અને રાજકુમારનો વાર્તાલાપ સાંભળી સહુ ગૃહજનો વિચારમાં પડી ગયા અને રૂદન બંધ કરી સહુ ગુપચુપ બેઠાં.

રાજકુમાર કુલપુત્રને બચાવવાનો નિશ્ચય કરી સ્મશાનમાં જવા તૈયાર થવા લાગ્યો.

થોડી જ વારમાં કેડ પર તીક્ષ્ણ ખડ્ગ લટકાવી ખભે ધનુષ્ય-બાણ ધારણ કરી સ્મશાન તરફ જવા ડગ ભર્યા.

રાજકુમારને સ્મશાન તરફ જતો જોઈ ગૃહજનો એકદમ ચમકી ગયા. બધાએ એને જવા માટે નિષેધ કરતાં કહ્યું, 'ભાઈ, કાર્યની ગતિ અતિ દુર્લક્ષ્ય છે. કુલપુત્રના પ્રાણ તો હવે ગયા જેવા જ છે અને એને બચાવવા જતાં ક્યાંક તારો પણ એ દુષ્ટ શાકિનીઓ ભક્ષ્ય કરી જાય, માટે કૃપા કરી તું આ અવિચારી સાહસ રહેવા દે.'

આમ સૌએ ઘણાં કાલાવાલા કર્યા. એને સ્મશાનમાં જવા દેવા અત્યંત નિષેધ કર્યો છતાંય રાજપુત્ર એ કોઈનીયે વાત ગણકાર્યા વિના સત્ત્વ અને સાહસનું આલંબન કરી સ્મશાન સન્મુખ ગયો.

કૃષ્ણપક્ષની રાત્રિ હતી.

ચોતરફ શ્યામ અંધકારનું આવરણ ફેલાઈ ગયું હતું.

આકાશપટપર પથરાયેલો તારક પૂંજ નિસ્તેજ દીપમાળાઓની જેમ આછું આછું ચમકતો હતો...

દિવસના અતિરમ્ય જણાતી વૃક્ષમાળાઓ અત્યારે અંધકારના સત્ત્વસમી શ્યામ બની ચૂકી હતી... એની વચ્ચેથી અત્યંત ગુપ્તગતિએ ચાલ્યો જતો રાજકુમાર થોડી જ વારમાં સ્મશાન પાસે

પહોંચી ગયો.

સ્મશાનની અંદર અત્યારે કેટલીયે ચિત્તાઓ સળગી રહી હતી... અગ્નિજ્વાળાઓનો આછેરો પ્રકાશ સ્મશાનની ભયાનકતાને માથે ઓપ આપી રહ્યો હતો. એ આછેરા પ્રકાશને સહારે રાજકુમાર બરોબર જોઈ શક્યો કે કુલપુત્રની ચિત્તા તદ્દન ઠરી ચૂકી હતી. ત્યાં રાખનો શ્વેતપૂંજ રચાઈ ગયો હતો.

બસ... એની નજીકમાં જ સ્મશાનના કિનારે ઉભેલી માલુકા વૃક્ષની ગાઢ ઝાડીમાં છૂપાઈને રાજકુમાર બેસી રહ્યો.

રાજકુમાર બેઠો હતો એ એવી સરસ જગ્યા હતી કે ત્યાંથી સંપૂર્ણ સ્મશાન ઉપર નજર રાખી શકાય... પણ એને કોઈ ન જોઈ શકે.

ધીરે ધીરે રાત્રિ સરકતી ચાલી... બીજો પ્રહર પૂરો થવા આવ્યો ને મહાનિશાનો પ્રારંભ થયો.

સ્મશાનની ભયાનકતા શતગુણ થઈ ગઈ. દૂરથી ભયાવહ અવાજ આવવા માંડ્યો. ફેં... ફેં... ફેં...

મૃતકના શબને ફેંદતા અને માંસના ટૂકડાઓ માટે લડતા ઝઘડતા રાત્રિચર પશુઓ ફેત્કાર સાંભળી ચૂપ થઈ ગયાં ને થોડી જ પળોમાં જાણે હવામાં ઓગળી ગયાં હોય તેમ અદશ્ય થઈ ગયાં.

મધ્ય રાત્રિની વેળા થઈ.

અને સ્મશાનની પેલી બાજુથી ઘોર ડમરૂનો નાદ આવવા માંડ્યો... ધીરે ધીરે એ નજીક સરકતો ચાલ્યો... પળ બે પળમાં ડમરૂક ડમરૂક વગાડતી એક પ્રચંડ શાકિની સ્મશાનમાં દાખલ થઈ અને મધ્ય ભાગમાં આવેલા વટવૃક્ષ નીચે આવીને ઉભી રહી.

ડમરૂનો અવાજ વધતો ચાલ્યો... એની સાથે સાથે અને એક પછી એક શાકિનીઓ વટ નીચે આવવા માંડી...

રાજકુમાર અત્યંત સાવધાન થઈ ગયો... ખડ્ગની મૂંઠને અતિ દ્રઢતાથી પકડી લીધી. ધનુષ્ય પર પ્રત્યંચા ચઢાવી ભાથામાં બાણની ખાતરી કરી લીધાં પછી કુતૂહલભરી નજરે શાકિનીઓના મંડળને જોવા લાગ્યો.

એક એક શાકિનીઓના આકાર અતિ ભયંકર હતાં. એમની આંખો અંગારાની જેમ ચમકતી હતી... છૂટ્ટા મૂકેલા કેશ અગ્નિજવાળા જેવા પિંગળા હતાં. એક હાથમાં ભયાનક નાદ કરતું ડમરૂ હતું અને બીજા હાથમાં તિક્ષ્ણ ધારની ચમકતી મોટી કર્તરિકાઓ હતી. મુખમાંથી એ બધી ફેં... ફેં... ભયાનક ફેત્કાર કરતી હતી અને એની સાથે જ આગના ગોટા ઓકતી હતી...

થોડી જ વારમાં સમગ્ર શાકિની મંડળ વટ નીચે એકત્ર થઈ ગયું... અને મુખ્ય જણાતી પ્રચંડ શાકિની કુલપુત્રની ચિત્તા આગળ ફેત્કાર કરતી આવી. ભસ્મપૂંજ અને માટી અળગી કરી કુલપુત્રના અક્ષત દેહને બહાર કાઢ્યો... પછી એને ઉપાડીને વટ તરફ જવા લાગી.

એ જ પળે ખડ્ગને ઉત્તોલિત કરી પ્રચંડ વેગથી રાજકુમાર એ શાકિની સન્મુખ દોડ્યો.

એને ચોટલાથી ઝાલી ગર્જના કરતાં કહ્યું; 'દુષ્ટે! વૈરિણી! હવે તું ક્યાં જઈશ? તું મારા આ મિત્રના રક્તનું પાન કરવા માંગે છે નહીં? પરંતુ આજે તારા રક્તથી મારી આ તિક્ષ્ણ ખડ્ગ ધારા જ તૃપ્ત થાઓ.'

રાજકુમારના આ અકલ્પિત અને પ્રચંડ આક્રમણથી એ શાકિની ગભરાઈ ગઈ.

એના હાથમાં પોતાના શિર ઉપર તોલાયેલા તિક્ષ્ણ ખડ્ગને જોઈ મૃત્યુના ભયથી એ થર થર કાંપવા લાગી. રાજકુમારના પ્રબળ અને ભવ્ય સત્ત્વના પ્રભાવથી એની શક્તિ કુંઠિત થઈ ગઈ.

એણે ભયભીત સ્વરે રાજકુમારને કહ્યું; 'પુત્ર, તું જેમ કહીશ તેમ હું કરીશ. પરંતુ કૃપા કરી મને મારીશ નહીં!'

'તું મારા પરમ મિત્ર આ કુલપુત્રને સજીવન કરી સોંપી દઈશ તો હું તારૂં કંઈ પણ અહિત નહીં કરૂં. જો એમ નહીં કરે તો તમને કોઈને આજ જીવતી નહીં છોડું,' રાજપુત્રે દ્રઢ સ્વરે કહ્યું;...

ત્યારે એ શાકિનીએ કહ્યું; 'વત્સ !, આના દેહમાં સામે વટ નીચે એકત્રિત થયેલી અન્ય શાકિનીઓનો પણ ભાગ છે તો મારે એ સૌને સમજાવવી પડશે.'

'ભલે, તું ત્યાં જઈ સહુને સમજાવ. પણ મારા મિત્રને સજીવન કર્યા પહેલાં તમે કોઈ નાશવાનો પ્રયત્ન કરશો તો મારા તિક્ષ્ણ બાણ તમારી શરમ નહીં રાખે.'

શાકિની એ વાત અંગિકાર કરી વટ નીચે ગઈ... રાજકુમાર ધનુષ પર બાણ ચડાવીને

તૈયાર ઉભો રહ્યો. થોડી જ વારમાં મોટી શાકિનીની સમજાવટથી રાજકુમારના સત્ત્વ અને પરાક્રમથી ભયભીત થયેલી શાકિનીવૃંદે કુલપુત્રના દેહમાંથી પોત પોતાનો ભાગ છોડી દીધો...

તે જ વખતે જાણે ઘેરી નિંદરમાંથી જાગતો હોય તેમ આળસ મરડી કુલપુત્ર બેઠો થયો અને સર્વશાકિનીઓને "હવેથી અમે કુલપુત્રનું કંઈ પણ અનિષ્ટ નહીં કરીએ" એવા સોગંદ લેવડાવી રાજકુમારે રજા આપી.

કુલપુત્ર હવે પૂરેપૂરો ભાનમાં આવી ગયો હતો. ચારે તરફ નજર કરતાં આવી મધરાત્રે પોતે સ્મશાનમાં ક્યાંથી? એ પ્રશ્ન એના મનમાં થયો...

એ રાજકુમારને કંઈ પૂછવા જતો હતો ત્યાં એણે નાક ઉપર આંગળી મૂકી તેને મૌન રહેવા સંજ્ઞા કરી...

ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો.

વસંત ઋતુના પ્રારંભનો સમય હોવાથી પાછલી રાતની ઠંડી હવા જોરશોરથી ચાલવા લાગી હતી...

સપ્તર્ષિના તારા અસ્ત થવાની તૈયારીમાં હતાં.

ત્યારે રાજકુમાર, કુલપુત્રને સાથે લઈ ઘર તરફ ચાલ્યો.

ઘરે તો સહુ ગૃહજનો કુલપુત્રની સાથે રાજકુમારનો પણ શાકિનીઓ ભક્ષ્ય કરી જશે એ ચિંતાથી સારી રાત જાગતાં બેઠાં હતાં...

સહુએ રાજકુમારને કુલપુત્રની સાથે ક્ષેમકુશળ આવતો જોયો ત્યારે એમના આનંદ અને વિસ્મયનું ઠેકાણું ન રહ્યું.

સહુએ પોતે સ્વપ્ન તો નથી જોતાં ને? એની આંખો ચોળી ખાતરી કરી લીધી.

અને જ્યારે રાજકુમારે અને કુલપુત્રે ગૃહદ્વારમાં પ્રવેશ કર્યો ત્યારે એ બન્ને જાણે નવા જ ન જન્મ્યા હોય તેમ એમને ચૂંબન તથા આલિંગનથી નવડાવી દીધાં.

સહુએ રાજકુમારનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો.

કુલપુત્રને હજી 'આ બધાં આનંદ કેમ વર્તાવે છે... આ બધું શું બની ગયું? એની સમજણ પડતી ન હતી.

પરંતુ એ કોઈને પુછીને સમાધાન મેળવે તે પહેલા સૌએ એને આરામ કરવા શયનગૃહમાં એકલો ધકેલી દીધો.

પછી બધા એકઠા થઈને બેઠા. રાજકુમારે રાત્રિની બધી વાત કરી. એ સાંભળીને સૌ એની વીરતા તથા સત્ત્વની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગ્યા.

ત્યાં તો પ્રાતઃકાળ થઈ ગયો.

કુંકુમવરણી ઉષાએ વિશ્વ ઉપર જાણે ગુલાલની ચાદર બિછાવી.

પંખીઓના કલરવથી દિશાઓ મુખરિત થઈ ઉઠી.

સૌ પ્રાતઃ કૃત્યની ધમાલમાં પડી ગયા. રાજકુમાર પણ સહુની પ્રશંસા ઝીલી ઝીલી અકળાઈ ગયો હતો તેથી જલ્દી પ્રાતઃકૃત્ય પતાવી કોઈને ખબર ન પડે તેમ વનમાં રખડવા નીકળી ગયો.

સૂર્યોદય થયાને થોડીવારે કુલપુત્ર જાગૃત થયો.

અભ્યંગ, સ્નાનાદિ પતાવી એ સ્વસ્થ થયો. પછી કુટુંબીજનોએ એને એક દિવસમાં તો એના ઉપર કેવી કેવી વીતી એ બધી વાત વિગતવાર કહી...રાજકુમારે એને કેવી રીતે બચાવ્યો એ પણ કહ્યું.

આ બધુ સાંભળી કુલપુત્ર તો છક્ક થઈ ગયો. અતિ ઉંડી મૂર્છાના કારણે આટલું બધું બની ગયું છતાં એને કાંઈ ખબર પડી ન હતી.

રાજકુમારે એને જીવન આપ્યું એ જાણી રાજકુમારનો ઉપકાર માનવા એ એને શોધવા લાગ્યો...રાજકુમાર તરફ એના મનમાં એટલો અહોભાવ ઉત્પન્ન થયો કે જાણે મારું સર્વસ્વ રાજકુમારના ચરણોમાં ન્યોચ્છાવર કરી દઉં એવી લાગણી એના દિલમાં ઉછળવા લાગી.

ત્યારે રાજકુમાર તો યમુનાના કિનારે એક કદંબ વૃક્ષને અઢેલીને બેઠો હતો...

નીચે યમુનાના નીલનિર્મલ જલપ્રવાહમાં પગને ઘૂંટણ સુધી લટકતાં રાખી એ વાંસળી બજાવતો હતો...

એની આંખો બંધ હતી... એના અંતરમાંથી ઘૂંટાઈને આવતાં સૂરો વાંસળીના છિદ્રે છિદ્રમાંથી ગજબની મધૂર સ્વરહેલી પ્રગટાવતા હતાં...

મંદ મંદ વહેતો અનિલ, શ્વેત કદંબપુષ્પોના ગુચ્છ સાથે અડપલાં કરતો સારાયે વાતાવરણમાં સુગંધહેલી વરસાવતો હતો...

સમગ્ર વન પ્રદેશમાં પ્રશાંત આનંદ હેલી વરસતી હતી. શું એ આનંદ હેલી રાજકુમારના અંતરમાં ઉછળતા અફાટ આનંદ ઉદધિનું જ મૂર્ત રૂપ હશે?

**...પ્રિયધર્મા...**

**(જૈન ''पासणाह चरित्र'' ના આધારે,**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, મે-જુન-૧૯૬૬)**

# ૫

## ...જલ-પરિષેક...

વત્સપટ્ટનની રાજગાદી ઉપર ત્યારે મહારાજ જયમંગલ આરૂઢ હતા.

એમના પિતા મહારાજા વિજયઘોષને બે પટ્ટરાણીઓ હતી...તેમાં મહારાજા જયમંગલ મોટી પટ્ટરાણીના પુત્ર હતા.

જયમંગલની માતા એની બાલ્યાવસ્થામાંજ મૃત્યુ પામી હતી. તેથી રાજમાતાના સ્થાને પોતાની સપત્નીમાતા પદ્માવતીને એણે સ્થાપી હતી.

પદ્માવતીને પણ જયશેખર નામનો એક સુંદર પુત્ર હતો...તેથી એની તીવ્ર ઈચ્છા હતી કે નમાયા જયમંગલને બદલે જયશેખર રાજ્ય ઉપર આવે.

પરંતુ મહારાજા વિજયઘોષે એને જરાય કોઠું ન આપ્યું. અને વય, ગુણ તથા શૌર્યાદિથી શ્રેષ્ઠ જયમંગલને રાજપટ્ટ પર પ્રસ્થાપિત કર્યો.

રાણી પદ્માવતીના અંતરમાં પોતાના પુત્રને રાજ્ય ન મળ્યું એ વાતનો તીવ્ર અસંતોષ પ્રજળતો હતો...જયમંગલે એને રાજમાતાના સ્થાને સ્થાપી...એના પુત્રને યુવરાજપદે સ્થાપ્યો છતાંય એનું મન અપ્રસન્ન રહ્યું હતું...

પરંતુ પોતાની એ અપ્રસન્નતાને એ કદી બહાર વ્યક્ત કરતી ન હતી. ઉલ્ટું જયમંગલ સાથે એ અત્યંત પ્રેમથી વર્તતી હતી...સરલ જયમંગલ એના પ્રેમને અતિનિર્મલ સમજતો હતો...પદ્માવતીનો પ્રેમ નર્યો દંભ જ છે, એની તો એને સ્વપ્નમાં પણ કલ્પના ન હતી.

મહારાજા જયમંગલ જ્યારે સંપૂર્ણ રાજલક્ષ્મી સાથે રાજસભામાં બિરાજમાન થતાં ત્યારે દેવરાજ ઈંદ્રથી પણ સુંદર જણાતા...એમનો સ્વભાવ અત્યંત ઉદાર હતો...તેથી પ્રજાજનો તેમની પાછળ ઘેલા ઘેલા થઈ જતાં...એમના પ્રત્યે અત્યંત પ્રેમ પ્રદર્શિત કરતાં...

આ જોઈને રાણી પદ્માવતી ઊભી ઊભી સળગી જતી. એના મનમાં થતું કે જયાં સુધી આ જયમંગલ જીવિત છે ત્યાં સુધી મારો પુત્ર આવી રાજલક્ષ્મી અને આવું સન્માન પ્રાપ્ત નહિં કરી શકે.

દિવસે દિવસે જયમંગલનો અભ્યુદય વધતો ચાલ્યો...તેમ તેમ પદ્માવતીના અંતરમાં ઈર્ષ્યા અને અસંતોષ પણ વધતા ચાલ્યા...

છેવટે એક દિવસ એણે નિશ્ચય કર્યો કે પુત્રના કલ્યાણ માટે એણે વિષાદિ પ્રયોગથી જયમંગલનો નાશ કરવો જોઈએ.

એણે ઘણીવાર જયમંગલ ઉપર વિષ પ્રયોગ કરવા પ્રયત્ન કર્યો પણ દર વખતે નિષ્ફળ ગઇ. પરંતુ જેમ-જેમ નિષ્ફળતા મળી તેમ તેમ એનો સંકલ્પ વધુ દૃઢ થયો.

એમ કરતાં એક દિવસે જયમંગલ મહારાજા દિગ્વિજય માટે ઉત્તરાપથ તરફ ચાલ્યાં...

જયશેખર મહારાજાની સાથે જ જતો હોવાથી પદ્માવતી પણ એમની સાથે ગઈ...

સાથે જવામાં એની કોઈ ઉત્તમ ભાવના ન હતી. પરંતુ યુદ્ધાદિના સમયે બધું તંત્ર અવ્યવસ્થિત હોય ત્યારે જયમંગલનો ઘાત કરવા માટે સફળ પ્રયત્ન કરી શકાશે. આજ સંકલ્પથી એ સાથે આવી હતી...

મહારાજા જયમંગલ એક પછી એક વિજય મેળવતાં એક દિવસે યમુનાના તટ પ્રદેશ ઉપર આવી પહોંચ્યા...

સામે જ યમુનાનાં ઘેરા નીલા જલતરંગો શીતળ જળશીકર ઉડાડતા વેગથી આગળને આગળ દોડ્યે જતાં હતાં.

એના તટ ઉપર અતિસુંદર વનખંડ હતો...

એની વચ્ચે જયમંગલ મહારાજાએ પોતાના વિરાટ સૈન્યનો સ્કંધાવાર સ્થાપિત કર્યો.

યમુનાના તટ ઉપર જ શસ્ય શ્યામલ પ્રદેશમાં જાણ્યે યમુનાના વિરાટ જલતરંગો જ સજીવ થઈને ન આવ્યા હોય એવો વિરાટ હસ્તીદળનો પડાવ હતો... એનાથી થોડે આગળ મહારાજાનો આવાસ હતો. ત્યાંથી થોડે દૂર રાજમાતાનો આવાસ હતો.

રાત્રિનો સમય હતો.

યમુનાના જલતરંગોથી ભીની થયેલી મૃદુ સમીર લહેરીઓ અતિમધુર વીંઝણો કરી રહી હતી...તેથી દીર્ઘપંથના કારણે અતિ શ્રમિત થયેલા સર્વ સૈનિકો નિદ્રાધીન થઈ ગયા હતાં.

મહારાજાના દ્વારપાલો પણ નિદ્રાના પ્રભાવને ઠેલી ન શક્યા, એમની પાંપણો ઉપર ભારે બોજ આવી ગયો અને ઝોલા ખાતા ખાતા એ સહુ જ્યાં બેઠા હતા ત્યાં જ નિંદરમાં ઢળી પડ્યા.

સારૂં યે સૈન્ય આમ શાંત નિંદરમાં પડ્યું હતું. ત્યારે એક પદ્માવતી રાણી જાગતી

હતી...એ પોતાના આવાસમાં એકલી બેઠી બેઠી જયમંગલના વિનાશ માટે યોજનાઓ ઘડી રહી હતી.

એના દીલમાં ચેન ન હતું. એની આંખમાં ઈર્ષ્યાનાં પૂર ઘૂઘવતા હતાં...એનું અંતર અત્યંત કલુષિત હતું. પછી સ્વસ્થ માનવ માટે આશીર્વાદ સમી શાંત નિદ્રા એને ક્યાંથી સ્પર્શી પણ શકે ?

એના દીલમાં મહારાજાના ઘાતની એક ભયંકર યોજના આકાર લઈ ચૂકી હતી... આજનું વાતાવરણ પણ એને યોજના પાર પાડવા માટે અનુકૂળ હતું.

મહારાજાનો અને પોતાનો આવાસ સ્કંધાવારના છેડા ઉપર યમુનાના કિનારાથી થોડો જ દૂર હતો...

કૃષ્ણપક્ષની અંધારભરી રાત્રિ હતી.

સારૂં યે સૈન્ય નિદ્રાધીન હોવાથી સ્કંધાવારના દીપકો, તેજ ઓછું થતાં નિસ્તેજ બનતા જતા હતા.

અંધકાર પ્રગાઢ બનતો જતો હતો.

પદ્માવતીએ ઉભા થઈ એક અતિ સુગંધી પાનબીડું બનાવ્યું. અને અતિ ઉગ્ર વિષથી મિશ્રિત કરી એક પાત્રમાં મૂકી દીધું.

પછી એ જયમંગલનાં આવાસમાં ગઈ. જયમંગલ જાગતો જ બેઠો હતો...તે આવા મધરાતેને સમયે રાજમાતા કેમ આવ્યાં હશે ? એમ વિચારતો ઊભો થઈ ગયો...

એણે નમન કરી પૂછયું. મા, અત્યારે કેમ આવી છે ? કેવો સરસ પવન વાય છે... જોને સારૂંયે સૈન્ય કેવું નિદ્રિત બની ગયું છે ? પછી તને કેમ નિદ્રા નથી આવી ? ...શું કાંઈ ખાસ કામ માટે તો તું નથી આવીને ?

ત્યારે સ્હેજ હસીને પદ્માવતીએ કહ્યું: 'વત્સ ! જયશેખરને કોઈ ભયંકર વ્યાધિ પીડે છે. તેથી હું જાગૃત થઈને અન્યને ન ઉઠાડતાં તને જ બોલાવવા આવી છું. તો તું ચાલ. પછી કાંઈક ઉપાય કરીએ.'

આ વાત સાંભળી તુરંત જયમંગલ રાજમાતા સાથે એના આવાસ તરફ એકલો ચાલ્યો.

પદરવ થવાથી એક અંગરક્ષક જાગી ગયો...એણે રાજમાતાની સાથે મહારાજાને એકલા જતાં જોઈ ઊભા થવા પ્રયત્ન કર્યો. ત્યારે મહારાજાએ એને નિષેધ કર્યો. તેથી એ પાછો નિદ્રાધીન થઈ ગયો.

આવાસમાં પહોંચ્યા પછી પદ્માવતીએ સુંદર શય્યા રચી. એના ઉપર રાજા બેઠો. પછી તેણે પેલું ઉગ્રવિષથી મિશ્રિત પાનબીડું રાજાને ભક્ષણ કરવા આપ્યું.

પાનનો રસ મુખમાં ભળતાની સાથે જ વિષે પોતાનો ઉગ્ર પ્રભાવ બતાવ્યો અને મહારાજા જયમંગલ, જયશેખર ક્યાં છે ? એમ પૂછી શકે એ પહેલા જ મૂર્છિત થઈ ને ઢળી પડ્યા.

તુરત જ નિર્દય પદ્માવતીએ મૂર્છિત જયમંગલને ગાઢવસ્ત્રમાં પોટકાની જેમ બાંધ્યો.

મધ્યરાત્રિની ઘોર વેળા હતી,

સમગ્ર સ્કંધાવાર નિદ્રિત હતો. સઘળી દીપમાલિકા બૂઝાઈ ગઈ હતી. અને અંધકાર ફેલાઈ ગયો હતો.

પદ્માવતીએ બહાર નજર કરી...નદી કિનારા તરફનો પ્રદેશ સાવ નિર્જન અને નીરવ હતો...અને શ્યામ હસ્તિવૃંદના કારણે વધુ અંધકારભર્યો બની ગયેલો હતો.

તુરત રાણીએ જયમંગલના પોટકાને માથાપર ઉઠાવ્યું...મંદ મંદ પગ મૂકતી બહાર નીકળી અને સલામતી ખાતર સુષુપ્ત હસ્તિવૃંદની વચ્ચે થઈને યમુનાના કિનારે પહોંચી ગઈ.

ત્યાં એના કૃત્યો જેવો જ શ્યામ યમુનાનો જલપ્રવાહ વેગથી વહેતો હતો. દુઃશીલ અને નિર્દય પદ્માવતી રાણીએ હૃદયમાં સ્હેજ પણ આંચકો અનુભવ્યા વિના મૂર્છિત જયમંગલના પોટકાને યમુનાના પ્રવાહમાં વહેતું મૂકી દીધું.

ઓહ...કેટલી ભયંકર નારી ! જે એને સગી માતા કરતાં પણ વધુ સન્માનથી રાખતો હતો, જે લાખોનો આધાર અને નિર્મલ ગુણોનો ભંડાર હતો, મહાન પરોપકારી હતો, એને પોતાનો તુચ્છ સ્વાર્થ સિદ્ધ કરવા ખાતર એ ભયંકર પ્રાણ સંકટમાં મૂકી રહી હતી.

સ્કંધાવારમાં સૌ શાંત નિદ્રા લઈ રહ્યા હતા...કોઈને કલ્પના પણ ક્યાંથી હોય કે મહારાજા તરફ અત્યંત પ્રેમ દર્શાવતી રાજમાતા અંતરમાં આવું હલાહલ સંઘરી રહી હતી...!

યમુનાનો પ્રવાહ અતિ વેગવાન હતો. એના ઉછળતા જલકલ્લોલો સાથે અથડાતો

જયમંગલ નૃપતિ વેગથી પ્રવાહને અનુસારે જવા લાગ્યો.

જેનો સુકોમલ રાજસી દેહ કમલ પુષ્પોની મૃદુ શય્યાને યોગ્ય હતો તે અત્યારે મત્સ્યપુચ્છોના કઠોર આચ્છોટન સહન કરતો હતો.

રાત્રી પૂર્ણ થવા આવી.

મહારાજા જયમંગલ જેવા સજ્જન મહાપુરૂષની આપત્તિને તટસ્થભાવે જોતું તારકવૃંદ અસ્તગત થયું...

રવિના અરૂણ આલોકથી છવાયેલું યમુનાજલ લાલ ઝાંય પાડવા લાગ્યું...

ત્યારે દૂર દેશના જલપ્રવાહમાં વહેતા નૃપતિને એક વિશાળ જલતરંગે વેગથી કાંઠાના પ્રદેશ પર ફેંકી દીધો.

શીતલ જલપ્રવાહના એકધારા સિંચનના કારણે રાજાનો અતિ ઉગ્ર વિષવિકાર પણ નષ્ટ થઈ ગયો હતો.

ધીરે ધીરે રાજાના દેહમાં ચેતના આવવા લાગી અને ઓહ...! આ શું ?...મારી આ અવસ્થા કોણે કરી ?...અત્યારે હું કયાં છું ? હું સ્વપ્નમાં છું કે જાગૃત છું ?...આ પ્રમાણે એ વિચારવા લાગ્યા.

ત્યાં તો પ્રહર જેટલો દિવસ ચડી ગયો.

તે વખતે એક કુલપુત્ર ત્યાં નદીકિનારે આવ્યો.

પાદ પ્રક્ષાલન કરી એણે દેવ તથા ગુરૂનું સ્મરણ કર્યું...સૂર્યને અર્ધ્યની અંજલી અર્પી.

પછી સ્વચ્છ જલપાન કરવા માટે નદીના ઉંડા પ્રવાહ તરફ આગળ વધ્યો. ત્યાં પ્રવાહથી સ્હેજ ઉંચી ભૂમીપર રહેલું રાજાનું પોટકું એના દષ્ટિપથમાં આવ્યું.

તે કૌતુકથી પોટકાની પાસે ગયો. એમાં કોઈ મનુષ્ય બાંધેલો છે એવું જણાતાં તેણે પોટકું છોડ્યું અને મૂર્છા પૂરી ઉતરી જવાથી જેણે પોતાના નેત્ર કમલને વિકસ્વર કર્યાં છે એવા જયમંગલ નૃપતિને એણે જોયા.

સારી રાત બંધનગ્રસ્ત સ્થિતિમાં નદીના જલમાં વહેવાથી રાજાનું શરીર એકદમ અકડાઈ ગયું હતું. અંગેઅંગ ભાંગી પડતા હતા અને આરામ માગતા હતા.

કુલપુત્ર આ વાત સમજી ગયો. એ વધુ પુછપરછ ન કરતાં રાજાને હાથનો ટેકો આપી ધીરે ધીરે ગામમાં લઈ ગયો.

ત્યાં રાજાના અંગને શતપાકાદિ ઉત્તમ તેલથી અભ્યંગ અને મર્દન કર્યું...પછી ઉષ્ણોદકથી સ્નાન કરાવી એને સ્વસ્થ તથા શ્રમમુક્ત કર્યો...

એક-બે દિવસ વીત્યાને ચૂડામણી શાસ્ત્રના જ્ઞાતાના વચન અનુસારે રાજાને શોધતો સેનાપતિ ત્યાં આવી પહોંચ્યો...

રાજાને ક્ષેમકુશલ જોઈ સહુ અતિ આનંદિત થઈ ગયા.

રાજાએ ધન-ધાન્યદિથી કુલપુત્રને ખૂબ સંતુષ્ટ કર્યો...

પછી ઉત્તમ અશ્વરત્ન ઉપર આરૂઢ થઈ સેનાપતિની સાથે શીઘ્રગતિએ જતો રાજા થોડા જ સમયમાં સ્કંધાવારમાં પહોંચી ગયો.

જયાં પાસે જ યમુનાનો શ્યામ જલપ્રવાહ જરાય ક્ષોભ વિના વેગથી આગળને આગળ દોડ્યો જતો હતો...

અને પોતાના પ્રિય સ્વામીનું અપહરણ કરવાથી જાણે રુદ્ધ ન થયા હોય તેમ પિંગલ નેત્રવાળા પહાડ જેવા હાથીઓ જેના તરંગે તરંગને છિન્ન ભિન્ન કરી રહ્યા હતા.

**...પ્રિયધર્મા...**

**(જૈન ''पासणाह चरित्र'' ના આધારે,**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, જુલાઇ-૧૯૯૬)**

# ૬

## ...ગંધયુક્તિ...

ઈલાવર્ધન પૂર્વભારતનું પ્રખ્યાત નગર હતું.

એના પરિસરમાં દેવનદી ગંગાનો વિશાળ પ્રવાહ ગંભીર છંદ ગાતો ધીરગતિએ વહેતો હતો.

ગંગાના વિમલ વારિતરંગો સાથે ખેલતી સમીર લહેરીઓ ઈલાવર્ધનના વાતાવરણને બારે માસ ઠંડું રાખતી હતી.

ઈલાવર્ધનના શ્રેષ્ઠીઓનો વ્યાપાર સારીયે દુનિયા સાથે વિસ્તરેલો હતો...કારણકે એમના ઉત્તુંગ યાનપાત્રો ગંગાના વિશાળપ્રવાહમાં થઈને સારાયે વિશ્વના સમુદ્રમાર્ગોમાં ઘૂમી વળતા હતાં. ત્યાંની આપણોમાં વિશ્વની કોઈ પણ વસ્તુ અલભ્ય ન હતી.

ઈલાવર્ધનની નગર રચના અતિવ્યવસ્થિત...મજબૂત અને કલામય હતી...એના રાજપથો અનેક રથો એકી સાથે ચાલી શકે એટલા પહોળા હતા. સારોયે દિવસ, દેશ-વિદેશની ચિત્ર-વિચિત્ર વેશ પરિધાનવાળી જનતાથી રંગીન બની રહેતા હતા.

નગરને વીંટીને ઉભેલો વજ્રસુદૃઢ કોટ, અનેક ગગનચુંબી ગોપુરો તથા કલામય દ્વારોથી અતિસુંદર લાગતો હતો.

કોટને વીંટતી જલથી ભરેલ ખાઈ હતી...અને એની ચોતરફ ફલ-દલથી લચી પડતા વૃક્ષોથી સુશોભિત ઉદ્યાનો હતા...વનપંછીઓના ગીતથી રૂપાળા વનનિકુંજો હતા.

વિશ્વનું પરિભ્રમણ કરતાં મહારાજકુમાર વસુદેવ ફરતા ફરતા એક દિવસ ત્યાં આવી ચડ્યા.

પ્રાતઃકાળનો સમય હતો...

અંધકારનું રકત પીને તંબોળ જેવો લાલબંબોળ બનેલો બાલરવિ ક્ષિતિજની ધાર પરથી ધીરે ધીરે ડોકું કાઢતો હતો.

એના સોનેરી તેજપુંજને ઝીલતો ગંગાનો સ્ફટિકનિર્મલ જલપ્રવાહ સુવર્ણપટ્ટ જેવો ઝગમગ હતો.

ત્યાં ગંગાના કિનારે મસૃણ શિલાફલક પર બેસી વસુદેવકુમારે પ્રાતઃસ્નાન કર્યું...દંતધાવન કરી મુખશુદ્ધિ કરી.

પછી દેહ પરથી ઉતારેલા બહુમૂલ્ય આભૂષણોને ત્યાં કોઈ સ્થળે ગુપ્ત કરી એમણે નગરની અંદર પ્રવેશ કર્યો...અને ધીરે ધીરે મત્તમતંગજની જેમ ચાલતા ઈલાવર્ધનના મુખ્ય રાજમાર્ગ ઉપર આવ્યા.

રાજમાર્ગના બન્ને પડખે એકસરખા સેંકડો હાટ શ્રેણીબદ્ધ ઉભા...એના આભ્યંતર ભાગમાં પડેલો ચિત્ર-વિચિત્ર પ્રકારનો માલ, ગ્રાહકોના નયનોને આકર્ષતો હતો.

કોઈ હટ્ટમાં દુકૂલ, ચીનાંશુક, હંસલક્ષણ, કૌશેય, કંસવર્ધન આદિ વિવિધ પ્રકારનો બહુમૂલ્ય વસ્ત્રપુંજ વીજળીની જેમ અનેકરંગે ચમકતો પડ્યો હતો.

કયાંક કુંકુમ, કુવલય, પલાશ, કપોતગ્રીવા, મનઃશીલ અને પરવાળા જેવા વર્ણના વિવિધ સુગંધીચૂર્ણો નાગરીકોની નાસિકાનું સંતર્પણ કરતા હતા.

કયાંક વીણાપટ્ટના સમૂહો, કયાંક સુકોમલ મૃગરોમ, કયાંક બકરાના વાળથી નિર્મિત વિવિધરંગના અતિસુંદર કાંબળા, કયાંક બહુમૂલ્ય મણિ, રત્ન, શંખ, પરવાળા, અને કયાંક સુવર્ણ, રૌપ્યના આભરણો તથા સૌરભથી મ્હેકતા ગંધદ્રવ્યો વેચાતા હતા.

વસુદેવકુમાર એ બધું જોતા જોતા આરામથી રાજમાર્ગ ઉપર આગળ વધી રહ્યા. કીડીયારાની જેમ ઉભરાતો જનસમૂહ એમના અસામાન્ય રૂપ તેજથી અંજાઇ જઇને તુરંત માર્ગ કરી દેતો હતો.

આમ એકાદ મુહૂર્ત ચાલ્યા બાદ વસુદેવકુમાર એક સાર્થવાહના વિશાળ હટ્ટ પાસે પહોંચ્યા, અને હટ્ટની બહાર ઉભા રહી સાર્થવાહના વ્યાપારનું રસપૂર્વક નિરીક્ષણ કરવા લાગ્યા.

સાર્થવાહનું ધ્યાન ગ્રાહકો તરફ ખેંચાયેલું હતું. છતાંય એની નજર વસુદેવકુમાર તરફ જતાં એણે આદરથી એમને કહ્યુંઃ 'આર્ય, આપ હટ્ટની અંદર પધારો અને અહીં આસન ઉપર બિરાજો,'

વસુદેવકુમાર સાર્થવાહના પ્રસ્તાવથી સ્હેજ વિસ્મિત થયા, પરંતુ એમણે વધારે વિચાર્યા વિના એનો સ્વીકાર કર્યો, અને હટ્ટની અંદરના એક ઉત્તમ આસન ઉપર બેઠક જમાવી. એમના બેઠા પછી સાર્થવાહનો વ્યાપાર એટલો સરસ ચાલ્યો કે એક મુહૂર્તમાં એને લક્ષ

રૂપ્યકની કમાણી થઈ.

સાર્થવાહ આથી અતિ આનંદિત થઈ ગયો, એને લાગ્યું કે આ અજાણ્યા અતિથિના પગલાનો જ આ પ્રભાવ લાગે છે, તેથી એણે પ્રસન્નવદને વસુદેવકુમારને કહ્યું: 'સ્વામીપાદ, આપ અહીંના અજાણ્યા અને પરદેશી જણાઓ છો, તો આપને જો કાંઈ આપત્તિ ન હોય તો મારા ઘરે ભોજન લેજો.'

વસુદેવકુમારે શ્રેષ્ઠીની વાતને સ્વીકારતાં કહ્યું: 'ભલે', કારણકે ઈલાવર્ધન એમના માટે અજાણ્યું હતું, તેથી શ્રેષ્ઠીનું આમંત્રણ એમને ઈષ્ટ જ હતું.'

ત્યાર પછી શ્રેષ્ઠીએ કહ્યું: આર્ય, આપ એક મુહૂર્ત સુધી અહીં જ વિશ્રાંતિ લ્યો, હું ત્યાં સુધીમાં બહારનું થોડું કામ છે તે પતાવી આવું.

આ પ્રમાણે કહી સાર્થવાહ બહાર જવા અગ્રસર થયો, એની જગ્યાએ ગાદી ઉપર એક અતિ રૂપાળી દાસી બેઠી, એનાં ઉન્નત ઉરોજ, કમલપત્ર જેવા સુંદર દીર્ઘ નયન, પતલી કમ્મર, બધા અંગો અત્યંત સપ્રમાણ અને આકર્ષક હતા, રસિયા ગ્રાહકો કાંઈ ન લેવું હોય તોય ત્યાં આંટો મારવા લાગ્યા.

વસુદેવકુમાર એ દાસી સાથે સામાન્ય વાતો કરવા લાગ્યા, ત્યારે પ્રત્યુત્તર વાળતી વખતે તે આડું જોઈને ઉત્તર આપતી હતી, તેના આ અવિવેકથી સ્હેજ ખિન્ન થઈ વસુદેવકુમારે એને કહ્યું: અરે બાલિકે ! તું આડું જોઈને કેમ ઉત્તર આપે છે ?...શું તું વિવેકને નથી જાણતી ?...

ત્યારે દાસીએ સ્હેજ હાસ્ય કરતાં કહ્યું : સ્વામિન્, આપ અપ્રસન્ન ન થાઓ, મૂળ વાત એ છે કે મારા મુખમાંથી સદા માટે લશુન જેવી પ્રતિકુલ તીવ્ર ગંધ છૂટે છે. તો કેવી રીતે આપની સન્મુખ જોઈને બોલું ?...

ઓહ...એમ છે ! ભદ્રે, તારા આ રોગથી તું દુ:ખી છે તો ગંધદ્રવ્યોના પ્રયોગથી તારા શ્વાસની દુર્ગંધને હું હમણાં જ સંપૂર્ણ નષ્ટ કરી નાંખીશ, ચાલ, ઉભી થા હું કહું તે દ્રવ્યો લઇ આવ...!

દાસી વસુદેવકુમારનો પ્રસ્તાવ સાંભળી પ્રસન્ન થઈ ઉઠી, વસુદેવકુમારે જે કહ્યા તે દ્રવ્યો એ તુરત લઈ આવી.

વસુદેવકુમારે એ બધા ગંધદ્રવ્યોનું સપ્રમાણ મિશ્રણ કર્યું, પછી એ બધા દ્રવ્યોને ઘૃતમાં

ખરલ કર્યા, નલિકામાં ભરી એની ગુટિકા વાળી, જે ગુટીકાઓ મુખની ગમે તેવી દુર્ગંધ દૂર કરી એને કમલ જેવું સુગંધિત કરે છે.

વસુદેવકુમારના નિર્દેશ પ્રમાણે બધી ગુટીકાઓનું દાસીએ ભક્ષણ કર્યું. અને તુરંતજ એનું મુખ કમલકોશ જેવું અત્યંત સુગંધિત થઈ ગયું, એની જન્મજાત લસુન જેવી શ્વાસની દુર્ગંધ નષ્ટ થઈ ગઈ.

તેજ પળે બહારનું કાર્ય પતાવીને આવેલા સાર્થવાહે હટ્ટમાં પગ મૂક્યો. વસુદેવકુમારના ગંધયુક્તિના વિજ્ઞાનથી દાસીના મુખને સુગંધભર્યું થયેલું જોઈ તેઓ અતિવિસ્મિત અને પ્રસન્ન થઈ ગયા.

સૂર્ય મધ્યાકાશ તરફ ઝડપથી આગળ વધવા લાગ્યો, મધ્યાહ્નનો સમય થતા સાર્થવાહ વસુદેવકુમારને લઈને મહાલય તરફ વિદાય થયા.

મહાલયમાં પહોંચ્યા બાદ શ્રેષ્ઠિની પરિચારિકાઓએ એમને વિધિપૂર્વક સ્નાન કરાવ્યું. મહામૂલ્યવાન વસ્ત્રો પરિધાન માટે આપ્યા પછી ભક્ષ્ય, લેહ્ય, પેય આદિ આયુ:શાસ્ત્રોક્ત ક્રમ પ્રમાણે બંને એ ભોજન કર્યું.

ભોજન પત્યા પછી સાર્થવાહ વસુદેવને શયનખંડમાં લઈ ગયા. ત્યાં જેના ઉપર સુગંધી ફૂલો છવાયેલા હતાં અને સ્વચ્છ વસ્ત્ર બીછાવેલું હતું તે શ્રેષ્ઠીએ નિર્દેશેલા શયન ઉપર વસુદેવ આરૂઢ થયા. સાર્થવાહ એમના બાજુના આસન પર બેઠા.

સાર્થવાહના અતિબહુમાનથી વિસ્મિત થયેલા વસુદેવે પૂછયુંઃ આર્ય, હું વૈદેશિક અને આપને અજાણ્યો છું . છતાંય આપ કયા પ્રયોજનથી મારૂં આટલું બધું બહુમાન કરી રહ્યા છો ?

વસુદેવનો પ્રશ્ન સાંભળી સાર્થવાહે સ્હેજ સ્મિત કર્યું અને પળ બે પળ વિચાર કરીને ઉત્તર આપતાં કહ્યુંઃ સ્વામિન, પ્રયોજન વિના કોઇ કાર્ય થાય ખરૂં ? હું આપનું બહુમાન કરૂં છું તેની પાછળ મોટું પ્રયોજન પડયું છે, પણ, તેની વાત જરા લાંબી છે. પ્રારંભમાં મારી વાત આપને જરા અસંબદ્ધ લાગશે પરંતુ અંતે સમજાઈ જશે.

આટલું કહી સાર્થવાહ સ્હેજ અટકયા. વસુદેવ જિજ્ઞાસાભરી નજરે એમની સામે જોઈ રહ્યા. અને પળ બે પળ પછી સાર્થવાહે વાતનો પ્રારંભ કર્યો.

'આ નગરમાં અતિસમૃદ્ધ ભટ્ટ નામનો સાર્થવાહ વસતો હતો. એને પદ્મશ્રી નામની

પત્ની હતી, તેમનો હું પુત્ર છું મારૂં નામ મનોરથ છે. મારે પદ્માવતી નામની કુલીન પત્ની છે. અને રકતવતી નામની અતિસુંદર કન્યા છે.

રક્તવતીનો જન્મ થયો ત્યારે મારી એક દાસીને પણ કન્યા જન્મી હતી તેનું મુખ જન્મથી જ લસુન જેવું દુર્ગંધયુકત હતું તેથી સૌએ એનું લસુનિકા નામ પાડ્યું હતું. આ લસુનીકા તે જ છે, જેનું મુખ આપે ગંધયુક્તિથી સુગંધિત કર્યું છે.

રક્તવતી અને લસુનીકા સાથે ક્રીડા કરતી મોટી થવા લાગી. બાલ્યવયનો ત્યાગ કરી યૌવનના પગથારે આવી પહોંચી.

એક દિવસે અહીં કામસ્થાન ઉપવનમાં શિવગુપ્ત નામના મહાતપસ્વી અનગાર પધાર્યા. તેઓ ત્રિકાળદર્શી અને વિપુલ અવધિજ્ઞાની હતા. ઉપવનમાં ક્રીડા કરવા જતાં મેં તેમનાં દર્શન કર્યા. કુટુંબ સહિત વંદન કરી એમની પાસે બેઠો. એમણે મારી જિજ્ઞાસા જાણી કર્મના ચિત્રવિચિત્ર વિપાકને વર્ણવતી ધર્મકથા શરૂ કરી.

ત્યારે વચ્ચે જ કથાંતરમાં મેં અનગાર ભગવંતને પ્રશ્ન કર્યોઃ ભગવંત, આ લશુનિકા અત્યંત રૂપવતી છે, ગુણવતી છે. પરંતુ એના મુખની ગંધ લસુન જેવી અતિ પ્રતિકૂળ છે. તો એ એના કયા દુષ્કર્મનો વિપાક છે?

પ્રત્યુત્તરમાં શિવગુપ્તમહર્ષિએ એક કથા શરૂ કરી.

ભૂતકાળમાં ચક્રપૂર નગરમાં પુષ્પકેતુ નામના રાજવી હતા, એને વસંતઋતુ જેવી રૂપાળી પુષ્પદંતા મહારાણી હતી. તેની પંડિતિકા નામની શય્યાપાલિકા હતી.

પંડિતિકા આમ તો દાસકુળની હતી. પરંતુ કાર્યકુશળતા તથા નમ્રતાથી તે પુષ્પદંતા રાણીની માનીતી સખી થઈ પડી હતી. તે બન્ને વચ્ચે ખૂબ જ સ્નેહ બંધાણો હતો.

એક દિવસે દેવગુરૂ અનગાર પાસે ધર્મ સાંભળી પુષ્પકેતુ રાજવીએ સંસારનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સ્વામી પાછળ પુષ્પદંતાએ પણ પંડિતિકા સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

પુષ્પદંતા રાણીએ સંસારનો તો ત્યાગ કર્યો પરંતુ પોતાના ઉચ્ચ કુલ, રૂપ અને ઐશ્વર્યના મદનો ત્યાગ ન કરી શકયા.

વીતરાગ પ્રણીત ત્યાગ માર્ગમાં પ્રવ્રજિત થયા પછી કોઈ પણ કુલમાં જન્મેલી વ્યક્તિ ઉચ્ચ કે નીચ નથી રહેતી. ઉચ્ચનીચના ભેદ સંસારમાં ચાલે જયારે શ્રમણસંઘમાં સર્વે શ્રમણો સમાન

ભાવે જીવવાને બંધાયેલા છે. શ્રમણ પરંપરામાં ગઈ કાલનો ચક્રવર્તિ સમ્રાટ પ્રવ્રજિત થયા પછી પોતાના પહેલા પ્રવ્રજિત થયેલા પૂર્વાવસ્થાના દાસના ચરણમાં શિર ઝૂકાવે છે અને એમાં એણે જરાય શરમ ન અનુભવવી જોઈએ. શ્રમણ થયા પછી ન કોઈ ઉચ્ચ કે નીચ રહે છે. સૌ શ્રમણભાવની દષ્ટિએ સમાન થઈ જાય છે.

પુષ્પદંતા આર્યા શ્રમણસંઘના આ સમત્વના નિયમને ન પચાવી શકયા. તેઓ પૂર્વાવસ્થામાં નીચ કુલના પંડિતિકા આર્યાની અવજ્ઞા કરવા લાગ્યા. વાતવાતમાં એમને તિરસ્કૃત કરવા લાગ્યા.

પંડિતિકા આર્યા જયારે પુષ્પદંતા આર્યાની સંમુખ બેસી વાતો કરતા ત્યારે તુરત તે પંડિતિકા આર્યાને ટોકતા, રે ! તું તારા નીચકુળને વિસરી ગઈ લાગે છે. જા રે ! ગંધાતા મુખવાળી ! તું આઘી જા, મારી સંમુખ ન ઉભી રહે મારી નજીક બેસી ઉત્તર ન આપ. મારી પાસે આવે ત્યારે તારા ગંધાતા મુખને વસ્ત્રથી આવૃત્ત કરીને આવજે.

નમ્રતાના અવતાર સમા પંડિતિકા આર્યા, પુષ્પદંતા આર્યાના આક્રોશથી જરાય ખિન્ન ન થતાં, નમ્રતાપૂર્વક એમના ચરણમાં પડીને કહેતા ''પૂજ્ય ! મારા અપરાધની ક્ષમા કરો.''

આ પ્રમાણે પુષ્પદંતા આર્યાના તિરસ્કારને ખૂબ નમ્રતાપૂર્વક સહન કરી પંડિતિકા આર્યાએ પોતાના નીચગોત્રકર્મને નષ્ટ કરી નાંખ્યું. તથા અત્યંત શુભ વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, આદેયવચન અને ઉચ્ચગોત્ર દેનાર પુણ્યના પુંજને ઉપાર્જન કર્યો. પુષ્પદંતા આર્યાએ પંડિતિકાના તિરસ્કારના ફળ રૂપે મુખદુર્ગંધ તથા નીચગોત્રના કર્મને બાંધ્યું.

બન્ને આર્યાઓ ખૂબ તપસ્યા કરી કાલધર્મ પામ્યા પછી દેવરાજ શક્ર, તથા વૈશ્રમણની અગ્રમહિષીઓ થઈ.

ત્યાંથી આયુષ્યનો ક્ષય થતાં પંડિતિકા તારી પુત્રી રકતવતી થઈ અને પુષ્પદંતા તારી દાસીની પુત્રી લશુનિકા થઈ.

તેણે પૂર્વ ભવમાં મુખદુર્ગંધ તથા નીચગોત્રના વિપાકવાળું પાપ બાંધ્યું હતું તેથી એનું મુખ લશુન જેવું દુર્ગંધયુકત થયું અને એનો જન્મ દાસ્યકુલમાં થયો.

જ્યારે રક્તવતી પૂર્વના અખૂટ પુણ્યથી અતુલ્ય રૂપવતી અને અનુપમ સૌભાગ્યવતી છે. એ ભાગ્યવતી ભવિષ્યમાં અર્ધભરતાધિપતિ મહાન વાસુદેવના પિતાની ભાર્યા થશે. આટલું કહી

અનગાર ભગવંત મૌન થયા.

એમની આ વાત સાંભળી અમે સૌ વિચારમાં પડી ગયા. પળ બે પળ પછી સ્હેજ જિજ્ઞાસા થતાં મેં શિવગુપ્ત મહર્ષિને પૂછયુઃ કૃપાવતાર, આપે જે રક્તવતીના ભવિષ્યનાં પતિની વાત કહી તેને મારે શી રીતે પીછાણવો ? એ અત્યારે કયાં હશે ?

મહાનુભાવ, જે મહાપુરુષનું પદાર્પણ તારા હટ્ટમાં થતાં જ તને લક્ષરૂપ્યકનો લાભ થાય, તથા જે તારી લશુનિકાદાસીની અસાધ્ય મુખદુર્ગંધ ને નષ્ટ કરે તે જ તારી કન્યાનો પતિ થશે.

શિવગુપ્તઅનગાર ભગવંતે આપેલા આ બે અભિજ્ઞાનને મનમાં ધારણ કરી હું ઉભો થયો, મહર્ષિને પ્રણામ કરી અમે સૌ ઘર તરફ વિદાય થયાં અને તેજ દિવસથી લશુનિકાને મારી સાથે હટ્ટમાં બેસવાની આજ્ઞા કરી, એ વાતને વર્ષો વીત્યા.

આજે સવારે ફરતાં ફરતાં આપ મારી હટ્ટ આગળ આવ્યા, અને કુતુહલથી મારા વ્યાપારનું નિરીક્ષણ કરવા લાગ્યા.

ત્યારે આપની તરફ મારી નજર પડતાં, આપના અપ્રતિમરૂપ, અસામાન્ય તેજથી હું આપના પ્રતિ ખૂબ આકૃષ્ટ થયો અને આપને મારા હટ્ટમાં આમંત્ર્યા. મારા હટ્ટમાં આપનો પગ પડતાં જ મને એક મૂહૂર્તમાં લક્ષરૂપ્યકનો અસાધારણ લાભ થયો. તેથી મને થયું મારી પુત્રીના પતિ માટે મુનિએ કહેલા બે અભિજ્ઞાનમાંથી એક તો આ મહાપુરૂષ સત્ય ઠરાવી ચૂક્યા છે, તો હવે બીજા અભિજ્ઞાનનું શું થાય છે તે મારે જોવું જોઈએ.

પછી મેં આપને ભોજનનું આમંત્રણ આપ્યું, અને મારી લશુનીકા દાસી સાથે આપને એકલા મૂકી કાર્યનું બહાનું કાઢી બહાર ચાલ્યો ગયો અને જયારે પાછો આવ્યો ત્યારે બીજા અભિજ્ઞાનને પણ આપ સત્ય ઠરાવી ચુકયા હતાં.

આજે અમારી દીર્ઘપ્રતીક્ષાનો અંત આવ્યો. મારી પુત્રીના મહર્ષિકથિત પતિ આપ જ છો એની મને ખાત્રી થઈ ગઈ. તેથી હું આપને મારા મહાલયમાં લઈ આવ્યો છું અને આપનું આટલું બધું બહુમાન કરી રહ્યો છું. હવે આપ મારા બહુમાન પાછળનું પ્રયોજન સમજી ચૂક્યા હશો !

વસુદેવકુમાર સલજ્જવદને નીચું જોઈ ગયા. શ્રેષ્ઠીએ હસતાં હસતાં આગળ ચલાવ્યું. સ્વામિન્ ! તો હવે આપ મારી કન્યા રક્તવતીનું પાણિગ્રહણ કરી મને ઉપકૃત કરશોને ?

વસુદેવકુમારે કશો ઉત્તર ન વાળ્યો. મનોરથ શ્રેષ્ઠીએ એમની મૂક અનુમતિ માની લીધી

અને મોટા મહોત્સવપૂર્વક શુભમુહૂર્તે વસુદેવકુમાર સાથે રક્તવતીનું પાણિગ્રહણ કરાવ્યું.

વસુદેવકુમારે જ્યારે શયનખંડમાં રક્તવતીના રૂપમાધુર્યને નિર્બંધ જોયું ત્યારે તેઓ મુગ્ધ થઈ ગયાં.

જેના લોચન ધવલ હતા...લોચનના ખૂણા લાલ હતાં...કીકીઓ શ્યામ હતી.

જેનો મુખચંદ્ર જાણ્યે અમૃતના પિંડથી જ ઘડાયેલો હતો. જેના દેહની કાંતિ પૂર્ણચંદ્રની પ્રભાના સત્ત્વસમી પ્રોજ્જવલ અને સૌમ્ય હતી.

જેનું સૌન્દર્ય પદ્મવનમાં વિહાર કરતી લક્ષ્મી જેવું ગુલાબી હતું. અતિ મધુર હતું. જેનો દેહ સમગ્ર શુભ લક્ષણોથી અંકિત હતો.

તે રક્તવતી સંસારની અગ્રગણ્ય રૂપસુંદરી હતી, રૂપના અર્કસમી હતી.

**...પ્રિયધર્મા...**

**(જૈન ''वसुदेव हिण्डी'' ના આધારે,**

**વૈદ્ય કલ્પતરૂ સામયિક, નવેમ્બર-ડીસેમ્બર-૧૯૬૬)**

# ૭

## ...એડકાક્ષ...

આજનું બુંદેલખંડ અને તેની આસપાસનો પ્રદેશ પ્રાચીનકાળમાં 'દશાર્ણદેશ' ના નામથી ઓળખાતો હતો.

તેની રાજધાનીનું નામ દશાર્ણપુર હતું.

ઈતિહાસમાં દશાર્ણપુરના અનેક નામ મળે છે, તેમાં એક નામ એડકાક્ષપુર છે.

દશાર્ણપુરના 'એડકાક્ષ' નામકરણ પાછળ એક મજાનો ઐતિહાસિક પ્રસંગ પડયો છે, જે જૈન સાહિત્યને પાને નાનકડી નોંધરૂપે જળવાયેલો મળે છે.

જયારે શ્રમણ ભગવાન મહાવીર અને મહાભિક્ષુ તથાગત ભારતવર્ષની ધરાને પદચિન્હથી પાવન કરી રહ્યા હતાં તે સમયની વાત છે.

ત્યારે દશાર્ણપુરમાં ધનદેવ નામનો એક વણિક હતો.

ધનદેવ વણિક્નું જીવન તદ્દન ધર્મવિહીન હતું, એને જૈન કે વૈદિક કાંઈ પણ આધ્યાત્મિક સંસ્કૃતિ સાથે નિસ્બત ન હતી, એને તો મહાત્મા ચાર્વાકનો સિદ્ધાંત બહુ માફક આવી ગયો હતો.

કોઈપણ ધર્મના બંધનથી મુક્ત રહીને રંગીલું જીવન જીવવું, સંસારના સર્વ પ્રકારના ભૌતિક સુખોના આનંદને નિર્બંધ રીતે માણવો, આ એનું ધ્યેય હતું.

તે ધનદેવ વણિકને કોઈ જૈનદર્શનના ઉપાસક શ્રેષ્ઠીએ પોતાની ધનશ્રી નામની મહાન રૂપવતી કન્યા આપી.

તે કન્યા જૈનદર્શનની પરમ ઉપાસક હતી, એના આચાર પાલનમાં અત્યંત દઢ હતી, પોતાના ભાગ્યયોગે મળેલા ધર્મહીન પતિને સાચવીને ધર્મક્રિયા કરવાનું એ કદી ન ચૂકતી.

પ્રાતઃકાળે તથા સંધ્યા સમયે દિવસ અને રાત્રિના પાપોની આલોચના કરવી, જિનેશ્વર દેવનું પૂજન કરવું, નિર્ગ્રંથ મુનિજનોને વંદન કરવું આ બધું એ નિયમિત કરતી.

ધનદેવ, જયારે તે આ બધી ધર્મક્રિયા કરતી ત્યારે ખૂબ ઉપહાસ કરતો, છતાંય એ જરાય રૂષ્ટ ન થતી, જૈનદર્શનના કર્મવિજ્ઞાનની એ ઊંડી અભ્યાસી હતી, તેથી તે સમજતી હતી કે

ગતજન્મમાં પોતે ધર્મનું આરાધન ઓછું કર્યું હશે જેથી આ જન્મમાં આવો ધર્મવિહીન પતિ મળ્યો છે. પરંતુ હવે એનો તિરસ્કાર કરી પોતાના પતિવ્રતા ધર્મને લજવવા કરતાં મૌનપણે સહન કરવામાં જ પોતાનું શ્રેય હતું, પોતે અંગીકાર કરેલા જૈન ધર્મનું સાચું ગૌરવ હતું.

રોજ સંધ્યાકાળ થાય અને ધનશ્રી દિવસના પાપોની આલોચના કરવા પ્રતિક્રમણ કરતી, તેમજ પ્રતિક્રમણના અંતે રાત્રીકાળે અન્નજળ ન લેવાનું પ્રત્યાખ્યાન કરતી.

ત્યારે ધનદેવ ઉપહાસમાં તેને કહેતો, અરે પગલી ! બગ ભગતની જેમ આવાં અનુપયોગી પ્રત્યાખ્યાન કરવાથી શું ?...પ્રત્યાખ્યાન કરે કે ન કરે તોય કોઈ મધરાતે નિદ્રામાંથી ઉઠીને ભોજન માંગતું નથી. તારો તે આ ધર્મ કેવો વિચિત્ર છે આવા નકામાં વ્રત કરવાં શીખવે છે ?

આ રીતે નિત્ય ધનદેવ ધનશ્રીનો ઉપહાસ કરતો. છતાં ધનશ્રી એનો કોઈ પ્રતિકાર ન કરતી. ક્ષમાના પરમ ઉપાસક જૈનદર્શને એને શીખવ્યું હતું કે કોઈ દિવસ સંકલેશ વધે એવો વિવાદ ન કરવો. કોઈના પણ ક્રોધાદિમાં પોતે નિમિત્ત ન બનવું. ધનદેવ સાથેના સ્હેજ પણ વિવાદમાં વિપરીત જ પરિણામ આવવાનો સંભવ રહેતો હતો.

ધનદેવના ઘરની પડખે એક કાળજૂનું વિશાળ વટવૃક્ષ હતું.

તેની ઉપર એક વ્યંતર જાતિની દેવતા વસતી હતી, તે ધાર્મિક વૃત્તિની હતી. તેથી ધનદેવ જયારે પોતાની પતિવ્રતા સ્ત્રીના ધર્મનો અમર્યાદ ઉપહાસ કરતો ત્યારે તે દેવીને ખૂબ ક્રોધ ચઢતો. એ વિચારતી કે આ ધનદેવને કંઈક શિક્ષા કરવી જોઈએ, પરંતુ દેવજાતિનો નિયમ છે કે એ કોઈ બાહ્ય નિમિત્ત વિના, છળ પામ્યા વિના, કોઈને પણ કશું કરી શકે નહીં, તેથી તે દેવી એવા કોઈ નિમિત્તની રાહ જોતી હતી.

એક દિવસ સંધ્યાનો સમય હતો.

આકાશપટ પર આલેખાયેલી સંધ્યાની સોનેરી ચિત્રરેખાઓ ઉપર અંધકારપુંજ શ્યામ કુચડો ફેરવવા માંડ્યો હતો.

દેવમંદિરોમાં સંધ્યાકાળની પૂજા વખતે વગાડેલ સેંકડો ઘંટાઓનો નાદ હજી વાતાવરણમાં ગુંજી રહ્યો હતો.

ત્યારે ષડાવશ્યક પ્રતિક્રમણના અંતે નિત્યની જેમ રાત્રિભોજનનું પ્રત્યાખ્યાન

ધનશ્રીએ કર્યું.

ધનદેવ એની સામે જ આસન ઉપર બેઠો હતો, તેણે તુરંત વિનોદ કરતાં ધનશ્રીને કહ્યુંઃ ‘પ્રિયે, આજ તો હું પણ તારી સાથે રાત્રિભોજનનું પ્રત્યાખ્યાન કરું છું.’

આ વાત સાંભળી ધનશ્રીએ અનુનયભર્યા સ્વરે કહ્યુંઃ સ્વામિન્! આપ પ્રત્યાખ્યાન ન કરશો. ક્યાંક રાત્રે ભોજન કરવા બેસી જાઓ તો નકામું વ્રતભંગના પાપના ભાગીદાર બનો.

ત્યારે ધનદેવે કહ્યુંઃ ઓહ, તું જ જાણ્યે એક રાતે ન ખાનારી હોઈશ ! શું હું રાતે ઉઠીને કોઈ દી ખાઉં છું ? આમ કહી ધનદેવે પણ રાત્રીભોજનનું પ્રત્યાખ્યાન કર્યું.

વટવાસિની દેવતા આ બધુ જોઈ રહી હતી. એણે વિચાર્યું, આ મૂરખ, ધનશ્રી જેવી સતી શ્રાવિકાનો ઉપહાસ કરે છે, તો હું આની નિયમ દઢતાની બરાબર પરીક્ષા કરું !

સૂર્યાસ્ત પછી પ્રહર જેટલો સમય વીત્યો.

રાત બરોબર જામવા માંડી.

માર્ગો નીરવ થવા લાગ્યાં.

ત્યારે વટવાસિની દેવતાએ ધનદેવની તે જ નગરમાં રહેતી બહેનનું રૂપ ધારણ કરી એના આલયનાં દ્વાર ખખડાવ્યાં.

એના શરીર ઉપર ઉત્તમોત્તમ શૃંગાર કરેલા હતો.

એના હાથમાં દિવ્ય ભોજનથી ભરેલો થાળ હતો. એમાં પડેલા દેવતાઈ મિષ્ટાન્નની દિવ્ય સુરભિથી આસપાસનું સારૂંય વાતાવરણ મહેકી ઉઠયું.

ધનદેવે દ્વાર ખોલ્યું અને દેવી અંદર દાખલ થઈ.

આવી મોડી રાતે બહેનને ઉત્તમોત્તમ શૃંગાર સાથે એકલી આવેલી જોઈ ધનદેવ ચમકી ગયો. એણે પૂછયુંઃ બહેન, આવી મોડી રાતે કેમ એકલી આવી છે ? તેય આવો અમૂલ્ય શૃંગાર સજીને ? અને તારા હાથમાં આ શું છે ? ઓહ, આવી ગજબની મીઠી મહેક શેની આવી રહી છે ?

ધનદેવની પ્રશ્નાવલી સાંભળી દેવી મીઠું હસી પડી. એણે વ્હાલથી ધનદેવના માથે ટપલી મારતાં કહ્યુંઃ ભાઈ ! જરા ધીરો પડ, ભારે ઉતાવળો છે તું તો, ચાલ અંદર ગયા પછી બધી વાત કરું,

ધનદેવની પાછળ આવેલી ધનશ્રી પણ નણંદને આવી રાતે એકાકી આવેલી જોઈ જરા

વિસ્મિત થઈ.

ત્રણે જણ અંદર જઈ એક ઉત્તમ આસન ઉપર બેઠા. બે પળ સુધી દેવી ધનદેવના અધીર નયનો સામે જોઈ રહી, પછી એણે કહ્યું : ભાઈ, આજે મોટા ભાણિયાને લેખશાળાએ બેસાડયો તેથી ઘરે જમણ કર્યું હતું, એમાં ખાદ્ય બનાવવા માટે નગરના શ્રેષ્ઠ પાકશાસ્ત્રીને બોલાવ્યો હતો એણે એવા તો સરસ ખાદ્ય બનાવ્યાં કે આપણે જીંદગીમાં ચાખ્યાં નહીં હોય, તેથી મને થયું ભાઈને પણ એક થાળ પહોંચાડી આવું, આવવું તો હતું વહેલું પણ કામકાજની ધમાલમાં મોડું થઈ ગયું. તેથી અત્યારે આવી, કારણ કે બધાં ખાદ્ય એવાં છે કે જો રાત્રીએ વાસી રહી જાય તો બગડી જાય. હવે તું આ થાળમાંના ખાદ્યને ન્યાય આપી દે. ભાભી તો રાતે નથી ખાતી એની મને ખબર છે, પણ તારે તો કશો પ્રતિબંધ નથી.

આટલી વાત કરી થાળ ઉપર ઢાંકેલા વસ્ત્રને દેવતાએ ખસેડી નાંખ્યું. ધનદેવે સ્વપ્નમાં પણ ન જોયાં હોય એવા ખાદ્ય અને મિષ્ટાન્ન એમાં પડ્યાં હતા. એની અતિશય મધુર અને મદભર સોડમથી ધનદેવના મુખમાં પાણી છૂટવા માંડ્યું અને થાળમાંના ખાદ્યોને ન્યાય આપવા એણે પલાઠી મારી આસન જમાવ્યું.

ધનશ્રીતો આ બધું નવાઈભરી નજરે જોઈ રહી હતી...હજી એને કશું સમજાતું ન'તું, કે આ બધુ શું થઈ રહ્યું છે ? પરંતુ જયાં સ્વામીને ભોજન કરવાની તૈયારી કરતા જોયા કે તુરંત એ સાવધ થઈ ગઈ.

એણે ધનદેવને કહ્યું: સ્વામિન્ , આજતો તમે મારી ઉપરવટ જઈને રાત્રિભોજન કરવાનું પ્રત્યાખ્યાન લીધું છે. પછી આ શું કરવા બેસો છો ? ‘‘આ તો તમે...’’ ત્યાં જ એની વાતને વચ્ચેથી જ કાપી નાંખતા ધનદેવે કહ્યું: જારે ગાંડી...હું કાંઈ તારા જેવો મૂરખ નથી કે પ્રત્યાખ્યાનની સામાન્ય વાત ખાતર આવું દિવ્ય ભોજન જતું કરું, તારું પ્રત્યાખ્યાન જાય આવતી કાલની રાત ઉપર !

ધનશ્રી સ્વામીનો આવો ધૃષ્ટતાભર્યો ઉત્તર સાંભળી સ્તબ્ધ બની ગઈ, અને એ હજી સ્વામીને રાત્રિભોજન કરતાં વારવા માટે બીજો પ્રયત્ન કરે તે પહેલા જ ત્યાં ભારે કરુણ ચમત્કાર સર્જાઇ ગયો.

બહેનના રૂપમાં આવેલી દેવતા ધનદેવની નિયમ તોડવાની ધૃષ્ટતા પર ભારે ક્રોધાયમાન થઈ ગઈ. ધનદેવે જેવો મિષ્ટાનનો ટુકડો મુખમાં મૂકયો તેજ પળે દેવતાએ એક એવી સજ્જડ લપડાક એની મુખ ઉપર લગાવી કે એના ભયાનક આઘાતથી તેના બંન્ને આંખના ડોળા ઝાડ પરથી પાકેલા ફળની જેમ નીચે ખરી પડયા.

અને તેજ પળે દેવતા અદશ્ય બની ગઈ.

ભોજનનો થાળ અને દેવતાઈ ખાદ્યો જાણ્યે હવામાં ઓગળી ગયા, ધનદેવ અસહ્ય પીડાથી પળ-બે પળમાં બેભાન થઈ ભૂમિ પર ઢળી પડયો.

આ બધું પળ બે પળમાં બની ગયું. ધનશ્રીતો આ અકલ્પ્ય ઘટનાથી એકદમ ડઘાઈ જ ગઈ.

થોડી પળોમાં સ્વસ્થ થયા બાદ એણે વિચાર્યું, ઓહ, આ શું બની ગયું ! આ બધું અલોપ થઈ ગયું છે તે ઉપરથી મને લાગે છે કે નક્કી કોઈ ક્ષુદ્ર દેવતા સ્વામીના રાત્રિભોજન, નિયમની પરીક્ષા કરવા આવી હોવી જોઈએ. એની પરીક્ષામાં સ્વામી નિષ્ફળ ગયા તેથી છળ પ્રાપ્ત કરી તેજ સ્વામીને આવી શિક્ષા કરી અદશ્ય થઈ ગઈ જણાય છે, પણ હવે મારે કરવું શું ? આણે તો ભારે ભયાનક શિક્ષા કરી, સ્વામીને સાવ અંધ બનાવી દીધા. આ તો પ્રભાતે લોકો જોશે એટલે એમ જ કહેશે કે મેં જ ધર્મના ઝગડામાં સ્વામીની આવી દશા કરી છે. ઓહ, તો તો મારી અને મારા ધર્મની ભારે અપકીર્તિ થાય. હવે આનો કંઈક ઉપાય તો કરવો જ પડશે. આ ઉપદ્રવ દૈવી છે. તેથી આનો પ્રતીકાર ધર્મથી જ થઈ શકશે.'

ધનશ્રીએ થોડી પળ વિચાર કરી ઉપદ્રવ નિવારણનો ઉપાય વિચારી લીધો. એણે પ્રથમ તો ધનદેવના રકતથી ખરડાયેલા દેહને શુદ્ધ કરી શય્યા ઉપર ગોઠવી દીધો, જમીન પર ખરી પડેલા બન્ને ડોળાને એક પાત્રમાં મૂકી પાત્રને ઢાંકી દીધું.

પછી પોતે સ્નાન કર્યું. શુદ્ધ શ્વેત વસ્ત્રોનું દેહ પર પરિધાન કર્યું.

ત્યાર બાદ પતિના દેહની પડખે એકાંત ખૂણામાં કાયોત્સર્ગ મુદ્રામાં ઉભી રહી, અને પતિ સ્વસ્થ ન થાય ત્યાં સુધી કોઈ પણ જાતની ક્રિયા 'હલનચલન' સુદ્ધાં કરવું નહિ, એવો સંકલ્પ કરી કાયોત્સર્ગ કર્યો.

થોડી જ પળોમાં એણે સમગ્ર ચિત્તવૃતિને બહારથી ખેંચી લઈ ઉપદ્રવ કરનાર દેવતા પ્રતિ

એકાગ્ર કરી દીધી, ધીરે ધીરે એની ધ્યાનની મસ્તી, ચિત્તની તન્મયતા અને સંકલ્પ શક્તિની તીવ્રતા વધવા માંડી અને મધરાતની ગાઢશાંતિ જામી ત્યારે એની ધ્યાનધારા લય અવસ્થામાં પહોંચી ગઈ.

એજ પળે એ સતીના સંકલ્પની પ્રચંડ અગાધ શક્તિથી સમગ્ર પ્રકૃતિના દિવ્ય સત્ત્વો ખળીભળી ઉઠયા.

પેલી વટવાસિની દેવતા જાણે કૌશેય રજ્જૂથી બંધાઈને આકર્ષાઈ આવી ન હોય તેમ એક પલકારામાં સતી ધનશ્રીની સામે આવીને ઉભી રહી. એણે મૃદુ-મધુર સ્વરે ધનશ્રીને કહ્યું.

ભદ્રે! મારું શું કામ છે ?...

દેવતાના રૌપ્ય ઘંટડી જેવા મંજુલરવે ધનશ્રીને ધ્યાનમાંથી જાગૃત કરી દીધી. તેણે પોતાના તેજસ્વી નયન દેવતાના રૂપાળા મુખ ઉપર ઠેરવ્યાં, પળ બે પળ દેવીની સંમુખ જોઈ, ધનદેવના અચેત દેહ પ્રતિ અંગુલિ નિર્દેશ કર્યો અને કહ્યુંઃ મારા સ્વામીની આવી દશા કોણે કરી છે ? તમે એમને સજ્જ કરો, કારણ કે પ્રભાતે તેમની આવી અવસ્થા જોઈ લોકો મને તથા ધર્મને કલંક આપશે.

આયુષ્યમતિ ! હું તારી આજ્ઞાને અંગીકાર કરું છું. ધનદેવ નિત્ય તારી તથા ધર્મનો અમર્યાદ ઉપહાસ કરતો હતો, તેથી મેં જ આજે છળ પામી એની આવી દશા કરી છે. પરંતુ હવે પળવારમાં જ એને સજ્જ કરી દઉં છું, એનાં નયનો અત્યારે નિર્જીવ થઈ ગયા છે, તેથી મારે બીજા કોઈની સજીવન-આંખ લાવવી પડશે. તે હું હમણાં જ લઈ આવું છું.

આ પ્રમાણે કહી, તત્કાળ મારેલ એડકની (ઘેટું) સજીવન આંખ લઇ આવીને દેવતાએ ધનદેવની આંખોના ખાડામાં લગાવી દીધી.

પછી એની મૂર્છાને દૂર કરી ક્ષણવારમાં વીજળીની જેમ એ દેવતા અદશ્ય થઈ ગઈ. ધનદેવની અલ્લડાઈ આ શિક્ષાથી સાવ ઓગળી ગઈ, એની અધાર્મિકતા નષ્ટ થઈ ગઈ. એણે ધનશ્રી પાસે કબૂલ કર્યું કે હવે પોતે સાચો ધાર્મિક બનશે.

ત્યાં રાત પૂરી થવા આવી.

પ્રાતઃકાળની શીતલ સમીર લહેરીઓના સંસ્પર્શથી મીઠી નિદ્રામાં ઝૂકતાં રાજમાર્ગો,

લોકોના પદાઘાતથી આળસ ખંખેરીને ટટ્ટાર થવા માંડયા.

દેવમંદિરોના પ્રલંબ ઘંટાનાદથી ભયભીત બનેલો અંધકારરૂપ દસ્યુગણ ભાગી નીકળ્યો. સૂર્યના કિરણોના સ્પર્શથી આકાશના નીલદેહ ઉપર શ્વેતકુષ્ઠના બિંદુમંડળ જેવો ઉપસેલો તારકપુંજ વિલીન થવા માંડયો.

સૂર્યોદય થયા પછી પ્રાતઃકૃત્યો માટે બહાર નીકળેલ ધનદેવની એડક જેવી ચક્ષુઓ જોઈ લોકોને આશ્ચર્ય સાથે કૌતુક થયું.

તેમણે પુછયું; અરે ! તારી આંખો કેમ આવી થઈ ગઈ છે !

ત્યારે ધનદેવે નિષ્કપટભાવે રાત્રિનો વૃતાંત બતાવ્યો, લોકો ધનશ્રીના ધર્મ અને ધ્યાનની શક્તિથી પ્રભાવિત થઈ ગયા.

શુભમુહૂર્તે ધનદેવે યોગ્ય નિર્ગ્રંથ ગુરુ પાસે જઈ ધર્મને અંગીકાર કર્યો.

ધીરે ધીરે ધનદેવના નેત્રપરિવર્તનની વાર્તા અન્ય નગરોમાં પણ પહોંચી ગઈ.

આ અપૂર્વ વૃત્તાંત જોવા માટે લોકોના ટોળેટોળા ધનદેવને ત્યાં આવવા લાગ્યા.

અને જનસમૂહે ધનદેવનું નામ એડકાક્ષ પાડી દીધું.

પરદેશી પથિકો જયારે જનસમૂહને દશાર્ણ તરફ જતું જોતા ત્યારે પૂછતાં કે ભાઈ તમે કયાં જાઓ છો ?... ત્યારે લોકો કહેતાં કે જયાં એડકાક્ષ વસે છે તે દશાર્ણમાં જઈએ છીએ.

અને દશાર્ણ તો ઉત્તર ભારતથી દક્ષિણ ભારત સુધી લંબાતા ભારતવર્ષના મુખ્ય રાજમાર્ગ પર પડતું નગર હતું, ત્યાં સારાયે દેશના પથિકો આવતા હતાં અને જતાં હતાં, તેથી થોડા સમય માટે દશાર્ણ નગર સારાયે ભારતવર્ષમાં એડકાક્ષ નગરના નામથી પ્રસિદ્ધ થઈ ગયું.

ઈતિહાસકારોની નોંધમાં પોતાનું એક વધુ નામ ઉમેરતું ગયું.

**...પ્રિયધર્મા...**

**(વૈધકલ્પતરૂ સામયિક, જાન્યુઆરી-૧૯૬૭)**

# સ્નેહતંતુના તાણાવાણા

કમળવનના સૌંદર્યને જાણે હિમવર્ષાએ ઠીંગરાવી નાખ્યું હતું : નયનમનોહર સાકેતનગરીના સુંદર રાજમાર્ગો અને એની નમણી શેરીઓ આજે એક વિચિત્ર દૃશ્યથી વિરૂપ બની ગયાં હતાં.

એક બાવરી નારી એક પુરુષના શબને ખભે નાખીને શેરીઓ અને રાજમાર્ગો વટાવીને સ્મશાનભૂમિ તરફ નાસી રહી હતી - જાણે કોઇ મહાભય પાછળ પડ્યો હોય અને એનાથી નાસી છૂટવા મથતી હોય એમ એ ઝડપથી ચાલી જતી હતી. એના પગ જાણે ધરતીને સ્પર્શતા જ ન હતા. અને પૂર્ણકાય પુરુષના શબનો ભાર એને જરાય થકવતો ન હતો. એ શબનું બેડોળ રૂપ અને એમાંથી પ્રસરતી દુર્ગંધ પણ એને અકળાવી શકતાં ન હતાં. એના અંતરમાં તો એક જ રટના હતી : ક્યારે દયા-માયા વગરનાં માનવીઓથી ઊભરાતું આ નગર દૂર થાય અને ક્યારે હું મારા આ પ્રિયતમની સાથે વનવગડાના વેરાન, શાંત, એકાંત સ્થાનમાં જઇ પહોંચું.

તમાશાને તેડાની જરૂર ન હોય : એ જ્યાં જ્યાંથી પસાર થતી ત્યાં ત્યાં નગરનાં નર-નારીઓ ટોળે વળતાં. કોઇ એની વેદનાભરી દશા જોઇ કરુણાભર્યો નિસાસો નાખતાં; તો કોઇ વળી ભૂતનો વળગાડ વળગ્યો હોય એવી ગહલિક જેવી એની દશા જોઇને કૂતુહલને લઇને એનો ઉપહાસ કરવામાં આનંદ માનતાં.

પણ એ નારીને તો ન એ કરુણાની કોઇ કિંમત હતી કે ન લોકોના કુતૂહલ તરફ કોઇ અણગમો હતો. પ્રાણપ્રિય પતિના વિચારમાં એનું સંવેદન માત્ર મુરઝાઇ ગયું હતું. દોરંગી દુનિયાની પણ એને કશી ખેવના રહી ન હતી !

ભલા એવું તે શું બન્યું હતું કે એક નારી પોતાના પતિના મૃત દેહને ઊંચકીને આમ દર-બ-દર ભટકતી ફરતી હતી ? સાંભળો ત્યારે એ વાત :-

સાકેતનગરના વૈશ્રમણ શ્રેષ્ઠી ભારે વૈભવશાળી પુરુષ હતા. જેવા એ રાજમાન્ય હતા એવા જ લોકમાન્ય હતા. એમનો પુત્ર પ્રિયંકર સાચે જ, સૌને પ્રિય થઇ પડે એવો રૂપ-ગુણ-સંપન્ન

હતો. યૌવનના ઉંબરે પગ મૂકતાં મૂકતાં તો એ કામદેવ જેવો ફૂટડો અને કામણગારો બની ગયો હતો.

પાડોશમાં જ પ્રિયમિત્ર શ્રેષ્ઠી રહે. વૈશ્રમણ શ્રેષ્ઠીના એ પરમ મિત્ર. એમને એક પુત્રી. સુંદરી એનું નામ. સુંદરી તો સાચે જ સૌંદર્યની અધિષ્ઠાત્રી હતી. સૂરજ-ચાંદાનાં તેજ લઇને સોના-રૂપાના રસે રસી હોય તેવી તેજના અંબાર રેલાવતી ઊજળી એની કાયા હતી. એના અંગ-અંગમાંથી રૂપ-લાવણ્ય-સૌંદર્યની આભા નીતરતી. યૌવનમાં પ્રવેશતી સુંદરીની દેહવલ્લરી જાણે રતિના સૌંદર્યવૈભવને માત કરી રહી !

પ્રિયંકરનું તરવરતું યૌવન; સુંદરીનું રસઝરતું યૌવન : જાણે યૌવન યૌવનને અણ-સાંભળ્યો સાદ દઇ રહ્યું. બન્નેનાં અંતરની અણકથી કથા બન્નેનાં માતા-પિતાનાં અંતરને સ્પર્શી ગઇ. માતા-પિતાએ અનુમતિ આપી; પ્રિયંકર અને સુંદરી લગ્નબંધનથી બંધાઇને એકરૂપ બની ગયાં. જાણે બે દેહમાં તેઓ પ્રાણનું અદ્વૈત રચી રહ્યાં ! સ્નેહની સરિતામાં સ્નાન કરતી એ જુગલજોડીને જોઇને જગતની આંખો ઠરતી !

પણ પ્રેમના દેવતાએ થોડા જ વખતમાં એ જોડીની આકરી કસોટી શરૂ કરી : પ્રિયંકર ખૂબ માંદો પડી ગયો. ઔષધ - ઉપચાર અને વૈદોની તો ત્યાં કોઇ કમી ન હતી અને સુંદરીની સેવા-ચાકરીમાં પણ કશી જ ખામી ન હતી, પણ રોગ કોઇક એવું વિકરાળ રૂપ લઇને આવ્યો હતો કે જેમ જેમ ઉપચારો આગળ વધતા તેમ તેમ રોગ પણ ઉગ્ર બનતો જતો હતો ! સુંદરીની ચિંતાનો કોઇ પાર ન હતો. એની વેદનાની કોઇ અવધિ નહોતી રહી. એ પોતે જ જાણે જીવલેણ વ્યાધિની અસહ્ય વેદના અનુભવી રહી : ન ખાન-પાન, ન ઊંઘ-આરામ, ન સુખ-ચેન! એ પ્રિયંકરની પીડા જોતી અને એનું અંતર બેચેન બની જતું. અમંગળ ભાવીનો વિચાર એના હૈયાને વલોવી મૂકતો. એ તો પ્રિયંકરની સેવા અને પ્રિયંકરના મંગળ સિવાય બીજું બધું જ વીસરી ગઇ હતી. એનું રોમ રોમ મારો પ્રિયંકર ક્યારે જલદી સાજો થાય એની જ માળા જપ્યા કરતું હતું.

પણ વૈદ્યોનાં નિદાન, ઔષધના ઉપચાર અને સુંદરીની સેવા- એ બધાંયને કમનસીબ ભવિતવ્યતાએ નિષ્ફળ બનાવ્યાં ! ભર્યા ભર્યા ઘરને સૂનું બનાવીને અને સૌ સ્વજનોને વિલાપ કરતાં મૂકીને પ્રિયંકર ચાલતો થયો ! સાથે જાણે એ શાણી સુંદરીની બુદ્ધિને હરતો ગયો !

થોડીવાર તો સુંદરી સર્વનાશની કારમી વેદના અનુભવી રહી : એનો પ્રિયંકર એને એકલી-અટૂલી-રઝળતી મૂકીને સ્વર્ગનાં સુખ માણવા ચાલ્યો ગયો ? હવે મારું કોણ ? પોતાના વૈધવ્યના વિચારથી એ પળવાર સ્તબ્ધ બની ગઇ. બીજી જ પળે એના અંતરમાં અસહ્ય કડાકો થયો અને એની સૂધબૂધ સર્વ હરાઇ ગઇ !

એનો સુંદર ચહેરો વિકરાળ બની ગયો. એના રોમરોમ ઉપર જાણે બહાવરાપણાની અસર વ્યાપી ગઇ. સુંદરી પ્રિયંકરના દેહને વળગીને જાણે હજીય એની સેવા-શુશ્રુષા કરતી હોય એવા ચેનચાળા કરવા લાગી અને બબડવા લાગી : 'મારા નાથ! મારા સ્વામી! તમને હમણાં સારું થઇ જશે. તમે ચિંતા ન કરશો. હું જીવતી છું ત્યાં સુધી કોઇથી તમારો વાળ પણ વાંકો થઇ શકવાનો નથી !'

સુંદરીનું એ રૂપ જોઇ સ્વજનો શેહ ખાઇ ગયા : આ સુંદરી! પણ કોઇ કંઇ બોલી શક્યું નહીં. વાતાવરણમાં જાણે અસહ્ય સ્તબ્ધતા છવાઇ ગઇ !

થોડીવારે સૌ સ્તબ્ધતામાંથી જાગ્યા અને પ્રિયંકરના અંતિમ સંસ્કારની તૈયારી કરવા લાગ્યા. એ તૈયારી પણ થઇ ચૂકી. હવે તો શબને બાંધવામાં આવે એની જ રાહ જોવાતી હતી. સ્વજનો બધા ભેગા થઇ ગયા હતા.

પણ સુંદરીને એ શબ પાસેથી દૂર કેવી રીતે કરવી ? અને એ કામ કોણ કરે ? થોડીવાર તો આ માટે કોઇ હિંમત કરીને આગળ ન આવ્યું. પણ શબને આમ ને આમ ઘરમાં કેટલીવાર રહેવા દઇ શકાય ?

છેવટે બે જણા હિંમત કરીને શબની પાસે ગયા, અને શબને ગાઢ આલિંગન દઇને બેઠેલી સુંદરીને ધીમેથી દૂર કરીને શબને ઊંચકવાની તૈયારી કરવા લાગ્યા.

પણ એમનો સ્પર્શ થતાં જ સુંદરી વીફરેલી વાઘણની જેમ તાડૂકી ઊઠી : 'ખબરદાર, મારા પ્રિયંકરને હાથ અડાડ્યો છે તો ! હું જાણું છું, યમરાજના દૂત બનીને તમે બધા મારા પ્રિયંકરના પ્રાણ હરવા આવ્યા છો ! પણ હું જીવતી -જાગતી બેઠી છું ત્યાં સુધી મારા સ્વામીને કોઇ કશું નહીં કરી શકે! ચાલ્યા જાઓ પાપિયાઓ ! અમને હેરાન ન કરો !'

સુંદરીની સિંદૂર ઝરતી આંખો અને એનો વિકરાળ ચહેરો જોઇને આવનારા પાછા હઠી

ગયા, ભય ખાઇ ગયા. સૌને સુકુમાર સૌંદર્યવતી સુંદરીમાં આજે ચંડીનું બિહામણું સ્વરૂપ દેખાયું! સૌ વિમાસણમાં પડી ગયા : આવી પાગલ નારીને કોણ સમજાવે ? કોઇને કંઇ માર્ગ ન સૂઝયો. સૌ એકબીજાની સામે જોઇ રહ્યા.

વૈશ્રમણ શ્રેષ્ઠી અને પ્રિયમિત્ર શ્રેષ્ઠીના દુઃખને કોઇ અવધિ ન હતી. એકનો પ્રાણપ્રિય પુત્ર અકાળે મરણ પામ્યો હતો; બીજાની કુસુમકળી જેવી ઊછરતી પુત્રીના માથે વૈધવ્યનો વજપાત થયો હતો. અધૂરામાં પૂરું સુંદરી નેહઘેલછાને પરવશ બનીને સાનભાન ખોઇ બેઠી હતી - આળા ઘા ઉપર જાણે મીઠું છંટાયું હતું !

છેવટે પ્રિયમિત્ર શ્રેષ્ઠી મનને કઠણ કરીને સુંદરીની પાસે ગયા. એમણે સુંદરીની પાસે બેસીને એના માથે વાત્સલ્યપૂર્વક હાથ ફેરવ્યો. પણ શું કહેવું એ માટે એમની જીભ તો ઊપડતી જ ન હતી! સુંદરી પળવાર કંઇક શાતા અનુભવી રહી; પિતાની સામે ટગર ટગર જોઇ રહી. સ્વજનોને લાગ્યું કે વાત કદાચ ઠેકાણે આવી જશે.

પિતાએ અચકાતે અચકાતે કહ્યું : 'બેટા અંદર ઓરડામાં તારી મા પાસે જા, અને અમને અમારું કામ કરવા દે! કેવી શાણી મારી દીકરી!'

'તમારે શું કામ કરવું છે? અને એમાં હું ક્યાં આડે આવું છું?' સુંદરીએ વિચિત્ર પ્રકારના ચાળા પાડતા કહ્યું.

'આ પ્રિયંકર ગુજરી ગયા છે. એમના મૃત દેહને વળગીને આવી રીતે કંઇ બેસી રહેવાય? લોકો હાંસી કરે ! જા, તારી મા અંદર તારી રાહ જુએ છે.'

સુંદરીએ ચીસ પાડીને કહ્યું : 'કોણ, મારો પ્રિયંકર ગુજરી ગયો એમ તમે કહો છો ? હું જીવતી હોઉં અને એ મરે એ બને જ નહીં ! તમે બધા જુઠ્ઠા છો અને મારા સ્વામીને મારવા બેઠા છો ! એના બદલે તમે જ બધા મરો ને! મારો પ્રિયંકર તો સો વરસનો થશે! જુઓ, એ મને કંઇક વાત કરવા માગે છે! દૂર હટી જાઓ તમે બધા.'

પિતાનું હૈયું ભાંગી ગયું : અરેરે, પોયણા જેવી પુત્રીનું આ તે કેવું દુર્ભાગ્ય !

વૈશ્રમણ શ્રેષ્ઠી અને બીજાની સમજૂતી પણ નકામી ગઇ : સુંદરી પ્રિયંકરના શબથી તસુભાર પણ આઘી ન ખસી. હવે શું કરવું એની સૌ લાચારી અનુભવી રહ્યા. ધીમે ધીમે સ્વજનો

વિદાય થયા. બાકી રહ્યા બે ઘરના સ્વજનો. ગામ આખામાં સુંદરીની નેહઘેલછાની વાત પસરી ગઇ.

બન્ને મિત્ર-વેવાઇઓએ મન વાળ્યું કે દુ:ખનું ઓસડ દાડા ! વખત વીતશે એટલે આપોઆપ સુંદરીનું ભાન ઠેકાણે આવશે. પણ એમની આ આશા ઠગારી નીવડી : ઘડી વીતી, પ્રહર વીત્યો, દિવસ પણ આથમ્યો, છતાં સુંદરી ત્યાંથી બેઠી ન થઇ તે ન જ થઇ !

પછી તો શબ ગંધાવા લાગ્યું અને સ્વજનો વારે વારે સમજાવવાને બદલે સતામણી કરવા લાગ્યા. છતાં સુંદરીને પ્રિયંકર મરી ગયો છે એ ન સમજાયું તે ન જ સમજાયું ! એને તો દઢ આસ્થા હતી કે મારો પ્રિયંકર મરે નહીં અને મને એકલી મૂકીને કયાંય જાય નહીં. આ બધા મારા વેરી બની બેઠા છે! મંત્ર-તંત્રવાદીઓના પ્રયોગો અને સખીઓની નિંદા પણ નકામાં નીવડ્યાં !

છેવટે સગાંઓની સતામણી અસહ્ય બની એટલે પ્રિયંકરના શબને ઊંચકીને ખભે નાખીને એ ઘર છોડીને ચાલતી થઇ. ઘર એને મન સ્મશાન જેવું અકારું થઇ પડયું હતું : એ અત્યારે સ્મશાનની ભૂમિને ઝંખતી હતી અને નગરની શેરીઓ અને નગરના રાજમાર્ગો વીંધીને ઝડપથી સ્મશાન તરફ જઇ રહી હતી.

આ કૌતુકને જોનારાઓનો કોઇ પાર ન હતો, પણ એના માર્ગને રોકનાર ત્યાં કોઇ ન હતું !

★★★

સુંદરીએ તો સ્મશાનમાં વાસ કર્યો હતો, પણ એની કહાની ઘર ઘરમાં ચાલતી હતી !

પ્રિયંકર અને સુંદરીનાં માતા-પિતાની દશા તો કરુણાનેય આંસુ આવે એવી થઇ ગઇ હતી : કેવી શાણી-સમજણી દીકરી! અને એને કેવો ભયંકર વળગાડ વળગ્યો હતો ! ભૂત-ડાકણનો વળગાડ પણ આના કરતાં સારો !

શબ તો દુર્ગંધનો પૂડો અને કીડાઓનું ધામ બન્યું હતું. પણ સુંદરીને ન એની કોઇ સૂગ હતી કે ન એનું જરાય વિસ્મરણ થતું હતું! એ તો આઠે પ્રહર અને સાઠે ઘડી એની પાસે જ બેસી રહેતી અને જાણે બીમાર પ્રિયંકરની સેવા કરતી હોય એવા જ ચાળા કર્યા કરતી. એનાં ઊંઘ અને આરામ, ક્ષુધા અને તૃષા હરાઇ ગયાં હતાં. એનું પોતાનું જ રૂપ એવું બિહામણું બની ગયું હતું કે

ભય પણ એનાથી જાણે સો ગાઉ નાસતો !

પ્રિયંકર વગરના જીવનનની એ કલ્પના જ નહોતી કરી શકતી. અને ચિરંજીવ પ્રેમની ભ્રમણામાં એક અતિકરુણ ભ્રમણાની જાળ રચી બેઠી હતી કે 'મારો પ્રિયંકર તો અમર છે! એ મૃત્યુ પામી શકે જ નહીં !' આવી પ્રેમદીવાની નારીને કોણ સમજાવી શકે કે એનો પ્રિયંકર ક્યારનો એને છોડી ગયો છે ?

છેવટે કોઇ જ ઉપાય બાકી ન રહ્યો એટલે સુંદરી અને પ્રિયંકરના પિતાએ રાજદરબારે મદન રાજા પાસે ધા નાખી : 'મહારાજ! કૃપા કરો અને અમને અમારી આ ઉપાધિમાંથી ઉગારી લ્યો. ન સુંદરીનું દુઃખ જોયું જાય છે, ન લોકનિંદા બરદાસ્ત થાય છે. પ્રિયંકરને તો હવે આ દુનિયા સાથે કશી લેવાદેવા નથી રહી, પણ એના વિકૃત થયેલા શબને જોઇને હૈયું હાથમાં નથી રહેતું ! હે ભગવાન, આ તે કેવો પાપનો વિપાક ! મહારાજ, આનો ઉપાય સત્વર યોજો ! અમારા માટે તો જીવવું હરામ બની ગયું છે.'

મદન રાજા આ કરુણ- દારુણ કથા સાંભળીને લાગણીવશ બની ગયા. પણ આમાં શું કરવું એ એમને પણ ન સુઝ્યું : કોઇ ચોર કે ખૂની હોય તો એને કેદમાં પુરાય, સજા પણ કરાય :, પણ આવી ભાનભૂલી નારીની સાન કેવી રીતે ઠેકાણે લાવી શકાય ?

યુવરાજ અનંગકુમાર પાસે જ બેઠો હતો. હતો તો એ રાજકુમાર અને શૂરાતન એના અંગઅંગમાં ઊભરાતું હતું : ભારે તરવરિયો યુવાન! પણ એના અંતરમાં કરુણાનો વાસ હતો. કોઇનું થોડું પણ દુઃખ જોતો અને એનું હૈયું માખણના પિંડની જેમ ઓગળવા લાગતું. એને એમ જ થતું કે હું એવું તે શું કરું કે જેથી આ દુનિયાનું દુઃખ દૂર થઇ જાય - જાણે કોઇ પૂર્વભવના કરુણા-મહાકરુણાના સાધક સંતે રાજકુમાર રૂપે ધરતી ઉપર અવતાર ધારણ કર્યો હતો.

એણે પિતાને કહ્યું : 'પિતાજી, મેં આ સઘળી વાત જાણી છે. પ્રેમ પિશાચના વળગાડે આવી શાણી નારીને ઘેલી બનાવી દીધી છે. એનો આ વળગાડ, શિક્ષા કે લાલચથી નહીં પણ બુદ્ધિપૂર્વકના સહાનુભૂતિભર્યા પ્રયત્નથી જ દૂર થઇ શકશે. આપની અનુમતિ હોય તો હું આ કાર્ય કરવા તૈયાર છું.'

રાજાજીએ પ્રસન્ન થઇને કહ્યું : 'કુમાર, આવા વિચિત્ર કામનું જોખમ ખેડવાની તને

આજ્ઞા આપતાં મનમાં સંકોચ થાય છે. પણ પ્રજાનું દુઃખ આપણે દૂર ન કરીએ તો બીજું કોણ કરે ? આમાં પાછા રહીએ તો આપણે ફરજ ચૂક્યા ગણાઈએ. તને મારી અનુમતિ છે. યોગ્ય લાગે તે ઉપાય દ્વારા સુંદરીનું ગાંડપણ દૂર કરીને આપણા નગરની શોભા સમા આ શ્રેષ્ઠીઓ ઉપર ઉપકાર કર !'

અનંગકુમારે પિતાની આજ્ઞા શિરે ચડાવી. સત્કાર્ય કરવાનો અવસર મળ્યાથી એ આનંદ અનુભવી રહ્યો.

★★★

સ્મશાનમાં હવે એકના બદલે બે ઘેલાં ભેગાં થયાં હતાં !

લોકોએ જોયું કે પેલી નેહઘેલી સુંદરી પ્રિયંકરના સડતા-ગંધાતા શબ પાસેથી હજી પણ પળભર માટેય આઘી જતી જ નથી ! ત્યાં વળી એ જ ઠેકાણે એવી બીજી બલા આવી પહોંચી : એક ચીંથરેહાલ મેલોઘેલો પુરુષ એક રૂપાળી સ્ત્રીનું શબ લઈને સ્મશાનમાં જઈ પહોંચ્યો, અને જાણે એ સ્ત્રી જીવતી હોય એ રીતે જ એની આગતાસ્વાગતા કરવા લાગ્યો !

કોઈ પૂછતું તો એ અજબ ચેનચાળા કરીને એટલો જ જવાબ આપતો : 'આ તો મારી પ્રાણપ્રિયા માયાદેવી છે! બેવકૂફ દુનિયા એને મારી નાખવા બેઠી છે! પણ મારી જુએ તો ખરી!' અને પૂછનાર ભય પામીને ચાલતા થતા !

સુંદરીની નજર એ પાગલ પુરુષ ઉપર પડી, પણ એની સાથે વાત કરવાનું એને મન ન થયું. પેલો પાગલ પણ એની સાથે કશું ન બોલ્યો. બે દીવાનાઓની વચ્ચે જાણે મૌનની દીવાલ ચણાઈ ગઈ ! એક આખો દિવસ આમને આમ એકબીજાને જોવામાં જ વીતી ગયો ! પણ બનાવ એવો વિચિત્ર હતો કે જીભ સળવળ્યા વગર રહી ન શકે. શબની સાથે હાવભાવ અને વાતો કરતા પેલા પાગલને જોઈને, જાણે પોતે ડાહી હોય એમ, સુંદરીએ પૂછયું : આર્ય ! તમે આ શું કરી રહ્યા છો ?'

'તારે એની શી પંચાત ?' પાગલ પુરુષે એને તરછોડી નાખી.

'પંચાત તો કશી નથી. તોય જરા વાત તો કરો, આ કોણ છે?' સુંદરી ઉત્સુકતા અનુભવી રહી.

'અરે બાઇ, તુંય ખરી લપિયણ છો ! આ કોણ અને હું કોણ એ જાણીને તારે શું કામ છે? તું તારું જ સંભાળી શકે તો ઘણું!' પાગલે સુંદરીને ઉશ્કેરવા કહ્યું.

'પણ ખરી વાત કરવામાં તમારું જાય છે શું ? બે માનવી ભેગાં થાય ત્યારે એકબીજાંને કંઇ પૂછેકરે એમાંય તમને વાંધો !'

પેલા પુરુષે નેહની ઘેલછાના ચાળા કરતાં કહ્યું : 'જો ને બહેન, આ મારી સોહાગિણી પ્રિયતમા છે. જો તો ખરી એનું રૂપ ! અદેખી દુનિયાથી એ દેખ્યું જતું નથી. એક વાર એ થોડીક માંદી પડી તો બધાં કહેવા લાગ્યાં, આ તારી વહુ મરી ગઇ છે! અને બધાં એને સ્મશાનમાં લઇ જવા તૈયાર થઇ ગયાં. લુચ્ચા નહીં તો ! એમની વાત સાંભળીને હું ગભરાયો, અને એમનાથી મારી જાતને અને મારી પ્રિયાને બચાવવા અહીં એકાંતમાં નાસી આવ્યો ! અહીં બધું સલામત છે.'

સુંદરી તો હવે ડાહી ડાહી વાતો કરવા લાગી : 'ભાઇ, તમે અહીં મારી ભાભીને લઇને નાસી આવ્યા તે બહુ સારું કર્યું. પાપી અને જુઠ્ઠા લોકો હવે તમને કંઇ નહીં કરી શકે. બળી એ લોકોની દુનિયા !'

ધીમે ધીમે બે ગાંડાઓ વચ્ચે મિત્રતા બંધાતી ગઇ, અને વિશ્વાસ વધતો ગયો. લોકોથી દૂરની આ દુનિયામાં બેય સરખાં દુખિયારાં હતાં !

એકવાર પુરુષે મમતા બતાવીને પૂછ્યું : 'તારું અને મારા આ બનેવીનું નામ તો કહે.'

સુંદરીએ પોતાનાં નામ કહ્યાં. પેલા પુરુષે પોતાની પ્રિયતમાનું નામ માયાદેવી કહ્યું. પછી તો એકબીજા એકબીજાના જણને સાચવવાનું ભળાવીને આઘાંપાછાં પણ થવા લાગ્યાં.

આ બધી યુક્તિ અનંગકુમારે કરી હતી. અને ધીમે ધીમે તે સફળ થતી હતી. એને તો ગમે તેમ કરીને સુંદરીનો ઉદ્ધાર કરવો હતો અને એનાં માતા-પિતા અને સાસુ-સસરાનું દુઃખ દૂર કરવું હતું. એ માટે એણે સ્મશાનનો વાસ સ્વીકાર્યો હતો. એ ખૂબ ચકોરતાપૂર્વક પોતાની યોજનાને આગળ વધારવા લાગ્યો.

પ્રેમની દીવાલ વજ્રથી પણ મજબૂત હોય છે. ગમે તેવા કષ્ટ સામે પણ એ ટકી રહે છે. પણ પ્રેમમાં બેવફાઇની આશંકા સમી નાની સરખી કાંકરીનો ભાર એ ઝીલી શકતી નથી. નેહમાં જરાક શંકા ઉભી થઇ કે નેહ જમીનદોસ્ત!

અનંગકુમાર આ વાત બરાબર જાણતો હતો. એણે એકવાર ખૂબ ઉશ્કેરાયેલા સ્વરે સુંદરીને કહ્યું : 'હવે મારે અહીં નથી રહેવું ; હું આજે જ બીજે ચાલ્યો જઇશ.'

આશ્ચર્યથી ચમકીને સુંદરીએ પૂછ્યું : 'કેમ, એવું તે એકદમ શું થયું ?'

'અરે! શું થયું શું ! આજે તું બહાર ગઇ હતી અને હું જરાક આઘો હતો એવામાં મારે કાને કોઇના હાસ્યનો અવાજ અથડાયો. હું ચમકી ગયો, અને મેં જોયું કે તારો પ્રિયંકર મારી માયાદેવી સાથે છાનીછાની વાત કરતો હતો અને ચેનચાળા કરતો હતો. અને બેય હાંસી-ઠઠ્ઠામાં જાણે બધી લાજ-શરમ ખોઇ બેઠાં હતાં ! હું પાસે આવ્યો કે બેય ચૂપ! બહેન, જો આવું જ ચાલ્યાં કરે તો તો હું કો'કવાર રંડાઇ જ જાઉંને ! નફ્ફટ પુરુષને પારકી સ્ત્રીને ઉપાડી જતાં શી શરમ ?'

સુંદરી પળવાર તો ઘાયલ મૃગલીની જેમ તરફડી રહી અને પછી એનું મગજ ક્રોધને વશ થઇ ગયું. એને પ્રિયંકર ઉપર ખૂબ તિરસ્કાર આવ્યો : જેના માટે હું આટ-આટલાં દુઃખ વેઠું છું તે આવો બેવફા! અનંગકુમારની યુક્તિનું તીર બરાબર કામ કરી ગયું હતું. પણ એ વખતે એણે સુંદરીને સમજાવીને શાંત પાડી.

પણ હવે કામ પૂરું કરવાની ઘડી પાકી ગઇ હતી. સુંદરીનું મન નેહની ઘેલછાના વળગાડથી મુક્ત થવા લાગ્યું હતું. બીજે દિવસે સુંદરી જરાક આઘી ગઇ કે અનંગકુમારે બન્ને શબોને ઉપાડીને પાસેના કૂવામાં નાખી દીધાં; અને પછી પોતાની જગાએ આવી પોક મૂકીને રોવા બેઠો!

સુંદરી દોડતી દોડતી પાછી આવી. જોયું તો એકે શબ ત્યાં ન મળે, અને માયાનો પતિ ત્યાં વિલાપ કરતો બેઠો હતો ! એ તો હેબતાઇ ગઇ : પળવારમાં આ શું થઇ ગયું ?

સુંદરીએ બહુ બહુ કાલાવાલા કર્યા ત્યારે અનંગકુમારે કહ્યું : 'બહેન, તને શું કહું ? તું આમ ગઇ અને હું જરા પેલી બાજુ ગયો, એવામાં, મારી નજર ચુકાવીને, બેય નાસી ગયાં અને હું આંખો ચોળતો રહી ગયો ! મારું તો બધુંય લૂંટાઇ ગયું ! હવે હું એકલો શું કરીશ અને કેમ કરી જીવી શકીશ ?'

સુંદરીના ગાંડપણનું ઝેર હવે ઊતરી ગયું હતું. એણે લાગણીભીના સાદે કહ્યું : 'ભાઇ, હું તારી બહેન જીવતી-જાગતી બેઠી છું, પછી તું એકલો શાનો ? એ બેનાં મનમાં પાપ વસ્યું હતું!

એવાં પાપિયાં તો નાસી ગયાં જ સારાં! એમનાં કર્યાં એ ભોગવશે ! આપણે બેય ભાઇ-બહેન વીતરાગ ભગવાનનું નામ લઇ આપણું ભલું કરીશું!'

અનંગકુમારને જે જોઇતું હતું તે મળી ગયું.

તરત જ બન્ને સ્મશાનમાંથી પાછાં ફર્યા : પાછાં ફરતી વખતે અનંગકુમારે સુંદરીને ધર્મની કંઇ કંઇ વાતો કરીને એની ધર્મશ્રદ્ધાને દૃઢ બનાવી. અનંગકુમાર બરાબર સમજતો હતો કે આવી નાની વયની વિધવા નારીને માટે ધર્મના આશ્રય સિવાય બીજો એકપણ તરણોપાય ન હતો; અને એને આધારે જ એના જીવનની પવિત્રતા સચવાઇ રહેવાની છે.

પોતાની વાત સુંદરીને સમજાવવાની અનંગકુમારને અત્યારે જે સોનેરી તક મળી ગઇ, એનો એણે પૂરેપૂરો ઉપયોગ કરી લીધો. ગમે તેમ કરીને પારકાનું ભલું કરવું એ જ જાણે એનું જીવનકાર્ય બની ગયું હતું : પારકાના ભલામાં જ એ પોતાનું ભલું જોતો.

સુંદરી પણ સુપાત્ર નીવડી. અનંગકુમારે કહેલી ધર્મની વાતો અને હિતશિખામણો એણે પોતાના હૃદયકચોળામાં સંઘરી લીધી. અને, કથા તો એમ કહે છે કે, એના પ્રતાપે સુંદરીના અંતરમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અપૂર્વ પ્રકાશ રેલાવાનો પ્રારંભ થયો. સુંદરી સાવ બદલાઇ ગઇ. દેહની સુંદરી હવે હૃદયની સુંદરી બનવા તરફ વળી ગઇ !

સાકેતનગરીએ તે દિવસે બીજું કૂતુહલ દીઠું : નેહઘેલી સુંદરી શાણી બનીને નગરમાં પાછી ફરતી હતી ! સ્વજનો હર્ષ ઘેલાં બની એને આવકારી રહ્યાં.

અનંગકુમારનું ધર્મકાર્ય સફળ થયું. સર્વત્ર એનો જયજયકાર ગુંજી રહ્યો.

★★★

એ વાતને યુગોના યુગો વીતી ગયા, છતાં લાગણીના તંતુ નિર્મૂળ ન થયા.

ભૂતકાળની એ કથાનો તંતુ સમયની સાથે આ રીતે આગળ વધે છે :-

યુવરાજ મણિરથકુમાર જબરો શિકારી હતો. ઊડતાં પ્રખીઓને પાડી દેવાં અને તીર વેગે દોડતાં પશુઓને ઘાયલ કરવાં એને મન રમતવાત હતી. એ ધાર્યાં નિશાન પાડતો અને ભલભલાં વિકરાળ પશુઓને પડકારતાં પણ ક્યારેય પાછો ન પડતો. એ જેવો નિશાનબાજ હતો એવો જ

શક્તિશાળી અને હિંમતેમર્દા હતો. શિકારનું વ્યસન જાણે એના રોમરોમમાં વ્યાપી ગયું હતું.

એ કાકંદીનગરીના રાજા કંચનરથનો પુત્ર હતો. રાજાજી હંમેશાં યુવરાજના આ વ્યસનથી ખૂબ ચિંતિત રહેતાઃ શિકારમાં જાનના જોખમની ચિંતા તો ખરી જ; ઉપરાંત એ વ્યસને વળગેલાં બીજાં દુર્વ્યસનોને લીધે જિંદગી આખી જાણે દુર્ગુણોનું ઘર બની જવાનો ભય હતો. આવો દુર્વ્યસની યુવરાજ કેવી રીતે રાજપાટને સાચવવા શક્તિશાળી બને? રાણી ઇંદીવર પણ પોતાના પુત્રને માટે રાત-દિવસ ચિંતા કર્યા કરતી.

રાજા, રાણી અને પ્રધાન વગેરે સૌ આ દુર્વ્યસનથી પાછા વળવા મણિરથકુમારને ઘણું ઘણું સમજાવતા, પણ કોઇની વાત એ કાને ધરતો નહીં - જાણે, કોઇ ભૂતના વળગાડવાળા માનવીની જેમ, એને શિકારનો વળગાડ જ વળગ્યો હતો, અને એને એ પોતે પરાધીન બની ગયો હતો. શિકારે ચડ્યા વગર એને ચેન જ પડતું ન હતું.

એ બધાંય જંગલોનો ભોમિયો બની ગયો હતો. એ જે જંગલમાં શિકારે જતો ત્યાંનાં પશુઓ, જાણે જંગલમાં દાવાનળ સળગી ઊઠયો હોય એમ, ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ઊઠતાં. પશુ-પંખીઓનો એ સાક્ષાત્ યમરાજ બની બેઠો હતો.

એ પ્રદેશમાં એક કૌશાંબ નામે વન હતું. એ વનમાં મૃગ, સાબર, સસલાં જેવા પામર પશુઓ વધારે વસતાં હતાં. કયાંક કયાંક વરાહ (સૂવર) પણ દેખા દેતાં. આજે મણિરથકુમાર એ વનમાં શિકારે જઇ ચડ્યો.

એણે મૃગલાંનું એક ટોળું જોયું. ગેલ કરતું નાચતું-કૂદતું એ ટોળું જોઇને મણિરથકુમારને આકડેથી મધ ઉતારી લેવા જેવું લાગ્યું. તરત જ એણે ધનુષ્ય ઉપર તીર ચડાવ્યું અને નિશાન લઇને તીર છૂટું મૂકયું. ધનુષના ટંકારથી વગડો ગાજી ઉઠયો. મૃગલાંઓ ભયભીત બનીને ચોમેર નાસી ગયાં. એકપણ મૃગ તે દિવસે ઘાયલ ન થયું : મણિરથકુમારનું નિશાન આજે ખાલી ગયું.; માનો, એ નિષ્ફળ તીર એના અભિમાની અંતરને જ ઘાયલ કરતું ગયું ! એ માથું ઢાળીને વિમાસી રહ્યો : આજે આ કેવું આશ્ચર્ય !

થોડી જ પળો પછી એણે માથું ઊંચું કરી સામે નજર કરી તો એના કરતાંય મોટું આશ્ચર્ય સામે ખડું હતું : ધનુષ્યના ટંકારથી ભયભીત બનીને નાનાં-મોટાં બધાંય મૃગલાં ત્યાંથી નાસી ગયાં

હતાં, પણ એક સુકુમાર મૃગલી મણિરથકુમાર તરફ જ પોતાની આંખો સ્થિર કરીને સ્વસ્થપણે ત્યાં ખડી હતી! એને અત્યારે કોઈપણ ભય સતાવતો ન હતો : જાણે પોતાના આંગણામાં સહીસલામત હોય એવી નિર્ભય બનીને એ ઊભી હતી.

મણિરથકુમાર પણ એની સામે પળવાર અનિમેષ નેત્રે જોઇ રહ્યો. બીજી પળે એને વિચાર આવ્યો : કદાચ આ ભોળા પશુના અંતરમાં ભયની સ્તબ્ધતા વ્યાપી ગઇ હોય અને, એનાં ગાત્રો શિથિલ થઇ જવાને કારણે, એ ચાલવા-દોડવા અશક્ત બની ગઇ હોય !

એ ધીમે પગલે મૃગલી તરફ આગળ વધ્યો, પણ મૃગલી તો હજીય એની સામે નજર ઠેરવીને જ ખડી હતી. મણિરથ મૃગલીને પંપાળવા લાગ્યો. મૃગલી એની સાથે ગેલ કરવા લાગી. મૃગલીની આંખો લાગણીથી કંઇક ભીની બની ગઇ. એ જોઇને મણિરથકુમારની આંખોમાં પણ જળજળિયાં આવી ગયાં.

આજનો દિવસ ભારે વિચિત્રતા લઇને ઊગ્યો હતો. જાણે શિકાર કરતાં કરતાં આજે એનું અંતર જ વીંધાઇ ગયું હતું, અને એમાંથી દયા, મમતા, કરુણાનો સાવ અપરિચિત રસ ઝરવા લાગ્યો હતો. આવી લાગણીશીલતાનો ભાર એનું કઠોર હૈયું ન ઉઠાવી શક્યું. એ પાછો ફરીને ચાલવા લાગ્યો તો પેલી મૃગલી પણ, જાણે એની સાથીદાર હોય એમ, પાછળ પાછળ આવવા લાગી. જાણે એ મૃગલીની મૂક વાણી એના અંતરને જગાડી ગઇ હોય એમ મણિરથ-કુમારે પોતાના ધનુષ અને તીરના ટુકડા કરીને ફેંકી દીધા; અને હવેથી કોઇપણ જીવનો શિકાર નહીં કરવાની પ્રતિજ્ઞા કરી !

પણ હજીય એના અંતરને નિરાંત ન વળી : વારેવારે એના અંતરમાં એક જ સવાલ ઊઠતો હતો કે આ મૃગલીને અને મારે એવો તે કેવો સંબંધ હશે કે મારા જેવા ક્રૂર માણસથી ભય પામીને નાસી જવાને બદલે મારા નજીકમાં રહેવામાં જ એ શાતા અનુભવે છે ? પણ એનો ઉત્તર મળવો સહેલો ન હતો. અને આ પ્રસંગનો ભેદ મેળવ્યા વગર એના ચિત્તને નિરાંત પણ થવાની ન હતી. એ તો ઊંડા વિચારમાં ઊતરી ગયો.

વિચાર કરતાં કરતાં એને નગરમાં બોલાતી વાત યાદ આવી કે આજે સર્વજ્ઞ ભગવાન મહાવીર નગરના ઉદ્યાનમાં સમોસર્યા છે. એ મહાજ્ઞાની ભગવાન ભલભલા કોયડાનો ભેદ

ઉકેલી આપે છે. અને મણિરથકુમારે ભગવાનના સમવસરણ તરફ ઝડપથી પગ ઉપાડ્યા.

એના અંતરમાં અત્યારે એક જ ઝંખના હતી કે ક્યારે પ્રભુ પાસે પહોંચું અને ક્યારે આ વાતનો મર્મ પામું.

★★★

ભગવાન મહાવીરની ધર્મ દેશના પૂરી થઈ અને પર્ષદા વીખરાઈ ગઈઃ પણ રાજા કંચનરથ પોતાની રાણી સાથે ત્યાં જ બેસી રહ્યા. એમને તો રાજ્યના અને યુવરાજના ભાવીની ચિંતા હંમેશાં સતાવ્યા કરતી હતી. એમણે ભગવાનને પ્રશ્ન કર્યો : 'ભગવાન્! મારો પુત્ર મણિરથકુમાર ભવ્ય છે કે અભવ્ય? એનું ભાવી કેવું છે ?'

ભગવાને ઉત્તર આપ્યો : 'રાજન્, તમારો પુત્ર ભવ્ય છે એટલું જ નહીં, એ આ ભવે જ મોક્ષના શાશ્વત સુખનો અધિકારી બનવાનો છે. અત્યારે એ આ તરફ જ આવી રહ્યો છે, અને એની સાથે એક મૃગલી પણ અહીં આવી રહી છે!'

ભગવાનની વાણી પૂરી થઈ અને મણિરથકુમાર અને મૃગલી ત્યાં આવી પહોંચ્યાં.

મણિરથકુમાર ભગવાનના ચરણોમાં ઝૂકી ગયો. રાજા-રાણીએ જોયું કે એનો અવતાર જ બદલાઈ ગયો હતો ! એમનાં અંતર શાંતિ અનુભવી રહ્યાં.

પછી મણિરથકુમારની જિજ્ઞાસાને પૂરી કરતાં ભગવાન મહાવીરે કરુણાભર્યા સ્વરે કહ્યું: 'મહાનુભાવ, સ્નેહતંતુના તાણાવાણા બહુ મજબૂત હોય છે; અને યુગોના યુગો વીતવા છતાં એ નાશ પામતા નથી. એના રહસ્યને પામવાનું બધાને માટે સહેલું નથી.'

કુમાર પ્રભુની વાણીને હૃદયના કચોળામાં ઝીલી રહ્યો.

ભગવાને વાતનો ભેદ ખુલ્લો કરતાં કહ્યું : 'કુમાર, યુગોના યુગો પહેલાંની વાત છે. ત્યારે તારો જીવ, મારો જીવ અને આ મૃગલીનો જીવ સ્નેહના સુકોમળ છતાં અતૂટ બંધનથી બંધાયેલા હતા : તું ત્યારે સુંદરી નામે સ્ત્રીના અવતારે હતો; મારા આત્માએ એ સમયે અનંગકુમારનું ખોળિયું ધારણ કરેલું હતું; અને મૃગલી તે કાળે શ્રેષ્ઠીપુત્ર પ્રિયંકરના અવતારે હતી. પ્રિયંકર અને સુંદરી વચ્ચે ત્યારે પતિ-પત્ની રૂપે અવિહડ સ્નેહ હતો. જુગજુગ વીત્યા પછી આજે વેરાન વગડામાં સ્નેહનો એ તંતુ આ મૃગલીમાં સજીવન બન્યો ! સંસારનાં મોહ-માયાનાં બંધન આવાં અતૂટ અને

યુગોના યુગો સુધી ટકી રહે એવાં હોય છે. જે ધર્માત્મા સંયમને માર્ગે સમતાની આરાધના કરી, કોઈનેય નુકશાન કર્યા વગર, એ બંધનથી મુક્ત થાય છે તે મોક્ષના અનંત આનંદનો અધિકારી બને છે.'

મણિરથકુમાર પ્રભુની વાણીને અભિનંદી અને અભિવંદી રહ્યો.

એણે સદાને માટે ભગવાન મહાવીરના ચરણમાં પોતાનું સ્થાન શોધી લીધું.

**શ્રી મહાવીર વિદ્યાલય**
**સુવર્ણ મહોત્સવ ગ્રંથ (બીજો ખંડ)**
**પાના નં. ૧૧૨-૧૧૩ માંથી સાભાર**

# નારી તીક્ષ્ણ કૃપાણ

**:: પ્રસ્તાવના ::**

ઉત્તર ગુજરાતના એક ગામમાં બની ગયેલી સત્ય ઘટના અહિં શબ્દદેહ પામે છે. સારી સંખ્યા ધરાવતા શ્રાવકોની વસતીવાળા આ ગામમાં ૬૩ વર્ષ પૂર્વે બની ગયેલી ઘટના સ્હેજપણ અતિશયોક્તિ વિના રજૂ કરી છે. આ કથાની મૂળ વસ્તુ એ છે કે, એક અતિપવિત્ર મહાત્મા, સાધનાપંથે ચઢતાં પ્રમાદના કારણે કેવું કરૂણ પતન પામે છે; તે હકીકતના પૂર્વાર્ધમાં આ પ્રકરણ જૈનોની તે કાલે જીવદયા માટે તેમજ જીવરક્ષા માટે કેટલી કાળજી હતી તે દર્શાવી છે.

## ૧

## ...રાવણ સરખા રાજાનું પણ નથી રહ્યું અભિમાન...

વિક્રમ સવંત ૧૯૫૬ ની સાલ.

એ સાલમાં કારમો દુકાળ પડ્યો હતો. લોકો અન્નજળ વગર ટળવળતા હતા.

પૃથ્વી સંતપ્ત હતી.

વર્ષાઋતુનું પ્રથમ ચરણ ચાલતું હતું, છતાંય નીરનું એક બુંદ પણ વરસ્યું ન હતું.

આકાશમાં શુભ્ર વાદળીઓ દેખાતી હતી અને પવનને ઝપાટે ચાલી જતી હતી.

આકાશમાં જલથી ભરેલી કાજલઘેરી ઘનઘટાને બદલે ધૂળના વાદળના ગોટે ગોટા ઉંચા ચડતા હતા.

જે સમયે સમગ્ર પૃથ્વી લીલીકુંજાર શસ્ય-શ્યામલા થઇ જતી હતી, શીતલ થઇ જતી હતી તે સમયે જ્યાં દૃષ્ટિ નાખીએ ત્યાં સૂકા ભૂંઠ ખેતરો નજરે આવતા હતા.

...કાળી કાળી મટોડી, બપોરે અંગારા જેવી તપતી હતી.

મધરાતનો પવન પણ ઠંડો લાગતો ન હતો.

ગામનું તળાવ પણ લગભગ સૂકાઇ ગયું હતું. એના એક ભાગમાં થોડું પાણી હતું. એમાં

સહસ્રશઃ જલજંતુઓ તરફડતા હતાં.

નાના નાના દેડકા હતા.

મોટા મોટા કાચબા હતા.

બબ્બે હાથ લાંબા માછલાં હતાં.

ગામના જૈનોને એમનો તરફડાટ જોયો ન ગયો. એમણે તળાવના એક ભાગમાં મોટો હોજ બનાવડાવ્યો.

કૂવાના નીરથી એને ભરાવી દીધો.

બધાં જલજંતુઓ એમાં મૂકાવી દીધા.

સવારે અને સાંજે એ હોજમાં પાણી ભરાવતા હતાં. એવામાં...

પરગામના માથાભારે ઠાકરડાઓની આ નિર્દોષ જલ-જીવો ઉપર નજર બગડી. એ લોકો હોજમાંથી માછલાં પકડી જવા લાગ્યાં.

જૈનોને આ વાતની ખબર પડતાં એમણે જલ-જીવોની રક્ષા માટે બે-ચાર ચોકીદારોને હોજ ઉપર રાખ્યા... પરંતુ... ઠાકરડાઓ તો ચોકીદારોને પણ મારી મારી માછલા પકડી જવા લાગ્યાં.

જૈનોએ એ લોકોને સમજાવ્યા, પણ એ લોકો ન સમજ્યા. અપમાન કર્યું.

એ વર્ષે ગામમાં એક મુનિમહારાજ ચાતુર્માસ રહ્યાં હતા.

શ્રી મયાવિજયજી એમનું નામ.

બ્રહ્મનાં તેજ તેમના લલાટ પર તગતગે. નયનોમાં કોઇ અગમ્ય સિદ્ધિની દીપ્તિ ઝગમગે.

સાધુતા સુરનદીના જલ સમી વિમલ.

ચારિત્ર પાલન અતિ કઠોર.

એમની પાસે જૈનો ગયા. બધી વાત કરી અને આ ઘોર હિંસા અટકાવવા માટે કંઇ ઉપાય કરવા વિનંતી કરી કરગર્યાં.

મહારાજે થોડાં ગાભા મંગાવ્યા અને તેનો અશ્વ બનાવ્યો. પછી એ અશ્વ ઉપર મંત્ર

ભણીને વાસક્ષેપ કર્યો.

દેવાધિષ્ઠિત એ ચિવરતુરગને આપતા એમણે જણાવ્યું કે -

આ અશ્વને હોજના કાંઠે રહેલા પીપળના વૃક્ષ ઉપર બાંધજો અને નીચે બે ચાર જણા સુઇ રહેજો.

શ્રાવકોએ એ બધી વિધિ કરી અને ચોકીદારોને ત્યાં સુવાડયા.

મધરાત શાંત ધબકતી હતી.

પવન કોઇનીય રોકટોક વગર શાંતપણે વહી રહ્યો હતો.

તળાવનાં કાંઠે ઉભેલા સૂકા વૃક્ષો અંધારામાં કાળાંકાળાં પ્રેત જેવા લાગતા હતા.

હોજની અંદર જલ-જંતુઓનાં અવાજ વચ્ચે વચ્ચે નીરવતાનો ભંગ કરતાં હતાં. બાકી બધે નીરવ શાંતિ પથરાઇ ગઇ હતી.

સચરાચર જગત મને કે કમને નીંદરમાં પડ્યું હતું.

એ સમયે તળાવમાં બે કાળા ઓળા ઉતર્યા, એ પેલા ઠાકરડાઓ હતા. એ ‘હરામ-ખોરો’ માછલાં પકડવા આવ્યા હતા.

ધીમે ધીમે બેય આગળ વધ્યા અને હોજ પાસે આવી પહોંચ્યા. જાળ તૈયાર કરી. જ્યાં હોજમાં નાંખવા ગયા ત્યાં સામેથી અવાજ ગાજ્યોઃ

‘ખબરદાર! એમ ને એમ ઉભા રહો?’

આ અવાજ સાંભળીને બંને જણ એક પળ (માટે) થંભી ગયા.

... અને વળતી જ પળે નખશીખ શસ્ત્રોથી સજ્જ પાંચ-સાત ઘોડેસવારો સામેથી ધસી આવતા દેખાયા.

‘એલ્યા સગના! આતો ભારે થઇ?’ બેમાંથી એક જણે કહ્યું.

‘એલ્યા હવે બોલ્યા સાલ્યા વગર નાહવા માંડ આ તારા બાપ હાવ પાહે આઇ પોંક્યા ! નઇ ભાજીએ તો ચાંક જીવના જાહુ’ બીજો બોલ્યો.

...ને બેય જણા જાળ ત્યાં જ પડતી મૂકીને મૂઠી વાળીને પોતાના ગામ તરફ નાઠા, કે

વહેલું આવજો ઘરનું બાર!

બારણું ઉઘાડી બેય જણા ઘરમાં ઘુસી ગયા અને શાંતિનો શ્વાસ લીધો. ઘરનાં બારણા બંધ કર્યા.

થોડીવાર બેઉ જણા મૂકપણે બેસી રહ્યા, થાક ઉતાર્યો, પછી બની ગયેલા પ્રસંગ ઉપર ગુફતેગો-ગુસપુસ કરવા લાગ્યા.

'સગના! મારા બેટા વાણીયાઓએ ભારે કરી! સપઇડા રાસ્યા લાગેસે' પહેલો બોલ્યો.

'હારા મૂરખા! તારામાં બુદ્ધિનો સાંટો ય નહી. સપઇડા ચાં હતા? સપઇડાને તો બે અડબોથ મારી નહાડી મેલીએ. આ તો મારા હાહરાના ઘોડેસવારો હતાં !'

દીવેલ પીધા જેવું મોં કરીને-બગાડીને પોંચાએ કહ્યું :

'તો પસે સગના ! કાલે ચમ કર હું? આજે તો પાસા આયા, પણ આ સવારે આવહે તો કાલેય પાસા આવવું પડહે. માટે કંઇ ઉપાય કરવો જોવે. મારી બુદ્ધિ તો બેર મારી જૈસે. તું કંઇ બુદ્ધિ સલાવ!'

'જો પાંસા! મને તો ઇમ સૂઝે સે કે કાલે દન ઉગ્યે આપણા સંધાય સાથીદારુંને ભેગા કરીએ. પસે ઇમને આ વાત કરીએ, અને એ બધાયનો મત પડે ઇમ કરહું. મારી યે બુદ્ધિ આમાં સાલતી નથી. બોલ, તારો સો વચાર?' છગનાએ કહ્યું.

'મારે તો કંઇ વચાર નથી. હું તો તું કે એમ કરું. તો પસે હવારે બધા ભેગા થાય ત્યારે વાત. અત્યારે તો એક મઝાની ઉંઝ ખેંસી કાઢીએ' મનનું સમાધાન કરતો પાંચો બોલ્યો.

'હા, એમ જ કરીએ. થાક ઉતરી જાહે એટલે હવારે કંઇ બુદ્ધિ એ સાલશે.' છગનાએ પૂર્ણવિરામ કરતાં ખાટલામાં દેહ લંબાવી દીધો.

સવાર પડી.

કૂકડાઓએ સૂરજ મહારાજાના આગમનની છડી પોકારી.

ઉષાનાં અજવાળા પૃથ્વી ઉપર પથરાઇ ગયાં.

સમગ્ર પૃથ્વી જાણે કુંકુંમમય થઇ ગઇ.

બાલ-સૂર્ય પોતાના મૃદુ મૃદુ કિરણોરૂપી સહસ્રકર વડે વિશ્વના જંતુઓને જાગૃત કરવા માંડ્યો.

પ્રહર દિવસ ચડયો-ત્યારે પેલા ઉંઘણસી જાગ્યા. જલ્દી જલ્દી દંતધાવનાદિક કાર્ય પતાવી એ લોકોએ બધ ઠાકરડાઓને 'છાની જગાએ' ભેગા કર્યા.

રાત્રીની બધી વાત કહી.

એ વાત સાંભળી બધા હેબતાઇ ગયા,

અને મનમાં બોલી ઉઠયાં કે, વાણીયાઓએ જબરી હિંમત કરી!

થોડી ચર્ચા-વિચારણાને અંતે બધાએ એમ નક્કી કર્યું કે હમણાં (ચાર-પાંચ દિવસ સુધી) કોઇએ માછલાં પકડવા જવું નહીં, ચાર-પાંચ દિવસ પછી પંદર-વીસ જણાએ ભેગા થઇ જવું અને ત્યાં શું બને છે તેની તપાસ કરવી.

ચાર-પાંચ દિવસ વીતી ગયા બાદ એક મધરાતે સરખે સરખા પંદર-વીસ જણા ભેગા થઇ હોજ ઉપર જવા ઉપડ્યા.

આ લોકો, કોઇને ખબર ન  પડે તેમ ધીમે પગલે હોજ પાસે ગયા-પહોંચ્યા.

જેવા બધાં માંછલાં પકડવા માટે હોજમાં પડવા ગયા તેવા જ સામેથી 'મારો! મારો!' કરતાં ચાલીસથી પચાસ ઘોડેસવારો છુટ્યા.

બધા ઠાકરડાઓ નાઠા, અને માંડ માંડ ગામના ગોંદરે પહોંચ્યો.

ભયના કારણે તેમના શ્વાસની ધમણ જોરથી ધબકતી હતી.

પંદર-વીસમાંથી બે ચાર જણા તો ત્યાં જ ઢળી પડ્યા.

સવારના પહોંરમાં જ બધા ઠાકરડાઓ ત્યાં ભેગા થયા. આ બનાવથી એ બધા ખૂબ ક્રુદ્ધ થઇ ગયા હતાં.

આજે એમના અભિમાન ઉપર જબ્બર થપ્પડ પડી હતી.

અભિમાની માનવો મદથી મત્ત થઇને કરેલા અવિચારી કાર્ય પર હંમેશા થપ્પડ જ ખાતા આવ્યા છે.

થપ્પડ ખાધા પછી પણ એમનું અભિમાન ઉતરતું નથી. એ એટલું પણ સમજી શકતા નથી કે અભિમાન તો ભલભલા ચક્રવર્તી સમ્રાટોનું પણ રહ્યું નથી, તો અમારા જેવા સામાન્ય માનવોની શી ગણત્રી?

અત્યાર સુધી એ મદમત્ત ઠાકરડાઓ એમ માનતા હતા કે એમને કોઇ કહેનાર જ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે કરવા તેઓ સ્વતંત્ર છે, પણ આજે એમનો ભ્રમ ભાંગી ગયો. એમને પડકાર ફેંકનાર કોઇક માડી જાયા નીકળ્યા હતા.

એમનો ક્રોધ શરીરમાં માતો ન હતો. નેત્રો મરચાં જેવાં લાલ ધૂમ થઇ ગયા હતાં. કંઇનું કંઇ કરવા એ તત્પર થઇ રહ્યાં હતાં. મોટેરાઓએ એમને શાંત કર્યા. વિચારીને આગળ પગલું ભરવાનું સૂચન કર્યું. બધાને એ વાત ગમી.

સર્વએ વિચાર કરીને એમ નક્કી કર્યું કે વાણીયાઓ પોતાની ઘોડેસ્વારોની ટુકડીઓ ક્યાં રાખે છે અને કેટલી છે એની તપાસ કરી, આગળ પગલું ભરીશું.

ઘોડેસવારો વિશે છગનાને અને પોંચાને કંઇ ખ્યાલ-ખબર હોય, તો પ્રથમ તેમને પૂછીએ એમ મોટેરાઓએ જણાવ્યું.

પછી તેમણે છગનાને પૂછ્યું : પણ એ બાબતનો પોતે અજાણ છે એમ તેણે કહ્યું - જણાવ્યું.

છેવટે મોટેરાઓએ સર્વને ઉદ્દેશીને કહ્યું : ‘સગડીઆ જુવાનો ! તપાસ કરવા જાઓ. એ વાતની જાણ મળે પછી શું કરવું તેનો વિચાર કરીશું. તપાસ કરીને ચાર દિવસ પછી આ સમયે તમે બધા અહીં આવજો અને ત્યાં સુધી કોઈપણ ઠાકરડાઓએ માછલા પકડવા જવું નહીં.’ વાત પૂરી થતાં બધા વિખરાઇ ગયાં, ઘોડા અને ઘોડેસ્વારોની તપાસ કરવા સૌ મચી પડ્યા.

વન જોયાં, વગડા જોયાં, ગામ જોયાં, વાડા જોયાં અને ગામના ખંડેરો પણ જોયાં : કોઇએ તળાવના કાંઠે ઉભેલા વૃક્ષો ઉપર, રાતના છુપાઇને હોજની ચોકીયે કરી, પણ ઘોડા અને ઘોડેસવારોનો પત્તો ન મળ્યો.

ઘોડાના સગડ પણ ન મળ્યા, જેના આધારે ઘોડેસવારો ક્યાંથી આવે છે તેની તપાસ કરી શકાય.

આસપાસના જુદાં-જુદાં ગામના લોકોને પૂછી જોયું પણ બધાંય આ વાતથી અજાણ હતા.

ઘોડેસવારો ક્યા અગમ્ય પ્રદેશમાંથી આવે છે તેની તેમને સમજણ ન પડી.

વાતવાતમાં ચાર દિવસ વીતી ગયાં. પાંચમાં દિવસનું પ્રભાત થયું.

નિરાશાના ભારથી ખૂબ થાકી ગયેલા, સગડીયા જુવાનો લથડતે પગે સંકેતને સ્થળે પહોંચ્યા.

ગામે ગામના સેંકડો ઠાકરડાઓ ત્યાં ભેગા થયા હતા.

મોટેરાઓએ સગડીયા જુવાનોને ત્યાં વાત પૂછી 'કંઈપણ વાવડ-પત્તો' નથી એવો એ બધાનો નિરાશાભર્યો ઉત્તર મળ્યો.

આ ઉત્તર સાંભળીને ભેગા થયેલા સૌ લોકો આશ્ચર્યના જલધિમાં ડૂબી ગયા.

'આટલા બધાં ઘોડાં અને સૈનિકોને વાણિયાઓએ ક્યાં છુપાવ્યાં હશે' એ પ્રશ્ન સૌને મૂંઝવી રહ્યો.

...અને એકદમ આશ્ચર્યની વાત તો એ હતી કે 'આટલાં બધાં ઘોડેસવારો આવતા હતા છતાંય આસપાસના પંથકના કોઇ ગામજનોને એની ગંધ પણ ન હતી. હોજના જલ-જંતુઓની રક્ષા માટે સેંકડો ઘોડેસ્વારો આવે છે એ વાત હોજના ચોકીદારો પણ જાણતા ન હતા'.

બધાં મોટેરાંઓને પણ આમાં કંઇ સમજણ પડતી ન હતી.

જુવાન ઠાકરડાઓ હવે ખૂબ ઉશ્કેરાયા. મોટેરાઓ હવે તેમને શાંત પાડી શકે તેમ ન હતા.

પાતાળમાંથી પણ વસ્તુને શોધી કાઢનારી એમની ચૌર્યકલાનું એમનું અભિમાન ઉતરી ગયું હતું. ઘોડા અને ઘોડેસ્વારો જેવી છુપી ન રહી શકે એવી વસ્તુ શોધવામાં એ નિષ્ફળ નીવડી હતી. એ લોકો જેમને કંઇ ગણતા ન હતા એવા ભાજીખાંઉ વાણિયાઓ તેમને છક્કડ ખવડાવતા હતા. એમનાથી આ અપમાન સહ્યું જાય તેમ ન હતું.

## ૨

## ...શીલ અખંડિત જેહનું, તાસ દાસ સવિદેવ...

હવે એ બધાં 'મારૂં કે મરૂં' એ નિર્ણય પર આવી ગયા હતા, બધાએ સહમત થઇને નક્કી

કર્યું કે, 'આજે રાત્રે સવાસો બહાદુર જવાનોએ હોજ પર જવું, અને જો ઘોડેસ્વારો આવે તો તેમના ઉપર તૂટી પડવું અને તેમને કાપી નાંખવા.'

કષાયના આવેશથી અંધ બનેલા માનવો સારાસારાનો વિચાર કર્યા વગર ખોટા નિર્ણયો લઇ લે છે, પણ પછી એમને એનું ખરાબ પરિણામ તો ભોગવવું પડે છે.

સમ્ સમ્ કરતી રાત વહ્યે જતી હતી.

નિશાના બીજા પ્રહરની અંતિમ ઘટિકા ચાલી રહી હતી.

નિશાચરોને પોતાના કાર્ય માટે આ જ સમય અનુકૂળ હોય છે. આ સમયે સમગ્ર વિશ્વ મીઠી નીંદર માણી રહ્યું હોય છે. એટલે કોઇ એમને દખલ કરનાર હોતું નથી.

ગામ આખું સૂમસામ હતું. કયાંય કોઇ ચકલું યે ફરકતું ન હતું.

આ સમયે સો થી સવાસો નિશાચરોનું એક મંડળ તળાવ માર્ગ ઉપર કૂચ કરી રહ્યું. એમના ભારેખમ પગરવો, આખા દિવસના શ્રમથી થાકી આરામમાં પડેલા નિર્જન માર્ગની નિદ્રાનો ભંગ કરી રહ્યા.

એ બધા ઠાકરડાઓ હતા.

જલજંતુઓની રક્ષા કરતા ઘોડેસવારોને શિકસ્ત આપવા તેઓ જઇ રહ્યા હતાં.

'देहं पातयामि कार्यं वा साधयामि'ના નિશ્ચય સાથે તેઓ નીકળ્યા હતા.

બધાય અવનવા શસ્ત્રોથી સજ્જ હતા.

કોઈની કેડે નાગની લપકતી જીહ્વા જેવી તીક્ષ્ણ તલવાર લટકતી હતી. કોઇને ખભે કડીયાળી ડાંગ હતી. અને કોઈના હાથમાં ભાલા હતા. કોઇ ભડવીર પોતાના હાથમાં તીક્ષ્ણ ફરસી રમાડતો હતો.

નીલ ગગનમાં હિરકની જેમ ચમકતા નાના નાના તારલિયાઓ ઝાંખા પ્રકાશના મિષથી એમની આ મૂર્ખાઇ ઉપર ઉપહાસભર્યું હાસ્ય વેરી રહ્યા હતા.

મંદ મંદ વાતા સમીરથી આંદોલિત થતી લતાઓ એના છેડાઓ હલાવીને જાણે એમને આ મૂર્ખાઇથી પાછા હઠવાનું કહી રહી હતી.

...અને એમના પદરવોથી જાગી ઉઠેલા નાના નાના પક્ષીશાવો શોર મચાવીને જાણે એમને શાન્ત થવાની વિનંતી કરી રહ્યા હતા.

પણ એ બૂડથલોને પ્રકૃતિની આ આજ્ઞાઓ સાંભળવાની પણ ક્યાં ફુરસદ હતી? એ તો તેમની ધૂનમાં જ મસ્ત-લીન હતા.

ધીમે ધીમે ચાલતા ચાલતા એ લોકો હોજની સમીપમાં આવી પહોંચ્યા.

હોજના ચોકીદારો દૂરથી આ લશ્કરને આવતું જોઇને ભયના માર્યા ઝાડ ઉપર છુપાઇ ગયા.

હોજના કાંઠે ઉભેલા આંબલીના વૃક્ષ નીચે એ લશ્કર બેઠું. બધાએ શસ્ત્રો હાથમાં જ રાખ્યા હતાં. જો કોઇ ત્યાંથી નીકળે તો તરત જ કાપી નાખીએ એવો દઢ નિશ્ચય એમના સખ્ત બીડાયેલ હોઠ ઉપર વર્તાતો હતો.

બધાંયે ૦ાા થી ૧ કલાક સુધી રાહ જોઇ, પણ કોઇ ન આવ્યું.

...પછી તેઓ ચલમ ફૂંકવા લાગ્યા, અને સૌ પોતપોતાની બડાશ હાંકવા લાગ્યા. એમને એમ બીજો એક કલાક વહી ગયો, પણ એક પણ ઘોડેસવાર તેમની ખબર લેવા ન આવ્યો.

રાહ જોઇ જોઇને હવે તેઓ થાકી ગયા.

એમને એમ લાગ્યું કે પહેલાં આવેલા જુવાનોને ભ્રમ થયો હશે અથવા તો અમારી તૈયારી જોઇને બધા ઘોડેસવારો ભાગી ગયા હશે, કારણ કે કોઇપણ અહીંયા હોત તો અત્યાર સુધીમાં કયારનું યે આવી ગયું હોત...

હોજમાંના મોટા મોટા મત્સ્યોને જોઇને એમની જીભ તો કયારની યે સળવળતી હતી. અત્યાર સુધી એ લાલચ રોકી હતી. પણ હવે ધીરજ ખૂટી.

દશબાર દિવસથી એમને માછલાં મળ્યા ન હતા. આજે એમને બધું સાટું વાળી નાંખવું હતું.

એમણે હવે એમ જ માની લીધું કે હવે અહીં કોઇ આવવાનું જ નથી. માટે જેટલાં માછલાં લઇ જવાય એટલા લઇ જઇએ.

તળાવના સૂકા ભાગમાં બધાએ વસ્ત્રો ઉતાર્યા. હથિયાર પણ ત્યાં જ મૂકયાં. ફકત પોતડી શરીર ઉપર રાખી, બધાય 'હું પહેલો...હું પહેલો' એમ કરતાં હોજમાં કૂદી પડયા. એમને એમ હતું કે જેટલા મોડા પડીશું એટલા ઓછા માછલાં મળશે.

લડવા નીકળ્યા હતા એટલે કોઇ જાળ તો લાવ્યું જ ન હતું. સહુ હાથમાં જ માછલાં પકડવા માંડયા.

શીતલ જળના સંસર્ગથી એમનો ગુસ્સો અને જુસ્સો શાંત થવા લાગ્યો.

પાંચ-દશ ક્ષણ આ રીતે વીતી હશે ત્યાં ચારે બાજુથી 'મારો-મારો' બોલતા બસોથી સવાબસો પડછંદ ઘોડેસવારો તેમની તરફ ધસી આવ્યા. ઉત્તુંગ શ્વેત અશ્વ ઉપર એ ચડેલા હતા. છત્રીસે પ્રકારના આયુધોથી તે સજ્જ હતા.

બધા બહાદુરો આ અણધાર્યા હુમલાથી થરથરવા લાગ્યા. એમના કંપતા હાથમાંથી માછલાં પડી ગયા.

ઠંડા પાણીમાં પડ્યા હતા ત્યારથી જ એમનો જુસ્સો તો ઉતરવા માંડયો હતો. એમાંય આ ઘોડેસવારોનો અણધાર્યો હુમલો જોઇને તદ્દન ઠંડાગાર થઇ ગયા. એમનું અભિમાન ગળી ગયું.

ઝાડ ઉપર છુપાયેલા ચોકીદારો પણ અણચિંતવ્યો બનાવ જોઇને ખૂબ જ આશ્ચર્યમાં પડયા.

ઘોડેસવારોથી ઘેરાયેલા ઠાકરડાઓ 'બચાવો... બચાવો'ની ચીસો પાડવા લાગ્યા. પણ એ કોણ સાંભળે?

એમને હવે પોતાનાં અવિચારી કૃત્ય પર પસ્તાવો થતો હતો. અવિચારી અને ઉતાવળા માનવો આવેશમાં આવા ન કરવાનાં કાર્યો કરી બેસે છે, પરંતુ જયારે એનું ખરાબ પરિણામ એમને ભોગવવું પડે છે, ત્યારે એમના પસ્તાવાનો પાર નથી રહેતો.

ઘોડેસવારોએ એમને પકડીને ખૂબ ટીપ્યા. પછી છોડી મુકયા. ભયના માર્યા એ બધા વસ્ત્રો તથા શસ્ત્રો બધું જ ત્યાં મુકીને પોતડીભેર પોતપોતાના ગામ તરફ નાઠા.

'હવે અહીં કોઇ દિવસ ન આવવું' એવી પ્રતિજ્ઞા સૌએ મનમાં ને મનમાં કરી લીધી.

વૃક્ષ ઉપર છુપાયેલા હોજના ચોકીદારો તો આ તમાશો જોઇને ખૂબ ખૂબ હસ્યા.

આ ધમાલમાં પ્રાતઃકાળ થઇ ગયો હતો, ચોકીદારો વૃક્ષો ઉપરથી નીચે ઉતર્યા.

પેલા લોકોનાં વસ્ત્રોનાં તેમજ આયુધોનાં તેમણે પોટલા બાંધ્યા. ઉપાડી ઉપાડીને ગામમાં લાવ્યાં અને શ્રી મયાવિજયજી મહારાજની સામે લાવીને ઢગલો કર્યો.

આખું ગામ એ તમાશો જોવા ભેગું થઇ ગયું હતું.

ચોકીદારોએ બધી વાત કરી. ઠાકરડાઓની બહાદુરી ઉપર ગામા લોકો ખૂબ હસ્યા. લોકોએ ચોકીદારોને પૂછયુંઃ

'ઘોડેસવારો કયાંથી છૂટયા હતા?'

'મયાવિજયજી મહારાજે મંત્રેલો ઘોડો આપ્યો હતો, એ જે વૃક્ષ ઉપર બાંધ્યો હતો, એ જગ્યાએથી ઘોડેસવારો છુટતા હતા.' ચોકીદારોએ પ્રત્યુત્તર વાળ્યો.

આ અદ્ભુત ચમત્કારથી મયાવિજયજી મહારાજનો પ્રભાવ જનતામાં-લોકોમાં ફેલાઇ ગયો.

ઠાકરડાઓ પણ આ ચમત્કારિક વાત સાંભળી ગભરાઇ ગયા. 'હવે કોઇ દિવસ તળાવને કાંઠે પણ ન જવું' એવો ઠરાવ કર્યો. આથી હિંસા થતી બંધ થઇ.

લોકોમાં આનંદ આનંદ છવાઇ ગયો!

છતાં સાવધાની ખાતર હોજ ઉપર એક બે ચોકીદારો રખાતા હતા.

આ વાતને થોડા દિવસ વીતી ગયા.

ગામમાં ચોરે ને ચૌટે શ્રી મયાયવિજયજી મહારાજે બતાવેલા ચમત્કારની વાત ચર્ચાઇ રહી હતી. કોઇ આ વાતને સાચી માનતા હતા તો કોઇ તે વાતને ગપ માનતા.

એક દિવસે નમતા પહોરે ચાર વાગ્યાના સુમારે ઉપાશ્રયની સામે ઓટલા પર બેસી ગામના જુવાનિયાઓનું મંડળ અલક-મલકની વાતો કરી રહ્યું હતું.!

વાત વાતમાં દેવી દેવતાઓની વાત નીકળી.સૌ પોતપોતાનો મત પ્રદર્શિત કરી રહ્યા હતા.

શ્રી નગીનદાસ વગેરે બે-ચાર જુવાનીયાઓ દેવી દેવતાની સિદ્ધિ કરતા હતા અને બીજા

બેચાર જુવાનીયાઓ દેવી-દેવતાઓની વાતમાં અશ્રદ્ધા બતાવતા હતા. અને દેવીદેવતા જેવી કોઇ વસ્તુ જ આ જમાનામાં નથી એમ સિદ્ધ કરવા માંગતા હતા.

આમ દેવીદેવતાની સિદ્ધિ અને અસિદ્ધિની ચર્ચા ઠીક ઠીક આગળ વધી ગઇ. મર્યાદા ઓળંગાવા લાગી.

ગાંગજીભાઇ નામના શ્રાવક યુવાને દેવદેવતાની ઠીક ઠીક પ્રમાણમાં ઠેકડી ઉડાવી.

એમણે એકે વધારે પડતું વિધાન કરી નાખ્યું:

'ભાઈ! દેવ કેવાં ને દેવતા કેવાં! એ બધુંયે ધતીંગ છે!' આજના જમાનામાં એ ન ચાલે. અત્યારે તો - 'દેવ ગયા ડુંગરે ને પીર ગયા મક્કે, એ આ અંગ્રેજના રાજમાં ઢેડ મારે ધક્કે.'

આવી કહેવત છે- એમ બોલીને એ ભાઇ ખડખડાટ હસી પડયા.

એમના જેવા બીજા જુવાનોએ પણ હાસ્યમાં સાથ આપ્યો.

જમવાનો સમય થઇ ગયો હતો એટલે સહુ એટલેથી જ વાત પડતી મૂકીને ઘર તરફ સીધાવ્યાં.

સાંજ પડી.

આથમતો સૂર્ય, ક્ષિતિજ પર સુદર્શન ચક્રની જેમ અતિ વેગથી ગોળ ગોળ ફરતો દેખાતો હતો.

સંધ્યા,આકાશના આંગણે અવનવા રંગોની રંગોળી પૂરી રહી હતી.

પક્ષીઓ પોતાના માળા તરફ મધુર કલરવ કરતાં-કૂંજન કરતાં પાછા ફરી રહ્યાં હતાં.

આમ પ્રકૃતિ જ્યારે આનંદમાં મસ્ત બનીને ડોલી રહી હતી. ત્યારે ગાંગજીભાઇના ઘરમાં તો ધમાલ મચી ગઇ હતી.

ગાંગજીભાઇને પા-અડધો કલાકથી કંઇક થઇ ગયું હતું. તેઓ અવાચક્ જેવા થઇ ગયા હતા.

સહુ પોતપોતાની મતિ પ્રમાણે ઉપચારો કરતા હતા, પરંતુ દુઃખ ઓછું થતું ન હતું-બલ્કે વધતું હતું, પરિણામે સૌ મુંઝાઇ ગયા!

એ વખતે કોઇને મયાવિજયજી મહારાજ યાદ આવ્યા. બે જણા ઉપાશ્રયે ગયા અને બહુ વિનંતી કરીને એમને બોલાવી લાવ્યા.

શ્રી મયાવિજય મહારાજે કંઇક મંત્ર ભણીને ગાંગજીભાઇના મસ્તક-માથા ઉપર વાસક્ષેપ કર્યો, ઓઘો ફેરવ્યો અને થોડી જ પળોમાં તેમને સારૂં થઇ ગયું!

આથી બધા સગા સંબંધીઓ આનંદમાં આવી ગયાં અને મહારાજ સાહેબનો ઉપકાર માનતા એમના પગમાં પડયા.

ગાંગજીભાઇ પણ ગળગળા સાદે મહારાજ સાહેબનો ઉપકાર માનવા લાગ્યા અને એમના ચરણમાં ઢળી પડયાં.

મયાવિજયજી મહારાજે ત્યાં બેસીને થોડો ધર્મ સંભળાવ્યો. પછી જતાં જતાં તેમણે ગંભીર સ્વરે ગાંગજીભાઇને કહ્યું:

'ગાંગજીભાઇ! દેવદેવતા એ આપણા માતા-પિતા સમાન છે. કોઇ દિવસ તેમની મશ્કરી કરશો નહિ!'

આમ શ્રી મયાવિજયજી મહારાજના ચમત્કારનો તેમને સાક્ષત્ અનુભવ થઇ ગયો. એમણે મનોમન નિશ્ચય કર્યો કે હવેથી કોઇ દિવસ દેવ-દેવતાની મશ્કરી કરવી નહિ !

પ્રત્યક્ષ આ ચમત્કાર દેખ્યા બાદ નગીનદાસભાઇ વગેરે થોડાંક શ્રાવક જુવાનોના મનમાં આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઝંખના જાગી.

એ લોકો આખો દિવસ ઉપાશ્રયમાં પડ્યા પાથર્યા રહેવા લાગ્યા. ધીમે ધીમે એમણે અને મહારાજને ગાઢ સ્નેહ બંધાણો. એમાંય નગીનદાસ તો મહારાજ સાહેબના અગંત જેવા થઇ ગયા.

એક દિવસ બપોરે શ્રી મયાવિજયજી મહારાજ આનંદમાં બેઠા હતા. નવી નવી વાતો કરી રહ્યા હતાં. ત્યારે એક જણે ધીમે રહીને પૂછયું.

'મહારાજ સાહેબ! આપ શેની સાધનાથી આવા ચમત્કારો બતાવો છો ?'

મયાવિજયજી મહારાજ એની સામે જોઇ મંદ મંદ હસી રહ્યા. એમણે કંઇ પણ પ્રત્યુત્તર ન વાળ્યો. બધાઓએ ભેગા થઇ આગ્રહ કરીને વારંવાર પૂછયું ત્યારે એમણે કહ્યું:

‘યક્ષરાજ મણીભદ્રની સાધના મેં કરી છે અને એમના બળે આ બધું થાય છે.’

‘આપને એમની સંપૂર્ણ સાધના છે કે અધુરી!’ નગીનદાસે પૂછ્યું.

‘સંપૂર્ણ’

‘તો શું ? આપ મણીભદ્રજીના પ્રત્યક્ષ દર્શન કરાવી શકો ?’ બધાંએ એકસામટા પૂછ્યું.

‘હા! એવું કંઇક ખરૂં.’

‘તો અમને એમના દર્શન પ્રત્યક્ષ કરાવોને !’

મયાવિજયજી મહારાજે ગંભીર સ્વરે એ લોકોને કહ્યું : ‘ભાઇઓ ! એમાં તમારૂં કામ નહીં, મણીભદ્રજીનું તેજ અસહ્ય છે. તમે તે તેજ સહન ન કરી શકો, અને કાંઇક થાય તો નકામું મારા ઉપર કલંક આવે.’

‘ના! મહારાજ સાહેબ! ગમે તે ભોગે અમારે દર્શન કરવા છે પછી ભલે અમને કંઇ પણ થઇ જાય.’ એમ એ લોકોએ દ્રઢ નિશ્ચય સાથે કહ્યું.

એ લોકોની મણીભદ્રની દર્શન કરવાની ઉત્કટ ભાવના જોઇને મયાવિજયજી મહારાજે કહ્યું : ‘તો જેમને દર્શન કરવાની ભાવના હોય તેઓએ કાલથી અઠ્ઠમ કરવો.’

અઠ્ઠમની વાત સાંભળી બધા ઢીલા થઇ ગયા. ફક્ત નગીનદાસભાઇએ અઠ્ઠમ કર્યો. બીજા કોઇએ ન કર્યો.

આજે નગીનદાસભાઇને ત્રીજો ઉપવાસ છે. સૂર્ય મધ્યાકાશમાં આવ્યો ત્યારે મયાવિજયજી મહારાજ અને નગીનદાસ ઉપાશ્રયના નીચેના ખંડમાં ગયા.

બેય જણા સામસામે બેઠા.

મયાવિજયજી મહારાજે નગીનદાસની કસોટી કરવા ફરીથી ચેતવણી આપી.

‘નગીનદાસ! આમાં મઝા નથી મારું કહ્યું માનીને દર્શન કરવાનો આગ્રહ મૂકી દ્યો. આ માર્ગથી પાછા હઠી જાઓ !’

‘ના, સાહેબ! એ ન બને ! તમે કહ્યું તેમ અઠ્ઠમ કર્યો. બીજા પણ અઘરાં વિધિવિધાનો કર્યા અને હવે પાછો ફરૂં? ના એ કદીયે ન બને, ગમે તેમ થાય પણ મારે દર્શન તો કરવા જ છે.’

મયાવિજયજી મહારાજ એમનો દઢ નિશ્ચય જોઇને મનમાં ખુશ થયા. એમણે કહ્યું :

'જુઓ નગીનદાસ! હવે હું મંત્ર ધ્યાન શરૂ કરૂં છું. અલ્પ સમયમાં શ્રી મણીભદ્ર યક્ષરાજ બાલકરૂપે પ્રગટ થશે. તમે જ્યાં સુધી નિર્નિમેષ નેત્રે એમના દર્શન કરશો ત્યાં સુધી રહેશે, તમારી આંખ મીંચાશે કે તરત જ અદ્રશ્ય થઇ જશે.'

આ પ્રમાણે સૂચના કરી એમણે પદ્માસન ચડાવ્યું. દ્રષ્ટિ ભવાનાં મધ્યભાગમાં કેન્દ્રિત કરી હાથમાં રક્તપ્રવાળની માળા ગ્રહણ કરી.

....પૂરક કર્યો... કુંભક કર્યો. મંત્રજાપનો પ્રારંભ કર્યો.

નગીનદાસ અધીર નયને એમની સન્મુખ જોઇ રહ્યાં.

જપ માલા અવિરતપણે ચાલી રહી...એક... બે... ને ત્રીજી પુરી થઇ. ચોથી માળાનો પ્રારંભ થયો.

અને... ખંડના મધ્યભાગમાં એક મોટું સોનેરી આભા વિસ્તારતું સુવર્ણ રંગી તેજવર્તુળ પ્રગટ થયું, સુદર્શનચક્રની જેમ એ ચક્કર ફરતું હતું. ધીમે ધીમે નાનું થતું જતું હતું.

ચોથી માળાના થોડા મણકા બાકી હતા. એ તેજ વર્તુળ સાવ નાનું થઇ ગયું હતું. એમાંથી એક નાનકડા બાળકનો સ્પષ્ટ આકાર પ્રગટ થયો.

દોઢ-બે વર્ષનું એનું વય કળાતું હતું.

સૂર્ય જેવું એ તેજસ્વી હતું.

એના સુવર્ણવર્ણા દેહમાંથી ફુટતાં તેજકિરણો એ અંધારીયા ખંડના અગોચર ખૂણાઓને અજવાળી રહ્યા.

એના મસ્તક ઉપર સોનેરી બાબરી હતી.

એનું પૂર્ણ ચંદ્ર જેવું મુખ, બાલસુલભ મીઠું મીઠું ધીમું હાસ્ય વેરી રહ્યું હતું.

એની કમળની પાંખડી જેવી નિર્મળ આંખડીમાં પ્રસન્નતા ભરી હતી.

એ ઉપાશ્રયના મધ્યભાગમાં વર્તુળાકારે ઘુમી રહ્યું હતું. તેજના કુંડાળા વેરી રહ્યું હતું. અને એના પગમાં બાંધેલા નાનકડા ઘુઘરા મીઠું મધુરૂં સંગીત જમાવી રહ્યા હતા.

કોઇને પણ ઉપાડીને ચુંમવાનું મન થઇ જાય એવું અતિ સુંદર હિમશીળું એનું રૂપ હતું.

નગીનદાસ ગુમભાન બનીને પ્રસન્ન નેત્રે એની રૂપમાધુરીને પી રહ્યા. એમને એમ એક...બે... ચાર... આઠ...દશ ક્ષણ વીતી ગઇ.

હવે એ બાળકનું વધુ ને વધુ દેદીપ્યમાન થતું જતું તેજ નગીનદાસથી અસહ્ય થયું.

બસ! ખલાસ... એમની આંખો મીંચાઇ ગઇ. એ બેભાન બનીને ઢળી પડયા.

મણીભદ્રજી એમના ઉપર એક પ્રસન્નતાભર્યું હાસ્ય વેરી અદશ્ય થઇ ગયા.

મયાવિજયજી મહારાજે માળા મૂકી દીધી. મંત્રોપચારથી નગીનદાસને સાવધ કર્યા. નગીનદાસની ઉપર મહારાજ પ્રસન્ન થઇ ગયા હતા.

એમણે મનોમન પોતાની સાધના નગીનદાસને આપવાનો વિચાર કર્યો.

અલ્પ સમય બાદ શુભ મુહુર્તે પ્રસન્નચિત્તે મહારાજશ્રીએ નગીનદાસને વગર માગે મણીભદ્રજીનો મંત્ર આપ્યો. નગીનદાસ પોતાની મનની ઝંખના પૂર્ણ થવાથી ખૂબ હર્ષિત થઇ ગયાં.

એમણે સાધનાની સફળતા માટે ચતુર્થ વ્રત ઉચ્ચરી લીધું. જીંદગી સુધી બ્રહ્મચારી રહ્યાં.

મયાવિજયજી મહારાજની હાથ નીચે જ એમણે મંત્ર સાધના શરૂ કરી. મહદ્ અંશે સિદ્ધિ પ્રાપ્ત થઇ, જો કે મણીભદ્રજીને પ્રત્યક્ષ કરી શકાય એટલી તો સિદ્ધિ પ્રાપ્ત ન થઇ છતાંય એમની અપ્રત્યક્ષ સહાયથી દુષ્ટદેવોનું દમન વગેરે ગમે તેવા અશક્ય કાર્યો કરી શકાય એટલી સિદ્ધિ તો નગીનદાસ પ્રાપ્ત કરી શકયા ને એટલેથી જ સંતોષ માન્યો.

આમ ને આમ રંગેચંગે દિવાળી આવી અને ગઇ. નૂતન વર્ષનો મંગળ પ્રારંભ થયો.

બસ... આ જ અરસામાં મયાવિજયજી મહારાજની સમગ્ર સાધના-આરાધનાનો નાશ કરી નાખનારી અને એમના જીવનને નવો કારમો વળાંક દેતી એક ભયંકર ઘટના બની ગઇ.

3

## ...નારી ફંદે જે નર પડીયા, થાતો તાસ વિનાશ...

એમનું સુંદર રૂપ.

અખંડ બ્રહ્મચર્ય ને દૈવી સિદ્ધિના તેજથી  દેદીપ્યમાન મુખ-મંડળ.

અપૂર્વ પૌરુષથી ચમકતો સુવર્ણો દેહ.

માનિનીના માન મૂકાવે એવી મસ્ત યુવાની. એમાંય મધ્યાહ્નકાળે ગોચરી નીકળે ત્યારે સૂર્યના તેજથી તપતો સુવર્ણવર્ણો દેહ મધ્યાહ્નકાળે તપતા સૂર્યના તેજોમંડળથી અતિ દેદીપ્યમાન સુરગિરિની જેમ બેવડા રૂપ અને તેજથી ચમકે!

એક મદભરી માનુની મુનિરાજ શ્રી મયાવિજયજી મ.નાં રૂપ પર-અપૂર્વ સિદ્ધિઓ પર વારી ગઇ મુગ્ધ બની ગઇ. એના પ્રાણમાં મુનિને પોતાના કરવાની લાલસા જાગી.

મુનિ એની શેરીમાં ગોચરી માટે જતા ત્યારે એ નારી મુનિને ઉભા રાખતી. ને ચિત્ર વિચિત્ર પ્રશ્નો પૂછતી!

...અને વક્ર ભ્રકુટિરૂપ ધનુષ્ય પર ચડાવીને વિષયના વિષ પાયેલા તાતા નયનોનાં તીર એ બંકા મુનિ પર ચલાવતી.

પણ એના એ તીર વજ્રસમા મુનિને અથડાઇને દ્વિગુણિત વેગથી પાછાં ફરી એને જ વાગતાં-એની જ વિહ્વલતા વધતી. મુનિ અવિચલિત ભાવે એની નજર સાથે નજર મિલાવ્યા વગર નીચે મસ્તકે એના યોગ્ય પ્રશ્નોનો પ્રત્યુત્તર આપતા અને ધીમી સ્વસ્થ ગતિએ ચાલી જતા.

જેમ ચકોર ચંદ્રની રાહ જુએ, ચક્રવાક વિહંગ જેમ દિનકરની રાહ જુએ. તેમ એ નારી મુનિની વાટ જુએ.

મુનિ જ્યારે એની શેરીમાં ગોચરી આવે ત્યારે એમનાં દર્શનથી, રજનીપતિના દર્શનથી કુમુદ વિકસિત થાય, તેમ એના લોચનરૂપી પોયણા વિકસિત થતાં. એમના રૂપસુધાનું પાન કરીને એ કૈંક તૃપ્તિ અનુભવતી.

દિનપ્રતિદિન મુનિને પ્રાપ્ત કરવાની એની ઝંખના વધતી ચાલી. જે દિવસે મુનિનાં દર્શન ન થતાં, તે દિવસે જલ વગર મીનની જેમ તે તરફડતી. સ્વપ્નમાં એને મુનિ જ દેખાતા. નિદ્રામાં

પણ મુનિનું જ નામ બડબડતી.

આમને આમ ચાતુર્માસ પૂરૂં થવા આવ્યું. કાર્તિકી પૂર્ણિમાને થોડાક જ દિવસો રહ્યા.

કામના ઉન્માદથી વિહ્વલ બનેલી પેલી નારીએ વિચાર કર્યો :

'હવે જો હું મુનિને મારા નહિ બનાવી શકું તો કદિયે તે મારા હાથમાં આવશે નહિં. આ... ચોમાસું તો પુરૂં થવા આવ્યું. કાર્તિકી પૂર્ણિમા આવશે એટલે મુનિ તો નદીના નીરની જેમ અહીંથી ચાલ્યા જશે, અને હું સદા માટે તરસી રહી જઈશ. પણ... હું એમને મારી તરફ ખેચું ય કેવી રીતે...? એ મારે ઘેર ગોચરી તો આવી શકે નહિ! હું એમના ઉપાશ્રયે જઈ શકું નહિ ! જઉં તો પ્રવેશ પણ મળે નહિ, પણ આજ કંઈક ઉપાય શોધી કાઢું!'

આખો દિવસ વિચાર કરતાં તેને એક સુંદર યુક્તિ સુઝી આવી. તે અતિ હર્ષિત થઈ ગઈ. પણ એને પાછી શંકા થતી કે તો ય કદાચ નહિ આવે તો...? ત્યાં તેનું અંતઃકરણ કહેતું હતુંઃ 'જૈન મુનિઓ તો પરમ દયાળુ હોય છે. ધર્મ-શ્રવણ કરાવવાને સદાય તત્પર હોય છે. એ ના  નહિ કહે.'

બીજે દિવસે મધ્યાહ્ને મુનિ ગોચરી માટે આવ્યા. એ નારીના સદ્ભાગ્યે કહો કે મુનિના દુર્ભાગ્યે આખી શેરી નિર્જન હતી. નાનું બાળક પણ બહાર રમતું ન હતું. એમાં ય એ નારીનું ઘર તો રસ્તા ઉપર બધાયથી જુદું-એકલું-અટૂલું હતું.

મુનિ ગોચરી વહોરીને પાછા ફર્યા. એ નારી માર્ગમાં ઉભી હતી. એણે મુનિને માથું નમાવીને દીન સ્વરે કહ્યું :

'મહારાજ! મારા પતિ ખૂબ માંદા છે, તો થોડો સમય મારા ઘેર ધર્મ સંભળાવવા આવશો?'

ભવિતવ્યતા આજે મુનિને ભૂલાવી રહી હતી. દૈવી સિદ્ધિઓના સ્વામી, એ કામિનીના અંતરમાં રહેલા કપટને ન જાણી શકયા. એનાં નયનોમાં રમતા કામના ભાવોને ન જોઈ શકયા. એમણે નિર્દોષ અને સરલભાવે હા પાડી.

મુનિએ એ નારીના ગૃહમાં (પ્રથમ) પ્રવેશ કર્યો, અને ત્યાર પછી તરત જ એ કુટિલ નારીએ  પ્રવેશ કર્યો. મુનિને ખબર ન પડે એમ એણે ધીમે રહીને કમાડ બંધ કર્યો... અર્ગલા લગાવી દીધી.

મુનિ અંદરના ખંડમાં ગયા. ત્યાં એમણે એ નારીનાં બિમાર પતિને જોયો નહિ. આથી મુનિ મુંઝાયા. એ પૂછવા માટે જ્યાં પાછા ફરતા હતા ત્યાં પેલી નારી આવી પહોંચી. એ મુનિને મૂંઝવણમાં પડેલા જોઇને જોરથી હસી પડી. હસતાં હસતાં એણે મુનિને કહ્યું,

'મુને ! પ્રિયતમ! આજ કેટલાયે સમયથી હું તમને ઝંખી રહી હતી, પરંતુ તમને પ્રાપ્ત કરવાનો મોકો મળતો જ ન હતો. હવે મારાથી તમારો વિરહ સહન થતો ન હતો. એટલે આ કપટ કરવુ પડયું છે. માફ કરજો!'

આમ બોલીને તે ફરી હસી-નફ્ફટ અને નિર્લજ્જ હાસ્ય!

મુનિ આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. સાચી પરિસ્થિતિનું એમને ભાન થઇ ગયું! કામાકુલ એ નારી મુનિ તરફ આગળ વધી એણે મુનિ પાસે દુષ્ટ યાચના કરી.

મુનિએ એની ઈચ્છા પૂર્ણ કરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો, અને એને એ માર્ગેથી પાછી હઠવા સમજાવી.

...પણ...એને એ ધરમઘેલું સમજવાની કે સાંભળવાની કયાં ફુરસદ હતી? એને તો પોતાની વાસનાની તૃપ્તિ જોઇતી હતી.

એના રોમેરોમમાં અનંગનો મહાદવ લાગી ચૂકયો હતો. હવે એ ધૈર્ય રાખી શકે તેમ ન હતી.

એણે લજ્જાને દૂર ત્યાગી દીધી.

પોતાના શરીર પરનાં વસ્ત્રો એ ઉતારવા લાગી લગભગ બધાં જ વસ્ત્રો તેણે ઉતારી નાંખ્યા અને... એ તદ્દન નિરાવરણ અવસ્થામાં મુનિની સન્મુખ ઉભી રહી!

નર પતંગીયાંઓ જલીને ખાખ થઇ જાય એવું એનું પાવક જેવું પ્રજલતું રૂપ, અપૂર્વ નિરાવરણ સૌંદર્ય અને ભલભલા જોગીઓને પાગલ બનાવે એવું મદભર્યું જોબન મુનિને પોતાનો ઉપભોગ કરવા આહ્વાહ્ન કરી રહ્યાં !

એનાં જોરથી થડકતાં સવર્ણકુંભ જેવાં ઉન્નત ઉરોજ, કૂર્મની પીઠ જેવું સ્હેજ ઉન્નત અને વિશાલ તગતગતું જઘન અને ગંગા નદીના પુલિન જેવા મૃદુ અને પુષ્ટ નિતંબો કામદેવની ઝલ્લરી બજાવી રહ્યા !

પરંતુ...મુનિના નિર્વિકાર અને સ્વસ્થ ચિત્તમાં એની કંઇપણ અસર ન થઇ. એ એની સન્મુખ જોતાં બાળક જેવું નિર્દોષ હાસ્ય વેરી રહ્યા. પણ એ ઘેલી નારીને એ સ્વસ્થતા અને બાળક જેવી નિર્દોષતા કયાં ખપતી હતી? એને તો...પોતાના અંગેઅંગને કચડી નાંખે, પોતાને કાયર કાયર કરી નાંખે, થકવી નાંખે, એવી પાગલતા-કામાકુલતા ખપતી હતી.

એ કામાસક્ત વદને મુનિ તરફ જોઇ રહી અને તીક્ષ્ણ નયન-સરો છોડી રહી. એનાથી પણ તીક્ષ્ણ વચન બાણના ઘા કરી રહી. પણ...મુનિના એક રોમમાં ય કામ પ્રગટ્યો નહિ.

તેણે થાકીને અતિદીન સ્વરે મુનિને કહ્યું :

'વ્હાલા! શું કામ મને તલસાવો છો? મારા રોમેરોમમાં કામનો અગ્નિ ધખી રહ્યો છે. એનો તાપ મારાથી સહન થતો નથી. તમારા સંગમરૂપી તારની વૃષ્ટિથી એને શાંત કરો. તમારા સુવર્ણ-શિલા જેવા વિશાળ વક્ષઃ સ્થલ પર મને સ્થાન આપો. તમારા પરિઘ જેવા સદૃઢ બાહુઓ વડે મને ભીંસી નાખો, કચડી નાંખો. હવે વિલંબ ન કરો!'

મુનિએ એની આ વાત કાન પર ધરી નહિ. એ તો આ બલામાંથી કેવી રીતે છુટવું તેનો જ વિચાર કરવા લાગ્યા.

કામના આવેગથી પાગલ બની ગયેલી એ નારી પોતાના બાહુરૂપી અર્ગલામાં મુનિને બાંધી લેવા તેમની તરફ અતિ વેગથી ધસી.

મુનિ સાવધ જ હતા. એ વિદ્યુત ગતિથી બે કદમ પાછળ હઠી ગયા. એ પડતી બચી ગઇ.

આમ તો નર નારી ઉપર બળાત્કાર કરતો આવ્યો છે, પરંતુ આજે એનાથી વિરૂદ્ધ બનતું હતું. એક નારી નર ઉપર બળાત્કાર ગુજારવા પ્રયત્ન કરતી મથતી હતી!

મુનિએ દ્વાર તરફ દષ્ટિ કરી. દ્વાર તરફ જવાનો માર્ગ નિરાપદ હતો. નારી પોતાની જાતને સમાલતી એક બાજુ ઉભી હતી. એમણે એની અસાવધતાનો લાભ લઇને દ્વાર તરફ જવા ત્વરિત ગતિએ એક કદમ ઉઠાવ્યું.

નારીએ આ જોયું. એ તરત જ સાવધ થઇ. મુનિ પોતાને થાપ આપી નાસી જવા માંગે છે એ જાણીને એ નારીનો કામ ક્રોધમાં પરિણત થયો. એ ખીજવાયેલી વાઘણની જેમ છલાંગ મારી માર્ગની વચ્ચે આવીને ઉભી રહી, અતિ ઉત્તેજિત સ્વરે તેણે મુનિને કહ્યું:

'નિર્દય! કાયર! નામર્દ! મારી ઈચ્છાની પૂર્તિ કર્યા વિના નાસી જવા માંગે છે? મારી માંગણીને ઠુકરાવે છે? પણ... યાદ રાખજે કે તું મારી યાચનાનો ભંગ કરીને અહીંથી જઈશ તો (ક્રોધના અતિ આવેગથી કંપતે સ્વરે) હું તને જગતમાં ભયંકર રીતે બદનામ કરીશ. તારા જીવનને ધૂળધાણી કરી નાંખી લોકો તારા પર થૂંકે એમ કરી નાંખીશ. અમે તો નાગી જાત છીએ અમારે આબરૂ જેવું કાંઇ છે જ નહિ. પરંતુ તમારે આબરૂ એ જીવન-મરણનો એક પ્રશ્ન છે. અને જો તું મને તૃપ્ત કરીશ તો તને ઉની આંચ પણ નહિં આવે. કોઇને જરાયે ખબર પણ નહિં પડે. તું જે રીતે પૂજાય છે એ રીતે પૂજાતો રહીશ!'

મુનિ આ ભયંકર પ્રસ્તાવ સાંભળીને ધ્રુજી ઉઠ્યા. તેઓ તો ત્યાં જ સ્તબ્ધ થઇ ઉભા રહી ગયા.

નારીના નગ્ન સૌન્દર્ય સામે પણ શાંત અને સ્થિરપણે એ મુનિ રહી શક્યા હતા, પણ ... આબરૂના પ્રશ્ને વિચલિત થઇ ગયા, એમનું મન ચલવિચલ થવા લાગ્યું.

'પોતે પુરુષત્વહીન છે' એમ કહીને પણ એ, તે નારીથી છટકી શકે તેમ ન હતા. કારણ કે 'અપૂર્વ પૌરુષ વિના આવી દૈવી સિદ્ધિઓ શક્ય નથી' એમ પેલી નારી જાણતી હતી.

'જો પોતે નારીને સંતોષે નહિ તો...' એ વિચારે પણ એમનું મન ધ્રુજી ઉઠયું. છતે ચારિત્ર્યે પણ પોતાના ઉપર ભયંકર કલંક આવે, જગતમાં દુઃસહ અપકીર્તિ થાય અને એ આઘાત સહન કરવાનું પોતાના આત્મામાં બળ ન હતું! અને...હા! જો એ નારીને પોતે સંતોષે તો કોઇ જાણવાનું યે ન હતું અને પોતાની આબરૂ બચી જતી હતી...

એમણે બળતા હૃદયે આબરૂની ખાતર બીજો માર્ગ પસંદ કર્યો.

એમને એ ખ્યાલ ના આવ્યો  કે, 'ચારિત્ર્ય શુદ્ધ હશે શિયળ નિષ્કલંક હશે, તો આવું ભયંકર કલંક પણ દૂર થઇ જશે. થોડા દિવસ ભલે સહન કરવું પડે. પણ જ્યારે અસત્યનો પડદો ચીરાશે ત્યારે પોતાની પવિત્રતાનો સૌને ખ્યાલ આવી જશે, અત્યારે છે એના કરતાં દ્વિગુણિત યશ ફેલાશે અને પોતે ચારિત્ર્ય ભ્રષ્ટ થશે તો ભલે, અત્યારે તો પોતે અને આ નારી બે જ આ વાત જાણતા હશે, પણ... પાપ કદીયે છૂપું રહી શકે ખરું? એ તો છાપરે ચડીને પોકારે. જ્યારે આ પાપ પ્રગટ થશે, ત્યારે પોતાનો કેવો અપયશ થશે, પોતાની ઉપર કેવા ફિટકાર વરસશે.

ખેર!...કદાચ પુણ્ય હોય અને પાપ પ્રગટ ન થાય અને આ લોકની અંદર કંઇ ફળ ના મળે પણ... આ પાપથી થનારી આગામી ભયંકર દુર્ગતિનો ભય તો ઉભો જ છે ને? અને જિનેશ્વરની આજ્ઞાના ભંગથી વધનારો અનંત સંસાર તો ઉભો જ છે ને! આ વિચાર તેમને ન આવ્યો.

આજે એમનું ભાગ્ય રૂઠ્યું હતું, દુરસુદૂરના ભવિષ્યનો તેમને વિચાર ન હતો આવતો. તેઓ ફક્ત વર્તમાનમાં જ રાચતા હતા. એમની મતિ જાણે કુંઠિત થઇ ગઇ હતી. એમની સાધનાઓ જાણે લુપ્ત થઇ ગઇ હતી.

નારીના સ્ત્રી ચારિત્ર આગળ એ મહાત થઇ ગયા. જેની આગળ હરિહર પુરંદર જેવા મહાન દેવોનું પણ નથી ચાલ્યું ત્યાં એમનું શું ગજું ?

એ સ્વેચ્છાએ નારી તરફ વધ્યા.

એ નારી હર્ષિત થઇ ગઇ.

આકાશમાં ભયંકર આંધીનું તોફાન ચડી આવ્યું, ધૂળની ડમરીઓ આકાશમાં ચડવા માંડી,પોતાના જેવા તેજસ્વી મુનિને એક સામાન્ય નારી આગળ હારતા જોઇને શરમથી ભગવાન અંશુમાલીએ પોતાની જાતને ધૂળના ગાઢ વાદળ દળ નીચે છૂપાવી દીધી. વિશ્વ પર અંધકારનો પટ છવાઇ ગયો. અને એ અંધકારની અંદર તમસ્કૃત્યો થઇ ગયા.

થોડાંક જ સમયમાં એ તોફાન ચાલી ગયું. પણ મુનિના જીવનમાં એક ચિરસ્થાયી ભયંકર તોફાન સર્જતું ગયું.

મયાવિજયજી મહારાજ ઉપાશ્રયે આવ્યા, એમના મુખ પર રમતું રમ્ય તેજોમંડળ અદૃશ્ય થઇ ગયું હતું. એની જગ્યાએ વિષાદની ભયંકર કાલિમા પથરાઇ ગઇ હતી. આજે એક રાક્ષસી એમના સંયમ બાળકને ભરખી ગઇ હતી.

વિષયવાસનાના ભયંકર સન્નિપાતથી ઉન્મત્ત થયેલા નર કે નારી એ જ ખરા રાક્ષસ છે, આવી જ એક રાક્ષસી એમનાં જીવનના સત્ત્વને ચૂસી ગઇ હતી. એમના બ્રહ્મતેજને ગ્રસી ગઇ હતી. અને એમના હૃદયમાં ભયંકર દાવાનળ સળગાવી ગઇ હતી.

એમણે હવે કોઇનીયે સાથે બોલવાનું છોડી દીધું, આખો દિવસ સુનમુન બેસી રહેતા હતા. પહેલાની એમની એ પ્રફુલ્લતા, એ સંયમની મસ્તી અને સદાય મુખ ઉપર ફરકતું તે

મસ્તીનું સ્મિત એમને તજી ગયું હતું અને એની જગ્યાએ ભયંકર વિષાદે સ્થાન લીધું હતું.

એમનું આ વર્તનનું  પરિવર્તન સૌને મુંઝવી રહ્યું. નગીનદાસ જેવા એમના ખાસ મંત્ર શિષ્ય પણ એનું કારણ ન જાણી શકયો.

એમને એમ ચાતુર્માસ પુરું થયું.

શ્રી મયાવિજયજી મહારાજે વિહાર કર્યો. પેલી નારી પણ પાછળ ગઇ. વળગાડની જેમ તે એમને લાગુ થઇ ગઇ.

એ નારીએ વિષય-વિલાસના ઘેન આપીને મુનિને બેભાન બનાવી દીધા. ચારિત્ર ભ્રષ્ટ થવાથી એમના અંતરમાં જાગેલી વેદનાને ભૂલવી દીધી. પોતાના રૂપ આસવના પાનમાં લુબ્ધ કરી નાંખ્યા.

પહેલા તો એ ફક્ત કાયાથી જ ભ્રષ્ટ થઇ ગયા હતા. પણ હવે તો તેઓ મન, વચન  અને તન એ ત્રણેયથી ભ્રષ્ટ થઇ ગયા. એમનાં અંતરમાં નારી પ્રત્યે રસ જાગ્યો. એ સ્વેચ્છાથી વિલાસના કાદવમાં લપટાયા.

હવે સાત્ત્વિક સિદ્ધિઓએ એમનાથી રિસામણાં લીધાં. યક્ષરાજ મણીભદ્રે તેમની વિદાય લઇ લીધી. એમને પોતાની પ્રસિદ્ધિ ટકાવી રાખવા માટે મલીન સાધનાનો આશરો લેવો પડ્યો.

સાત્ત્વિક દેવો તેજના પૂજારી છે. બ્રહ્મચર્ય એ તેજ છે. સંયમ અને સત્ત્વ એ તેજ છે, જયાં તેજ આથમવા માંડે છે. વાસનાના અંધકારના ઓળા ઉતરવા માંડે છે. ત્યાં સાત્ત્વિક દેવો વિદાય લે છે. અને મલીન દેવો... એ તો અંધકારમાં જ રાચે છે, એમાં જ રાચે છે, એમાં જ આથડે છે, કામ, ક્રોધ, મદ્ય, માંસ એ એમની પ્રિય વસ્તુઓ છે, સાત્ત્વિક ભાવો સાથે એમને વૈર છે. સાત્ત્વિક ભાવમાં વર્તમાન વ્યક્તિને એ સિદ્ધ થતા નથી. તામસ ભાવનો આરાધક જ એમનો સાધક થઇ શકે છે.

'કર્ણપિશાચિની' નામની મલીન વિદ્યાની સાધના મયાવિજયજી મહારાજે કરી. જે વિદ્યાએ કહેલી ભૂતકાળની વાત સાચી હોય છે. પરંતુ ભવિષ્યકાળની વાત તો મોટે ભાગે અસત્ય જ  નીવડે છે.

એક સમય જે પોતાના સંયમ અને સત્ત્વનાં બળે યક્ષરાજ મણીભદ્રને પણ વગર વિધિ-

વિધાને સાક્ષાત્ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા હતા, એમને આજે એક અતિ સામાન્ય મલીન વિદ્યાને પણ સિદ્ધ કરવા માટે હોમ-હવન,યજ્ઞ-યાગના મિથ્યાત્વ પોષનારા વિધિ-વિધાનોમાં ઉતરવું પડ્યું.

'કો' ભ્રષ્ટ જતિ જેવું એમનું જીવન થઇ ગયું. કોઇક પળે આવા જીવનની માટે એમનાં અંતરમાં વેદના જાગી જતી હતી. પણ ત્યાં પેલી નારીના વિલાસ એ વેદનાને ભૂલવી દેતા હતા.

એ ઘટનાને એકાદ વર્ષ વીતી ગયું. વિહાર કરતા કરતા મયાવિજયજી મહારાજ ફરીથી તે ગામમાં આવ્યા. એમના ભક્ત શ્રાવકો એમની સામે ગયા. વાજતે ગાજતે ગામમાં લાવ્યા.

આ વખતે ઉપાશ્રયમાં ઉતરવાને બદલે મહારાજ સાહેબ મા'જનને ડેલે ઉતર્યા.

ઉતરતા વેંત એમણે આજ્ઞા ફરમાવીઃ 'જાઓ! અમારે હોમ-હવન, યજ્ઞ-યાગ કરવા છે. બધી તૈયારી કરાવો. તરગાળા નચાવો !'

આવી વિચિત્ર આજ્ઞા સાંભળી બધા આશ્ચર્યમાં પડ્યા. એમના મનમાં થયું કે-જે સામાન્ય વિરાધનાથીયે ડરતા હતા, અને અનાયાસે થઇ જાય તો તેનું તરત જ પ્રાયશ્ચિત કરતા હતા, તે આવી હિંસામય પ્રવૃત્તિમાં કેમ પડ્યા હશે? એમને એની કંઇ સમજણ ન પડી.

કંઇક વિચાર કરીને લોકોએ મહારાજને કહ્યુંઃ 'હમણાં તમે આરામ લો! પાંચ-સાત દિવસ પછી મહાજન ભેગું કરી બધી તૈયારી કરીશું.' મહારાજને એમાં કંઇ વાંધો ન લાગ્યો.

સાત-આઠ દિવસ સુધી શ્રાવકોએ એમના જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યુ. આ વખતે એમને મયાવિજયજી મહારાજમાં ઘણું પરિવર્તન લાગ્યું. પહેલા એમનાં મુખમાંથી જે વાક્ય સરતું તે સાચું પડતું હતું, એમને વચન સિદ્ધિ હતી. પણ આ વખતે તો ઘણું ખરૂં તો અસત્ય નીવડતું હતું. અને જાણે એમની બધી જ ક્રિયાઓ ઢોંગ ધતીંગ જેવી લાગતી હતી.

બધા શ્રાવકોને મનમાં લાગ્યું કે, ચોક્કસ કંઇક ગોટાળો થયો લાગે છે. કંઇક દાળમાં કાળું છે! પણ એમની મહારાજને પૂછવાની હિંમત ન ચાલી.

એ લોકોએ મહારાજના ખાસ શિષ્ય જેવાં નગીનદાસભાઇને પોતાનાં મનની વાત કરી. અને નગીનદાસભાઇએ પણ કહ્યુંઃ 'મને પણ એમ જ લાગે છે. બધી વાત એમની પાસેથી કઢાવીશ. મને એ આવ્યા ત્યારથી જ એમના વર્તનને જોઇને શંકા થઇ હતી.'

એકાન્ત હતું ત્યારે નગીનદાસભાઇ મહારાજ પાસે ગયા. અને દબાણ કરીને એમના વર્તનનો જવાબ માંગ્યો. મહારાજને એમની ઉપર વિશ્વાસ હતો. એમના હૃદયના બંધ એમની પાસે તૂટી ગયા. રડતા હૃદયે અશ્રુભીની આંખે પોતાનાં પતનની કરૂણ કહાની કહી.

નગીનદાસભાઇ એ સાંભળીને આશ્ચર્યમિશ્રિત દુઃખ અનુભવી રહ્યા. એમના નયનોમાં આંસુ આવી ગયા.

થોડીવાર વિચાર કરીને અસ્વસ્થતા ખંખેરી નાંખી ગંભીરતાથી આર્જવભર્યા સ્વરે એમણે મહારાજને કહ્યુંઃ

'મહારાજ સાહેબ! તો હવે આપ હજી પણ એ વિનાશના માર્ગેથી પાછા ફરી જાઓ! એ નારી સાથેના નેષ્ટ સંબંધને તોડી નાંખો! આપની આળસ અને નિર્બળતા ખંખેરી નાખો અને થઇ ગયેલા પાપ માટે ઘોર પ્રાયશ્ચિત કરો! એવી મારી આપના ગાઢ સંબંધી તરીકે વિનંતી છે.'

'ભાઇ નગીનદાસ તારી વાત સાચી છે પણ હવે મારી એ માર્ગથી પાછા ફરવાની તાકાત નથી. એ નારી મને એક વળગાડની જેમ વળગેલી છે. એને દૂર કરવાનું મારામાં બળ નથી. અને નશાખોર માણસને મદ્યપાન ત્યજવું જેટલું કઠિન છે એનાથી પણ વધુ કઠિન મારા માટે આનો ત્યાગ છે. હવે તો મારૂં સારૂં યે જીવન આવું જ જવાનું છે. મારા માટે આ જ નિર્માણ થયેલ છે. આના માટે મારા ઉપર હવે વધારે દબાણ ન કરશો! મયાવિજય મહારાજે છેલ્લા પાટલે બેસતા કહ્યું.

મદ્યપાન કરતાં પણ વિષયઆસવના પાન છોડવા એ અતિ દુષ્કર છે. એનો ત્યાગ કર્યા પછી પણ જ્યારે એ આસવ સામે ભટકાય છે ત્યારે એની ઉપર એંઠી નજર પણ ન નાંખનાર કોઇક વીરલો જ હોય છે. અને એટલે જ તો ભગવાન સ્થુલીભદ્રજી વિશ્વમાં અતિ દુષ્કર, દુષ્કર, દુષ્કર કાર્ય કરનાર તરીકે વિખ્યાત થયાં છે.

નગીનદાસ મયાવિજય મહારાજની આ શોચનીય દશા જોઇને ખૂબ દુઃખી થયા. એમનાં મનમાં થયું કે, 'અહો! અનંગનું કેવું જબરદસ્ત સામ્રાજ્ય છે! એક વખત જેમની વાણી પણ ભલભલાને વૈરાગ્ય રસથી તરબોળ કરી દેતી હતી. અને આ સંસારના ક્ષણિક ભોગોને ત્યજી દેવાની ભાવના ઉત્પન્ન કરતી હતી. એમની કેવી શોચનીય દશા થઇ છે! એક વખત જે આત્મા

દેવતાઓને પણ સામે ઉભા રાખવાનું જબરજસ્ત બળ ધરાવતો હતો તે આજ કેવો નિર્બળ થઇ ગયો છે! ધિક્કાર હો! એ અનંગને અને એની દૂતી સ્વરૂપ એ નારીને!'

એમણે સહેજ કડક સ્વરે, રડતા હ્દયે મહારાજને છેલ્લી ચીમકી આપી દીધી: 'તો પછી મહારાજ સાહેબ! હવે હું તમારી સાથે વધારે સંબંધ નહીં રાખી શકું. અને તમારે જે હોમ-હવન કરવાનું હોય તે હમણાં તો અમે કરાવી દઇશું. પણ હવેથી ભૂલેચૂકે ય અમારા ગામમાં પગ ન મૂકશો.'

મહારાજે દીનતાથી કહ્યું : 'સારું, આ તો ભૂલથી અહીં આવી ગયો છું. હવેથી કદીયે નહીં આવું.'

વિધિ-વિધાન થઇ ગયું. પછી બે-ચાર દિવસે મયાવિજય મહારાજ ત્યાંથી વિહાર કરી ગયા.

બસ...એ ગયા... એ ગયા. એ પછી કયાં ગયાં, એમનું શું થયું... એ કોઇ જાણતું નથી પણ...

લોકજીભે રમતી એમના જીવનની આ સત્ય કરૂણ ઘટના આપણને નાનકડી પણ ગંભીર એક ચેતવણી આપી જાય છે.:

નારી એ તીક્ષ્ણ કૃપાણ છે. વિષયના વારિ પી પીને તીક્ષ્ણ ધારવાળી થયેલી એ કૃપાણથી ખૂબ સાવધ રહેજો. જો સહેજ અસાવધ થશો તો એ જાદુ ભરેલી જીવતી કૃપાણ તમને ઘાયલ કરી નાંખશે. તમારા ભાવપ્રાણોનો વિચ્છેદ કરી નાંખશે. અસાવધ એવા મોટા મોટા જ્ઞાની પુરૂષો, સિદ્ધ પુરૂષોને પણ એ કૃપાણે બહુજ બૂરી રીતે ઘાયલ કર્યા છે. એમના સિદ્ધિ અને સાધનારૂપી અંતરંગ અવયવોને એણે કારમા જખ્મો કર્યા છે અને એ જખ્મોને રૂઝવનાર કોઇ ધનવન્તરી આ દુનિયામાં પાકયો નથી.

**- શ્રી નિલકંઠ**

**કલ્યાણ માસિક,**

**સં. ૨૦૧૯-૨૦, અંક ૭-૮-૯,**

**ભાદરવો-આસો-કારતક માંથી સાભાર**

# અનોખું બલિદાન

**:: પ્રસ્તાવના ::**

જ્યારે આજે ભારતમાં ચોમેર હિંસાના ઘોર તાંડવો નાચી રહ્યા છે, ત્યારે અહિંસાના ભવ્ય આદર્શ કાજે નિર્વંશપણાના શ્રાપનો સહર્ષ સ્વીકાર કરી, પોતાના પુત્રનું હર્ષ પૂર્વક સ્વેચ્છાયે મૃત્યુ આમંત્રનાર, કુલથી નીચ પણ હૃદયથી ઉચ્ચ, એવા માનવના મૂક અને અનોખા બલિદાનની સત્ય કથા.

## ૧

ખારાપાટ મેદાનો છે.

વચ્ચે થોડું મોટું કહેવાય એવું એક ગામ છે. ગામની વચ્ચે એક ચોક છે, ને ચોકની જમણી બાજુ એક નાની એવી ગલી છે.

ગલીની વચ્ચે એક જુનો પુરાણો પીપળો છે.

પીપળાની નીચે એક ચોતરો છે. ને ચોતરા પર એક દેરી છે.

એ નાની એવી દેરીમાં ભારે જોરાળી એક દેવી બેઠી છે. લોકો એને 'મેલડી મા' ના નામે ઓળખે છે.

ન હિન્દુ ને ન મુસલમાન ગણાય એવી કામળીયા નામની જાત !

એ દેવીને પૂજે ને શબને દફનાવે. એમની આ ઉપાસ્ય દેવી!

કામળીયા જાતનો વિઠ્ઠલ પુજારો એનો ભૂવો. દેવી પર એને ભારે આસ્થા. રોજ સાંજે દેરીમાં ધૂપ કરે... દીવો કરે... ને દેરીને એ સાફસુફ રાખે.

નવરાત્રીમાં નવ દિવસ દેવીની સામે હોમ હવન કરે. નવે દિવસ ધૂણે. એ વખતે એના શરીરમાં 'મેલડી મા'નો પ્રવેશ થાય. કૈંકના ભૂત ભવિષ્ય ભાખે. આવું આવું કેટલુંય કર્યા કરે.

વિધાતાએ જાણે અષાઢના કાળા ભમ્મર વાદળના એક દળમાંથી નીર્મ્યો ન હોય એવો કાજળના પુંજ જેવો કાળો, વિઠ્ઠલાનો દેહ! પાછો જેવો કાળો તેવો જ કદરૂપો, રંગને રૂપ બેયનો

મજાનો સુમેળ!

રાતના અંધારામાં એ ભેટી ગયો હોય તો એના કાળા ડિબાંગ દેહને જોઇને કોઇ અજાણ્યો તો એને ભૂત જ સમજી લે.

વિઠ્ઠલ પૂજારીના રૂપરંગ ભલે કાળા હતા. કદરૂપા હતા... પણ એનું અંતર તો ભારે રૂપાળું હતું. એનું હૃદય માખણના પિંડમાંથી ન બનાવ્યું હોય એવું પોચું હતું.

સ્વભાવનો સહેજ આકરો, પણ નિખાલસ હતો... ભોળો હતો, અને દિલનો દયાળુ હતો. કોઇ દિવસ કોઇને પણ વગર કારણે ન પીડે.

એનાં અંતરનું એ સુંદર રૂપ એની પત્ની ન પારખી શકી. પણ વિઠ્ઠલનો શ્યામ ભયંકર દેખાવ... કુત્સિતરૂપ કાંટાની જેમ એનાં હૃદયને ચૂભી જતું. એની આંખોને કણાની જેમ ખૂંચી જતું.

વિઠ્ઠલો એની પત્ની ઉપર અત્યંત પ્રેમ રાખતો... ઘણું વ્હાલ દેખાડતો, પણ એની પત્નીને તો એ કદરૂપો પતિ દીઠો યે ન ગમતો. એના અંતરમાં વિઠ્ઠલા માટે જરાયે પ્રેમ નહોતો.

એનાં અંતરનું એ સુંદર રૂપ પત્ની પારખી ન શકી.

એ નારીના હૃદયમાં રમતા કુટીલ ભાવને ન જોઇ શકયો.

હા ! બહારથી તો તે ખૂબ જ પ્રેમ દેખાડતી હતી.

અને ભોળો ભાલો વિઠ્ઠલો...! એ એના બનાવટી પ્રેમને ન પારખી શકયો, એ નારીના હૃદયમાં રમતા કુટીલ ભાવને ન જોઇ શકયો. એ તો બિચારો, પોતે જેવો હૃદયથી સાચો પ્રેમ કરતો હતો. તેનું જ પ્રતિબિંબ પત્નીના પ્રેમમાં જોતો હતો. જ્યારે એની પત્ની.....?

એ તો એનો ઘાટ ઘડી નાંખવાનો વિચાર કર્યા કરતી હતી.

નાતરિયા જાત એટલે ધણી મરે તો બીજી જગ્યાએ નાતરૂં થઇ શકે.. અને એટલે જ વિઠ્ઠલાની પત્ની એને પુરો કરી નાંખવાનો લાગ શોધતી હતી.

એને આ કદરૂપો ધણી ગમતો ન્હોતો. એને તો કળાયેલા મોર જેવો રૂડો રૂપાળો વર જોઇતો હતો.

અને!

એક દિવસ વિઠ્ઠલાનો અંત કરવાની એક યોજના એણે ઘડી કાઢી, એના અમલ માટે અનુકુલ સમયની તે પ્રતીક્ષા કરવા લાગી.

ગ્રીષ્મ ઋતુના અંતિમ દિવસો હતા. વર્ષા ઋતુના આગમનને હવે વધારે સમય ન હતો.

ગગનના માર્ગે વાદળની વણઝાર ચાલવા માંડી હતી. પાણીની પોઠો ભરી ભરીને જાણે દૂર દૂરના પ્રવાસે ન નીકળી હોય?

બપૈયા જલની આશાએ ડોક ઉંચી કરીને કાતર સ્વરે જલની યાચના કરતા હતા. મોરના વૃન્દ ટેહૂંક!!! ટેહૂંક!!! કરીને જાણે એ વણઝારનું સ્વાગત કરી રહ્યા હતા.

ખેડૂતો ખેતર ખેડવા જઇ રહ્યા હતા. બળદોનાં ગળામાં બાંધેલી ઘંટડીઓ આમથી તેમ ડોલતી હતી... પરસ્પર અથડાઇને હવામાં મધુર રણકાર પેદા કરી રહી હતી. અને જાણે જગતને કહી રહી હતીઃ

'તમે સંસારના સંઘર્ષોમાં અથડાઓ તો પણ અમારી જેમ મધુર રણકાર કરજો. વાતાવરણમાં આનંદની લહેરો પેદા કરજો. પણ ક્લેશને કંકાસના બસૂરા તાલ ન બજવશો.'

વિઠ્ઠલ પૂજારાને પણ ઘરે ખેતી હતી. તેથી એ પણ ખેતી કરવા વ્હેલી સવારે ખેતર ખેડવા ઉપડી જતો. અને રોજ એની પત્ની બપોરે ભોજન ટાણે ભાત લઇને ખેતરે જતી.

આ તો દરરોજનો સ્વાભાવિક ક્રમ હતો.

થોડા દિવસ થયા. અને એક દિવસ લાગ જોઇને વિઠ્ઠલાની સ્ત્રીએ પોતાની યોજના અમલમાં મૂકી.

વિઠ્ઠલો તો વ્હેલે પરોઢીએ ખેતરે ઉપડી ગયો હતો. ઘરમાં એ એકલી હતી. એની યોજનામાં અંતરાય કરનાર કોઇ ન હતું.

કેવી હતી એ યોજના...?

યોજના સીધી સાદી છતાં અતિ ક્રૂર હતી... અસહ્ય યાતનાપૂર્ણ હતી... એણે વિઠ્ઠલાની ભાતમાં કાચનો ભૂક્કો ભેળવવાનું નક્કી કર્યું હતું.

ઝેર ભેળવે તો શરીરના ફેરફારથી કદાચ કોઇ બીજો પણ જાણી જાય. અને પોતે પકડાઇ પણ જાય...

...જ્યારે કાચ...! એની ખબર તો બીજાને ક્યાંથી પડે? ખાનારનાં આંતરડાં અંદરથી જ ચીરાઇ જાય... અલ્પ સમયમાં જ ક્રૂર અસહ્ય યાતના ભોગવીને માણસ મૃત્યુની ગોદમાં પોઢી જાય. મૃત્યુનું ખરૂં કારણ તો જે જાણતો હોય એ જ જાણે.

અને વિઠ્ઠલો કાંઇ મોટો માણસ ન્હોતો કે એના શરીરનું પોસ્ટમોર્ટમ થાય... એકસ રે તપાસ થાય... જેથી મૃત્યુનું ખરૂં કારણ પકડાઇ જાય. વિઠ્ઠલાની સ્ત્રી પોતાની ચતુરાઇ પર મનમાં મલકાઇ ઉઠી.

વિઠ્ઠલાનો અંત કરવાની એક યોજના એણે ઘડી કાઢી.

ઓહ! કેવી ભયંકર નારી!

જેણે ઉરના અમૃત પાયાં છે. જે પોતાના ઉપર અત્યંત સ્નેહ રાખી રહ્યો છે. જેણે અનન્ય વિશ્વાસથી એને પોતાનો સમસ્ત સંસાર સોંપી દીધો છે. જે એ નારીને જ પોતાનું સર્વસ્વ સમજી બેઠો છે. તેનો... તે પતિનો જ નાશ... સર્વનાશ કરવા એ આજે તૈયાર થઇ હતી. પોતાના ક્ષુદ્ર સ્વાર્થ ખાતર, એના જીવન સાથે જુગાર ખેલી રહી હતી.

અને એનો નાશ કરવા માટે એ કેવી ભયંકર રીત અખત્યાર કરી રહી હતી... કેવો અસહ્ય યાતનાપૂર્ણ માર્ગ અપનાવી રહી હતી. માતાનાં રૂપમાં વાત્સલ્યનાં અમી રેલાવતી... અને પ્રિય પત્નીનાં રૂપમાં શિરીષ પુષ્પના પુંજથી પણ મૃદુ...વ્હાલી બહેનનાં રૂપમાં અત્યંત પ્રેમાળ લાગતી... સુકુમાર નારી શું આટલી હદે જઇ શકે? આવી ક્રૂર બની શકે?

હા, નારીના અંતરમાં જ્યારે સ્વાર્થની, વાસનાની આગ જાગે છે. ત્યારે તેનો એ વાત્સલ્યનો પ્રવાહ સૂકાઇ જાય છે. ગ્રીષ્મ ઋતુમા પહાડ પરથી વહેતા નાનકડા ઝરણની માફક! એની મૃદતા... કોમળતા... સહનશીલતા... બધું યે નાજુક પુષ્પવેલડીઓની માફક નષ્ટ થઇ જાય છે... બળી જાય છે અને રહે છે એ આગથી શ્યામ બનેલું લોહખંડ જેવું સાવ કઠોર... દવદગ્ધ પહાડના જલવિહીન ઝરણાં જેવું શુષ્ક હૈયું.

વિઠ્ઠલાની સ્ત્રીનુંય આવું જ બની ગયું હતું. એના અંતરમાં સ્વાર્થની... વાસનાની, આગ ભડભડી રહી હતી. અને એમાં તે પોતાના પતિની જ આહૂતિ કરવા ઉદ્યત થઇ રહી હતી.

સ્વાર્થની કહો કે અણદીઠ વાસનાની, એ આગથી તપ્ત બનેલી તે સારાસારનો વિચાર,

વિવેક, મર્યાદા બધુંયે વિસરી ગઇ હતી. અને નિષ્ઠુર થઇ ગઇ હતી.

એ ક્યાંકથી થોડો કાચ લઇ આવી. એનો ઝીણો ભુક્કો કરી નાખ્યો અને શેર લોટમાં એ ભુક્કો ભેળવી દઇ, લોટના બે-ચાર સરસ રોટલા ઘડી નાંખ્યા... મશાલેદાર શાક બનાવ્યું... છાશની દોણી લીધી અને બપોર થતાં તો ઝટપટ ખેતરે ભાત દેવા ઉપડી.

એના પગે બાંધેલા ઝાંઝર આજે જોરથી રણકી રહ્યા હતા. એના તાલે વિઠ્ઠલાનો કાળ જાણે તાલબદ્ધ નૃત્ય કરી રહ્યો ભાસતો હતો.

પણ...!

વિઠ્ઠલાનું ભાગ્ય! એ એના પક્ષમાં છે કે નહિં ? એ એને બચાવવાની પેરવી કરી રહ્યું છે કે નહિ?

હા. કરી રહ્યું છે.

હજી વિઠ્ઠલાનું ભાગ્ય પરવારી ગયું નથી. એક પુણ્ય કાર્ય માટે... એક આદર્શ માટે પોતાના જીવનનું બલિદાન કરવા લાંબું જીવવાનું છે.

આવી સ્વાર્થને વશ થયેલી કંગાલ નારીના તુચ્છ સ્વાર્થ માટે નષ્ટ થવા એનું જીવન સર્જાયેલું નથી. એનું જીવન તો એક મૂક છતાં ભવ્ય બલિદાન માટે સર્જાયેલું છે.

અને એટલે જ કુદરત એના જીવનને બચાવવા માટે એક દિવ્ય પ્રસંગ ઉભો કરી દે છે. એના જીવનને રક્ષવા એક અકલ્પ્ય દાવ ખેલે છે.

કેવો હશે એ દાવ ?

## ૨

ભગવાન ચંડરશ્મિ તીવ્ર ગતિએ મધ્યાકાશ તરફ વધી રહ્યાં હતા. હવા અતિ મંદ ગતિથી વહી રહી હતી.

જલભર્યાં કાળાં વાદળ દળ ગાઢાં થઇ સૂર્યની આડે જમા થઇ ગયાં હતાં. તડકો અને પૃથ્વી વાદળની આડે સંતાકૂકડી રમી રહ્યાં હતાં.

વર્ષાના આગમન પૂર્વનો અસહ્ય ઉકળાટ વાતાવરણમાં પૂરી રીતે વ્યાપી રહ્યો હતો.

વિઠ્ઠલ પૂજારો ગ્રીષ્મના ભયાનક તાપ અને થાકની જરાયે પરવા રાખ્યા વગર ઝડપથી ખેતર ખેડી રહ્યો હતો અને ખેડતા ખેડતાં મીઠી હલકે એનાં ગામડીયાં ગીતો લલકારી રહ્યો હતો. એમાં મસ્ત બની ગયો હતો.

એને ભાત આવે એ પહેલાં અડધું ખેતર ખેડી નાંખવું હતું. આસપાસ ક્યાંય નજર નાખ્યા વિના બસ ખેડ્યે જ જતો હતો.

આજ સમયે રૌપ્ય ઘંટડીના મધુર રણકાર જેવા અવાજે કોઇએ એને પોકાર્યો:

'વિઠ્ઠલા!...'

વિઠ્ઠલ પૂજારો ચમક્યો... અને થંભી ગયો. પોતાને કો'ક મધુર અવાજે બોલાવી રહ્યું હોય એમ એને લાગ્યું. એણે ચારે તરફ નજર ફેરવી પણ કોઇ નજરે ન ચડયુ. અને એથી પોતાને ભ્રમ થયો હશે એમ માની પાછો ખેડ કરવા માંડયો. પણ એનું મન તો પોતાને કોણે બોલાવ્યો હશે? એ પ્રશ્નના ઉત્તરની શોધમાં ઉપડી ગયું.

એમને એમ એક-બે પળ વીતી ગઇ.

અને...

પાછો પહેલાની જેવો જ સુમધુર અને પ્રતાપી અવાજ એના કાને આવ્યો. જાણે કોઇ માતાની જેમ સ્નેહભર્યા અવાજે એને બોલાવી રહ્યું હતું.

વિઠ્ઠલો સાવધ થઇ ગયો.

એણે પોતાને બોલાવનારને શોધવા ચારે દિશામાં સર્વગ્રાહી નજર ફેંકી પણ કોઇ દેખાણું નહિ. જાણે એ અગમ્ય બોલાવનાર વ્યક્તિ એને બોલાવીને પૃથ્વીમાં પાછી દટાઇ ન જતી હોય !

વિઠ્ઠલ પૂજારો ભારે વિચારમાં પડી ગયો. એના મનમાં થયું. આસપાસ કોઇ દેખાતું નથી. તો આટલા નજીકમાં કોણ પોતાને બોલાવી રહ્યું છે ?

ખેડતાં ખેડતાં એ લગભગ અટકી ગયો... અને બળદો ઉભા રહી ગયા.

વિચારમાં ને વિચારમાં એણે ઉંચે આકાશ તરફ નજર કરી અને ત્યાં એણે જે દશ્ય જોયું

તે એને માટે અપૂર્વ હતું... અકલ્પ્ય પણ હતું.

ધરતીથી અધ્ધર પંદર-વીશ હાથ ઉંચે આકાશમાં એક અપૂર્વ રૂપમાધુરીભરી સુંદરી ઉભી હતી, અને એ જ એને બોલાવી રહી હતી

વિઠ્ઠલ પૂજારો આ અપૂર્વ દશ્ય જોઇને અવાક્ થઇ ગયો.

ઉભા રહી ગયેલા બળદને મારવા માટે પરોણા સાથે ઉંચો થયેલો એનો હાથ એમને એમ અધ્ધર રહી ગયો. જાણે એના ઉપર કોઇએ સ્થંભન મંત્રનો પ્રયોગ ન કર્યો હોય?

અને... પેલી તેજના પુંજથી દીપી રહેલી દિવ્ય રૂપસુંદરી આકાશમાંથી નીચે ઉતરી આવી. વિઠ્ઠલ પૂજારાની સન્મુખ ધરતીથી ચાર આંગળ ઉંચે ઉભી રહી.

એના સાન્નિધ્યથી આસપાસનું સમગ્ર વાતાવરણ જાણે હિમ જેવું શીતળ થઇ ગયું.

એનું કરૂણા અને મમતાભર્યું મુખ મંદ મંદ સ્મિત રેલી રહ્યું  હતું.

એના નયનોમાંથી વાત્સલ્યની રસધારા છુટી રહી હતી અને જાણે વિઠલાને પ્લાવિત  કરી રહી હતી.

એના દેહમાંથી ફૂટતાં તેજ કિરણો એની આસપાસ દેદીપ્યમાન આભાનું કુંડાળું રચી રહ્યા હતાં.

એના વિશાળ અને ઉન્નત વક્ષઃ સ્થળ પર ઝુલતી પારિજાતક પુષ્પની માળા વાતા-વરણમાં માદક સુગંધ પ્રસરાવી રહી હતી.

અનેક પ્રકારનાં દિવ્ય રત્નાભરણો એના દેહ પર દીપી રહ્યાં હતાં.

બે-ચાર ક્ષણ પછી સ્વચ્છ થઇને વિઠ્ઠલાએ પોતાની સામે ઉભેલી એ દેવસુંદરીને પૂછ્યું :

"આપ કોણ છો?"

'હું?'

'હા'

'હું તારી ઉપાસ્યદેવી 'મેલડી માં' છું. જેની તું રોજ ઉપાસના કરે છે ! પેલી દેવસુંદરીનો મધુર સ્વર અમૃતના પ્રવાહની જેમ વાતાવરણમાં રેલાયો.

'હેં! વિઠ્ઠલાની આંખો ફાટી ગઇ. મોં પહોળું થઇ ગયું... અને એમાંથી એક આછી ચીસ નીકળી ગઇ. હર્ષ અને આશ્ચર્યના આવેગથી એને દેહનું ભાન ન રહ્યું . એ પડતો રહી ગયો.'

એણે એ તો કદી પણ કલ્પ્યું ન હતું કે- જે દેવીની પોતે નિત્ય ઉપાસના કરે છે... સાધના કરે છે. તે એક દિવસ કશીય વિધિ વિના... હોમ હવન આદિ વિધાન વિના, આમ અકલ્પી રીતે એની સામે આવીને ઉભા રહેશે અને એમની સાથે પ્રત્યક્ષ વાતો કરવાનું સૌભાગ્ય પોતાને પ્રાપ્ત થશે.'

એ પોતાની જાતનું અહોભાગ્ય માનવા લાગ્યો. પોતાના જીવતરને ધન્ય ધન્ય ગણવા લાગ્યો.

વિઠ્ઠલો ભાવભર્યા હ્દયે દેવીના ચરણમાં ઝૂકી ગયો... સાષ્ટાંગ પ્રણામ કર્યા.

બે ક્ષણ પછી એ ઉભો થયો.

બે હાથ જોડી એણે દેવીને પૂછયું: 'મા! અચાનક આજે આ સેવકનું તારે એવું શું કામ પડયું. જેથી આ હીન ભાગ્યને તેં પ્રત્યક્ષ દર્શન આપ્યાં.'

'વિઠ્ઠલા! આજે તારા ઉપર એક ભયંકર પ્રાણ ઘાતક સંકટ આવવાનું છે. જેથી તને એ સંકટથી સાવધ કરવા મારે આવવું પડયું છે. કારણ કે તું મારો પ્રિયભક્ત છે... તેથી તારૂં રક્ષણ કરવું એ મારૂં કર્તવ્ય છે.' દેવીએ કહ્યું.

'મા! એવું તે કેવું ભયંકર સંકટ આવી પડવાનું છે જેથી તારે પોતે મને સાવચેત કરવા આવવું પડયું?' વિઠ્ઠલપૂજારાએ ભય અને વિસ્મયભર્યા સ્વરે દેવીને પૂછયું.

'તું બહુ કદરૂપો છે, તારી પત્નીને તો તું દીઠોય ગમતો નથી. એને બીજે નાતરૂં કરવું છે. પણ તું જીવંત હોય ત્યાં સુધી તો ન કરી શકાય, તેથી તને મારી નાંખવા માટે તારી પત્નીએ એક ભયંકર પ્રપંચ કર્યો છે, અને તારી એ દુષ્ટ પત્ની સિવાય બીજા કોઇને પણ એ પ્રપંચની જાણ થાય તેમ નથી કે જેથી તને કોઇ સાવચેત કરી શકે. પણ તારૂં ભાગ્ય જાગતું હતું તેથી મને આ વાતની જ્ઞાનદ્વારા ખબર પડી ગઇ. એટલે તરત તને સાવચેત કરવા દોડી આવી,' હવે...

...ત્યાં જ વિઠ્ઠલ પૂજારો અધવચ્ચે બોલી ઉઠયો 'શો પ્રપંચ એ દુષ્ટાએ કર્યો છે?'...

... એ જ તને કહું છું. તારી પત્નીએ આજે જે રોટલા ઘડયા છે, તેમાં પાશેર કાચ ભેળવ્યો

છે. જો એ રોટલા તારા પેટમાં જશે તો તું યમને શરણ થઇ જઇશ... ભયંકર યાતના સહન કરીને મૃત્યુ ને પ્રાપ્ત થઇ જઇશ, માટે આજે જે ભાત આવે તે તું ખાઇશ નહિ, અને ભવિષ્યમાં પણ તારી આ દુષ્ટ પત્નીથી સાવધ રહેજે.' દેવીએ વાતની સમાપ્તિ કરતાં કહ્યું.

વિઠ્ઠલપૂજારો તો આ વાત સાંભળીને આભો જ થઇ ગયો. પોતાની પત્ની આવી ભયંકર હશે એ તો એની કલ્પનામાં ય ન હતું.

બહારથી વ્હાલ બતાવતી એ નારીનાં અંતરમાં આવું ભયંકર હલાહલ ભર્યું હશે એનો એને જરાયે અણસારો આવ્યો ન હતો.

મહાપંડિત અને જગતના સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાયેલા મહાપુરૂષો પણ નારીનાં અંતરનો તાગ લઇ શકયા નથી તો એના જેવો ભોળોભાલો ગામડીઓ તો ક્યાંથી જ પામી શકે?

એ દેવીનો અત્યંત ઉપકાર માનતો એના ચરણમાં માથું નમાવીને પડ્યો.

અને દેવી પ્રસન્નતાનું એક મધુર હાસ્ય એના ઉપર વેરીને  એ હજી નમેલો હતો ત્યાંજ અદૃશ્ય થઇ ગઇ.

બે-ચાર પળ પછી વિઠ્ઠલપૂજારાએ માથું ઉંચું કર્યુ. દેવીના દર્શન કરવા નજર ઉંચે કરી તો ત્યાં કોઇ ન હતું.

નયનમાંથી હિમશીતલ સ્નેહસુધાને વહાવતી એ દેવસુંદરીના બદલે દૂર-દૂર ઉંચેરા ગગનમાં આગની જ્વાલા જેવા સંતપ્તકિરણોને વર્ષાવતો ચંડરશ્મિ આંખને આંજી નાખે એવું પોતાનું રૂપ દર્શાવી રહ્યો હતો.

હા... એ દેવી સુંદરીના કંઠમાંથી વહેલા અતિ મધુર સ્વરતરંગો હજી પણ મંદ મંદ વહ્યે જતી વાયુલહરીમાં દૈવી સંગીતની જેમ ગૂંજી રહ્યા હતા. પણ... એ સ્વરની સ્વામીની તો અગોચર થઇ ગઇ હતી.

દેવી તો અદૃશ્ય થઇ ગઇ હતી. પણ વિઠ્ઠલો તો પાછો એમ ને એમ હાથ જોડીને ઉભો રહ્યો. હજી એ આશ્ચર્યની અસરથી મુક્ત થઇ શક્યો ન હતો. એ સંકલ્પ વિકલ્પના ચક્રાવે ચડી ગયો.

એના મનમાં ક્ષણભર એક સવાલ જાગ્યો. 'આ તે મેં સ્વપ્ન જોયું કે સત્ય! શું! ખરેખર મેલડીમાં આવ્યા હશે! અને એ જ મને આ બધી હકીકત કહી ગયા? ના, ના, મારા તો એવા

મહાભાગ્ય કયાંથી હોય કે મને બચાવવા માટે સાક્ષાત્ મેલડીમાં દોડી આવે. ચોકકસ મને આ અસહ્ય તાપના કારણે ચિત્તભ્રમ થયો હશે?'

'ના, એ પણ કબૂલાય એવું નથી. કારણ કે હજુ પણ જાણે વાતાવરણમાં દેવીનો એ અત્યંત મધુર સ્વર ગૂંજી રહ્યો છે. ઓહ! કેવો મધુર સ્વર છે.'

'અને એમનું રૂપ! એ તો જરાયે ભૂલાય તેમ નથી. કેવું સૌમ્ય...શીતલ...અને અપૂર્વ! આવું રૂપ તો મેં કયાંયે દીઠું નથી. હજીયે નજર સામે તરી રહ્યું છે.'

'ઓહ! આ થોડી પળોમાં કેવું અદ્ભૂત બની ગયું. મારી તો બુદ્ધિ ચક્કર ખાઇ જાય છે. કંઇ સમજાતું નથી. શું આ બધું ખરેખર અનુભવ્યું છે.'

'હશે! અત્યારે મારે આવા સંકલ્પ-વિકલ્પ કરવાની શી જરૂર છે? હમણાં મારી પત્ની ભાત લઇને આવી પહોંચવી જોઇએ. એ આવશે એટલે સાચું ખોટું જણાઇ આવશે.

આમ વિચારમાં ને વિચારમાં એ ક્યાંય સુધી ઉભો રહ્યો હોત... પણ ત્યાં અત્યાર સુધી શાંત ઉભા રહેલા એના બળદોએ તોફાન કર્યું ને એની વિચારમાળા તૂટી.

## 3

સૂર્ય મધ્યાકાશમાં આવી ગયો હતો.

એની આડે જમા થયેલાં વાદળ ખસી ગયાં હતાં, એનાં અવિશ્રાન્ત પણે ચાલ્યા આવતાં તીખાં કિરણો પૃથ્વીનાં પડને ભેદીને અંદર ઘુસી રહ્યા હતા.

પૃથ્વી તપી ગઇ હતી.

ગ્રીષ્મના અસહ્ય તાપથી વિઠ્ઠલપૂજારાના શ્યામ દેહ પર પ્રસ્વેદના રેલા ચાલી રહ્યા હતા. બળદ પણ તાપથી હાંફતા હતા... અને છાયામાં જવા માટે તોફાન કરવા માંડ્યા હતા.

એણે બળદોને હળમાંથી છુટા કર્યા, અને ખેતરના એક છેડે ઉભેલા લીંબડાના ઝાડ નીચે દોરી ગયો. ઝાડના થડ સાથે એમને બાંધી ચારો નીર્યો.

પોતે ઝાડની છાયામાં એક બાજુ આડો થયો ઠંડકના કારણે થોડી જ વારમાં એ ઝોકાઇ ગયો.

એક-બે ઘડી વીતી ત્યાં ખેતરના સેઢેથી ચાલી જતી કોક નારના પગે બાંધેલા ચાંદીના

મોટા કડલાના ભારે ખખડાટથી એનું ઝોકું ઉડી ગયું... એની આંખો ખૂલી ગઇ.

અને... વળતી જ પળે માથે ભાત મૂકીને ચાલી આવતી પોતાની પત્ની ઉપર એની નજર પડી. એના મનમાં ઘૃણાની એક લહરી દોડી ગઇ... માથું આવેશથી કંપી ઉઠ્યું.

એક-બે પળમાં જ એની પત્ની એની પાસે આવી ગઇ, ભાત નીચે મૂકયો અને ખાલી થયેલા પાણીના માટલામાં ચોક્ખું પાણી ભરી લાવી વિઠ્ઠલાપૂજારાની સામે બેઠી.

વિઠ્ઠલપૂજારો એમને એમ આડો પડી રહ્યો. ખાવા માટે બેઠો ન થયો. એને ભાત ખાવાની ઉતાવળ હોય એમ લાગતું નથી, એની પત્નીએ એની સામે જોઇને હસતાં પૂછયુંઃ 'વિઠ્ઠલા! હજી ભૂખ લાગી નથી? રોજ તો ભાત આવે છે ને ઝટ ઝટ ખાવા મંડી પડે છે અને આજે કેમ આમ ઠંડો થઇ ગયો છે?'...

'ભૂખ તો ઘણી લાગી છે. પણ આજે સખત તાપમાં કામ કર્યુ છે તે માથું ચડયું છે. એટલે ઘડી-બેઘડી વિશ્રાંતિ કરી પછી ભાત ખાઇ લઇશ. તારે જવું હોય તો જા' કંટાળાભર્યા સ્વરે વિઠ્ઠલપૂજારીએ કહ્યું.

'માથું ચડ્યું હોય તો લાવ થોડીવાર દાબી દંઉ. બાકી વધારે વાર બેસાય એમ નથી. ચોમાસું નજીક આવ્યું એટલે ઘરે પણ કામકાજ હોયને?'

'ના નથી દાબવું. તું તારે ઘેર જા. માથું તો આ હમણાં ઘડીક આરામ કરીશ એટલે ઉતરી જશે.'

'આખો દિવસ ખેડ ખેડ કરે છે. જરાયે આરામ કરતો નથી. પછી આ ઉનાળાની લૂ લાગશે ને માંદો પડી જઇશ તો ? બે દિવસ મોડી ખેડ પૂરી થશે તો શો વાંધો આવવાનો છે?'...ખોટું વ્હાલ દરસાવતાં વિઠ્ઠલાની પત્નીએ કહ્યું.

'હારૂં, હવે તું ઘેર જઇશ? કયાં સુધી માથું ખાવું છે?' સ્હેજ તીખા સ્વરે વિઠ્ઠલપૂજારાએ કહ્યું.

'લ્યો ત્યારે આ ચાલી. તું વેલો ઘેર આવજે.' એમ કહી વિઠ્ઠલાની પત્ની ઉભી થઇ ઘર તરફ ચાલી નીકળી... થોડી જ વારમાં દૃષ્ટિમર્યાદાથી દૂર નીકળી ગઇ.

વિઠ્ઠલ પૂજારો હાશ કરીને આળસ મરડતો ઉભો થયો. એણે ભાતમાં કાચ છે કે નહિ

તેની પરીક્ષા કરવાનો ઉપાય શોધી કાઢયો હતો. બાકી એનું માથું તો કાંઇ દુ:ખતું ન હતું. પણ દેવીએ આપેલી ચેતવણી દુખતી હતી. એથી ગમે તેમ કરીને પત્નીને વિદાય કરવા માટે ખોટું બહાનું કાઢયું. એ બેઠી હોય તો ભાતની પરીક્ષા કરવાની સરખાઇ ન આવેને!

એણે ઉભા થઇ પંખીડાંને પાણી પાવા માટે ઝાડ પર લટકાવેલું માટીનું કુંડુ નીચે ઉતાર્યું. એને સ્વચ્છ કરી માટલામાંથી બે-ચાર લોટા ચોકખું પાણી એમાં ભર્યુ.

પછી ભાતની પોટલી છોડી. એમાંથી રોટલા કાઢયા. આજ તો એની પત્નીએ એવા સરસ રોટલા કર્યા હતા કે ન પૂછો વાત ઘી થી લથપથ હતા. અને હજીયે ગરમ ગરમ હતા અને એમાંથી છૂટતી ચોકખા ઘીની મીઠી સોડમ જીભને પાણી પાણી કરી દેતી હતી.

પેલાં કિંપાક ફળ!

એ દેખાવમાં કેટલાં સુંદર હોય છે... એની સૌરભ કેવી મદભરી હોય છે... એનો સ્વાદ પણ અતિ મધુર હોય છે... એનાથી લોભાઇને કોઇ એને ખાઇ બેસે તો એની શી દશા થાય?

આ રોટલા પણ એવા સરસ હતા કે તરત ખાવાનું મન થઇ જાય... વિઠ્ઠલપૂજારાના મોમાં પાણી છૂટયું, મેલડીમાની ચેતવણી આડે ન આવતી હોત તો આજના ભાતને એણે કયારનાયે ઉદરસ્થ કરી દીધા હોત!...

એણે બધા રોટલાના ઝીણા ઝીણા ટૂકડા કર્યા. પછી સામે પડેલા પાણીના કુંડામાં એ બધા ઠાલવ્યા, અને એ બધા ટૂકડાઓને પાણીમાં મશળવા લાગ્યો. થોડી જ વારમાં ટૂકડા પાણીમાં ભળી ગયા... એમનો લોટ જેવો ભૂકો થઇ ગયો.

અને...

પેલી પ્રાણઘાતક તીક્ષ્ણા કાચકર્ણિકાઓ વિઠ્ઠલપુજારાના કઠોર હાથને ચૂમતી કુંડાના તળીયામાં જમા થઇ ગઇ.

વિઠ્ઠલપૂજારાને દેવીના દર્શનની, અને એમણે આપેલી ચેતવણી સત્ય હતી તેની પ્રતિતી થઇ ગઇ. એના મનમાં થયું: ‘ખરેખર આજે જો મેલડીમા ન આવ્યા હોત તો આ અધમ નારીના પ્રતાપે હું ચોક્કસ યમના ધામમાં પહોંચી જાત.’

એને પોતાની દુષ્ટ પત્ની ઉપર ખૂબ જ ગુસ્સો ચડયો. હવે એ કાળી નાગણ જેવી ભયંકર

નારીનું 'શું કરવું' તેનો વિચાર કરવા લાગ્યો.

ઉપર આકાશમાંથી સૂર્ય આગના ગોળા વરસાવી રહ્યો હતો, નીચે તપી ગયેલી પૃથ્વી પર તો જાણે હજારો સગડીઓ ભડભડી રહી હતી અને વાતાવરણમાં આગની ચીનગારીઓ ચંપાયે જતી હતી.

વિઠ્ઠલપૂજારાના ઉદરમાં ભૂખની આગ પેટાઇ ગઇ હતી.... એના અંતરમાં કષાયનો... અશાંતિનો દાવાનલ પ્રગટ્યો હતો. એના ચિત્તમાં આવેશમય વિચારોનું વિષચક્ર ચાલવા લાગ્યું.

વિઠ્ઠલ પૂજારો અત્યારે આવેશમાં આવી ગયો હતો. એનું મગજ તપી ગયું હતું...આસપાસનું વાતાવરણ પણ ઉષ્ણ હતું. એનું મગજ ઠંડુ પાડે એવું કોઇ નિમિત્ત ત્યાં હાજર ન હતું... સિવાય નિદ્રા અને કાલક્ષેપ!

એણે પોતાની પત્નીને અતિકઠોર શિક્ષા કરવાનો નિર્ણય કર્યો... એ નિર્ણય ભયંકર હતો... એને પોતાને જ નુકસાન કરે એવો હતો.

એણે નક્કી કર્યું કે - 'ઘેર જઇને આ બાયડીનું ઠેકાણું જ પાડી દેવું. એક ઝાટકે એને ઉડાવી દેવી. મારી બાયડી થઇને મને મારવા બેઠી છે. એને બરોબર ખબર પાડી દેવી. પછી ભલે મારૂં જે થવું હોય તે થાય.'

ચિત્ત જ્યારે કષાયના આવેશથી ભરપૂર હોય છે... અશાંત હોય છે. ત્યારે સારાસારનો વિવેક દૂર મૂકાઇ જાય છે, અને સારાસારના વિવેક વિના કરેલા નિર્ણય ભવિષ્યમાં નુકસાન કરનારા જ નીવડે છે.

વિઠ્ઠલો પણ અત્યારે વિવેકથી દૂર ફેંકાઇ ગયો છે... એ આ આવેશભર્યા ઉતાવળીયા નિર્ણયને અમલમાં મૂકવા ઝટ ઘેર જવા ઉતાવળો થયો. પણ પેટમાં ભૂખની આગ સળગતી હતી. ચિત્તમાં વિચારોના વિષનું ઘમ્મરવલોણું ચાલતું હતું. માથે અસહ્ય તાપ હતો. તેથી એને ડર લાગ્યો કે 'આ અસહ્ય તાપમાં જઇશને મગજ જશે તો?'

એણે ઘેર જવાનું માંડી વાળ્યું. એના જાગૃત ભાગ્યે એને સદ્બુદ્ધિ આપી. ફેર વિચાર કરવા સમય આપ્યો.

વિઠ્ઠલપૂજારાને કકડીને ભૂખ લાગી હતી એણે પોતાની ચારે બાજુ નજર ફેરવી સામે કુંડુ

પડયું હતું. એમાં ચમકતી કાચકણિકાઓ એની સામે હસી રહી હતી. કુંડાની બાજુમાં જ છાશની દોણી પડી હતી.

એણે છાશની દોણ ઉઠાવી... આખી દોણી ઠંડી છાશથી ભરેલી હતી. એક શ્વાસે બધી છાસ પી ગયો. જાડી જાડી છાશ પેટમાં પડી એટલે ભૂખની આગ ઠંડી થઇ, ઉપર બે -ત્રણ લોટા ઠંડુ પાણી ચડાવીને લીંબડાની શીળી છાયામાં પાછું લંબાવી દીધું. થાક અને ભૂખને કારણે થોડી જ વારમાં ઉંઘી ગયો. વિચારોનું વિષચક્ર અટકી ગયું.

સૂર્ય તીવ્રગતિએ પશ્ચિમના પહાડ પર ઉતરવા લાગ્યો.

વાતાવરણ ઠંડુ થવા લાગ્યું. દક્ષિણમાંથી ચાલ્યો આવતો પવન વિઠ્ઠલના દેહને વીંઝણો કરવા લાગ્યો.

લીમડાની શીળી છાયા શીતળતા વર્ષાવી રહી.

વિઠ્ઠલાએ આંખો ઉઘાડી.. એનું તપી ગયેલું મગજ ઠંડુ થઇ ગયું હતું.

એનો માયાળુ સ્વભાવ... દયાળુ દિલ, આવેશના આવેગમાંથી મુક્ત થઇ ગયા હતાં... ત્રણ-ચાર કલાકની નિદ્રાએ એની બીડાઇ ગયેલી વિવેકશક્તિને જાગૃત કરી દીધી હતી.

એણે બેઠા થઇ ચારે તરફ નજર ફેરવી. બધા ખેડૂતો ઘર તરફ જઇ રહ્યા હતા. એનો પણ ઘેર જવાનો રોજનો સમય થઇ ગયો હતો.

એ ધૂળ ખંખેરીને ઉભો થયો. રોટલા અને કાચનો ભૂકો જમીનમાં ખાડો કરી દાટી દીધા જેથી કોઇ પશુપંખી ખાઇને મરણને શરણ ન થાય. પછી બળદને હળમાં જોડી ઘર તરફ ચાલ્યો. માર્ગમાં ચાલતાં ચાલતાં ફરીવાર બની ગયેલા બનાવ ઉપર વિચાર કરવા લાગ્યો.

એને પહેલા લીધેલો ઉતાવળીયો અને ક્રુર નિર્ણય ન ગમ્યો. એનું માયાળુ દીલ શાંત ઉપાય કરવાના વિચાર તરફ ઢળવા લાગ્યું, અને એણે પોતાની પત્નીને એવી શિક્ષા કરવાનો નિર્ણય લીધો જેથી પોતાને અને એને કોઇને નુકશાન ન થાય.

આ બાજુ એની પત્ની!

એ દુષ્ટા કેવી ભયંકર છે. એનો કદરૂપો પણ ઉદારદીલવાળો પતિ જયારે એને માફી બક્ષવાનો વિચારી રહ્યો છે. ત્યારે એતો આજે વિઠ્ઠલો પતી જશે એટલે પોતે એ કદરૂપા ધણીની

ચુંગાલમાંથી મુક્ત થશે એ વિચારથી અતિ આનંદિત થઇ રહી હતી. અને વારે વારે બારણામાંથી બહાર નજર નાંખતી હતી.

એ બહાર શું જોતી હશે?

શું એનો કોઇ સગો બહારથી આવવાના હોઇ એનો માર્ગ દેખે છે? ના રે ના... તો પછી શું દેખે છે? એ ક્રૂર નારી તો વિઠ્ઠલાનો ખાટલો ઉપાડીને કોઇ આવે છે કે નહિં એ જોવા બહાર નજર નાંખે છે.

એને તો ખાત્રી જ છે કે 'ભાત પેટમાં જશે. એટલે એ ત્રણ કલાકમાં જ કાચકણિકાઓ પોતાનો પ્રભાવ વિસ્તારવા માંડશે... પછી વિઠાના ઉદરમાં ભયંકર પીડા ઉપડશે... વિઠ્ઠલો પીડાનો માર્યો રાડારાડ કરશે... અને આસપાસનું લોક ભેગું થઇ એને ખાટલામાં નાખીને ઘેર ઉપાડી લાવશે.'

'બિચારો ખાટલામાં પડ્યો પડ્યો પીડાનો માર્યો ઉછળતો હશે...! રોતો હશે!...' એ નારી બારણામાં નજર નાંખીને-આ રીતે ઘેર લવાતા વિઠ્ઠલપૂજારાનું ચિત્ર આંકતી હતી.

પણ...

પાપી મનુષ્યોની પાપભરી ઇચ્છાઓ કદી પૂરી થઇ છે ખરી? સામી વ્યક્તિનો પાપોદય પ્રબળ હોય તો પૂરી થાય-બાકી તો એ લોકોની બધી ઇચ્છાઓ પૂરી થતી હોય તો... તો પૃથ્વી પર હાહાકાર મચી જાય... જગત નષ્ટ જ થઇ જાય...

હા, પાપીઓનો પુણ્યોદય જેટલા પ્રમાણમાં જાગૃત હોય એટલી એમની ઇચ્છાઓ સફળ થાય... અને જ્યાં પુણ્ય ખલાસ થાય કે તરત પોતાના પેટાવેલા પાપના પાવકમાં પોતે જ પ્રજલીને ખાખ થઇ જાય.

વિઠ્ઠલાની પત્ની બિચારી હતી... પુણ્યહીન હતી. એની ઇચ્છા પાપભરી હતી. જ્યારે વિઠ્ઠલ પૂજારાનું ભાગ્ય એની સહાયે છે... એનું આયુષ્ય બળવાન છે. પછી એની ઇચ્છા ક્યાંથી પૂરી થાય?

એ બારણામાં ઉભી ઉભી વિઠ્ઠલાના ખાટલાની પ્રતીક્ષા કરતી હતી. ત્યાં જ સામેથી આવતો વિઠ્ઠલપૂજારો એની નજરે ચડયો. એ ખાટલાને બદલે લ્હેરથી હળ ઉપર બેસીને ચાલ્યો

આવતો હતો.

વિઠ્ઠલાની પત્ની આ જોઇને ચમકી ગઇ. પોતે સ્વપ્ન તો જોતી નથી ને? એવો પ્રશ્ન એના મનમાં ઉભો થયો.

બિચારી...!

એ તો સ્વર્ગમાંથી સીધી પૃથ્વીના પથરાળ ખડક પર પછડાઇ ગઇ. એનું નવો સંસાર ઉભો કરવાનું સ્વપ્ન વેરાઇ ગયું. એનો મનોરથોનો મહેલ આકાર પામે એ પહેલા જ કકડભૂસ કરતો તૂટી ગયો.

એ આંખો ચોળીને જોવા લાગી. પણ દેખાવમાં જરાય ફરક ન પડયો. ઉલટું વધારે ચોક્ખું દેખાવા લાગ્યું. સામે એનો વિઠ્ઠલો જ આવી રહ્યો હતો. સાજો...તાજો, સાથેના ખેડૂ જોડે ગપ્પાં મારતો, રોજની એની લહેકેદાર ચાલે ચાલ્યો આવતો હતો.

એ તો ભારે અચંબામાં પડી ગઇ. એને થયું કે - આ-તો માણસ છે કે રાક્ષસ! કાચને પણ પચાવી ગયો, કે પછી રોટલામાં કાચ છે એની એને ખબર પડી ગઇ હશે અને રોટલા નહિં ખાધા હોય! ના...ના એ વાત તો મારા સિવાય કોણ જાણે જ છે તે એને ખબર મળે. તો પછી થયું શું? આના મોઢા પર તો પીડાની...દુઃખની એક રેખા ય દેખાતી નથી. એને કંઇ થયું નથી. ઓહ...! કંઇ સમજાતું નથી! શું કાચ નિષ્ફળ ગયા હશે!...'

એ આમ વિચારના ઝોલે ચડી ગઇ હતી... ત્યાં જ વિઠ્ઠલપૂજારો એની સામે આવીને ઉભો રહ્યો અને તાડુકીને બોલ્યો 'એય! આમ બાઘાની જેમ બારણામાં શું ઉભી છે? જા ઝટ ઘરમાં જા અને રસોઇ બનાવ આખા દિવસનો ભૂખ્યો છું સમજી?'

છેલ્લું વાક્ય સાંભળતાં જ એ ચમકી, બપોરના તો ભાત આપી ગઇ હતી, પછી આખા દિવસનો ભૂખ્યો કેવી રીતે એ પ્રશ્ન એ વિઠ્ઠલપૂજારાને પૂછી ન શકી. એને ભય લાગ્યો કે ચોક્કસ વિઠ્ઠલાને રોટલામાં કાચ છે એની ખબર પડી ગઇ હોવી જોઇએ અને એથી રોટલા નહિં ખાધા હોય... જો ખરેખર વિઠ્ઠલાને ખબર પડી ગઇ હશે તો!... પોતાનું શું થશે!

એ એકદમ ગભરાઇ ગઇ... એનું હ્રદય કંપવા લાગ્યું. વિઠ્ઠલપૂજારાની સામે જોયા વિના જ ઝટ ઝટ રસોડામાં ચાલી ગઇ અને રસોઇ કરવા બેઠી. એનું અંતર ફફડી રહ્યું હતું. ઘડી

પહેલાં એ વિઠ્ઠલાનો જીવ લેવા બેઠી હતી... હવે તો 'પોતાનો જીવ વિઠ્ઠલાથી કેવી રીતે બચાવવો! એ પ્રશ્ન એના અંતરને વલોવી રહ્યો હતો.'

વિઠ્ઠલો બળદને બાંધીને એની સામે આવી બેઠો, અને જાણ્યે કંઇ બન્યું નથી એવા ભાવ સાથે એની સાથે વાતો કરવા લાગ્યો. એ આવ્યો ત્યારથી આના વર્તાવનું નિરીક્ષણ કરી રહ્યો હતો. પોતે આવ્યા પછી એ એકદમ ગભરાઇ ગઇ છે અને વિચારમાં ચડી ગઇ છે. એ એની ધ્યાન બહાર ન હતું.

એના વર્તન ઉપરથી વિઠ્ઠલાને લાગ્યું કે આને પોતે માફી ભલે આપે. પણ એની જોડે પોતાનો સંસાર હવે ન નભી શકે. કારણ કે એનું અંતર જરા પણ બદલાણું નથી. અત્યારે એ ગભરાઇ ગઇ છે. તે મારી બીકથી, પોતે કરેલા પાપથી નહિં. પોતે કંઇ ખોટું કામ કર્યું છે એવું ભાન એને નથી થયું. એનું મન મારા સાથે સંસાર ચલાવવા ન માનતું હોય તો પકડીને રાખવાનો શો અર્થ?

'આજે એનો આ પ્રપંચ પકડાઇ ગયોને હું બચી ગયો પણ કાલ ફેર બીજો કરે તો દર વખત મેલડીમા ચેતવવા થોડા આવવાના! માટે હવે આને દૂર કરવી એ જ યોગ્ય છે'. રસોઇ થઇ ગઇ એટલે વિઠ્ઠલાએ જમી લીધું. પછી ઉઠીને ઓશરીમાં ખાટલો ઢાળીને બેઠો. પરોણો પણ એની બાજુમાં જ પડયો હતો. રાત પડી ગઇ હતી. ઘરકામ પતી ગયું એટલે એની પત્ની ખાટલા ગોદડાં પાથરવા આવી... પથરાઇ ગયા પછી એણે એને પોતાની પાસે બેસાડી અને વાતો કરતાં કહ્યું:

'તેં આજે બપોરનો ભાત એટલો સરસ બનાવ્યો હતો કે એક સાથે બધો ખાવાનું મન થઇ જાય. પણ એવો સરસ ભાત ખાવાનું મારૂં ભાગ્ય ક્યાંથી? મારે એ બધો ભાત નાંખી દેવો પડયો... મને શંકા પડી કે એમાં કાંઇ કોઇએ નાખ્યું છે... તેથી મેં ખાધો નહિં. તો તેં તો કંઇ નાખ્યું ન્હોતું ને? સાચું બોલજે હોં! જૂઠું બોલીશ તો આ જોયો છે ને?' બોલતાં વિઠ્ઠલાએ પરોણોં હાથમાં લઇ ઉંચો કર્યો,

વિઠ્ઠલાની પત્ની આ ધડાકો સાંભળી થરથર કંપવા લાગી... એનાં હ્રદયનું ધડકન એકદમ વધી ગયું... એનું મોઢું સીવાઇ જ ગયું. એ કાંઇ બોલ્યા વિના નીચું જોઇ જમીન ખોતરવા લાગી.

સ્હેજ તીખા સ્વરે વિઠ્ઠલપૂજારાએ આગળ ચલાવ્યું 'કેમ જવાબ આપતી નથી! બોલતો

ખરી કે કાચ નાખ્યો હતો? ઓ કમઅક્કલ! જે તને સુખી કરવા રાતને દાડો જોયા વિના મજુરી કરે છે, તારી બધી ઇચ્છાઓ પૂરી કરે છે. તારા ઉપર દીલથી વ્હાલ કરે છે એને જ મારવા તૈયાર થઇ? દાઝ તો એવી ચડે છે કે તને અહીં ને અહીં ભોમાં દાટી દઉં, પણ દીલની દયા આડી આવે છે. જા, અત્યારે ને અત્યારે આ ઘરમાંથી ચાલી જા. હવેથી તારૂં કાળુ મોં મને કદી દેખાડીશ નહિં. તારે જ્યાં જવું હોય ત્યાં ચાલી જા. હું તો દયાળુ છું એટલે તને છોડી દઉં છું. બીજે ક્યાંય આવું કરીશ તો જીવથી જઇશ. ચલ ઉઠ નીકળ ઘરની બહાર! એમ બોલતો વિઠ્ઠલપૂજારો આવેશમાં ઉભો થઇ ગયો.

પેલી એકદમ ડરી અને ભાગી, એને ડર લાગ્યો કે હમણાં ધીબી નાખશે. એ ઝડપથી ઘરની બહાર નીકળી ગઇ. બારણામાંથી બહાર પાંચ ડગલાં જતાં જ ઠેશ આવી અને એ પડી. વિઠ્ઠલાએ 'હાશ, છૂટ્યા'નો દમ ખેંચી બારણું બંધ કર્યું અને ખાટલામાં પડ્યો.

એની પત્નીને એના હાથમાંથી છૂટવું તો હતું જ પણ આ રીતે નહિ. ખેર! છૂટી તો ખરીને! એને તો બીક હતી કે આજે જીવથી જઇશ. પણ એવું કંઇ થયું નહિં તેથી અંતરમાં ખુશ થઇ બાકી એ સ્વાર્થાન્ધનારીને વિઠ્ઠલાએ આટલું કહ્યું... આવી અંધારી રાતે એને કાઢી મુકી તોય પોતે કંઇ ખોટું કામ કર્યુ છે એવું ભાન ન થયું. આકાશમાં ટમટમતા નાનકડા તારલીયાઓ એની મૂર્ખાઇ પર હસતા હતા... અંધારિયાનો ઝાંખો ચન્દ્ર સંસારના આ તૂફાનને જોઇને ગહન ચિન્તનમાં ડૂબી ગયો એમ સ્થિર થઇ ગયો હતો. અને પેલી જમીન પર પડેલી કાળા કામ કરનારી નારી કપડાં ખંખેરતી ઉભી થઇને કાળા નિબિડ અંધકારમાં વિલીન થઇ ગઇ.

## ૪

## ...દેવીને સ્પષ્ટ ના...

શરદની રૂપેરી વાદળીયો વાયુની પાંખે ચડીને ગગનમાં રમવા માંડી હતી. શ્વેત કમલની પંકિત સો સો પાંખડીએ ખીલવા માંડી હતી. અને શરદની લક્ષ્મીને પોતાના મૃદુ અંકમાં સમાવી રહી હતી. રાજહંસો શ્વેત પાંખો ફફડાવતા માનસરોવર તરફ દોડ્યે જતા હતા. સુવર્ણ - પદ્મોમાંથી ખરતા પરાગ બિંદુઓને સોનેરી ચાંચમાં ઝીલવા. મેઘના સંગમથી તૃપ્ત થયેલી પૃથ્વી સહસ્ર કલાએ ખીલી ઉઠી હતી. એનો પુષ્ટ દેહ નીલ વનસ્પતિના આકાશી અંબરમાં લપાઇ ગયો

હતો. કોઈની નજર ન લાગી જાય એ ખાતર.

પહેલી પત્નીને વિદાય કર્યા પછી એક બે વર્ષે વિઠ્ઠલ પૂજારાએ બીજું લગ્ન કરી લીધું હતું. વિઠ્ઠલાની બીજી પત્નીમાં એને અનુરૂપ રૂપ અને શીલ હતાં. એની સાથેનો વિઠ્ઠલાનો સંસાર શરદઋતુની જેમ ઉલ્લાસભર્યો વહ્યે જતો હતો.

બીજી પત્નીથી આજે વિઠ્ઠલાને બે સંતાન થઇ ગયાં છે. મોટો પુત્ર બાર વર્ષનો છે અને ન્હાની પુત્રી એકાદ વર્ષની છે. વ્હાલસોયી પત્ની અને તંદુરસ્ત સંતાનોથી સુખી વિઠ્ઠલો પહેલી પત્નીને તો લગભગ વિસ્મૃત જ કરી ચૂકયો હતો. હા.... કોકવાર દુઃસ્વપ્નની માફક સ્મૃતિ-પટમાં ચમકી જતી.

અને વિઠ્ઠલપૂજારાની ઉપાસ્ય દેવી મેલડીમાં!

લોકો કહે છે કે પહેલી પત્નીની વિદાય થઇ ત્યારથી એ ઘણી વાર વિઠ્ઠલાની પાસે પ્રત્યક્ષરૂપે આવે છે. એની સાથે વાતો કરે છે. એને યોગ્ય સલાહ પણ આપે છે. સદા એના ઉપર પ્રસન્ન રહે છે.

ભાદ્રપદ અમાવાસ્યાની રાત હતી.

સારૂંયે વિશ્વ શ્યામ અંધારપટ નીચે છૂપાઇ ગયું હતું.

રાત્રીનો ત્રીજો પ્રહર વીતી રહ્યો હતો.

વિઠ્ઠલપૂજારો ઉભા મોલની ચોકી માટે ખેતરમાં રાત રહ્યો હતો.

આકાશના પટમાં અનંત તારાગણ ચમકી રહ્યા છે. મંચ ઉપર આડો પડેલો વિઠ્ઠલ પૂજારો અનિમેષ નયને આકાશના અનંત સૌંદર્યને પી રહ્યો છે. પણ એના દીલમાં ચેન નથી.

આટલી રાત વીતી ગઇ છે તોય એની આંખમાં નિંદ નથી. એનું ડાબું અંગ ફરકતું હતું.

ખેતરના શેઢે લીંબડાના ઝાડ પર બેઠેલું ઘુવડ વિરસ શબ્દ કરતું હતું. અને એકદમ ઉઠી વિઠ્ઠલાના માથે ચક્કર લગાવી એને ચમકાવતું દૂર ચાલી ગયું. ત્યાં દૂર દૂરથી ચીબરીએ અનિષ્ટસૂચક અવાજ કર્યો. શીયાળીયાઓની અપશુકનીયાળ લારી થઇ.

ભાવિ અમંગળનાં એંધાણ વરતાઇ રહ્યાં હતાં. વિઠ્ઠલાનું હૃદય થડકી રહ્યું હતું. એને સમજાતું ન હતું કે એના અંતરમાં શું તોફાન મચી રહ્યું છે.

ત્યાં જ.......

એની સન્મુખ મેલડીમા પ્રગટ થયાં. અમાસના કાળા અંધારામાં જાણે ચંદ્ર વિનાની શુભ ચાંદની રેલાઇ રહી. મંચ ઉપર આડો પડેલો વિઠ્ઠલો ઉભડક થઇ ગયો. એણે હાથ જોડી દેવીને નમસ્કાર કર્યો.

દેવીએ વળતું મધુર હાસ્ય વેર્યું.

વિઠ્ઠલો મૌનપણે  દેવીની સામે જોતો બેસી રહ્યો. એની ડાબી આંખ જોરથી ફરકી રહી હતી. વિઠ્ઠલાના મુખ પર ફેલાયેલી વ્યગ્રતા દેવીથી છાની ન રહી. એણે વાતનો પ્રારંભ કર્યો.

વિઠ્ઠલા !  આજે આમ શૂન્ય કેમ થઇ ગયો છે ?

મા. કંઇ કારણ ન હોવા છતાંય આજે મનને ઉદાસી છાઇ રહી છે. અંતરમાં કંઇ ન સમજાય એવો ભય લાગી રહ્યો છે. પણ હવે એ બધુંય તારા પ્રભાવથી ભાગી જશે. કહી વિઠ્ઠલો હસ્યો.

વળી બે પળ મૌન પ્રસરી રહ્યું.

પળ બે પળ સુધી વિઠ્ઠલ પૂજારા સામે સ્થિર નજરે  જોઇ દેવી બોલી. 'વિઠ્ઠલા ! આજે તારૂં થોડું કામ પડ્યું છે. એટલે આવી છું.' અને આગળ બોલતી થંભી.

'મા તારા જેવી શકિતસ્વરૂપિણીને મારા જેવા સામાન્ય જનનું કામ પડે તે મારૂં અહોભાગ્ય ગણાય. તારો ઉપકાર જીવનભર ભૂલાય એવો નથી. તારૂં ગમે તેવું કામ હું કરી શકીશ.'

દેવીએ હસીને કહ્યું : 'વિઠ્ઠલા ! બહુ ભારે કામ નથી. સામાન્ય જ છે. મેં તારા પ્રાણનું રક્ષણ કર્યું છે તોય તારી પાસે કોઇ દિવસ કંઇ યાચના કરી નથી. પણ આજે કરવાની છું.'

'મા, તારે જે માંગવું હોય તે માંગને ! મારા પ્રાણ માંગીશ તો એય આપી દઇશ. આ પ્રાણ ઉપર તારો જ અધિકાર છે. તેં તે દિવસે બચાવ્યાં ન હોત તો કયારનાયે આ પ્રાણ નષ્ટ થઇ ગયા હોત.'

'જો, મને મહાભોગની ભૂખ જાગી છે. તો આ નોરતામાં મહાભોગથી મને તૃપ્ત કર.'

'ઓહો.... ! મા. એમાં તે નવું શું માંગ્યું, આ નોરતામાં હું તને મહાભોગ ધરવાનો જ છું. તારા વગર કહ્યે તેં જયારે પેલી રાક્ષસી જેવી નારીથી મારો પ્રાણ બચાવ્યો હતો ત્યારે જ મેં તને એક મહાભોગ ધરવાનો મારા મનમાં સંકલ્પ કર્યો હતો.'

'અત્યાર સુધી વરસ સારૂં જતું ન હતું તેથી મારો એ સંકલ્પ પૂરો ન કરી શક્યો. આ સાલ તારી કૃપાથી સારા પૈસા મળ્યા છે એટલે કયારનોયે મહાભોગની તૈયારી કરી રહ્યો છું. ઉંચા ઉંચા દ્રવ્ય તારે ચરણે ધરવાનો છું. પછી ભલે ગમે તેટલો ખર્ચ થાય' વિઠ્ઠલાએ દેવીની વાત સમજયા વિના લાંબું લાંબું કહી દીધું.

દેવી વિઠ્ઠલ પૂજારાની ભાવભરી ભોળી વાત સાંભળી જોરથી હસી પડ્યાં અને બોલ્યા : 'ગાંડા ! એ મહાભોગ મારે નથી જોઇતો. મારે તો બીજો જોઇએ છે.'

વિઠ્ઠલો ચમકયો. એણે પ્રશ્ન ભરી નજરે કહ્યું : 'બીજો કયો ? મારો જોઇતો હોય તો મારો આપું.'

'ના રે ના. તારો ભોગ મારે જોઇતો નથી.... મને તો આ વખતે માંસના ભોગની ભૂખ જાગી છે. હા.... મારે બોકડાના માંસનો ભોગ જોઇએ તારો અહિંસક મહાભોગ નહિ.'

'હેં ! વિઠ્ઠલાના હૃદય પર જાણે વજ્રપાત થયો. એ આર્દ્રસ્વરે બોલ્યો : 'મા ! માંસના ભોગની તને ઇચ્છા થઇ છે ! માંસનું ભોજન તો ચંડાળ જાતિના લોકો કરે છે. કે જેઓ માનવોમાં સહુથી હીન ગણાય છે. જયારે તું તો માનવથી શ્રેષ્ઠ દેવ છે, તને એવું હીન-અસ્પર્શ્ય ભોજન કયાંથી ગમ્યું ? આ નવરાત્રમાં હું તને મૂલ્યવાન મિષ્ટાન્નના થાળ.... ખુશ્બુદાર અગરબતિઓ.... અત્તરો એવા બધા દેવોને પ્રિય પદાર્થો ધરવાનો છું, ત્યારે આવા મલિન ભોજ્યમાં તારૂં મન કેમ ચોંટયું ? ના, માં....એવા દુષ્ટ પદાર્થ ધરવાનું મારાથી નહિ બને.'

વિઠ્ઠલ પુજારો આંખો મીંચી આ બધું કહી ગયો અને માંસ ધરવાનો ઇન્કાર કરી દીધો. એણે ઉંચું જોયું હોત તો દેવીની આંખમાં થતો ફેરફાર એ જોઇ શકત.

'દેવીએ સહેજ ઉગ્ર સ્વરે વિઠ્ઠલાને કહ્યું : મારે એ તારી લાંબી ચોડી વાત સાંભળવી નથી....તારો એ અમૂલો ભોગ જોઇતો નથી. મારે તો મહાભોગ માંસનો ભોગ જોઇએ, એ તારે આપવો છે કે નહિ..?'

'ના' વિઠ્ઠલાએ મક્કમ સ્વરે કહ્યું.

'એમ ! મેં તને બચાવ્યો એનો આ બદલો. એક સામાન્ય વસ્તુ પણ તું મને આપવાની ના પાડે છે. પોતાની જાતને મારા પરમભક્ત તરીકે ઓળખાવે છે અને આજ મારી આજ્ઞાને ઈન્કારતા તને શરમ નથી આવતી ? યાદ રાખ કે હું તને બચાવવા ન આવી હોત તો તું આજે ન હોત.'

વિઠ્ઠલાએ સામે દલીલ કરતાં કહ્યું : 'મા ! એની હું કયાં ના પાડું છું? તું મારી પ્રાણરક્ષિકા છે. એથી જ તો મોટો ખર્ચ કરીને તારા મહાભોગની મેં તૈયારી કરી છે. અને તું કહે તો હજી બીજી પણ ભારેમાં ભારે ચીજ તને ભેટ ધરૂં. પણ એ ખરાબમાં ખરાબ.... પ્રાણીનું માંસ તને કેવી રીતે ધરૂં ? ના. એ હિંસાની ભેટ તને નહિં આપી શકું. હું બીજા પ્રાણીના પ્રાણને જોખમમાં નહિ મૂકી શકું.'

'પણ હું તને મારી સામે બોકડો ચડાવવાનું કયાં કહું છું. હું તો એટલું જ માંગું છું કે તું મને માંસ આપ. બજારમાંથી વેચાતું લાવીને ધરજે. બોકડાનો વધ ન કરીશ.'

'માં. એ તો વધ કરવો કે કરાવવો બધુંય સરખું. તું માંસનું તો મારી સામે નામ જ ન લઈશ. હું મરી જઈશ તોય માંસ, પ્રાણીની હત્યાથી થતો ભોગ તને નહિં ધરી શકું. પ્રાણીઓની માતા સમી.... માનવથી શ્રેષ્ઠ દેવ જાતિની તું, ઉત્તમ ભોગને છોડી આવા હલકાં ભોગને કેમ ઈચ્છે છે તે મને સમજાતું નથી.'

દેવીની આંખમાં અરૂણ આભા છવાણી.... વિઠ્ઠલાને અગ્નિજવાલા જેવી દૃષ્ટિથી પ્રજવાળતી કઠોર સ્વરે એ બોલી :

'મૂર્ખ ! બંધ કર તારો બકવાસ. મારે તારી શીખામણની વાતો સાંભળવી નથી. મને માંસના ભોગની ભૂખ જાગી છે એને તારે તૃપ્ત કરવાની છે. જો મારી આ વાત તું નહિ માને તો પરિણામ સારૂં નહિ આવે. મારા વાવેલા વૃક્ષને કાપતાં મને વાર નહિ લાગે. હું તને બે પળનો સમય આપું છું તો વિચાર કરી 'હા' કે 'ના' નો ઉત્તર આપ.'

વિઠ્ઠલ પૂજારો આંખ મીંચી ઉંડા વિચારમાં ઉતરી ગયો. આ પ્રશ્ન એ એના જીવનનો પ્રશ્ન હતો, એ વાત દેવીની આંખમાંથી પ્રગટતા ભાવ જોઈ એ સારી રીતે સમજી શક્યો હતો.

એનું દયાળું દિલ પ્રાણીનો વધ તો દૂર રહ્યો પણ એ વધથી નિષ્પન્ન થતું દ્રવ્ય માંસ પણ ધરવાનું ના કહેતું હતું. એનો વિચાર આવતાંય ઓકારી ચડતી હતી.

એ અહિંસાનો ઉપાસક હતો.એને કરૂણાની લાગણી જન્મજાત મળી હતી. કોઇ સાધુ સંતે આપી ન હતી અને આજે એ લાગણીને ભયંકર આઘાત આપે એવો પ્રશ્ન એને ગળી જવા રાક્ષસની જેમ વિકરાલ મુખ ફાડીને એની સામે ઉભો થયો હતો. એ પ્રશ્નનો જો પોતે સંતોષકારક ઉત્તર ન આપી શકે તો દેવીના કોપમાં પોતાની આહુતિ થઇ જાય એ વાત એ બરાબર જાણતો હતો. છતાંય એ આગામી ભય એની લાગણીને દૂર ધકેલી શકતો ન હતો. એનું મન એને આપદ્ ધર્મસમજી સમજણનો માર્ગ લેવા કહેતું હતું . એની બુદ્ધિ, જીવતા હઇશું તો પ્રાયશ્ચિત્ત કરી લઇશું. પણ દેવીની ઇચ્છા પુરી કરવી, એમ કહી રહી હતી. પણ...એનો અંતર આતમ...એની ઉંડી દયાની લાગણી, એ બધી વાતનો ઇન્કાર કરતી હતી.એ તો એને હિંસા સામે અહિંસાના શસ્ત્રથી લડી લેવા કહી રહી હતી.એણે અંતરના એ દ્રઢ અવાજ ને બહાલી આપી અને..

## ૫

## ...યશોજ્જવલ મૃત્યુ...

દેવીનો તીક્ષ્ણ સ્વર સંભળાયો : 'કેમ શું નિર્ણય કર્યો?'

વિઠ્ઠલાએ આંખો ખોલી. એની સ્થિર આંખોમાં ભયનું વજ્ર આવીને બેસી ગયું હતું. સામે દેવીની આંખમાં પ્રલયનો અગ્નિ નાચતો હતો. વિઠ્ઠલાએ વજ્જર જેવા શાંત સ્વરે પ્રત્યુત્તર વાળ્યો :

'બસ. એ જ મા. કોઇ કાળે એ દુષ્ટ વસ્તુ હું તને નહિ ધરી શકું. મારા પ્રાણ તારે આધીન છે. તારે જે કરવું હોય તે કર.'

'એમ.' દાંત વચ્ચે જોરથી હોઠ દબાવતાં દેવી બોલી. એના અવાજમાં વિનાશની આંધી ચગતી હતી.

'વિઠ્ઠલા ! આટલી હદે ધૃષ્ટતા ! તારી આ ધૃષ્ટતાનું પરિણામ ભયંકર આવશે. મારી આજ્ઞા માનનાર માટે હું અમીકુપ્પી છું, ન માનનારને માટે વિષવેલિ છું. આજ તું મારી કૃપાથી

સમૃદ્ધ થઇને મારી જ સામે પડી રહ્યો છે. યાદ રાખજે કે મારૂં કહ્યું તું નહિ કરે તો તારા વંશને હું નષ્ટ કરી નાંખીશ. તારૂં નખ્ખોદ નીકળી જશે. તારૂં નામ રાખનાર કોઇ નહિં રહે. તારી પત્ની નિરાધાર થઇ જશે. તારે જે કરવું હોય તે કરજે. આ મારી અંતિમ વાત છે. હવેથી તારી સન્મુખ હું નહિં આવું.

વિઠ્ઠલ પૂજારો મૂકપણે મસ્તક નમાવી દેવીના શ્રાપને વધાવી રહ્યો. જે મસ્તકે કૃપાનાં અમૃત ઝીલ્યાં હતાં. એ વિષની વર્ષાને સહર્ષ આવકારી રહ્યું.

પશ્ચિમ રાત્રીનું ઠંડું વાતાવરણ ઉષ્ણ બની ગયું હતું અને જેના દેહની સૌમ્ય અને શીતલ ધવલ પ્રભા અગ્નિ જેવી અરૂણ બની ગઇ છે એવી તે મેલડીદેવી વિઠ્ઠલ પૂજારા ઉપર અગ્નિ વરસતી એક નજર નાંખીને અદશ્ય થઇ ગઇ.

રાત્રીનો ત્રીજો પ્રહર સમાપ્ત થઇ ગયો હતો.

અમંગળનું સૂચન કરનારાં અપશુકન સત્ય બની ચૂક્યાં હતાં.

વિઠ્ઠલો પૂજારો આ ભયંકર.... અતિ ભયંકર દુઃસ્વપ્ન જેવા પ્રસંગથી મૂઢ બની ગયો હતો. એની કલ્પનામાં ય ન હોય એવું બની ગયું હતું. પણ દેવી કોપવા છતાંય એના એક રૂવાંડામાં ય ભયની લાગણી જાગી ન હતી. હિંસાને પોતે નમતું ન આપ્યું તે બરોબર થયું છે. એમ એનો અંતરઆતમ કહેતો હતો.

પ્રાતઃકાળની મૃદુ સમીર લહરીઓ આસુરી શકિત સામે એણે દાખવેલી અપૂર્વ હિમ્મતને અભિનંદી રહી.

પૂર્વાકાશની અંતિમ સીમા ઉપર પ્રકાશની સૂક્ષ્મ રેખાઓ ફૂટવા માંડી.

નિશાચર ગણ પોતાની માયા સમેટવા માંડ્યો.

તારક સમૂહ નિશારાણીના શ્યામ પાલવ પાછળ અલોપ થવા માંડ્યો.

ઉષાનો ગુલાબી રંગ ખીલી ઉઠ્યો.

વિઠ્ઠલ પૂજારો મંચ ઉપરથી ઉતરી પ્રાતઃ કર્મ પતાવી ઘર તરફ વિદાય થયો.

એણે ધામધૂમપૂર્વક નવરાત્રી ઉજવી. બહુમૂલ્ય મિષ્ટાન્નના થાળના થાળ એણે પેલી

પીપળા નીચેની નાનકડી દેરડીમાં કરેલી મેલડીમાંની સ્થાપના સામે ચડાવ્યા. અગરબતીઓ અનેઅત્તરની સૌરભથી વાતાવરણને ગંધવર્તિ જેવું બનાવી દીધું.

એણે દેવીના કોપ અને શ્રાપના આગામી મહાભયની અવગણના કરીને અંશમાત્ર પણ માંસભોગ દેવીને ન ચડાવ્યો. પોતાના અંતરની લાગણીને એ દૃઢતાપૂર્વક વળગી રહ્યો.

વિજયા દશમી ગઇ.

અને....ઉલ્લાસના ભેટણાં સાથે શરદ પૂર્ણિમાની સોહામણી રાત આવી.

ઔષધીઓનો સ્વામી ચંદ્ર હૈયામાંથી નિતારી નિતારીને અમૃતના કુંભ ઠાલવી રહ્યો. રજતના નિર્મલ પ્રવાહ જેવી ધવલ ચાંદની વિશ્વના બીબા પર ઢોળાયે જતી હતી.

સારીયે સજીવસૃષ્ટિ અકલ્પ્ય-અકથ્ય ઉર્મિયોના સાગરમાં નાહી રહી હતી. લોકોના હૈયાનો સાગર હેલે ચડયો હતો. ચંદ્રની અમૃતવર્ષાથી ઘેલું બનેલું લોક નાચવા થનગની ઉઠ્યું.

અને....

શરદપૂર્ણિમાના રાસનો પ્રારંભ થયો.

વિઠ્ઠલો અને એનો બાર વર્ષનો પુત્ર મનના ઉમંગે લોકોના ટોળા ભેગા રાસ રમી રહ્યા હતા. આનંદના....

અને મેલડીમા ?

એ તો એક હીનજાતિની દેવી છે. વ્યંતર નિકાયની નિકૃષ્ટ ચાંડાલ કોટિમાં ગણાતી દેવી છે.... તમોભાવની આરાધક છે.... હિંસા, કામ અને કુતુહલથી પ્રાપ્ત થતાં તુચ્છ આનંદમાં રાચનારી છે. ક્ષણે રુષ્ટા ક્ષણે તુષ્ટા ની ચંચલતાને વરેલી છે. મિથ્યાત્વ અને મોહના અંધકારમાં ગળાડૂબ ડૂબેલી છે.

એને વળી અહિંસાના ....કરૂણાના.... અમૃતપાનના આનંદની શી ગમ હોય ?.... હિંસા અને પ્રતિહિંસાની ઘોર તિમિરભરી રજનિમાં વિહરનારને પ્રેમ ને કરૂણાના સાત્ત્વિક ભાવની શારદી ધવલ જ્યોત્સના કયાંથી સ્પર્શે ?

વિઠ્ઠલાએ નવરાત્રિના અંતિમ દિવસે પણ એને માંસનો ભોગ ન આપ્યો. એની એ

અંતરની તુચ્છ લાલસાને ન સંતોષી.... એની એ તુચ્છ માંગણીને તરછોડી કાઢી. તેથી એના તામસભાવથી ભરેલા હૈયામાં હિંસાનાં તાંડવ ચગ્યાં. એની દષ્ટિમાં પ્રલયનો અગ્નિ આસન જમાવીને બેઠો.

શરદપૂર્ણિમાનું છલકાતું અમૃત એના અશાંત હૈયામાં ચગેલા ક્રોધના દાવાનલને શાંત કરવામાં અસમર્થ નીવડ્યું.

અને એ તુચ્છ વ્યંતરીના નયનમાંથી અગ્નિની એક અદૃશ્ય ચીનગારી છૂટી. એ તીવ્ર ગતિએ આકાશના પટ ચીરતી પૃથ્વી તરફ જવા લાગી.

કોને દઝાડવા એ જઇ રહી છે ?

પ્રકૃતિ દ્વારા મુક્તહસ્તે વેરાતા ઉલ્લાસના અમૃતને ઝીલવામાં નિમગ્ન થઇ જે દેવીના શ્રાપને વિસ્મૃત કરી ચૂકયો છે એવા વિઠ્ઠલ પૂજારાનો પુત્ર જયાં આનંદની હેલીમાં ન્હાતો અંતરના ઉમંગે રાસ રમતો પોતાના પિતાની સામે પ્રેમભરી હસતી નજર ફેંકી રહ્યો છે ત્યાં સુધી એ ચીનગારી લંબાણી.

વિઠ્ઠલાનાં દીકરાએ અચાનક ભયંકર ચીસ નાંખી, વિઠ્ઠલ એને ઝીલી લે એ પહેલા એ ભૂમિ પર ઢળી પડ્યો. એનો દેહ શ્યામ પડી ગયો.

એનું પ્રાણપંખેરું પળ-બેપળમાં મુક્ત ગગનમાં વિહરવા ઉડી ગયું.

વિઠ્ઠલ પૂજારો આ અકસ્માત બનવાથી સ્તબ્ધ બની ગયો. દેવીના કોપ અને શ્રાપની આડે બંધાયેલું વિસ્મૃતિનું વાદળ ખસી ગયું. એ પુત્રના મૃત્યુનું કારણ સમજી ગયો.

પુત્રનું મોત.... અરે અહિંસાની વેદી પર પોતાની એક ટેક ખાતર એકના એક પુત્રનું બલિદાન અપાઇ ગયું છતાંય એના અંતરમાં પોતે દેવીની વાત ન માની એ એક ભૂલ કરી છે એવું ન લાગ્યું.

શરદપૂનમની આનંદ રાત એને માટે શોક રાત થઇ ગઇ.

દિવસો ઉપર દિવસો વીત્યા તોય એની પત્નીની આંખમાં આંસુ સૂકાણા નહિં. વિઠ્ઠલાનું હૃદય ચીરાઇ જતું હતું. ભલેને એ રડતો ન હતો, પણ પુત્રનું અસહ્ય અકાલ મૃત્યુ એના દિલના કકડે કકડા કરી ગયું હતું. એના અંતરમાં અત્યંત વ્યથા હતી.

પણ.... હવે શું થાય ? બાણ ધનુષ્યમાંથી છૂટી ગયું હતું. હવે એને પાછું વાળવું અશક્ય હતું.

એક નમતી સાંજે વિઠ્ઠલ પૂજારાએ પોતાના ખાસ એક-બે મિત્રોને વ્યથાપૂર્ણ હૃદયે દેવીના કોપ અને શ્રાપની વાત કહી. પુત્રના અકાલ મૃત્યુનું રહસ્ય જણાવ્યું. એ લોકો એના આ ભવ્ય ત્યાગથી છક્ક થઇ ગયા. એના અપૂર્વ ધૈર્યને નમી પડ્યા.

પુત્રના પ્રાણ લઇને દેવી શાંત થઇ ગઇ હશે. એવો વિશ્વાસ વિઠ્ઠલાના અંતરમાં ન હતો. હજી આગામી ભયના ભણકારા એના કાનમાં વાગતા હતા.

અને અંધારાના ઓઘ સાથે કાળીચૌદશ અવનિ પર ઉતરી આવી.

સંધ્યાના સમયે વિઠ્ઠલ પૂજારો ખેતરથી પાછો ફરી રહ્યો હતો. માર્ગમાં દેવીનો કોપ હજી કેવો કેર કરશે તેનો જ વિચાર કરી રહ્યો હતો.

એનું અંતર આગામી ભયથી થડકી રહ્યું હતું. એણે જેવો ઘરના બારણામાં પગ મૂક્યો તેવી જ એણે એક ચીસ નાંખી અસહ્ય વેદનાના ભારથી ઊંબરની બહાર ઢળી પડ્યો.

આકાશમાંથી હૃદય થથરાવી નાંખે એવો ભયંકર અટ્ટહાસ્યનો અવાજ આવ્યો. અંધારાને ચીરતી અગ્નિજવાલા જેવી કોઇ વ્યકિત ગગનમાં વહી જતી દેખાણી.

વિઠ્ઠલાની ચીસથી ચમકેલી એની પત્ની ઘરમાંથી બહાર દોડી આવી. વિઠ્ઠલાનું માથું પોતાના ખોળામાં લીધું અને શું થાય છે? એમ પૂછવા લાગી.

વિઠ્ઠલ પૂજારો પોતાનો અંત નજીક છે એમ સમજી ગયો હતો. એણે કંઇ પણ જવાબ આપ્યા વિના એક પ્રેમભરી દૃષ્ટિ પત્ની ઉપર નાંખી.

જીવનની અંતિમ પળે પણ એનો આત્મા નિર્ભીક હતો. પોતાનો વંશ નષ્ટ થવા છતાંય એના હૈયે ખેદ ન હતો. ઉલ્ટું પોતાનું અને પોતાના એકના એક પુત્રના બલિદાનથી પણ પોતાની ટેક અતૂટ રહી....આસુરી શકિતથી પોતે અજેય રહ્યો એનો એનાં હૈયે આનંદ હતો.

એનું શરીર કાળું પડ્યે જતું હતું. વેદનાથી એ મૂર્છિત થઇ ગયો અને થોડી જ પળોમાં પોતાના પુત્રની શોધમાં એનો આત્મા ઉપડી ગયો, એના અચેતન મુખ ઉપર વિજયનું ગર્વિલું સ્મિત ચમકી રહ્યું .

વિઠ્ઠલાની પત્નીએ હૈયું વિદારી નાંખે એવી પોક મૂકી....એનું રૂદન કઠોર મનુષ્યનું પણ કાળજું વિદારી નાંખે તેવું હતું.

વિઠ્ઠલાના  અચેતન દેહની આસપાસ ખૂબ લોક ભેગું થઇ ગયું. કોઇ એના આ અચાનક મૃત્યુનું કારણ સમજી શકતું ન હતું. જાણે અગ્નિથી બળી ગયો ન હોય તેમ શ્યામ થયેલો એનો દેહ સહુને મુંઝવી રહ્યો હતો.

વિઠ્ઠલાએ મૃત્યુના એક બે દિવસ અગાઉ જેમને દેવીના કોપની વાત કહી હતી, તેઓ વિઠ્ઠલાના મૃત્યુનું રહસ્ય સમજી ગયા હતા. પણ તેમને આ વાત બીજાને કહેવાની વિઠ્ઠલા પૂજારાએ ના કહેલી તેથી એમણે કોઇને વાત ન કરી....પણ મનમાં તેઓ વિઠ્ઠલાના આ ભવ્ય-મૂક બલિદાનને અભિનંદી રહ્યા.

અને વિઠ્ઠલાની નિરાધાર ભલી ભોળી પત્ની !

એને બિચારીને શી ખબર કે એનો પતિ એક ભવ્ય આદર્શની રક્ષા ખાતર સ્વેચ્છાએ પોતાનું અને પુત્રનું બલિદાન આપી ચૂક્યો હતો. એ એવું યશોજ્વલ ભવ્ય મૃત્યુ વર્યો છે કે જે કોક વિરલાને જ પ્રાપ્ત થાય.

**- શ્રી મુક્તિદૂત**

**કલ્યાણ માસિક, સં. ૨૦૨૧**

**અંક : ૧૦-૧૧-૧૨-૨-૩**

**માગશર-પોષ-મહા-ચૈત્ર-વૈશાખ**

**માંથી સાભાર**

# સત્વ અને કરુણા

## ...કારૂણ વજ્રાયુધ નાટકનું રૂપાંતર...

પ્રાચીન નાટ્યકૃતિ વજ્રાયુધ નાટક, કરૂણા તથા સત્ત્વની ગૌરવગાથા ગાતી અદ્ભુત કલાકૃતિ છે. વજ્રાયુધનાં સત્ત્વ તથા કરૂણાના પ્રસંગને ગુંથી લેતી આ ઓજસ્વી નાટ્યકૃતિ છે. (છાયાનુવાદ)

## ૧

## ...પૂર્વ છાયા...

ઉંચે ઉંચે નીલરંગી ગગન...

એની ઉપર ચક્રાકારે ઘૂમતું દેદીપ્યમાન જ્યોતિષ્ચક્ર અને સુમેરૂ મહાગિરિની સ્વયં પ્રકાશિત વાતાવરણમાં ઝગારા મારતી, જાજવલ્યમાન સ્વર્ણમય લાખ યોજન ઉંચી ચૂલિકા.

એથી પણ ઉંચે અસંખ્ય યોજનનું અવકાશ. પછી અંધારાનો ઓઘ જાણે બરફના ચોસલાની જેમ થીજી ન ગયો હોય તેવા ઘનવાત અને ઘનોદધિ.

અને એની પણ પેલે પાર...

ઓહ..જાણ્યે આખી દુનિયા જ પલટાઇ જાય છે. કોઇ ગજબનું વાતાવરણ ઉભું થાય છે.

અનંત અવકાશમાં તેજના ધોધ વહે છે. રંગ-બિરંગા તેજવર્તુલો રચાય છે.

દેવોના ચિત્રકારને પણ ચક્કરમાં મૂકી દે એવી અનુપમ રૂપ સૌંદર્યભરી આકૃતિઓ એમાંથી ઉભી થાય છે... કોઇ અનેરી રંગછટા ખડી થાય છે.

અને સહેજ ઉંચે જઇએ ને દેવની સૃષ્ટિનો પ્રારંભ થાય છે.

ઇશાન નામનો બીજો દેવલોક છે.

ઇન્દ્રનીલ, પદ્મરાગ, સ્ફટિક, વજ્ર અને કર્કેતન આદિ અસંખ્ય પ્રકારના રત્નોથી નિર્મિત, સ્વયં તેજ સ્વરૂપ, અસંખ્ય યોજન દીર્ઘ વિસ્તાર છે જેનો એવા વિરાટ અમેય

દેવવિમાનોની લાખ્ખો શ્રેણીઓ કો અપૂર્વ કલામય ઝૂમ્મરની જેમ અસંખ્ય તેજ કિરણાવલિઓ પ્રસરાવતી નિરાધારપણે અનંત અવકાશમાં લટકી રહી છે.

અવકાશના વિરાટ અને અનંત તેજભર્યા સરવરમાં અનેરી છટા સાથે લાખો શતદલ કમલની પંક્તિ ખીલી ઉઠી છે અને અસંખ્યવિધ રત્નોમાંથી ઉઠતી અદ્ભૂત તેજ તરંગાવલિઓ સાથે જાણે ખેલી રહી છે.

અજબ એની રૂપછટા છે.

ગજબ એની રંગ ભભક છે.

કોટિ કોટિ સૂર્યમંડલને હતપ્રભ કરી નાખે એવી તેજ સરવાણીઓ, એના અણુ અણુમાંથી અવનવા સ્વરૂપે પ્રગટે છે.

વિકસિત કમલ જેવાં એ વિમાનોમાં ઈશાનાવતંસક નામનું સર્વશ્રેષ્ઠ વિમાન છે.

ઈશાન દેવલોકના અધિરાજ ઈશાનેન્દ્ર એમાં વસે છે.

કદમાં સર્વ વિમાનોથી ન્હાનું એ વિમાન રત્નોમાં શ્રેષ્ઠ અને અલ્પપ્રમાણવાળા શ્રેષ્ઠ વજ્રરત્નની જેમ ચમકી રહ્યું છે.

અને પોતાની અદ્વિતીય રૂપસંપત્તિ...અપૂર્વ શોભા, અસામાન્ય સૌભાગ્યના ગર્વથી જાણે અન્ય સર્વ વિમાનોનો ઉપહાસ કરી રહ્યું છે.

એના મધ્યભાગમાં ઈશાનેન્દ્રની વિરાટ રાજસભા છે. એની અપૂર્વ રૂપશોભા જગતની કોઈપણ વ્યકિતને મુગ્ધ કરી નાંખે એવી છે.

દેવસભાના મધ્યમાં દેવરાજ ઈન્દ્રનું રાજસિંહાસન છે. વિશ્વ દુર્લભ અમૂલ્ય રત્નગણથી મઢેલું એ કોટી સૂર્યની જેમ ચમકી રહ્યું છે.

સિંહાસનની વચ્ચે અમેય તેજ સંપન્ન મહારાજ ઈન્દ્ર બેઠા છે. પડખે અગ્રમહિષી બિરાજ્યા છે.

વૈભવમાં અને રૂપસંપત્તિમાં ઈન્દ્રમહારાજની સરખા એમના સમવયસ્ક મિત્રો જેવા સામાનિક દેવો સભાના અગ્ર આસનોને શોભાવી રહ્યા છે.

અને અન્ય મહર્દ્ધિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો, સેનાનીઓ આદિ દેવગણ પોતાની પદમર્યાદાનુસાર રત્નનાં બહુમૂલ્ય આસનો ઉપર બેઠા છે.

ઉર્વશી, રંભા, તિલોત્તમા આદિ સ્વર્ગની શ્રેષ્ઠ અપ્સરાઓનાં વિશ્વને મુગ્ધ કરી દે એવા અપૂર્વ નૃત્ય હમણાં બંધ પડ્યાં છે.

હાહા, હૂહૂ અને તુંબરૂનું, કર્ણને અમૃત ઘૂંટ સમું સંગીત,હવા ખાઇ રહ્યું છે.

ગાંધર્વોનાં ગીતગાન નિરાશ થઇ ગયા છે.

કારણ... રંગરાગમાં સદા ગળાબૂડ રહેતા ઈન્દ્ર મહારાજ અને દેવસભાને હમણા જરા વિરાગનો રંગ લાગ્યો છે.

તેથી...

સમગ્ર દેવગણમાં જેમની પ્રતિષ્ઠા શ્રેષ્ઠ છે, જેમના મુખ ઉપરની દિપ્તિ સૌમ્ય શીતલ છે. અને જેમની આંખોનું તેજ સામેની વ્યકિતને આંજી દે એવું છે. તે શ્રેષ્ઠ ધાર્મિક દેવો સાથે ઈન્દ્ર મહારાજ ધર્મચર્ચા કરી રહ્યા છે.

કોઇ દેવ વિશ્વના પરમોચ્ચ તેજરૂપ પરમેષ્ઠિઓના ગુણગાન કરે છે.

કોઇ વિશ્વને મુગ્ધ કરે એવી દાતાઓની શ્રેષ્ઠચરિત કથાઓ છેડે છે.

કોઇ ચતુર દેવ સત્ત્વશાલી પુરૂષોના, જાન કુરબાન કરીને પણ પ્રતિજ્ઞા પાલનના આગ્રહના રોમહર્ષણ અપૂર્વ પ્રસંગોને રજુ કરી દેવસભાને મુગ્ધ કરે છે.

આમ ધર્મ ચર્ચાથી સમય વીતી રહ્યો છે ત્યારે ઇંદ્ર મહારાજ ધીરગંભીર વાણીથી દેવવર્ગને સંબોધે છે.

ભો ભો દેવગણો ! આ બધી વાતોથી શ્રેષ્ઠ મારી એક વાત તમે સાંભળો !

જગતના સર્વ ધર્મોમાં સત્ત્વ સર્વશ્રેષ્ઠ ગુણ મનાય છે. સત્ત્વ સર્વ ગુણોનો રાજા છે. જયાં સત્ત્વ છે ત્યાં બધું છે અને જે પ્રદેશમાં વસતા લોકો સત્ત્વશાળી છે તે પ્રદેશ જ વિશ્વમાં શ્રેષ્ઠ છે.

સાત્ત્વિકોનો પ્રદેશ કેવળ મનુષ્યલોક જ છે. વિશ્વને આંજી નાંખે એવી સમૃદ્ધિની છોળો ઉછાળતું સ્વર્ગ... અપરિમેય બલ સંપન્ન દાનવોથી ગાજતું પરમદર્શનીય શોભાવાળું પાતાળ,

એનાથી પણ માનવલોક શ્રેષ્ઠ છે.

દેવો અલ્પસત્ત્વ છે, દાનવો પણ હીન સત્ત્વ છે. વ્યંતરોનું સત્ત્વ પણ અલ્પ છે. તેમ જ માનવલોકને પ્રકાશ આપતા જયોતિષ્કોનું સત્ત્વ પણ તુચ્છ છે. જયારે માનવલોકમાં વસતા માનવો... તમે જેને મદમત્ત બની કીટક સદૃશ માનો છો, તે માનવોનું સત્ત્વ અપરિમેય છે. અનર્ગલ છે.

ઈન્દ્રમહારાજ આટલું કહી જરા અટકે છે અને પ્રસન્નનેત્રે દેવસભા ઉપર નજર ફેરવે છે.

દેવસભા ઈન્દ્રમહારાજની વજ્રપાત જેવી આ વાત સાંભળી સ્તબ્ધ બની ગઇ. એમનાં ગર્વોન્નત મસ્તક નીચાં નમી ગયાં. સહુને પોતાની અલ્પતાનું કડવું ભાન થયું. પરંતુ થોડાક ગર્વિષ્ઠ દેવોના નેત્ર કોપથી રક્ત બની ગયાં.

ત્યારે... કોઇ ધાર્મિક દેવ ઈન્દ્રમહારાજને નમ્રતાથી પૂછે છે : કૃપાવતાર ! અત્યારે ત્રિલોકમાં સર્વશ્રેષ્ઠ સત્ત્વશાળી કોણ છે ? અને કયાં વસી રહ્યો છે ?

ઈન્દ્રમહારાજની ધીરગંભીર વાણી આગળ વધે છે.

રે દેવો ! સાત્ત્વિક લોકોનું ધામ મનુષ્યક્ષેત્ર જ છે. હા, સર્વ માનવોમાં એક સરખું સત્ત્વ હોતું નથી. ઓછું વધતું હોય છે. છતાંય કોઇ સામાન્ય માનવમાં પણ શ્રેષ્ઠ દેવ કરતાં કંઇ ગણું સત્ત્વ હોય છે.

અત્યારે ત્રૈલોક્યની સર્વશ્રેષ્ઠ સત્ત્વશાળી વ્યકિત મનુષ્ય ક્ષેત્રમાં છે. તિર્ચ્છાલોકના મધ્યમાં વર્તુલાકાર જંબુદ્વીપ છે. એના નાભિસ્થાને મહાન સુમેરૂ પર્વત છે. એની પૂર્વમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર છે.

ત્યાં શીતોદા નામે મહાનદી છે. એના સુરમ્ય કાંઠે મંગળાવતી નામે વિજય છે. તેના મધ્યભાગમાં રત્નસંચયા નામની શાશ્વત મહાનગરી છે.

એ નગરીના મહારાજ ક્ષેમંકર છદ્મસ્થ તીર્થંકર છે. તેમને વજ્રાયુધ નામના મહાન પુત્ર છે. તે ભાવિમાં ચક્રવર્ત્તિ થવાના છે. બસ. એમનું જ સત્ત્વ અત્યારે ત્રણેય લોકમાં અસામાન્ય છે.

વજરત્નમાં કરેલી રેખાને નષ્ટ કરવા જેમ કોઇ સમર્થ થતું નથી, તેમ જેમનું પરાક્રમ વિશ્વમાં અવાર્ય છે તે મહાન દેવો પણ એ મહાપુરૂષના સત્ત્વને સ્ખલિત કરવા સમર્થ નથી.'

ઈન્દ્રમહારાજની વાત પૂરી થઈ.

અંતર્મુખ દેવોનું અંતર ડોલી ઉઠયું.

દેવગણે હર્ષથી 'ધન્ય' 'ધન્ય'નો પોકાર કર્યો.

પણ...કેટલાક ગર્વિષ્ઠ ઈર્ષ્યાળુ દેવો ઈન્દ્રમહારાજની આ વાતથી સળગી ઉઠ્યા અને પગ પછાડતા સભાની બહાર જવા આસન ઉપરથી ઉભા થયા.

અને...

'મૃદંગ પર થાપ પડી. એનો ઘેરો નાદ તાલબદ્ધ ગાજી ઉઠ્યો, છમ્ છમ્ છનનન... છમ્ પાયલ બાજી ઉઠયાં...દિવ્ય અપ્સરાગણે સાત્ત્વિક મહાપુરૂષોને અભિનંદતા અપૂર્વ નૃત્યનો પ્રારંભ કર્યો.

ગંધર્વગણના અતિમધુર ગાને દેવોને આસન ઉપર સ્થંભિત કરી દીધા.

ઈર્ષ્યાના દાહથી બળતા પેલા દેવો દેવસુંદરીઓને ક્ષોભ પમાડતા સભાની બહાર નીકળી, વિમાનના એક એકાન્ત ખૂણે એકઠા થયા.

વિદ્યુદંષ્ટ્ર નામનો દેવ તેઓમાં મુખ્ય હતો. આરક્તનેત્રે વાતનો પ્રારંભ કરતાં તેણે કહ્યું: 'મને ખેદ થાય છે કે સત્તાના મદથી છકી ગયેલા દેવરાજ ઈન્દ્રે દેવગણને, મનુષ્ય કીટકોથી હલકો કહ્યો. ઈન્દ્ર મહારાજે આ દેવગણનું જેવું તેવું અપમાન નથી કર્યું?'

'હા, મેરૂને દંડ કરી ઉપર પૃથ્વીને છત્ર રૂપે કરવાની અસામાન્ય શક્તિ ધરાવતા દેવ આગળ તે માનવ કીટકનું શું મૂલ્ય છે? છતાંય એ કીડાઓને દેવોથી પણ મહાન બનાવતા ઈન્દ્રે સહુના હૃદયમાં ખેદ ઉત્પન્ન કર્યો છે.' વિદ્યુદંષ્ટ્રના મિત્ર દેવે કહ્યું.

ત્યારે ત્રીજો એક દેવ વદ્યો, 'અરે! આ પ્રભુતાને ધિક્કાર હો. જેના મદથી મત્ત ઈન્દ્ર મહારાજ વગર વિચાર્યું બોલી રહ્યા છે અને એમાં હા જી હા કરતો આ દેવગણ પણ બિચારો છે.'

આમ થોડી વાર સુધી તેઓની ચર્ચા ચાલી. પણ કંઇ નિર્ણય પર ન આવી શક્યા. ત્યારે વિદ્યુદંષ્ટ્ર દેવે પોતાના મિત્ર દેવ સાથે એકાન્તમાં વિચાર કરી વિદ્રોહી દેવગણને કહ્યું :

'મિત્રો આપણી આ અંધારિયા ખુણાની વાતોથી અભિમાની દેવરાજ ઈન્દ્રની આંખો

ઉઘડવાની નથી. આપણે એ માટે કંઇક સક્રિય મહેનત લેવી પડશે. એ માટે મારા મિત્ર સાથે વિચારણા કરી હું એમ નિર્ણય પર આવ્યો છું કે- 'જેના સત્ત્વની ઈન્દ્ર મહારાજે બહુ પ્રશંસા કરી છે તે મનુષ્ય કીટકોના સમ્રાટ વજ્રાયુધને સત્ત્વથી ચલાયમાન કરી ઈન્દ્ર મહારાજની વાત અસત્ય ઠરાવવી. પછી ઈન્દ્ર મહારાજને એમની વાતો કેટલી પોલી હોય છે તે નક્કર રીતે સમજાવવું. એ માટે હું અને મારો મિત્ર મનુષ્યલોકમાં જઈશું, પહેલા હું વજ્રાયુધના શૌર્યની પરીક્ષા કરીશ. એમાં એ કદાચ નિષ્ફળ નહિ નિવડે તો બીજી એવી કઠિન પરીક્ષા કરીશ કે એમાં તો એ નક્કી હારશે જ.' તો સહુ વડિલ દેવગણનો શું વિચાર છે?...

સહુએ વિદ્યુદંષ્ટ્રની વાતને વધાવી લીધી અને કંઇક કર્યાનો ગર્વ અનુભવતા દેવસભા તરફ પાછા ફર્યા... જ્યાં હજારો વર્ષના દીર્ઘ સમય સુધી ચાલે એવા દેવાંગનાઓનાં અપૂર્વ નૃત્ય દેવગણને ડોલાવી રહ્યા હતાં.

વિદ્યુદંષ્ટ્રદેવ પ્રસન્ન હ્દયે પોતાના મિત્ર સાથે દેવલોકમાંથી વિદાય થયો. અતિ વિરાટ આકાશ માર્ગને રમતમાં ઓળંગી રત્નસંચયા નગરીના સુરનિપાત નામના મહાઉદ્યાનમાં આવીને એ ઉભો રહ્યો.

ત્યાં વજ્રાયુધની પરીક્ષા માટે અનુકૂળ સમયની પ્રતીક્ષા કરવા તેણે એક અતિ રમ્ય વૃક્ષનિકુંજનો આશ્રય કર્યો.

...તે સમયે... તે કાલે...

મલયના મદભર્યા વાયરા વહેવા માંડ્યા હતા.

પાનખરમાં અનાવૃત્ત થઇ ગયેલી વનરાજીઓ પ્રાણથી પણ પ્રિય પ્રિયતમ વસંતને સત્કારવા વિવિધરંગી વસનોનું પરિધાન કરવા માંડી હતી.

આમ્રવૃક્ષો નવપલ્લવિત થઇ ગયા હતા.

એના સુકોમળ નવીન નીલવરણ ચમકતા પત્રગુચ્છોમાં ઝૂલતી સોનેરી આમ્રમંજરીઓ વીજળીની જેમ ચમકતી હતી.

આમ્રમંજરીઓના આસ્વાદનથી મત્ત બનેલા પુંસ્કોકિલો આમ્રકુંજોને અતિમધુર પંચમગાનથી જાણે ભીંજવી રહ્યા હતા.

નાગચંપકની મીઠી માદક સૌરભ વાતાવરણમાં દૂર સુધી પ્રસરી રહી હતી.

અને...સમગ્ર વિશ્વના વાતાવરણમાં અકથ્ય ઉર્મિઓ...ઉલ્લાસ અને મીઠી મસ્તી ભરી દેતા ઋતુરાજ વસંતનું મધુરૂં આગમન થયું.

અશોક વૃક્ષને દૃઢ આશ્લેષ આપીને ઉભેલી પ્રિયંગુલતાએ એના માર્ગમાં હાસ્યના રાતાં ગુલાબ બિછાવ્યાં.

નવયૌવનના કિનારે ઝૂલતી કમલિનીઓ પદ્મપાત્રમાંથી ખરતા પરાગ બિન્દુથી મૌક્તિક પુંજ જાણે એને વધાવી રહી.

મકરંદ પાનથી આકંઠતૃપ્ત ભ્રમરગણ ગુંજારવ કરી એનો જયનાદ પોકારી રહ્યા.

ઉલ્લાસમાં ડોલતા આમ્રકુંજોએ ઋતુરાજને આવાસ આપ્યો.

ઉદ્યાનલક્ષ્મીનું સૌંદર્ય શતગુણ બની ગયું.

શિશિરની ઠંડીમાં સુષુપ્ત બની ગયેલી પ્રકુતિ, વસંતના મધુર સંસ્પર્શે ચંચલ બની ગઇ. મહાનગરી રત્નસંચયાના વિદગ્ધ નાગરો વસંતક્રીડા અર્થે થનગની ઉઠયા. પૂરબહારમાં ખીલેલા વિશાળ ક્રીડોદ્યાનો ઝૂકી ઝૂકીને નગરજનોને ક્રીડા કરવા પધારવા નિમંત્રી રહ્યા.

મધુસખા ચૈત્રમાસની અષ્ટમી હતી.

સૂર્યોદય થયાને પ્રહર વીત્યો હતો.

રત્નસંચયાનો લાડીલો યુવરાજ વજ્રાયુધ! એ પોતાના અતિ રમ્ય મહાલયના એક સુસજ્જિત ખંડમાં બહુ મૂલ્યવાન આસન ઉપર બેઠો હતો. એની બાજુમાં બીજા સુવર્ણના આસનો ઉપર ગુણાભિરામ... બુદ્ધિનિવાસ આદિ એના સમવયસ્ક અંતરંગ મિત્રો બેઠા હતા.

બધા ધર્મચર્ચા કરતા હતા.

યુવરાજની પ્રિયતમા મહારાજકુમારી લક્ષ્મીવતી પ્રસાધન ખંડમાં શૃંગાર સજી રહ્યા હતા. ત્યારે ભવનના દ્વારપાલ અનંતરથે યુવરાજના ખંડમાં પ્રવેશ કર્યો. વાતોમાં મગ્ન યુવરાજને તથા એમના મિત્રોને એનાં આગમનની ખબર ન પડી.

અનંતરથ યુવરાજની સન્મુખ આવી ગયો. યુવરાજને નમસ્કાર કરી એણે કહ્યું:

'મહારાજ!'

યુવરાજે સ્હેજ ચમકીને એની સન્મુખ જોઇ પૂછયું: 'કેમ?'

'કૃપાવતાર! આપણા સુરનિપાત નામના મહાઉદ્યાનનો યુવાન ઉદ્યાનપાલક આપના ચરણમાં કંઇક નિવેદન કરવા ઇચ્છે છે. તેને મેં દ્વારપ્રદેશમાં રોકયો છે. તો પ્રવેશ આપું?'

'હા એને તરત મોકલ. હું એને બોલાવવાનો જ વિચાર કરતો હતો.'

'જી' કહી અનંતરથ ગયો. થોડી જ પળોમાં ઉદ્યાનપાલકને લઇને યુવરાજની સમીપમાં ઉપસ્થિત થયો.

યુવરાજે હસતી આંખે ઉદ્યાનપાલક બકુલને આવકાર આપ્યો.

બકુલે યુવરાજના ચરણોમાં  માથું નમાવી નવીન આમ્રમંજરીઓનું ભેટણું ધર્યું. અને હાથ જોડી વિજ્ઞપ્તિ કરી:

'મહારાજ ! માનિનીઓના માનનો ભંગ કરતો, કામદેવની વિજયયાત્રામાં સાથ આપતો ઋતુરાજ વસંત આપના ઉદ્યાનોમાં પૂરબહારમાં ખેલી રહ્યો છે. કમળો ખીલી ઉઠ્યા છે. સરોવરનાં જલ ખરતાં પદ્મપરાગથી સુવર્ણવરણાં થઇ ગયાં છે. ઉદ્યાનનાં વૃક્ષો નવપલ્લવિત થઇ ગયાં છે. નવયૌવનમાં ખેલતી વનવેલીઓ સુંદર સાથીને શોધવામાં સફળ થઇ ચૂકી છે. કામદેવ અજેય મિત્ર વસંતની સહાયથી પ્રથમ યૌવનમાં ખેલતા મુગ્ધ યુવાનોને વીંધી રહ્યો છે. રસિયા વિદગ્ધ નાગરજનો મદભરી કામિનીઓ સાથે ઉદ્યાનોમાં ગોષ્ઠી કરવા જઇ રહ્યા છે, અને...'

ત્યાંજ બકુલની રસભરી વાણીથી ખીલી ઉઠેલા યુવરાજ વચ્ચે જ બોલી ઉઠ્યા. 'બસ... બસ...' મારા રસિયા નવયુવાન મિત્ર! તારૂં વર્ણન ખરે દાદ માંગે એવું છે. તારે એથી કહેવું છે શું? ઓહ હં સમજ્યો. તું વસંતક્રિડાનું આમંત્રણ આપવા આવ્યો લાગે છે. પણ હા. એ માટે તો તારે મહારાજ પાસે જવું જોઇએ ને...

હું પહેલા મહારાજા પાસે જ ગયો હતો પણ તેમણે મને કહ્યું: 'હવે અમે તો વૃદ્ધ થયા છીએ. ખેલવાના દિવસ હવે યુવરાજના છે. તું એને વસંતક્રિડા માટે આમંત્રણ કર... અને કહેજે કે મારી આજ્ઞા છે. તેથી હું આપનાં ચરણોમાં ઉપસ્થિત થયો.'

'સારૂં, હું થોડી જ વારમાં મારા પરિવાર સાથે ઉદ્યાનમાં આવું છું અને લે આ તારી

વસંતની વધામણીનો પુરસ્કાર. તારી વાક્છટા મનને પ્રસન્ન કરે એવી છે.' કહી કંઠમાંથી સ્વર્ણહાર ઉતારીને બકુલના હાથમાં આપ્યો.

'ધન્ય થયો' કહી બકુલે યુવરાજના પ્રસાદને પ્રસન્ન નેત્રે ગ્રહણ કર્યો.

પછી બકુલ અને અનંતરથ વિદાય થયા.

યુવરાજ અને એમના મિત્રોએ વસંતને સત્કારતા મનોહર પોષાકો ધારણ કર્યા. ખંડ બહાર નીકળી યુવરાજે હાક મારી.

'ચન્દ્રાનને!'

તરત દેવીની ખાસ સખી ચન્દ્રાનના પ્રસાધનખંડમાંથી દોડતી આવી. યુવરાજને નમસ્કાર કરી ઉભી કરી.

'દેવીનો શૃંગાર થઇ રહ્યો કે નહિં?'

'ના. હજી થોડી વાર લાગશે.'

ક્યારનો શૃંગાર ચાલે છે હજી પૂરો નથી થયો. ખરેખર શૃંગાર કરતી વેળાએ સ્ત્રીઓને સમયનું ભાન રહેતું નથી. આજ ઉદ્યાનમાં વસંતક્રીડા માટે જવાનું છે. અમે ધીમે ધીમે ચાલતા ઉદ્યાન તરફ જઇએ છીએ, તમે સહુ તૈયાર થઇ તરત ઉદ્યાનમાં આવો. ઉદ્યાનના અગ્રભાગમાં અમે તમારી પ્રતીક્ષા કરીશું.'

'જી.' કહી ચન્દ્રાનના ચાલી ગઇ.

યુવરાજ ઉદ્યાન તરફ જવા અગ્રેસર થયા. સાથે મિત્રો અને અંગરક્ષકો હતા.

બે ત્રણ ઘટિકામાં નગરના મુખ્ય રાજમાર્ગો પર થઇને યુવરાજ સુરનિપાત ઉદ્યાનના કલામય પ્રવેશદ્વાર આગળ આવી પહોંચ્યા.

બકુલે યુવરાજનો સત્કાર કર્યો.

અને!...

## ૨

## ...સ્થળ - ઉપવન પ્રદેશ...

(શ્રી વજ્રાયુધકુમાર ગુણાભિરામ, બુદ્ધિનિવાસ આદિ પ્રિય વયસ્કો સાથે મનોહર ઉદ્યાન પ્રદેશમાં દાખલ થાય છે.)

કુમાર - (વિકસિત નયને ચારે બાજુ નજર કરીને) 'ગુણાભિરામ! ઉપવનની શોભા અપૂર્વ છે. દેવોનું પ્રિય ઉપવન નંદનવન પણ શું આવું મનોહર હશે? ચારે તરફ નજર કરૂં છું ને મન પ્રસન્ન થઇ ઉઠે છે.'

જો!...

**મ્હેણે વૃક્ષતણી ફલે લચી પડી**
**ડાળો ભૂમિને અડી,**
**ત્યાં સૌ તાપસ મૌન તોય મૃગને**
**પ્રેરે મધુરૂં વદી,**
**પેખી મોરનું નૃત્ય મોરશિશુ જો**
**ત્યાં નાચવા આકુળો,**
**સ્પર્ધાથી સુરવાણી જો, ત્યહીં**
**ભણાવતા શુકોના કુળો.**

ગુણાભિરામ - 'દેવ! ઉપવનનું સૌન્દર્ય ખરેખર અપૂર્વ છે. પરંતુ...(સ્હેજ અટકી) મહારાજ, આપનો રાજ્યાભિષેક ભલે ન થયો, પણ અમે તો આપને રાજા તરીકે જ સંબોધશું. અને આપ રાજયોગ્ય સર્વગુણોથી ઉત્કૃષ્ટ છો... નિકટના ભવિષ્યમાં ચક્રવર્ત્તી સમ્રાટ થશો. તેથી આ વનલક્ષ્મી જાણે આપના અપૂર્વ રાજ તેજને સત્કારતી, અતિ મધુર હાસ્ય બિછાવી રહી છે....આપના આગમનને વધાવતી અપૂર્વ નૃત્ય પ્રસ્તુત કરી રહી છે.'

**આંબો કોયલના મધુર રવથી**
**રે! ગીત આરંભતો,**
**પૂરે વાંસળી કેતકી ભ્રમરના**
**ગુંજારવોના મિષેઃ**

**વેલો વાયુથી કંપતી શિખ મિષે**
**તાલે કરે નૃત્યને,**
**આપે તાલ મૃદંગના ગિરિઝરા નો**
**ઘોષ હ્યાં ગાજતો.**

રાજા - બુદ્ધિનિવાસ..!

**દશ્યો સુંદર દેખાડી, વ્હાલાને દેખશું પછી, અરૂણે ન દીઠું વિશ્વ, રવિ ના દેખતો કદી.**

'દેવી ન આવે ત્યાં સુધી સામે રહેલા અતિ રમ્ય દેવમંદિરમાં જઈને પ્રતીક્ષા કરીએ. દેવીના આગમન પછી ઉપવનના નયનરમ્ય સૌન્દર્યનું પાન કરીશું.'

(રાજા દેવમંદિરની સોપાનપંક્તિ પર આરોહણ કરે છે. સહુ રાજાનું અનુસરણ કરે છે. ઉપર ચડતાં જ રાજાની દષ્ટિ ગર્ભગૃહમાં પડે છે.)

રાજા - 'ઓહ, અંદર વીતરાગ ભગવંતની પ્રતિમા દેખાય છે. કેવી સુંદર પ્રતિમા !' (રાજા હર્ષભર્યા હ્દયે પ્રતિમાની સમીપમાં જાય છે અને સ્તવના કરે છે.)

**જેણે પ્હેલી બતાવી માનવતણી**
**સંપત્તિના મૂળ શી,**
**સર્વે શ્રેષ્ઠ કલા અહીં જગમહીં**
**અજ્ઞાન દૈન્યે ભર્યાઃ**
**ને તે બાદ અપૂર્વ ધર્મ ઉપદેશીને**
**દીધું શાશ્વત,**
**જેણે મોક્ષનું સૌખ્ય 'આદિ ઈશ' તે**
**આપો સદા મંગલ.**

**(નેપથ્યમાં)**

'દેવી લક્ષ્મીવતી! આ બાજુ પધારો. આ બાજુ પધારો...'

લક્ષ્મી- 'ચન્દ્રાનને, આર્યપુત્રે મારા પુત્ર સહસ્રાયુધને યુવરાજપદે સ્થાપ્યા પછી મારો અંતરાત્મા કો' અપૂર્વ સન્તોષની આભાથી છવાઈ ગયો છે.'

ચન્દ્રા - 'એ તો એમ જ હોય.'

**સહુ ઈચ્છે અમ પુત્રો,**

**પામે યુવરાજપદવી પણ થાય,**

**એકની ઈચ્છા પૂરી,**

**બીજી તો જોતી રહી જાય.**

ઉદ્યાનપાલક - (ઉંચે સ્વરે) 'મહારાજ! દેવી ઉદ્યાનના અગ્રપ્રદેશમાં આપની પ્રતીક્ષા કરે છે. તો જલ્દી પધારો!'...

(રાજા રાણીની સમીપે જાય છે. બન્ને સાથે ઉદ્યાનના અભ્યંતર ભાગ તરફ જતા માર્ગે ધીરે ધીરે આગળ વધે છે. પરિવાર એમની પાછળ ચાલે છે. સહુ પ્રસન્ન હૃદયે ઉપવનની અપૂર્વ વનલક્ષ્મીનું પાન કરે છે. માર્ગની એક પડખે નવયૌવને વિલસતું મનોહર બકુલવૃક્ષ છે. એને અઢેલીને નીલવર્ણી કેતકી ઉભી છે. એની તીખી મદભરી સૌરભ વાતાવરણને ભરી રહી છે. એ યુગ્મની ચારે તરફ ભ્રમરનું ઝુંડ ગુંજારવ કરતું ભમી રહ્યું છે અને જાણે શ્યામ આવરણ ઉભું કરી રહ્યું છે. રાજાની નજર ત્યાં પડે છે અને...)

રાજા-દેવી, આ બાજુ જુઓ તો. કેવું સુંદર દ્રશ્ય છે!

**કેતકીને બકુલે આ, ભમતા ભૃંગના મિષે, ટાળવા અન્યનો સ્પર્શ, ભારે યુક્તિ કરી દીસે.**

ગુણાઃ- 'અને દેવ, તમે પેલા લીલા દ્રાક્ષા મંડપમાં નજર કરો ને! કેવો ભારે સરસ મેળ જામ્યો છે!'...

**કરતો દ્વિજિહ્વને ભય, (સર્પ અને દુર્જન)**

**શશિ સમ નિર્મલ કલાથી દીપતોઃ**

**વિહરે સહચરી સાથે**

**તમ જિમ અહીં મોર મલપંતો.**

**(નેપથ્યમાં સ્વગત્)**

હા હા હા... દેવ થયો છું ત્યારથી આ દુષ્ટને શોધતો ફરૂં છું... આજે એ ઠીક નજરે ચડ્યો. હવે એ દુરાત્મા વજ્રાયુધના કટકે કટકા કરી મારી પ્રજ્વલિત વૈરની આગને આહૂતિ આપું... હા... હા... હા... (અતિ ક્રૂર અટ્ટહાસ કરતો, જોરથી પગ પછાડતો જલ્દી ચાલે છે. અને

ભયંકર રાડ પાડે છે.)

**ભવોના હે શત્રુ! સુખ અનુભવી લે તું હમણાં,**
**પ્રિયાના આશ્લેષો હું ન હજુ જ્યાં આવું લડવા,**
**તીખા પંજે ફાડી ગજનું શિર જ્યાં સિંહ ફરતો,**
**બિચારો હાથી ત્યાં કદીય મન મૂકી શું રમતો?**

અને હે દુષ્ટ!

**મુકી દે તું ક્રીડા, સુભટ થઈ તૈયાર થઈ જા,**
**લડી લેવા જલ્દી, ગરજ વદ તું ગીત રણના,**
**કરે ના જો એમ રમણીતણી લીલામહિં ડૂબ્યો,**
**તું તો થાશે નક્કી મૂરખ! અતિથિ ક્રૂર યમનો.**

રાજા - (ચમકીને અવાજની દિશામાં નજર કરીને) બુદ્ધિનિવાસ! ભયંકર શબ્દ કરતું આ જ્યોતિઃપુંજ જેવું શું આવે છે?

બુદ્ધિ-દેવ, એની વાણી અતિ કઠોર છે તેથી મને લાગે છે કે કોઇ આપનો વૈરિદેવ આપની સાથે લડવા આવે છે અને આપને યુદ્ધનું આહ્વાન કરે છે.

(અતિ રક્ત દેહઆભાથી અગ્નિગોલક જેવો દેદીપ્યમાન જણાતો વિદ્યુદંષ્ટ્ર દેવ ઉદ્યાન પ્રદેશમાં દાખલ થાય છે. રાજાની સન્મુખ આવીને ઉભો રહે છે. રાજા એની હાજરીની અવગણના કરે છે અને ઋતુરાજ વસંતના પ્રભાવને દર્શાવતા એક સરસ દશ્ય સામું એનું ધ્યાન ખેંચે છે.)

રાજા-દેવિ! ઋતુરાજ વસંતનું સામ્રાજય કેવુ અલંઘ્ય છે? જો પેલા ગાઢ નીલ છાયાવાળા અશોકવૃક્ષની પાસે નજર કર તો...!

ચન્દ્રા- મહારાજ! આપ પણ પેલા કોકિલાઓના ટહૂકારથી મંજુલ આમ્રતરૂની સમીપે જુઓને...

**પ્રિયનું ચિત્ત પ્રિયાએ, દૂરથી ભેદી અચેત કર્યું તેને,**
**મુખમાં અંગુલિ નાખી, જાણે એ બ્હાર કાઢે છે.**

(વજાયુધની અવજ્ઞાથી અતિ કુપિત થયેલો વિદ્યુદંષ્ટ્રદેવ તેની સમીપમાં ધસી આવે છે. અને આભ ફાટતું હોય એવા ઘોર અવાજે...)

દેવ-અરે વજાયુધ! તને એવો મદ છે કે ‘જ્યાં સુધી મારૂં ખડ્ગ કોશમુક્ત નથી થતું ત્યાં સુધી જ બીજા પરાક્રમી સુભટો ગર્જના કરે છે. પરંતુ જ્યાં મારૂં ખડ્ગ વિજળીની જેમ રણભૂમિમાં ચમકે છે કે તુરંત સહુ ગિરિની ઉંડી કંદરાઓ અને ભૂમિગૃહોનો આશ્રય કરે છે. જેમ ગરૂડને દેખીને વિષવમતા ભયાનક વિષધરો વલ્મીકનો. તું તારી આ રૂઢ અભિમાની માન્યતાથી જ મારી અવગણના કરી રહ્યો છે. પરંતુ...

**નિત રણમહીં જીતે જે તું નૃપોને વિના શ્રમે,**
**સકલનૃપનું નેતા તારૂં ચક્રિત્વ ત્યાં હેતુ છે**
**પણ સુરપણાથી તે મારા પર ન ચાલી શકે,**
**જગ અવગણે જેણે તેણે અવગણ ના મને.**

તો.....

**બાહુબાહવિ શક્તિ જો, દેખાડો નિજબાહુને,**
**અસ્યસિ તો ધરો હાથે, કરાલ કરવાલનેઃ**

રાજા - (ક્રોધ ભર્યા અવાજે)

**શું તારા પર કાળની નજર થૈ?**
**કે પત્ર નાંખ્યો યમે?,**
**કે દષ્ટિવિષ સર્પ દૈવ રૂઠયું કે**
**ઈચ્છે શું તું મૃત્યુને ?,**
**રે મિથ્યાબળમત્ત! જેથી કરની**
**કંડૂતિને છેદવા,**
**શસ્ત્રોમાં અતિદક્ષ મારી સમીપે,**
**તું યુદ્ધ માંગે ભલા!**

બુદ્ધિ-‘મહારાજ!...

**જેઓએ તુજ ખડ્ગધાર વ્રતને**
**ધાર્યું તજી મર્ત્યતા,**
**તેઓ સ્વર્ગમહીં અપૂર્વ સુખના**

**સ્વામી બન્યા દેવતાઃ**
**લેવા આ પણ તેમ ઈન્દ્ર પદવી**
**આહ્‌વાન આપે તને,**
**કે તે ઉન્નતિદાયિતા કર ખરી**
**તારી ગ્રહી શસ્ત્રને.'**

(દેવ બુદ્ધિનિવાસની વાત સાંભળી અતિ ક્રુદ્ધ થઇ જાય છે અને બુદ્ધિનિવાસને ક્રોધભરી દૃષ્ટિથી પ્રજવાળતો કહે છે...)

દેવ- 'અરે દુષ્ટ ભૃત્ય! આ વિશ્વના પટ પર એવો કોઇ ઉપાય નથી, જેનાથી તમે મનુષ્ય કીટકો અમને દેવોને હણવા સમર્થ બની શકો... મારી અત્યંત અવજ્ઞા કરતો તમારો કાળ હવે સમીપમાં જ છે... સાવધાન...!'

...અને ક્રોધના આવેશથી ભયાનક ગર્જના કરતા તે દેવે ઉપવનની મધ્યમાં રહેલા એક વિશાળ ક્રીડા પર્વતને બે હાથોમાં ઉઠાવ્યો.

પછી આકાશમાં ઉંચે ચડી પૂર્ણ બળથી એ ક્રીડા પર્વતને રાજા પર ઝીંક્યો, વેગથી ધસી આવતા તે ક્રીડા પર્વતને જોઇ અતિભયભીત બનેલો પરિજન કાકવૃન્દની જેમ ચારે દિશામાં ભાગે છે. લક્ષ્મીવતી પણ થોડે દૂર રહેલા એક લતામંડપનો આશ્રય કરે છે અને પ્રિયતમની ચિન્તાથી ક્રન્દન કરે છે...

લક્ષ્મી - હા આર્યપુત્ર ! હા વસુધાધરણૈકમલ્લ !... મને ઉત્તર આપ... તારા સુધાસમાન વચન રસ વડે મારા કર્ણને તૃપ્ત કર !...હા ! તે ક્રીડાપર્વતથી તારૂં શું થયું હશે !...

(લક્ષ્મીવતી દુઃખભારથી મૂર્છિત બની જાય છે. પુષ્પોના પરિમલના સંસ્પર્શે સુરભિ અને શીતલ બનેલો વાયુ ધીરે ધીરે વિંઝણો કરે છે અને દીર્ઘકાળે લક્ષ્મીવતીનું ચૈતન્ય જાગૃત થાય છે. આકાશ સામું નજર કરી... પરિજનને ઉદ્દેશી એ ઠપકાભર્યે સ્વરે બોલે છે...)

**શું જીવ્યે તમ ! તજીને.**
**સંકટમાં એકલા જ સ્વામીનેઃ**
**પેખો, મૃગ પણ શશિને,**
**તજતુ ના ગ્રહણ વેલાએ.**

(ફેર કંઈક વિચારી) ઓહ ‘સહુ બીજાના દોષોનું નિરીક્ષણ કરવામાં જ નિપુણ છે. પણ પોતાના દોષ કોઈ જોતું નથી’ આ લોકશ્રુતિ સાચી ઠરી. કારણકે સ્વામીને એકલા મૂકીને જેમ પરિજન ભાગ્યા તેમ હું પણ તેમની સાથે ભાગી હતી ને ? પછી પરિજનને ઉપાલંભ દેવાનો મને શો અધિકાર છે ? પ્રાણથી પણ અધિક ચાહતા સ્વામીને સંકટમાં એકલા મૂકીને ભાગનાર હું જ સહુના ઉપાલંભને પાત્ર છું. અર્ધાંગના ધર્મ મેં લજવ્યો.

(આ પ્રમાણે ખેદથી બોલતી લક્ષ્મીવતી લતામંડપની બ્હાર નીકળે છે. ચારે બાજુ નજર કરે છે. પણ કોઈ જણાતું નથી. પણ દૂરથી કંઈક અવાજ આવે છે.)

**(નેપથ્યમાં)**

દેવી ! જલ્દી કરો, જલ્દી કરો. મહેલમાં જવામાં વિલંબ થાય છે. કારણકે-

**તે ઔષધોથી જ અલંકરેલ,**
**પહાડ જ્યાં મુષ્ટિથી પીસી નાખ્યોઃ**
**ત્યાં સ્વામીએ, તુર્તજ દેવ તેય,**
**તે ચૂર્ણ પેખી વશ સ્વામિને થ્યો.**

લક્ષ્મીવતી - (ચારે બાજુ નજર કરીને) ‘આહા, તે અધમ દેવતાના તપ્ત સીસા જેવા વચનોથી દાઝેલા મારા કર્ણપુટમાં આ કોણ અમૃતનું સિંચન કરી રહ્યું છે ? (ક્ષણવાર થોભી) પણ આ વાતને વિસ્તારથી કેવી રીતે જાણવી ? અહીં કોઈ દેખાતું નથી.’

(ત્યાંજ એક દાસી પટાક્ષેપ કરી પ્રવેશ કરે છે.)

દાસી-સ્વામિની! તમારો જય હો.. જય હો...

લક્ષ્મી- (સામે જોઇ) ‘ઓહ, શું પ્રિયંવદા આવી, જરૂર એ પ્રિયતમના સમાચાર લાવી હશે ! ચાલો ત્યારે. એને જ બધો વૃત્તાંત પૂછું!... અરે સખિ પ્રિયંવદે ! તે પ્રચંડ અને વૈરાગ્નિથી ધમધમતો દેવ, સ્વામિને વશ થયો એવું હમણાં દૂર દૂર કોક બોલતું હતું તે તેં સાંભળ્યું ?’...

પ્રિયંવદા-‘સ્વામિની! આર્યપુત્રે વિવિધ પ્રકારના દંડયુદ્ધથી તે ઉદ્ધત દેવને પરાજિત કર્યો. તે વાત સત્ય છે. પણ હમણાં એક નવી રોમાંચક વાત બની છે તે તમે સાંભળી ?’

લક્ષ્મી- (સ્હેજ ચમકી) 'ના... શું બન્યું છે? મને જલ્દી કહે.'

પ્રિયંવદા-'આર્યપુત્ર અષ્ટમી આદિ ધર્મતિથિએ પૌષધશાળાએ જાય છે અને ત્યાં કાંઇપણ ધ્યાન ધરે છે તે તમે જાણો જ છો ને?'

લક્ષ્મી-(સ્હેજ હસી) 'એ વાત તો રત્નસંચયાનું નાનું બાળક પણ જાણે છે. આગળ નવું બોલ.'

પ્રિયંવદા-'એ જ કહું છું. દેવને પરાજિત કર્યા બાદ સ્વામિને સ્મૃતિ થઇ કે આજે અષ્ટમી છે. તેથી તરત યુદ્ધમાં ઉપાર્જિત થયેલા પાપની શુદ્ધિ કરવા માટે આર્યપુત્ર અહિંથી બારોબાર નગરની બહાર આવેલી પૌષધશાળામાં ગયા.'

'ત્યાં સ્વામી પૌષધ લઇને બેઠા હતા ત્યાં જ અતિ વેગથી ઉડતું એક પારેવું આકાશમાંથી પૌષધશાળામાં ઉતરી આવ્યું. એની ભોળી આંખો ભયથી ચકળવકળ થતી હતી... શરીર અત્યંત કંપતું હતું અને મુખેથી માનવી જેમ 'ત્રાયસ્વ મામ્' 'ત્રાયસ્વ મામ્' બોલતું શરીર સંકોચી ત્રિભુવનને શરણરૂપ આર્યપુત્રના ચરણમાં બેસી ગયું. અને...'

લક્ષ્મી-'ઓહ, આ તો ભય અને કુતુહલ ભરી વાત છે. પછી પછી...'

પ્રિયંવદા-'પછી નાગની પાછળ ગરૂડની જેમ એનું પગલે પગલું દબાવતો એક વિકરાળ બાજ તે પારેવાની પાછળ આવ્યો. એનું ઉદર ક્ષુધાથી ઉંડું ગયેલું હતું. એની આંખો ભમતી હતી. અને 'મમ ભક્ષ્યં અર્પય' 'મમ ભક્ષ્યં અર્પય' એમ બોલતો એ પણ સ્વામીની સન્મુખ આવીને બેઠો. બસ, આટલી વાત મેં સાભંળી છે. પછી શું બન્યું તેની મને ખબર નથી.'

(લક્ષ્મીવતી આ વાત સાંભળી વિચારમાં પડી જાય છે. અને...)

લક્ષ્મી-'પ્રિયંવદે, તારી આ વાત જરા ગંભીર છે. આ ઉપવન પ્રદેશમાં અનેક એકાન્ત ભર્યા છૂપાવાનાં સ્થળ છે. છતાંય તે પારેવું અનેક માનવોથી આકુલ પૌષધશાળામાં આવી આર્યપુત્રના ચરણમાં બેસી ગયું. તે મને વિચિત્ર અને અનિષ્ટજનક લાગે છે અને અત્યંત આશ્ચર્યની વાત એ છે કે પંખી પણ માનવની જેમ બોલે છે.'

પ્રિયંવદા- 'દેવિ, તમે સાચું કહો છો. હું પણ વિચારમાં પડી ગઇ છું અને મને શંકા થાય છે કે'-

શું ? સાચે ડર્યું બાજના ભયથી તે
પારેવું આવ્યું હશે ?
કે વિદ્યાધર કોક રૂપ નિજનું
છૂપાવી કેલી કરે ?;
કે શું સત્ત્વ પરીક્ષવા પ્રભુનું એ,
સ્વર્ગેથી આવ્યો હશે ?
કોઇ દેવ મૃગાક્ષિ ! કાંઇ મુજની
બુદ્ધિમહીં ના ઠરે.

(લક્ષ્મીવતી કપાલ પર હાથ ટેકવી ચિંતાના ભારથી શૂન્ય જેમ થઇ જાય છે.)

પ્રિયંવદા-'(સ્વગત) ઇષ્ટ મનુષ્યો પર સંકટ આવશે એવો સંશય થવાથી સામાન્ય જન પણ બેચેન થઇ જાય છે. તો આ તો પતિને પ્રાણથી પણ વધુ ચાહે છે અને પતિના મનમાં સ્થાન જમાવી ચૂકી છે. તો એને વિષાદ કેમ ન થાય ? ઘેરા વિષાદમાં પડેલી આ સ્વામિની પ્રણયિનીને હું કેવી રીતે પ્રસન્ન કરૂં ?'

(ત્યાં ક્ષેમંકરા દાસી આવે છે અને ઉતાવળા સ્વરે કહે છે.)

ક્ષેમંકરા- 'સ્વામિની...સ્વામિની.. સ્વામિના શરણે આવેલા પારેવાને અને થાંભલા પર બેઠેલા બાજને જોવા સારૂં યે નગરજન પૌષધશાળામાં એકત્ર થયું છે. આર્યપુત્ર તમને પણ ત્યાં બોલાવે છે. તો જલ્દી ચાલો.'

(લક્ષ્મીવતી બે'ય સખીઓ સાથે ઉપવનમાંથી વિદાય થાય છે. અને ઉતાવળી ગતિએ પૌષશાળા તરફ જાય છે.)

**(પડદો પડે છે.)**

## 3

## ...સ્થળ - પૌષધશાળા...

(પૌષધશાળાનો અતિ વિશાળ ખંડ છે. વજાયુધ પૌષધ ગ્રહણ કરીને કંબલરત્ન ઉપર બેઠા છે.)

એમના ચરણકમલમાં પારેવું બેઠું છે. એની પરવાળા જેવી લાલ સુંદર આંખો ભયથી

ચકળવકળ થાય છે.

સામેના નાનકડા પ્રસ્તરસ્થંભ ઉપર અતિ વિકરાળ બાજ બેઠો છે. એનું ક્ષુધાતુર ઉદર પારેવાને પોકારી રહ્યું છે. એની આંખમાં વીજળીની ચમક છે.

મહારાજની પડખે આ મહા આશ્ચર્યથી અભિભૂત બનેલા મહારાજ કુમાર સહસ્રાયુધ અને મહાઅમાત્ય પુરૂષોત્તમ આદિ રાજપુરૂષો બેઠા છે અને ખંડમાં હજ્જારો નગરજનો હવે શું બનશે? એ જિજ્ઞાસા સાથે કૌતુકભરી નજરે ઘડીક મહારાજ સામે અને ઘડીક એ બે પક્ષીઓ સામે જોઇ રહ્યા છે.)

પારેવું - (સ્વગત) અહો મહારાજ ઈશાનેન્દ્રની ધૃષ્ટતા!...અસંબદ્ધ પ્રલાપમાં એમનું હદબહારનું પાંડિત્ય!... ઓહ, દેવસભામાં અચિન્ત્ય શક્તિ અને અકલ્પ્ય ઋદ્ધિના સ્વામી દેવગણને એમણે મનુષ્યોથી પણ હીન બનાવ્યા. એમનાં એ અવિચારી વાક્યો યાદ આવે છે ને, મારા રોમ રોમમાં આગ ઉઠે છે. એમણે કેવું કહ્યું હતું...!

**'છે કોઈક મનુષ્ય કંચનસમો**
**જે દેહ છેદ્યાં છતાં,**
**દેવોથીય અચાલ્ય છે નિજતણા,**
**સત્ત્વેથી પૃથ્વી મહીં:**
**રે, એ સાત્ત્વિક કિંતુ નક્કી બનશે**
**દેવો તણો યે મણી,**
**ઇંદ્રે ચિત્ત ન કોનું કૂપિત કર્યું**
**એવી રીતે બોલતાં...'**

પણ... હવે આ થોડી જ પળોમાં સત્તા અને સમૃદ્ધિ થી ગર્વિષ્ઠ ઇંદ્રના એ અવિચારી વચનોને હું નિષ્ફળ બનાવી દઇશ.

પરંતુ...

**કાર્યો કર્યા વિના સુજ્ઞો, નિજને ખ્યાત ન કરે,**
**રાહુ ગ્રહણવેલાએ, દેખાતો નવ અન્ય દા...**

તો હવે હું મારી માયાનો વિસ્તાર કરૂં. જેથી તુરત કાર્યસિદ્ધિ થાય.

(પ્રગટ) હે મહારાજ, હે ક્ષત્રિયોના મુકુટમણી...!

**જેઓના જબરાં પરાક્રમ અડ્યાં,**
**દિશાતણાં મૂળને,**
**તેવાયે વિલખા કર્યા નૃપગણો**
**લાખ્ખોગમે તેં રણેઃ**
**આકાશે જ્યમ ભાનુ તેમ તપતે**
**તું એક રાજા ખરે,**
**પૃથ્વીમાં પછી કેમ દુર્નયરૂપી**
**અંધાર ક્યાંયે સ્ફુરે?...**

(દીનતાભર્યા અવાજે) અને હે મહારાજ,

**તું છે સૂર પ્રતાપનો ગ્રહ તું ને**
**વિષ્ણુ રમાને પ્રિય,**
**તું છે શંભુ ઉમાતણો પ્રિય તું ને**
**ધાતા પ્રજાનો ધવ**
**તું છે નાથ નિધાનનો ધનદ તું**
**અર્હન્ ક્ષમારક્ષક,**
**એ રીતે સવિ દેવરૂપ તું મને**
**આ બાજથી રક્ષ હે!...**

રાજા-અરે ભોળા પંખી, તું જરાયે ભયભીત ન થા. હું વિકરાળ યમરાજના મુખમાંથી પણ તારી રક્ષા કરીશ.

પારાપત - મહાપ્રસાદ (કહી આનંદથી પૃથ્વીતલ પર માથું નમાવી રાજાને નમસ્કાર કરે છે. અને પુત્રની જેમ રાજાના પ્રેમાળ અંકમાં આરોહણ કરી જાણે સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું હોય એવો અભિનય કરે છે. નગરજનો અને મહારાજના પરિજનો અંગુષ્ઠના ફણા ઉપર ઉભા રહી ઉપરા ઉપર થઈ કૌતુક સાથે બધું જોઈ રહ્યા છે.)

શ્યેન-(ધૃષ્ટતા સાથે) રાજન્,

**મારૂં આ ભક્ષ્ય છે એમ ,જગમાં જાણતા સહુ,**
**તો પારેવું મને સોંપ, જેથી ભૂખ શમાવું હું...**

રાજા-(સસ્મિત) પક્ષિરાજ,

**જાયે ભલે પ્રાણ ન તોય સોંપે,**
**ક્ષત્રિય બચ્ચો શરણાગતોને,**
**પીધો અગસ્ત્યે જલધિ ન તોયે ,**
**મૈનાકને પ્રાપ્ત કર્યો મહેન્દ્રે...**

વળી...

**જે અન્યના પ્રાણથી દેહ પોષે,**
**તું બાજ, તે તો તુજને ન શોભે,**
**ખાધે તને થાય જરાક તૃપ્તિ,**
**તે અન્યને તો થતી કાલરાત્રી...**

અને...

**ડરે તું મૃત્યુ થકી જેમ ભોળા,**
**હે બાજ, તો તેમ ડરે બીજાયઃ**
**બીજું ય ખાધે ભુખપીડ જાય,**
**સહ્યા વિના કિંતુ ન નર્કપીડા...**

... તો હે પ્રિય બાજ, તું મોહ ન પામ. માંસાહારથી દેહને પુષ્ટ કરવાના ભયંકર દુર્વ્યસનને દૂરથી જ તજી દે... તારી ક્ષણિક તૃપ્તિને ખાતર બીજાના પ્રાણોને જોખમમાં ન મૂક.

શ્યેન-(ઉપહાસ સહિત) મહારાજ, તું સત્ય કહે છે. હું પણ એ વાત બરોબર જાણું છું કે પ્રાણી વધથી જીવો ઘોર નરકમાં જ પડે છે. પરંતુ... ઓ મારા દયાવતાર મહારાજ!...

**હિંસાતણો દોષ દયાળુને જ,**
**રે, દોષરૂપે બનતો સદાયેઃ**
**મારા સમા હિંસકને થતી જે,**
**હિંસા ખરે મંડનરૂપ એજ...**

... તો મહારાજ, સહુએ પોતાના કુલાચાર પ્રમાણે ચાલવું જોઇએ, અન્ય કુલોએ નિન્દ્ય ગણેલો આચાર પણ પોતાના કૂળની પરવશતાથી આચરતાં દોષ લાગતો નથી. તેથી આ પારેવું મને આપી તું મારા આત્માને સંતુષ્ટ કર...

(આ પ્રમાણે ધૃષ્ટતાથી બોલતો બાજ આવેગથી સ્હેજ આગળ ધસે છે.)

પારેવું ભયનો અભિનય કરતું રાજાના શ્વેત ઉત્તરીયની અંદર ઘુસી જઇ પોતાની જાતને ગોપવી દે છે.

(રાજા કોમલ કરતલથી પારેવાને પંપાળતો કરૂણાભર્યા વચનથી કહે છે...)

રાજા-રે બીકણ, મારા શરણને અંગીકાર કર્યા પછી તું શું કામ ડરે છે? કદાચ મારા પ્રાણ જશેને તો ય તને હું બાજને નહિ સોંપું.

શ્યેન-અરે નૃપતિલક,

**મોટાઓ શરણું દેતા, નિષ્પક્ષે શરણાર્થિને,**
**અગ્નિના સ્પર્શથી કોની, ઠંડીના ઉડતી ખરે!...**

...તો તું જેમ વારે વારે એ બીકણ પારેવાને અભયનું આશ્વાસન આપી રહ્યો છે. તેમ મારૂં ક્ષુધાથી આશ્વાસન કર. નહિ તો ક્ષુધાના કરાલ દાવાનલમાં સપડાયેલા મારા પ્રાણો, તારી દૃષ્ટિ સમક્ષ અલ્પ સમયમાં જ ભસ્મીભૂત બની જશે... મારૂં જીવન નામશેષ થઇ જશે.

(રાજા બાજની વાત સાંભળી ચોંકી ઉઠે છે. અને જોરથી હાક મારે છે.)

રાજા-અરે કયો સૂપકાર અહીં છે?....

(જનસમૂહમાં થોડી હલચલ મચે છે. થોડી જ પળોમાં લોકોના ટોળા વચ્ચેથી માર્ગ કરીને ચુંદલક નામનો મુખ્ય રસોઇઓ આગળ વધતો દેખાય છે.)

મોટી એની ફાંદ છે, પ્રચંડ એનો દેહ છે.

એની વિશાળ શ્યામ કાયા પર ઝૂલતી સોનેરી જનોઇ કાલાભમ્મર મેઘમાં વીજળીની જેમ ચમકી રહી છે.

એના હાથમાં ગદા જેવો તાવેથો છે.

(લોકો એના પ્રચંડ દેહને માન આપી માર્ગ  કરે છે... અને થોડી જ પળોમાં એ મહારાજની

સન્મુખ આવી જાય છે.)

ચુંદલક - (ઘોઘરા અવાજે) કૃપાવતાર, આજ્ઞા કરો.

(મહારાજ એને પાસે બોલાવી કાનમાં કંઇક સૂચના કરે છે... અને ચુંદલક પાછો ફરે છે.)

પળો ઉપર પળો વીતવા માંડી... શ્યેન ભૂખી આંખે પારેવા સામું જોઇ રહ્યું છે. પારેવું મહારાજના શ્વેત અંચલમાં લપાઇ ગયું છે. મહારાજ આતુરતાથી ચુંદલકની પ્રતીક્ષા કરી રહ્યા છે.

અને ચુંદલક લોકોના આશ્ચર્ય વચ્ચે દિવ્ય મોદકથી ભરેલી તાસક લઇ પૌષધશાળામાં પ્રવેશ કરે છે. સહુના મનમાં પ્રશ્ન ઉઠયો કે અહીં મોદકનું શું કામ છે?...

જનસમૂહમાં માર્ગ કરતો ચુંદલક આગળ વધે છે. દિવ્ય મોદકોની સૌરભથી વાતાવરણ ભરાઇ જાય છે. ભોજનપટુઓના મુખમાં પાણી છૂટે છે.

(મહારાજથી દૂર એમનો વિદુષક બેઠો છે. મોદકને જોતાં જ એના મોઢામાં પાણી છૂટે. અને સ્વગત બોલે છે.)

વિદૂષક-હા...હા...લાડવા રે લાડવા... હી... હી... લાડવા...અહા... હા... કેવા ગંધાય છે... હા... મારા તો નાકમાંથી પાણી છૂટે છે... હી...હી... કેટલા બધા મોટા છે. આ લાડવા કટકે કટકે હું ખાઇ જઇશ... મોઢામાં નહિ માય તો આખાને આખા નાકથી ખાઇ જઇશ... હા...હું એકલો જ ખાઇશ.. મારી બામણીને કટકોય નહિ દઉં... હી... હી... હી... જનમ્યા પછી આજે મારા ગયા ભવના મોટાં પુન્ય ફળ્યા. જેથી મારા અભાગિયા બાપદાદાએ કદી ન દીઠા હોય એવા લાડવા મે નજરે દીઠા...હા... ઉંઘમાં નહિ...

(મોટો નીસાસો મૂકીને) અરે, દીઠા કેમ? રાજાની પાસે માંગીને ખાધા જ હમજોને...)

(અને એકદમ લાડવો મૂકતો હોય તેમ હાથ મુખમાં ઘાલે છે. જોરથી સીસકારી બોલાવે છે... 'આહા... હા... હા... શો હવાદ છે.' બાજુમાં બેઠેલા સહુ જોરથી હસે છે...

ચુંદલક વિદુષકના અભિનયથી હસે છે અને એને અંગુઠો બતાવે છે. વિદુષક ચીડાય છે અને વંશદંડ જેવો પોતાનો હાથ ઉંચો ઉછાળી ચુંદલકને કહે છે.)

વિદુષક-એય જાડિયા,...ફાંદાળા...,મારી બામણીના સાળા...! આ મારૂં સાંબેલું જોયું છે...એનાથી તારી કેળા જેવી ફાંદને છુંદો કરી નાંખીશ હરામખોર... કોઠી...

(લોકો હસે છે અને વિદુષક એકદમ ઉભો થાય છે... વેગથી આગળ ધસી પોતાનું લાંબુ નાક છૂરીની જેમ ચુંદુલકની ફાંદમાં ઘૂસાડવાનો અભિનય કરે છે.

ચુંદલક ચીડાઈને એને હડસેલું મારે છે. અને વિદુષક ગડથોલાં ખાતો સીધ્ધો રાજાની પાસે પહોંચે છે. અને રાજાને કહે છે.)

વિદુષક-દોસ્ત, આજે બઉ ખીજાયેલી મારી પ્રાણથી પણ વ્હાલી બામણીએ મને સવારના પ્હોરમાં જ પીટીને ઘેરથી કાઢી મેલ્યો છે.

રાજા- (સસ્મિત) મિત્ર, મોદક લેવાની યુક્તિ કરતો લાગે છે. હં... પછી...

વિદુષક (હસીને) તે હવારથી મેં કંઈ ખાધું નથી. મને અત્યારે બહુ ભૂખ લાગી છે. તેથી જ તો જોને મને આંખે કેવા લથડીઆ આવે છે અને પગે અંધારા આવે છે. તો મને લાડવા દઈશ...?

રાજા (પ્રેમાળ સ્વરે) હા દઈશ.

(ચુંદલક મોદકનો તાસક રાજાને આપે છે. વિદુષક અતિસ્પૃહાનો અભિનય કરે છે અને રાજાના હાથમાંથી એકદમ મોદકનો તાસક આંચકી લ્યે છે. અને પોતાની મૂળ જગાએ જઈને જમાવી દે છે.)

પછી બંને હાથમાં મોદક લઈ ખાવા જ માંડે છે તાસકને પગ હેઠે દબાવે છે, અડધા મોદક નીચે પડે છે. અડધા એના મોઢામાં જાય છે... ખાતો ખાતો સીસકારીઓ બોલાવતો જાય છે.

આખોયે જનસમૂહ ખૂબ હસે છે.

રાજા રોષભરી નજરે વિદુક સામે જુએ છે. એ તો મોદકમાં જ મચી પડયો છે. રાજાને પણ એના આ વર્તનથી ખૂબ હસવું આવે છે.

રાજાએ ચુંદલકને ફરી મોદક લાવવા આજ્ઞા કરી. અને થોડી જ વારમાં બીજો મોદકનો તાસક લઈ ચુંદલક ઉપસ્થિત થાય છે.

રાજા મોદક લઈને બાજની સામે મૂકે છે. બાજ કૌતુકથી મોદકનું નિરીક્ષણ કરી રાજાને પૂછે છે.

શ્યેન-વદાન્ય મૂર્ધન્ય, આ શું છે?

રાજા-મોદક.

શ્યેન-મોદક એટલે શું?

રાજા-ક્ષુધાતુરને પ્રમોદ આપે તે.

શ્યેન-ઓહ. સમજ્યો. પરંતુ અમારા જેવા પંખીઓ સિવાય બીજાને એ પ્રમુદિત કરતો હશે. તેથી તમારૂં મોદકનું લક્ષણ સહુને લાગુ ન પડે. અમારા જેવાને માંસાહારીને તો તાજુ કાપેલું માંસ અને ઉષ્ણ રક્તનું પાન જ તૃપ્ત કરે... પ્રમુદિત કરે... માટે આ મોદકથી સર્યું. મને તો આ મજાનું પારેવું જ આપી દે. જેથી હું મારા, માર્ગે પડું...

(પારેવું ધ્રુજી ઉઠે છે અને રાજાની સામે જુએ છે.)

રાજા-(સ્વગત) ઓહ હવે શું કરવું...?

**પ્રાણરક્ષા કરી પંખી, પાળવું ભયભીત આ,**
**અને આ ભૂખથી આર્ત્ત, પંખીના પ્રાણ રક્ષવા...**

(ત્યારે પુરૂષોત્તમ મહામાત્ય મહારાજની સમીપમાં આવે છે અને એમને ધીમે સ્વરે કહે છે.)

પુરૂષોત્તમ-મહારાજ!

**ઉપાધ્યાયો પાસે ખૂબ જ કરી અભ્યાસ વદતો,**
**સુરોની વાણીમાં શુક, વિહગ ના અન્ય વદતા,**
**અને આતો બંને ધરણીધર! ચોકખું વદી રહ્યા,**
**હું તો માનું નક્કી ત્રિદશ ઠગ આ કોક રમતો...**

રાજા-અમાત્ય! આ પંખીઓ દેવ હો અથવા અન્ય કોઈ પણ માયાવી હો...તો ભલે હો. મારે તો કેવલ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા સાથે સંબંધ છે.

શ્યેન - (કોપથી) ઓ દુષ્ટ, તું વાતોમાં પડ્યો છે અને ક્ષુધાથી મારા પ્રાણ જાય છે. ભક્ષ્ય પ્રાપ્તિમાં જેમ વિલંબ થાય છે તેમ મને અત્યંત પીડા થાય છે.

## ૪

## ...રાજા - (સ્વગત)...

**માંસ વિના નવ શમતો,**
**સીંચાણો પાળવું જ પારેવુંઃ**

પરનું દેતા દોષ,

તેથી નિજ માંસને દેવું...

(પ્રગટ)

'અરે પક્ષિન્ ! જો મૂળ વસ્તુ દેવાની દાતાની અશક્તિ હોય તો એના બદલે એવી બીજી વસ્તુ લેવાનો લોકમાં વ્યવહાર છે. તેથી જો તને ગમે તો પારેવા જેટલા જ તોલનું... મારૂં માંસ તાજું કાપી કાપી તને આપું.'

(પારેવું રાજાના આ સાહસિક વચનથી રોમાંચિત થાય છે. અને સ્વગત બોલે છે.)

પારાપત-ભગવાન ઈન્દ્ર સાચા ઠરશે એમ લાગે છે.

શ્યેન-(પડી ગયેલા સ્વરે) ભલે તેમ હો.

(રાજા, શ્યેનની સંમતિથી ઉત્સાહમાં આવી જાય છે અને જોરથી બૂમ મારે છે.)

રાજા-અરે કોણ છે અહીં? કોઇ રાજાધ્યક્ષને બોલાવો.

(ત્યાં રાજાધ્યક્ષ રાજાની સમીપે આવે છે અને હાથ જોડીને કહે છે.)

રાજાધ્યક્ષ-મહારાજ! હું હાજર છું. આજ્ઞા કરો. (રાજા એને કાનમાં કંઇક આજ્ઞા આપે છે.)

રાજાધ્યક્ષ-જી. (જી કહીને બહાર નીકળે છે અને થોડી જ વારમાં થોડા સુભટો દ્વારા એક મોટી તુલા લઇ આવે છે અને રાજાની સામે ઉભી કરે છે. સહુ પ્રશ્નભરી નજરે શું બને છે તે જોયા કરે છે. રાજા શું કરવા માંગે છે તેની કોઇને સમજણ પડતી નથી.)

રાજા તોલ સરખો કરી એક ત્રાજવામાં પારેવાને મૂકે છે.

પછી હાથમાં એક તીક્ષ્ણ છૂરીને દઢ પકડે છે અને અહંકાર સાથે એ તીક્ષ્ણ છૂરીથી પોતાની સોનેરી કદલી જેવી સુંદર અને સુકોમલ પુષ્ટ સાથળને ચીરી.

સાથળમાંથી ધગધગતી રક્તધારાઓ છૂટે છેઅને લોહી ઝરતા કમલપત્ર જેવા રાતા માંસખંડોને કાપી કાપી રાજા બીજા ત્રાજવામાં નાખવા લાગ્યા.

નગરજનો અને પરિજનો,

રાજાના આ અકલ્પિત સાહસથી અવાક્ બની ગયા. સહુ હાહાકાર કરવા લાગ્યા. પોતાના પ્રિય યુવરાજનું આ આપઘાતી કૃત્ય જોવાને અશક્ત સૌ રોતા રોતા બહાર નીકળી

ગયા. કેટલાયને આ ભયંકર દશ્યથી મૂર્ચ્છા આવી ગઇ.

નેપથ્યમાં એકદમ કોલાહલ મચે છે અને દૂરથી કરૂણ ક્રંદન કરતી મહારાણી લક્ષ્મીવતી સખીઓ સાથે ધસી આવતી દેખાય છે.

પૌષધશાળા લગભગ ખાલી થઇ ગઇ છે. મહામાત્ય, સહસ્રાયુધ આદિ અંગત પરિજનો હ્દય કઠણ કરીને બેઠા છે...

શ્યેન-રે, અહંકારમાં એક વીર! અને ધીર! તને નમસ્કાર હો!... વારંવાર મારા નમન હો...!

પુરૂષોત્તમ-(ખેદભર્યા સ્વરે) દેવ, તમે આ અસ્થાને કેમ અતિ સાહસ કરો છો?... તમારૂં આ કૃત્ય અયોગ્ય છે.

દેવ! આ દેહથી તારે, વિશ્વને રક્ષવાનું છે. તો એક પક્ષીને માટે, કેમ એને હણે, અરે!... અને હે અભિમાની,

**દેવ છે ઠગ આ કોઇ, એમ મેં જે કહ્યું તનેઃ**
**તે હજી સાચું જાણી આ ખોટું**
**સાહસ છોડને!...**

(અમાત્યનાં વચનોની રાજા અવગણના કરે છે. એના હૈયે પરોપકારનો આ અવસર મળ્યો એનો અનેરો ઉમંગ છે...

એના અંતરમાં બીજા માટે ખપી જવાનો અદમ્ય આવેગ ઉભરાણો છે... આનંદની પરાકાષ્ઠાને અનુભવતો એ તો છૂરીથી માંસખંડ કાઢયે જાય છે. અને તુલામાં નાંખ્યે જાય છે. એને આસપાસનું કંઇ ભાન નથી.

રાણી લક્ષ્મીવતી ભયંકર ક્રંદન કરતી એની સામે આવીને ઉભી રહે છે. પણ એને એનોયે ખ્યાલ નથી. લક્ષ્મીવતી રૂદન કરતી અમાત્યને કહે છે.)

લક્ષ્મી-અમાત્ય! આપણા ઉપર અણધાર્યા વજ્રપાત જેવું આ શું બની રહ્યું છે? મને કાંઇ સમજાતું નથી.

અમાત્ય-સ્વામિનિ!

**વૃદ્ધની આણ ના માની,**
**જે આ કાર્ય કરી રહ્યા,**
**જડ થૈં તે તમે જાણો,**
**રૂષ્ટ દૈવનું ચિહ્ન હા...!**

(લક્ષ્મીવતી રોષપૂર્વક રાજાને કહે છે.)

**લક્ષ્મી-હા! આર્યપુત્ર શું તમે,**
**આરંભ્યું? આજ સત્વશાલિએઃ**
**તુજ અંગો છેદંતી,**
**એ છૂરી મુજ હૃદય ભેદે...**

રાજા લક્ષ્મીવતીનો આ આક્રોશ પણ સાંભળતા નથી. એ તો એમના કાર્યમાં મગ્ન છે. લક્ષ્મીવતી શોકના આવેગથી મૂર્ચ્છિત થઇ જાય છે. સખીઓ લક્ષ્મીવતીને દૂર ઉપાડી જાય છે. અને એની મૂર્ચ્છા વાળવા પ્રયત્ન કરે છે.

મહામાત્ય દૂર જઇને બેઠા. એમનું વાત્સલ્યપૂર્ણ વૃદ્ધ હૃદય આ દશ્ય જોવા તૈયાર નથી.

હવે સહસ્રાયુધ રાજાની સામે બેઠો છે. એ ધૈર્ય સાથે બધું જોઇ રહ્યો છે. તુલામાં કેટલા બધા માંસખંડ નાંખ્યા તો ય કેમ પારેવાનું ત્રાજવું ઉંચકાતું નથી? સહસ્રાયુધકુમાર સચિંત મને વિચાર કરે છે... ખિન્નતાભર્યા સ્વરે ધીમે ધીમે બોલી ઉઠે છે.

સહસ્રાયુધ-અરે...!

**રાજા વિદારી તનુ જેમ જેમ,**
**સત્ત્વે કરી માંસ મૂકે તુલામાં,**
**પારેવું ભારે થતું તેમ તેમ,**
**જણાય ના કૈં શું થશે! હવે હા!...**

ઓહ, મારે એ ભવિષ્યની ચિંતા કરવાની શી જરૂર છે?

પરંતુ...

**પૂરૂં કરે પુત્ર જ પિતૃઋણ,**
**તેથી હું કાપી નિજ માંસખંડઃ**

**મૂકું તુલામાં જયમ ને પિતાએ,**
**કરી પ્રતિજ્ઞા ઝટ પૂર્ણ થાયે...**

પિતાને પગલે ચાલવા આતુર બનેલો સહસ્ત્રાયુધકુમાર પિતાના માંસખંડોથી ત્રાજવું નીચું થતું નથી એ જોઇ પોતાના માંસખંડો નાંખવા સજ્જ થાય છે.

ત્યાં તો રાજાએ માંસખંડો નાંખતા બેય સાથળો ખલાસ કરી નાંખી હવે ક્યાંથી કાઢી માંસ નાંખવું આ પ્રમાણે વિચાર કરતાં રાજાએ ત્રાજવા સામું નજર કરી... રાજા ચમક્યા. ઓહ, હજી તો પારેવાનું ત્રાજવું તલભાર પણ ઉંચું નથી થયું...!

તો હવે શું કરવું રાજા વિચારમાં પડી ગયા... ત્યાંય એમના મગજમાં એક વિચાર ચમક્યો. રે! આ વારે વારે માંસના નાનકડા ટુકડા કાપીને શું કામ દેહની કદર્થના કરવી? હવે તો મારો આખો દેહ જ ત્રાજવામાં મૂકી દઉં. જેથી બાજ પક્ષી અત્યંત તૃપ્ત થઇ જશે.

અને રાજા અદમ્ય આવેગથી, અપૂર્વ ઉલ્લાસ સાથે ત્રાજવામાં ચડી બેઠા.

રાજાના આ અપૂર્વ સત્ત્વોકર્ષથી સારી પ્રકૃતિ જાણ્યે ખળભળી ઉઠી.

અને...

જાણ્યે બારે મેઘ એક સાથે મન મૂકીને ગાજતા ન હોય એમ દેવદુંદભીઓ ગડગડી ઉઠી... એના ધીરગંભીર નાદના પડછંદાથી વિશ્વ જાણ્યે નાદ બ્રહ્મમય બની ગયું.

અવકાશમાંથી દૈવી પુષ્પપુંજની વર્ષા થવા માંડી.

મંદારપુષ્પની અતિ મધુર માદક પરિમલથી વાતાવરણ મહેકી ઉઠ્યું.

દિવ્ય વાજિન્ત્રોના અત્યંત મીઠા સ્વર તરંગો, વાયુલહરીઓ સાથે રમત કરવા માંડ્યા. વાતાવરણમાં એક અનેરી માદકતા પથરાવા લાગી.

સહુ કોઇ અતિ ગહરી મીઠી અદ્ભૂત મૂર્ચ્છનાને અનુભવી રહ્યા... આંખો મીંચીને અપૂર્વ સ્વર્ગીય વાતાવરણમાં ખોવાઇ ગયા... આસપાસનું ભાન ભૂલી ગયા.

ત્યાં જ...

પારેવું અને બાજ અલોપ થઇ ગયા. તાજા માંસખંડો જાણ્યે વાતાવરણમાં ઓગળી ગયા...

મહારાજા વજાયુધના હાથમાંથી છૂરી પડી ગઇ... એમના રક્તઝરતા ઘા અદૃશ્ય થઇ ગયા... સાથળો પહેલા કરતાં પણ પુષ્ટ અને સુકોમલ બની ગઇ. અને એમનો દેહ અપૂર્વ રૂપ અને તેજથી સમૃદ્ધ બની ગયો.

પૌષધશાળાના મધ્યભાગમાં તેજસ્વી રત્ને મઢ્યું, સુવર્ણ દિવ્ય સિંહાસન રચાઇ ગયું. અને મહારાજા વજાયુધનો અપૂર્વ રૂપ તેજથી ચમકતો સંપૂર્ણ સ્વસ્થ દેહ કોઇ અકલ્પી રીતે ઉંચકાઇને સિંહાસન ઉપર ગોઠવાઇ ગયો.

(તે જ સમયે દૂર દૂરથી કોઇનો ધીર ગંભીર નાદ આવવા માંડ્યો... ધીમે ધીમે એ નાદ નજીક સરકતો લાગ્યો... એમાંથી એક શ્લોકનો સ્પષ્ટ આકાર ઉભો થયો...)

**તુલામાં નિજને દેતા, શ્રી વજાયુધ ચક્રિનેઃ**

**દાનમાં માનમાં તેમ, સત્ત્વમાં કોણ તુલ્ય છે...?**

આ શ્લોકના નાદે સહુની મૂર્ચ્છના ઉડાડી દીધી... વાતાવરણમાં વ્યાપેલી માદકતા ઓછી થતી ગઇ અને સહુએ આંખ ખોલી...

બધા ચમકી ગયા... ઓહ, આ શું અકલ્પિત બની ગયું... આ વજાયુધના ગુણગાન કોણ કરી રહ્યું છે?

સૂર્ય કરતાં પણ તેજસ્વી કોઇ દિવ્ય પુરૂષ, સામેના નિરભ્ર અંબરમાંથી તેજના સાથીયા પૂરતો સહુને ઉતરતો દેખાણો.

એજ દૈવી પુરૂષ ધીરગંભીર નાદે શ્લોક લલકારી રહ્યો હતો.

(સહુ વિસ્ફારિત નયને આ બધો અકલ્પિત ફેરફાર જોઇ રહ્યા... મહારાજ વજાયુધ પણ અત્યંત વિસ્મિત થઇ ગયા... એ બોલી ઉઠ્યા...)

રાજા-ઓહ, આ બધું શું છે?...

(ત્યાં તો પેલો દેવપુરૂષ સહુની આંખને પોતાના તેજથી આંજી દેતો મહારાજની સામે જ આવીને ઉભો રહ્યો.

એણે, અત્યંત નમ્રતાથી મહારાજને નમસ્કાર કર્યા અને એમના ચરણો પાસે એ બેસી ગયો. મહારાજ તો અતિ આશ્ચર્યમાં પડી ગયા હતા... એ ચારે બાજુ નજર કરે છે... પોતાના શરીર ઉપર

દૃષ્ટિ ફેરવે છે. અને ધીમે ધીમે સ્વગત બોલવા લાગે છે.)

રાજા-

**ક્યાં એ પંખી ગયા? અને ભરી તુલા,**
**આ કેમ ખાલી પડી,**
**મારો સ્વર્ણિમ દેહ લોહીથી ભર્યો**
**સાજો શી રીતે થયો?**
**ને આ દિવ્ય વિભૂષણોથી દીપતો**
**છે કોણે તેજે ભર્યો?,**
**રે શું? આ સઘળો મને ભ્રમ થતો**
**ઉન્માદના જોરથી?...**

દેવ-રે મહાસત્ત્વોના મુકુટ, તું વિસ્મિત ન થા. આ બધી અમારી માયા હતી... ઓ મહાપુરૂષ!...

**ભીત પારેવું ને ક્રુદ્ધ બાજ, તેની પુઠે પડયોઃ**
**તમારૂં સત્વ જોવાને, એ બધો તાલ મેં કર્યો...**

(રાજા વિસ્ફારિત નેત્રે દેવની વાત સાંભળી રહ્યો. દેવે પાછી આગળ વાત ચલાવી.)

દેવ-ઓ મહાવીર,

**નથી જ વજ્રાયુધચક્રિ જેવો,**
**કયાંયે અહો! અદ્ભુત સત્ત્વશીલ,**
**શ્લાઘા સુણી ઈન્દ્રમુખેથી આવી,**
**મેં ક્રોધથી જે કર્યું તે સહેજો...**

(રાજા પોતાની પ્રશંસા સાંભળી લજ્જાથી માથું નીચું નમાવી દે છે... દેવના હૃદયમાં પશ્ચાત્તાપનો પારાવાર પ્રગટયો છે... એ પોતાની નિંદા કરતો આગળ વદે છે...)

દેવ-મહારાજ,

**ગુણાનુરાગિઓ કોક, વિખ્યાત ગુણિને કરેઃ**
**નીચ કોક ગુણો તેના, ન સહી નિંદતા અરે !...**

ઓ મહાસત્ત્વ ચૂડામણિ, થોડા સમય પહેલાની વાત છે. ઈશાન દેવલોકની દેવસભા ચિક્કાર ભરાણી હતી. નૃત્ય અને સંગીત થોડા સમયથી બંધ હતા.

ત્યારે થોડા મહાપુન્યશાળી દેવો ગુણવાન પુરૂષોના ગુણગાન કરવા માંડયા... ગુણાનુરાગી દેવરાજ ઈશાનેન્દ્રે પણ તેમાં ભાગ લેતાં સમગ્ર દેવસભા વચ્ચે તમારા અદ્ભુત સત્ત્વ ગુણની પ્રશંસા કરી... બહુ નમ્રભાવે સ્તુતિ કરી.

પરંતુ તમારા અનર્ગલ સત્ત્વથી અજાણ્યા મારા જેવા થોડા દેવોને રોષ પ્રગટયો...ઈર્ષ્યા થઈ... રે! મહારાજ ઈન્દ્ર કેવા મૂર્ખ છે કે દેવોની સામે કીટક જેવા માનવની આટલી બધી સ્તુતિ કરી રહ્યા છે...

પછી અમે ક્રુદ્ધ થયેલા દેવોએ તમારા સત્ત્વની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો...

અને મહારાજ, મેં અજ્ઞાનીએ અહીં આવી તમારા શૌર્ય અને સત્ત્વની પરીક્ષા કરતાં, તમને આકરા પ્રાણાંત કષ્ટમાં મૂકયા. તો હે કરૂણાવતાર નૃપતે! મારા આ દુષ્કૃતની તું ક્ષમા કરજે!

(રાજા દેવની આ વાત સાંભળી છક્ક થઈ જાય છે અને દેવને કહે છે.)

રાજા-ઓહ, ઈન્દ્ર પણ અમારી પ્રશંસા કરે છે! આ તો મહા વિસ્મયકારી વાત છે.

દેવ-ઓ પૃથ્વીના ઈન્દ્ર, તું મારી વાતથી આશ્ચર્ય ન કર, અમે તને બીજો ઈન્દ્ર જ માનીએ છીએ.

(રાજા આ વાત સાંભળી લજ્જાભર્યું સ્મિત કરે છે અને કહે છે)

રાજા-વાહ, વજ્રાયુધ એવી નામ સમાનતાથી મનેય ઠીક તમે ઈન્દ્ર બનાવી રહ્યા છો!

દેવ-

**વજ્રાયુધ ખરો તું છે પણ તે સ્વર્ગનાથ ના,**
**સપક્ષ ભૂધ્ર તેં છેદ્યા, તેણે પક્ષો જ ભૂધ્રના...**

(રાજા આ તુલનામાં પોતાને ઈન્દ્રથી પણ શ્રેષ્ઠ બનાવતા તે દેવની સામે જોઈને હસી પડે છે...

દેવ રાજાને પ્રસન્નતાભર્યા સ્વરે કહે છે.)

દેવ-ઓ નૃપતિ તિલક! હું તારા આ ઉત્કૃષ્ટ સત્ત્વથી અત્યંત પ્રસન્ન થયો છું... તો મારી આ પ્રસન્નતાને કૃતકૃત્ય કરે એવું કંઈ તું મારી પાસે માંગ! કહે હું શું તારૂં પ્રિય કરૂં?...

રાજા - ત્રિદશપુંગવ !

**વિસ્તાર્યું જગમાં સત્ત્વ, મારૂં અશક્ય અન્યને,**
**ઈન્દ્ર સાચો ઠર્યો તેથી, બીજું શું પ્રિય છે મને?**

દેવ, હું સંતુષ્ટ છું... પ્રસન્ન છું મારે કાંઇ જોઈતું નથી. જે દેવા જેવું હતું તે તો તેં દઇ દીધું...

દેવ-

**તોય આટલું તો હો...!**
**રે પીયૂષથી પૂર્ણ ચન્દ્ર ઘટને,**
**ધારી શિરે જ્યાં સુધી,**
**રાત્રી સ્ત્રી ઉતરે છે અસ્તગિરિની,**
**સોનેરી ધારે અને,**
**દીપંતા રવિકુંભને ધરી શિરે,**
**દિનશ્રી રે, આવતી,**
**પૂર્વાદ્રિથી ત્યહીં સુધી નૃપ ! રમો,**
**આનંદના નંદને...**

**(પડદો પડે છે.)**

**(સમાપ્ત)**

●●●

**- શ્રી પ્રિયધર્મા**

**કલ્યાણ માસિક, સં. ૨૦૨૧-૨૨**

**અંક : ૭-૮-૯-૧૦**

**ભાદરવો-આસો-કારતક-માગસર**

**માંથી સાભાર.**

## શ્રી શુભવીરની રસીલી રચના

# સ્થૂલભદ્રની શીયળવેલ

**(સજ્ઝાય રસદર્શન)**

જ્યારે હવેલીસંગીતનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો.

રાધા-કૃષ્ણના ભકિત શૃંગારથી છલોછલ છલકતી, શ્રુતિમધુર દેશીઓની, અપૂર્વ રાગ-રાગણીમાં બંધાયેલા ભક્તિગીતોની છાકમછોળ સમગ્ર ગુજરાતને રસ તરબોળ કરી રહી હતી.

ત્યારે ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ગુર્જર સાહિત્યના પૂર્વાચલ ઉપર જૈન-પરંપરાના પ્રેમલક્ષણા ભક્તિના ઉત્કૃષ્ટ રસ કવિ પંડિત શ્રી વીરવિજયજીનો ભારે દમામદાર ઉદય થયો.

જન્મે બ્રાહ્મણકુળમાંથી આવતા આ મહાકવિ એમની અસંખ્ય રસભરી રચનાઓના તેજથી સમગ્ર જૈન સંઘના હૃદય પર છવાઇ ગયા અને શ્રી શુભવીરના હુલામણા નામથી પ્રખ્યાત બન્યા.

એમની રચનાઓમાં પરમાત્મા પ્રત્યેની પ્રીતિ અત્યંત ઉત્કટતાથી વ્યક્ત થઇ છે. સરળ છતાં રસઝરતા ચોટદાર શબ્દસંયોજનના એ સિદ્ધ કવિ છે. પ્રાસ-અનુપ્રાસની અદ્‌ભુત ઝડ-ઝમકનો અનર્ગલ પ્રવાહ ઝરણાંની જેમ એમની રચનાઓમાં વહ્યા કરે છે.

હિમગિરીના ઉત્તુંગ શૃંગ ઉપરથી ઉતરતી મંદાકિની જેવા એમના નિર્મળ કાવ્ય નિર્જરમાં, ભાવુકને ડુબાડી દે તેવો વેગ છે. છલકાતો શૃંગાર ક્યારે શાંતરસમાં પલટાઇ જાય તેની ખબર પણ ન પડે તેવી તેમની પકડ છે. હવેલી સંગીતની રસમાધુરીને પૂરેપૂરી સમાવી લેતી એમની કાવ્યકૃતિઓ સ્તવન-સજઝાય-પૂજા-રાસા આદિ અસંખ્ય આયામમાં વિસ્તરેલી છે.

એમની અસંખ્ય કૃતિઓમાં પ્રસ્તુત સ્થૂલભદ્રની શીયળવેલ ઉત્તમકોટિની રસભરી રચના છે.

સ્થૂલભદ્ર અને કોશા એ જૈન ઇતિહાસનું અદ્‌ભુત અને અવિસ્મરણીય પ્રેમીયુગલ છે.

શૃંગારના ચરમ શિખર પરથી શાંતરસના અસીમ મહાસાગરમાં સમાતી એમની જીવન કથાને અસંખ્ય કવિઓએ વિવિધ રીતે વર્ણવી છે. આ રચના એ બધામાં અનોખી છે.

કોશાની વિરહ વ્યથા તથા સ્થૂલભદ્રના વિરલ વિરાગને વર્ણવતી આ રચનામાં શૃંગારનો અને શાંતરસનો શ્રાવણ ભાદરવો ભરપૂર વરસે છે.

રસભીની પાઉસ ઋતુની પૃષ્ઠ ભૂમિપર રચાયેલી આ રચનાને આપણે પણ ભીના ભીના થઈને મન ભરીને માણીએ.

**શ્રી શુભવીર, શીયલવેલીની શરૂઆતમાં મજાનું મંગલાચરણ મૂકે છે.**

મંગલાચરણમાં 'સ' અને 'ર'ની જૂગલબંધીને જબરી જમાવે છે.

**'સયલ સુહંકર પાસજી, શંખેશ્વર સિરદાર;**
**શંખેશ્વર કેશવ જરા, હરત કરત ઉપકાર,**
**સરસ વચનરસ વરસતી, સરસતી ભગવતી જેહ,**
**શુભમતિ દાયક શુભગુરૂ, પ્રણમું ત્રિકરણ એહ.'**

આગળ કવિ પ્રતિજ્ઞા કરે છે...

**'લલિત વચન પદ પદ્ધતિ, રચશું શીયલની વેલ.'**

કૃતિની સમાપ્તિ સુધી લાલિત્ય પ્રવાહ અતૂટ વહે છે.

અઢાર ઢાળમાં ફેલાયેલી આ કૃતિનો ક્રમશઃ પરિચય કરીએ.

૧) **પહેલી ઢાળમાં** કથાની પૂર્વભૂમિકા છે.

મગધના મહાસામ્રાજ્યના મુખ્યમંત્રી શકડાલના જયેષ્ઠપુત્ર, લાછલદે માતાના લાડક-વાયા સ્થૂલભદ્ર સર્વશાસ્ત્ર તથા કલાના સુગુણ સુજાણ છે.

એમને ચતુરાઈના દાવપેચ શીખવા છે. શાસ્ત્રે એ માટે પાંચ ઉપાય બતાવ્યા છે.

**૧. પંડિતોનો પરિચય.**
**૨. પરદેશમાં પરિભ્રમણા.**
**૩. રાજદરબારમાં બેઠક.**
**૪. વેશ્યાના મંદિરમાં નિરંતર નિવાસ.**
**૫. શાસ્ત્રનો સતત સ્વાધ્યાય.**

આ પાંચ ઉપાયોમાંથી કલારસિક સ્થૂલભદ્રે વારાંગનાના વિલાસ ગૃહમાં વસવાનું પસંદ કર્યું.

માતા-પિતાની અનુમતિ મેળવીને અનર્ગલ દ્રવ્ય સાથે સ્થૂલભદ્ર પરમસુંદરી રાજનર્તકી કોશા વારાંગનાના નિવાસમાં રહેવા ગયા.

**૨)** જેને જોતા જ પ્રથમ નજરે સ્થૂલભદ્રજી પ્રબળ પ્રીતિના પાશમાં ફસાઇ જાય છે એ કોશા વારવધૂનું વર્ણન કવિ બહુ રસિક ભાષામાં **બીજા ઢાળમાં** કરે છે.

વારવધૂનું વર્ણન કરતાં કવિ એક મજાની ઉત્પ્રેક્ષા કરે છે.

મદમત્ત મતંગજો નવરા પડે ત્યારે પોતાના મસ્તક ઉપર ધૂળ કેમ નાંખે છે? આનો ઉત્તર આપતાં કવિ કહે છે... ગરવા ગજરાજ પાસે ત્રણ રત્ન છે.

**૧. મસ્તકમાં મોતી**

**૨. મુખાગ્રે મનોહર દાંત**

**૩. મદમાતી ચાલ**

આ વિલાસવતી વારાંગનાએ એના ત્રણે રત્ન ચોરી લીધા.

**'દંતતણો ચૂડો કીયો, હૈયે મોતીનો હાર;**
**કુંજરની ગતિ ચાલતી, ત્રણરત્ન જહાર;**
**ખેદ ભરાણા હાથીઆ, નાંખે શિર છાર;**
**અબળા તે સબળા થઈ, અમને ધિક્કાર...'**

સોળે શણગાર સજેલી કામણગારી કોશાના કેશરવર્ણી કાયાના કુસુમ કાનનમાં સ્થૂલભદ્ર ભોગી ભ્રમરની જેમ ભાનને ભૂલ્યો, તે એવો ભૂલ્યો કે પલક ઝપકતાં બાર-બાર વરસ જેવો કાળ વીતી ગયો ૧૨॥ ક્રોડ ધન ધૂળના ઢગલાની જેમ વિલાસના વાયરામાં વેરાઇ ગયું.

**૩)** **ત્રીજી ઢાળમાં** વાત આગળ વધે છે.

વારાંગનાના વિલાસમાં વિલુબ્ધ સ્થૂલભદ્ર પ્યારના શરાબના નશામાં બેફામ ને બેખબર છે. ને એમના પિતા શકડાલમંત્રી રાજ ખટપટની દારૂણ દુર્ઘટનાઓના દુશ્ચક્રનો અંત કરવા ખૂમારી ભરી ખૂદકશી કરે છે.

રાજા નંદ લઘુબંધુ શ્રીયકને મંત્રીપદ સ્વીકારવા સૂચવે છે. ત્યારે તે વડિલબંધુ સ્થૂલભદ્રનું નામ ધરે છે. રાજાની આજ્ઞાથી શ્રીયક સ્થૂલભદ્રને તેડવા કોશાના નિવાસે જાય છે.

સ્થૂલભદ્ર બે ઘડી માટે રાજદરબારમાં જવા કોશ્યાની અનુમતિ માંગે છે પણ કોશ્યાના અંતરમાં ઉગી ગયું છે કે વેગળો થયેલો વાલમ પાછો વળશે નહી.

૪) પૂરી **ચોથી ઢાળમાં** કોશ્યા એક જ વાત કરે છે.

મનોહર મનગમતા મારા પ્યારા પ્રીતમ, હું તને ક્યાંય જવા નહી દઉં. મારી તારી એક બનેલી દુનિયામાં મારે કોઇની દખલ ના જોઇએ. પછી ભલે ભારે મોટો ભૂપ આવે પણ...

**'સ્થૂલભદ્ર કહે હઠ મેલોજીઃ**
**નૃપ ભેટી આવીશ વહેલોજીઃ**
**તાહરા સમ જો કીહાં રાચુંજી :**
**શુભવીર વચન છે સાચુંજી...'**

૫) **પાંચમી ઢાળની કથા** કોશ્યાના કમળની કળી જેવા કોમળ કાળજા માટે કારમી નીવડે છે.

રાજદરબારમાં પહોંચેલા સ્થૂલભદ્રને રાજાના મુખે પિતાના અપમૃત્યુના સમાચાર મળે છે. ને એના અસ્તિત્વમાં અકલ્પ્ય ઉલ્કાપાત સર્જાય છે. સુખના સોનેરી સપનાની સજાવેલી સેજ સળગી ઉઠે છે. એના ભૃંગારમાંથી પ્રગટ થાય છે. ચમકતી ચિંતનની ચીનગારીઓ... જેમાં કોશ્યાની કુસુમકળી જેવી કાયાના કામણનો કોયલો થઇ જાય છે. વિષય વાસનાની વિલાસ વલ્લરીઓની રાખમાંથી વિરાગની વસંત પાંગરે છે.

રાજાની રજા લઇ આરામવનમાં આલોચવા ગયેલા સ્થૂલભદ્ર, અપ્રતિમ પૌરુષના પ્રતિક સમા કાળા ભમ્મર કુટિલ કેશપાશનો લોચ કરી સાધુવેષે પાછા ફરે છે. અવનીન્દ્રની અનુજ્ઞા લઇ સદ્‌ગુરૂ શ્રી સંભૂતિવિજયના શરણે સમર્પિત બની જાય છે.

સદ્‌ગુરૂના સાનિધ્યમાં સંયમની સાધનાના શ્રેષ્ઠતમ શિખરોને સર કરનારા સાધુ સ્થૂલભદ્ર કોશ્યાને કરેલો કોલ પાળવા સદ્‌ગુરૂની સંમતિ લઇ એના આવાસમાં વર્ષાઋતુ વીતાવવા વિહાર કરે છે.

તોફાની તુરંગની જેમ વાર્દ્ધિમાંથી વછૂટેલા વાદળોના ઓઘે ઓઘ અષાઢી આભમાં ઉમટી રહ્યા છે.

વર્ષોના વિરહની વેદનાનાં વારિ વલોવાઇ વલોવાઇ વિરહિણી વારાંગનાના આંખના

આભેથી અનરાધાર નીતરી રહ્યા છે.

અનંગના ઉપવન સમા એના અંગે અંગમાં અનુરાગનો અસહ્ય આતશ ભડભડી ઉઠ્યો છે.

**૬)** અસહ્ય અનંગ દાહથી દાઝેલી દીલદાર કોશાની દર્દભરી વેદના **છટ્ઠી ઢાળમાં** કવિ અભિવ્યકત કરે છે.

**'હો સજની રે પ્રીતમજી પ્યારો રે, હજીય ન આવિયો;**
**હો સજની રે ચતુર રે નર કોઈ ખબર ન લાવિયો ;**
**હો સજની રે ચાલ્યો રે મુજ કરી અવધિ ઘડી ચારની ;**
**હો સજની રે સુખિયો તે શું જાણે વેદના નારની...૧**

**હો સજની રે એક વિરહ દુઃખ ઉપર બીજું ઘન જળ ગડગડે;**
**હો સજની રે દુઃખિયાના શિર ઉપર દુઃખ આવી પડે;**
**હો સજની રે પાવસ માસે જલ વરસે ઘનઘોરીયો;**
**હો સજની રે માહરે કંદર્પ તણો વન મોરીયો...૨**

પંદર તિથિના પખવાડીયામાં તિથિએ તિથિએ સ્થાન બદલતા અનંગના આવેગની એ વાત કરે છે.

મારી સુગુણ સુજાણ સાહેલી મારા અંગે અંગમાં અનંગના ઉના આવેગોના અહિ ડંખ મારી રહ્યા છે. જેના ઝેરનો ઉતાર તો માત્ર લાછલદે ના જાયા જેવા જાંગુલિ જ કરી શકે.

કામની વ્યથાની કથા કરતી કોશાના કેલિકાનનના કુંજમાં લપાયેલો બપૈયો એ જ પળે 'પીઉ' 'પીઉ' પોકારે છે વાલાના વસમા વિયોગથી વિહ્વળ બનેલી કોશ્યા ક્રોધિત થઈને કહે છે...

**'હો સજની રે બપૈયાને વાર રે કિમ પીઉ પીઉ કરે;**
**હો સજની રે પાંખો રે છેદીને ઉપર લૂણ ધરે ;**
**હો સજની રે હું પીઉની પીઉ મહારો પીઉ પીઉ હું કરૂં...'**

આશિકીની પાશમાં ફસાયેલાના અસહિષ્ણુતાની ટોચ કવિએ અહીં દેખાડી છે.

કામાતુર કોશા ક્રોધે બળી બપૈયા પર બળાપો ઠાલવી રહી છે ને મહામુનિ સ્થૂલભદ્ર એના આવાસના આંગણે આવીને ઉભા રહે છે.

પોતે જેની ઝંખનામાં ઝૂરી ઝૂરીને મરી રહી છે તે, મનના માનેલાને, આવાસના આંગણામાં અચાનક આવીને ઉભેલા અવલોકતાં જ કોશાની કાયાના કોશે કોશમાં અમૃતના કૂવા ઠલવાઇ જાય છે.

**૭)** મુક્તાફળનો થાળ લઇ દ્વારમાં દોડે છે. ઉરના ઉછળતા ઉમંગથી વાલાને વધાવે છે. દ્વારે ઉભા ઉભા જ અંતરમાં ઉભરાતા ભાવોને ઠાલવવા મંડે છે.

**'વાલાજીની વાટડી અમે જોતા રે;**
**કામી સમરે નિશિ ધોરા રે, જેમ જળધર ઝંખે મોરારે;**
**જળ ચાતક ચંદ ચકોરા રે, વાલાજીની વાટડી અમે જોતા રે...'**

અને પછી તો અષાઢી એકમથી માંડી એક એક તિથિએ કઇ રીતે પોતે પ્રીતમને પોકાર્યો તેની વાત કરે છે.

**'પડવે દિન પીયુ સાંભરતા રે, નિશિ મોર તે ટહુકા કરતા રે;**
**આઠ પહોર ગયા દુઃખ ધરતા, વાલાજીની વાટડી...**
**છઠ્ઠે છટકીને મેલીરે, જુઓ ચૌટે નાથ સાહેલી રે.**
**હું ધરતી દુઃખ અકેલી, વાલાજીની વાટડી...'**

વિરહ ઘેલી બનેલી વનિતા, કેવી કેવી વાત કરે છે,

**'બારસ દિન બાર ઉઘાડી રે, ઘરે આવી ગ્રહી કર નાડી રે;**
**સુપનાંતર પીઉડે જગાડી, વાલાજીની વાટડી...**
**આજ તેરસની તીથિએ પીઉડો પધાર્યો, ચૌદશના ચિંતા ચૂરશે;**
**પૂનમના પ્રેમનું પીયૂષ પૂરશે, પૂર્વની પ્રીતિનો પરિમલ પાછો પમરશે...'**

**૮)** ૭ મી ઢાળમાં શુભવીરે ૧૫ તિથિના વર્ણન દ્વારા વેશ્યાની વિરહ વ્યથા ને મનમોહનના મિલનના આનંદની કથા વર્ણવી હવે **આઠમી ઢાળમાં** નેહઘેલી કોશા પ્રાણપ્યારા પ્રીતમને પ્યારનું ખુલ્લું ઇજન આપે છે.

**'રાજ પધારો મેરે મંદિર, શય્યા પાવન કીજે જીરે ;**
**દાસી તુમારી અરજ કરે છે, નરભવ લાહો લીજે**
**રસભર રમીએ જીરે...**

**મુનિ સ્થૂલભદ્ર હવે મૌન ખોલે છે.**

**ઘેલી રે ઘેલી તું ઘેલા કાઢે છે.'**

હું તો વિરાગી સાધુ છું. તારે ઘરે ચાતુર્માસ કાઢવા આવ્યો છું. વિલાસ કરવા નહીં.

**'ઉઠ હાથ તું અળગી રહીને, દીલ ચાહે તે કરજે જી રે,**
**નાટિક નવ નવ રંગે કરજે, વળી શણગારને ધરજે,**
**ખટરસ ભોજન તુમ ઘેર વહોરી સંજમ અર્થે ખાશુંજી રે...'**

મદભરી માનિની મનમાં મલકાઈ ચારિત્રિયાના ચિત્ત ચળી જાય તેવા ચિત્રોવાળી ચિત્રશાળામાં ચાતુર્માસ માટે મુનિને વાસો દીધો અને હાંસી કરતાં કહે છે...

**'વિણ પૂછ્યા સંયમ આદરિયું, પણ તે વ્રત નવિ પળિયું જી રે;**
**તો અમ ઘર આવ્યા છો પાછા, તુમ વ્રત અમને ફળિયું,**
**રસ ભર રમિયે જી રે...**
**જોગારંભ તજી મુજ સાથે રંગ હતો તે રાખો...'**

મુનિ મલકાતા મુખે ઉત્તર વાળે છે...

**'નિરલોભી નિરમોહીપણાશું, સુણ કોશ્યા અમે રહીશું જી રે;**
**યોગવશે શુભવીર જિનેશ્વર, આણા મસ્તક વહીશું...'**

**૯)** **૯મી ઢાળમાં** અવનવી વાતોથી વેશ્યા સ્થૂલભદ્રને સમજાવે છે.

**'મેં જોગ તુમારો જાણ્યો રે, પ્રીતમ પાતળીયા,**
**શી કરવી તાણા તાણ્યો રે...**
**ચોમાસું અને ચિત્રશાળી રે;**
**તુમ ભાગે મળી લટકાળી રે...**
**રસપ્રેમ હિંડોળે હીંચોરે ;**
**તરૂણી તન વેલડી સીંચો રે...'**

**૧૦)** વિરક્તમુનિ વળતો ઉત્તર વાળતાં **૧૦ મી ઢાળમાં** વધ્યા.

**'રમણીશું રંગે રસે રમતાં, સાધુનું સંજમ જાયઃ**
**રંગીલી રમો મારગડો મેલીને...'**

જેમ હીંગથી કસ્તૂરી, લસણથી કપૂર, મૂર્ખના સંગે પંડિત, કાગના સંગે હંસ, જાંબુના સંગે દ્રાક્ષ બગડે તેમ માનિનીના સંગે મુનિનું વ્રત જાય... તેથી હે રંગીલી નાર! તું વ્યાકુળ વિરહિણી, હું જિતકામ જોગી... તારે ને મારે કોઇ મેળ જ ન મળે.

**૧૧)** **૧૧મી ઢાળમાં** પ્રેમઘેલી પ્રમદા પ્રેમોક્તિપૂર્વક પૂર્વના પ્રસંગોનું પારાયણ કરી પુનઃ પુનઃ મુનિને મનાવવા મથામણ કરે છે. પણ કવિ ઢાળના અંતમાં વેશ્યાના વાલમ માટેના વલવલાટને વૃથા ઠેરવતાં બહુ મઝાની બે કડી મૂકે છે.

**‘શુભવીર ધીર મુનિ તો પડે અલબેલાજી;**
**જો પાવૈયાને પાનો ચડે... અલબેલાજી.’**

શુભવીર સ્થૂલભદ્રના શીલની સઘનતાને કેવી ચોટદાર રીતે ચમકાવે છે.

**૧૨)** **૧૨ મી ઢાળમાં** મુનિ વિલાસની વિરસતા અને સંયમની સરસતા બતાડે છે.

**‘જોબનીયાનો જે લટકો રે, તે તો ચાર ઘડીનો ચટકો રેઃ**
**જૂગટીયાનો અલંકાર, નાટકીયાનો શણગાર;**
**પીપળના પાન, કુંજરના કાન, નારીનાં નયણાં...’**

દુર્જનના વયણાની જેમ-

**‘ઘડી ચાર તણી ચાંદરણી રે, પછી ઘોર અંધારી રયણી રે;**
**સંસાર સ્વરૂપને દેખી રે, દીધી મેં તુજને ઉવેખી રે;**
**પૂરવે રમીયા રંગરોલે રે, હવે તું પગ મોજડી તોલે રે;**
**પહેલા તો કાંઇ ન દીઠું રે, હવે સંજમ લાગ્યું મીઠું રે...’**
**‘નિત અમૃત ભોજન જમીએ રે, રસરંગ ભરે ઘેર રમિયે રે ;**
**નવકોટ વચ્ચે એક ગામ રે, નિતુ રહિયે છે તિણે ઠામ રે...’**

સાધુના સંયમની સંપદા અને સૌંદર્યના તોલે સંસારની કોઇ સુખ સમૃદ્ધિ નથી. અમારે ત્યાં તારી કોઇ પહોંચ નથી માટે મને માયામાં મુંઝવવાની માથાકૂટ મેલ.

**૧૩)** પણ કોશ્યાની આશા અણનમ છે. **૧૩ મી ઢાળમાં** બારમાસના વિલાસને વર્ણવતી મજાની મોહજાળ પાથરે છે.

**‘માસ અષાઢે અનોક ફળે, દવદાધેલ તરૂ વેલ વળે...**

વલ્લભ વિરહે દેહ બળે, રસીલા સાથે અમે રમશું...'
'શ્રાવણીયો સીંચે ધરતી, મોરલડી ટહુકા કરતીઃ
વાદળી કામરસે ઝરતી, રસીલા સાથે અમે રમશું...'

ફેર આગળ વધે છે.

'ફાગુણે ખડખડતી હોળી, પહેરી ચરણાને ચોળીઃ
કેશર ધોળી મળી ટોળી, રસીલા સાથે અમે રમશું...'
લોક વસંત મધુ રમશે, કોયલ અંબવને ભમશે;
તે દિન મુજ સાથે ગમશે, રસીલા સાથે અમે રમશું...'

છેલ્લે દિલ દ્રાવક રીતે અંતરની આરજૂ રજૂ કરે છે.

'મોહન મ્હાલો મહેર કરી, દયિતા દેખી દુઃખ ભરી;
બારે માસ વિલાસ કરી, રસીલા સાથે અમે રમશું...'
'નાટિક રંગરસે કરશું, દાવ લહી દીલડું ફરસું...'

પણ... સ્થૂલભદ્ર ટૂંકો ને ટચ, સીધો ને સટ ઉત્તર વાળે છે.

'કહે શુભવીર નવિ ચળશું.'

**૧૪) ૧૪ મી ઢાળમાં** સ્થૂલભદ્રને કોશ્યાનો સંવાદ છે. એક કડીમાં સ્થૂલભદ્રજી વિરાગના વારિ વહાવે છે તો બીજી કડીમાં કોશા રંગ-રાગની આગ પ્રગટાવે છે.

સ્થૂલભદ્ર - 'મેં ધ્યાનની તાલી લગાઇ, નિશાન ચડાયા રે;
શીલ સાથે કીધી સગાઇ, તજી ભવમાયા રે...'

કોશ્યા - 'વાલા એક દિવસ રીસાણી, હતી તુમ સાથે રે;
કિમ બોલાવી ચિર તાણી, તદા દોય હાથે રે...'

સ્થૂલભદ્ર- 'તારા મોહજનક રસ બોલે, જોગ ન છૂટે રેઃ
મંજારી તલપને તોલ, સેકું ન તૂટે રે...'

કોશ્યા - 'નાગરની નિર્દય જાત, બોલે મીઠું રે;
કાળજામાં કપટની ઘાત, મેં પરતક્ષ દીઠું રે...'

સંવાદના અંતે મુનિવર ઝાટકીને કહી દે છે,

**'શણગાર તજી અણગાર, અમે નિર્લોભી રે;**
**નવકલ્પી કરશું વિહાર, મેલી તને ઉભી રે...'**

કોશ્યા હારી થાકી છેલ્લી માંગણી મૂકે છે,

**'જૂઓ નાટિક જો એકવાર, નયણ વિકાસી રે ;**
**પછી સંયમ લેજો સાર, વિચાર વિમાસી રે...'**

મહામુનિ સ્થૂલભદ્ર મદભરી માનિનીની અંતિમ માંગણી મંજૂર કરે છે. હારેલી થાકેલી કોશ્યા સમગ્ર કલા કૌશલ્યના નીચોડ રૂપ અપૂર્વ નૃત્ય પ્રસ્તુત કરે છે, મનના માનીતાને મેળવવા માટે...

માદક મૌસમ... આહ્લાદક હવા... અંગે અંગથી અનંગ રંગને ભડકાવતું વિશ્વની અદ્ભૂત સુંદરી કોશ્યાનું ઉન્માદક નૃત્ય... ૧૬ મી ઢાળમાં વર્ણવાયું છે.

**૧૫)** શુભવીરના ઈશારે જાણે શબ્દો ઉન્મુકત થઈને નાચે છે. ભાષાની ભભક, શબ્દોની શક્તિ, ભાવોની અભિવ્યક્તિ, **આ ઢાળમાં** ઉત્કૃષ્ટ રીતે પ્રગટ થઇ છે.

**મજ્જન ચીર તિલક આદ્યંત, ચતુર શણગાર સફાર ધરી,**
**મનહર શિરવર ચીવર ચંભી, કોશાંબીકી શોભ ધરી,**
**ચિહુંદિશિ ભાળી ફૂલકી જાળી, દીપક માળી જોવતે વરી,**
**ધુર પરિણામ સકામહ રામા, સામા રંગે ગેલ કરી...**

**નવ નવ રંગે છંદ છપઈયા, ઉચ્ચરિયા રસ ગુણ ભરિયા,**
**ઠમક ઠમક પગ ભૂતળ ઠમકે, ઝમકે રમઝમ ઝાંઝરિયા,**
**હૃદયાનંદન કેતકી ચંદન ફૂલ અમૂલ મહક મહકે,**
**ખલક ખલક કર કંકણ ખલકે, ઝલક ઝલક ટીકો ઝળકે...**

**ઝરમર ઝરમર મેહુલો વરસે, જળસે ભરી ભરી વાદળીયો,**
**ઘનન ઘનન ઘનઘોર અઘોર, ગાજે રાજે વીજળીયો,**
**કુહુ કુહુ અવિવેકા નેકા ભેકા સોર સજોર ઘને,**
**કુહુક કુહુક રસીલા નીલા કોકિલા સહકારવને...**

**ટહુક ટહુક ગિહિ કેકા છેકા કરતાં કેકિ મહાલે છે,**

**વયરીને પરે એ વરસાલો વિરહીને ઘણું સાલે છે,**
**બહુત પિપાસી મેઘ જલાશી, ફળી વનવાસી વેલડીઓ,**
**પ્રેમ તણા રસ રેલા ચાલ્યા, પણ સ્થૂલભદ્ર નવિ પડીઓ...**

લીલીછમ ઋતુમાં રસની રેલમછેલ ચાલે છે પણ સ્થૂલભદ્ર મુનિને એની કાંઇ અસર નથી.

**ધપમપ માદલકે ધોંકારા, કંસતાલ વીણા સખરી,**
**તાથેઇ તાથેઇ તાન ન ચૂકે મૂકે નેનીતસ હેતધરી,**
**ફરસત ખિણતર કુંતલ ભૂતલ ચંચળ અંચલ કરલેતી,**
**ગીતરીત મદમોદ વિનોદે ફરક ફરક ફૂદડી દેતી...**

ભલભલા જોગંદરના ભોગ છૂટી જાય, તપ તૂટી જાય તેવું નૃત્ય કોશા કરી રહી છે. કરતાં કરતાં એક કવિતા કહે છે...

**પ્રીતમ પ્રેમ કી બાત બીચારો, ભ્રમત ભ્રમત રોતો ભમરો,**
**દગ્ધા કેતકી ભસ્મે લોઠત, પંડિત પૂછત કાંઇ કરો,**
**ભ્રમર કહે મોય દેહ દહે, એક વિરહે કેતકી નારી તણે,**
**તસ રક્ષાયે વિરહે સમસું, રમશું નહિ મરૂએ દમણે...**
**કહે કવિ તાસ શામલ સબ તનુ, પીળી પૂંઠ કીશ્યું કીધી**
**પ્રેમકી ચોટ લગી મોય બહુલી તાસ ઉપર હલદી દીધી...**
**કર ચિત વદને લટકે ચટકે મટકે નવિ અટકે રાગે;**
**પ્રીતકી રીત અનોપમ નાટક કરતી પ્રેમદાત માંગે...**

પણ વિરાગની રાખને રોમ-રોમમાં રમાવીને બિરાજેલા ઋષિવરના એક રોમમાં પણ રાગની રેખા ન પ્રગટી... કોશ્યાના બધા હથિયાર બૂઠા થઇ ગયા. એ હારી થાકીને મુનિના શરણમાં ઢળી પડી...

સ્થૂલભદ્ર મુનિવર પ્રશાંતભાવે એને  શૃંગારના અંગાર પુંજમાંથી શાંતરસના સરોવર ભણી દોરે છે.

**‘કહે મુનિ હેલિ, સુણો અલબેલી, નાટિક નવિ કરતાં આવે,**

**શ્રી શુભવીર વજીર પસાયે, ભવ નાટિક સુણજો ભાવે...'**

મુનિ કહે છે ચૌદ રાજલોકના ચહુટામાં મંડાયેલા ભવના આ નાટકમાં અનંત અનંત પાત્રોનો અનંત રંગી અભિનય જેણે અનુભવની આંખે નીહાળ્યો છે તેને નકલી નૃત્યનો અભિનય કદી પ્રભાવિત ન કરી શકે.

**૧૬)** ભવનું નાટક વર્ણવતી **૧૬મી ઢાળમાં** અનુભવની એરણે ચડેલા ચોટદાર શબ્દ પ્રયોગો માણવા જેવા છે.

**સંસારે વસીયો રાગે તાણીયો;**
**વ્યવહારે રસીયો જાતે વાણીયો;**
**વગડાનો વાસી આશી પ્રાણીયો;**
**અવિનાશી નીરાશી ધરમ ન જાણીયો...**
**નાટિકમાં ન ભૂલ્યો મોહે મારીઓ,**
**નાઠાની ન દીઠી એકે બારીઓ,**
**નાગરને ચંડાળ ચડ્યો વરઘોડે રે,**
**દોડે રે આગે દાસ કહાવીયો...**
**સિદ્ધિનો વેશ કદી નવિ લાવીયો,**
**ભૂમંડળ ઠાકુરિયો થઈને બેઠો રે,**
**સુણજો રે સાને કોશ્યા કાનમાં,**
**એકલડો રોયો કોઈ દિન રાતમાં...**

આ અનાદિ અનંત ભવનાટકમાં નાચતા જીવો કેવા અશરણ અને એકાકી છે. પરતંત્ર અને પરેશાન છે, એનું એવું દિલ દ્રાવક વર્ણન મુનિએ કર્યું કે કોશ્યાનો કામનો કેફ ઉતરી ગયો. મોહ મરી ગયો. એના જ્ઞાન નેત્ર ઉઘડી ગયાં. એને સમ્યગ્ દર્શન લાધ્યું.

**૧૭)** **૧૭મી ઢાળમાં** ઉપસંહાર કરતાં કવિ કહે છે.

**'મિથ્યાત્વ વમીને કોશા સમકિત પામી રે;**
**હરખ થયો અતિરેક વાલા;**
**પારસ લોહ વિવેક વાલા;**

**વચન કહે આ છેક વાલા...'**
**આશ્રવ તે સંવર થયો રે;**
**મહારે સુણો મુનિરાય વાલા;**
**લાછલ દે ધન માય વાલા;**
**ધન ધન તુમ ગુરૂરાય વાલા...**

કામણગારી કોશા કાયાની માયા તજી ધર્મની છાયામાં આવે છે. અને શ્રદ્ધાળુ શ્રાવિકા બને છે. મુનિએ પોતાને ધર્મમાર્ગમાં જોડી પૂર્વની પ્રીતિને પૂરણ કરી તેનો ઉપકાર માને છે.

ચાતુર્માસ સમાપ્ત થયું. વિહારની વેળા આવી. ધર્માનુરાગી કોશ્યાએ અશ્રુભીની આંખે મુનિને વિદાય આપી.

સ્થૂલભદ્રમુનિ સદ્‌ગુરૂના સાનિધ્યે પહોંચ્યા... ગુરૂએ દુ:કર દુ:કરકારક કહી એમનું સ્વાગત કર્યું.

સદ્‌ગુરૂની સંનિધિમાં ૧૪ પૂર્વનું અધ્યયન કરી સ્થૂલભદ્રમુનિ શ્રુતધર બન્યા. જીવનના અંત સુધી ભગવાન મહાવીરના શ્રમણસંઘના શિરતાજ રહ્યા. ૯૯ વર્ષની વયે આયુષ્યનો અંત થતાં સ્વર્ગે સિધાવ્યા. કોશ્યા પણ ધર્મના પ્રભાવે સદ્‌ગતિ પામી છેવટે બંને ભવચક્રનો અંત કરી પરમપદને પ્રાપ્ત કરશે.

**૧૮)** **૧૮ મી ઢાળમાં** શ્રી શુભવીર પોતાની ગુરૂપરંપરા વર્ણવે છે અને આ રસભરી રચના પરિપૂર્ણ થાય છે.

•••

## વર્ણનનો વિરાટ ખજાનો
# હીર સૌભાગ્ય મહાકાવ્ય

**(કાવ્ય રસદર્શન)**

હીર સૌભાગ્ય મહાકાવ્ય મારૂં પ્રિય કાવ્ય છે. વ્યાકરણ પૂરૂં થયાં પછી સાહિત્યની દુનિયામાં આજ કાવ્ય દ્વારા પ્રવેશ કર્યો હતો. માઘકાવ્યની તુલના કરતું આ કાવ્ય ૧૭ સર્ગ અને ૨૭૮૯ પદ્યમાં વિસ્તરેલું છે.

જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજીના જીવનનું નિરૂપણ કરતું આ મહાકાવ્ય વાર્તા અને વૃત્તાંત કરતાં વર્ણનોનું મહાકાવ્ય છે. એમ આપણે બેધડક કહી શકીએ. વિવિધ છંદ અને અલંકારોમાં બંધાયેલું આ કાવ્ય રસપ્રચૂર વર્ણનોનો સાગર છે.

પ્રાંજલ ભાષા... પ્રસન્ન મધુર કલ્પનાઓ... કમલ કોમલ પદાવલી, શ્રુતિમધુર શબ્દ પ્રયોગો આ મહાકાવ્યની મોનોપોલી છે. ક્લિષ્ટ કે કર્કશ વર્ણનો કે શબ્દ પ્રયોગો ક્યાંય જડતા નથી.

કવિની કાવ્યયાત્રા કદમ કદમ પર કલ્પનાનો કમાલનો કસબ પ્રકટ કરે છે... વર્ણને વર્ણને શું અવનવા ચિત્રો ખડાં કર્યા છે... જે આપણને રસસિંધુમાં ડૂબાડી દે છે...

પ્રકૃતિની રૂપલીલાને, નરનારીનાં રૂપ સૌંદર્યને, અત્યંત ઝીણવટથી કવિ વર્ણવે છે. એક એક પ્રસંગ, એક એક અંગ માટે કેટકેટલી ઉપમા આ મહાકવિ ગોતી લાવે છે. જાણે ઉપમાઓનો કલ્પનાઓનો, એક વેગવાન પ્રવાહ ચાલતો હોય તેવો, કાવ્ય વાંચતી વખતે આપણને અનુભવ થાય.

પૂજ્ય કથાનાયક આચાર્ય ભગવંત ડીશામાં ચાતુર્માસ બિરાજમાન છે. ત્યાં પોતાના પટ્ટધર આચાર્ય કોણ થશે? એ જિજ્ઞાસા એમના મનમાં જાગે છે. જવાબ મેળવવા એ શાસન દેવીને આરાધે છે. ત્યારે એ સાધના રાત્રિનું શારદીય સૌંદર્ય... અને શાસન દેવતાનું અપૂર્વ રૂપ સૌંદર્ય વર્ણવવામાં પૂરો ૭/૮ સર્ગ રોકી દીધો.

તીર્થાધિરાજ શત્રુંજયનું વર્ણન પૂરો ૧૫ મો સર્ગ ચાલે છે. કાવ્યના પ્રારંભથી જ

વર્ણનોનો એક અસીમ સીલસીલો શરૂ થયેલ છે, કાવ્યની અનુક્રમણિકા જોશો તો સર્ગે સર્ગે વર્ણનમ્ ની લાઇન ચાલે છે.

આવા આ રસાળ મહાકાવ્યના અલગ અલગ સર્ગના, અલગ અલગ વર્ણનના, થોડા પદ્યોનો રસાસ્વાદ એના રૂપાંતર દ્વારા માણશું. મેં આ મહાકાવ્યને માણતાં જે-જે વર્ણનને સહજ રીતે સમશ્લોકી કે અપદ્યાગદ્ય શૈલિમાં ઉતાર્યા છે. તેને મૂળકાવ્ય સાથે રજૂ કરૂં છું...

મને વિશ્વાસ છે કે ભાવિકોને એમાં મઝા આવશે. મહાકવિ દેવવિમળગણી હીર-સૌભાગ્ય મહાકાવ્યના પ્રારંભમાં જ... હીરસૂરિમ.ની જન્મભૂમિનું વર્ણન કરવા પ્રથમ સર્ગના ૧૩૮ પદ્યો રોકે છે...

એક એકથી ચડિયાતા વર્ણન પ્રથમ સર્ગમાં છે. એમાં પહેલું જ

**વર્ણન જંબૂદ્વીપનું... પદ્ય ૧૧/૧૨/** પ્રથમસર્ગમાં જંબૂદ્વીપનું સમ્રાટ તરીકે વર્ણન કરે છે.

આપણે અપદ્યાગદ્યમાં રૂપાંતર દ્વારા આનો રસ માણીએ.

## ...સમ્રાટ જંબૂદ્વીપ...

**૧) દિગ્વધૂઓ**
**દીપતાં સૂરજ થકી તારી કરે છે આરતી...**
**સોહામણી લલનાસમી ભરતી સમુંદરની,**
**વધાવે છે તને જળબિંદુના મોતીવતી,**
**હિમગિરિના ધવલ તેજ શિખાતણા ચામર ઢળે,ને પૂર્ણિમાનો ચંદ્ર,**
**ઉજ્વળ છત્ર થઈ છાયા કરે, વારિ પ્રવાહે ઉછળતી,**
**નદીઓ ખડી સેના સમી તારી સમીપ.**
**દોડતા જલધિ તરંગો ગીત - ગાતા બંદિગણની જેમ,**
**ઘેરા નાદથી અતિ ઉલ્લસિત... દરબારનો શો દબદબો છે!**
**દ્વીપના સમ્રાટ તારો જંબૂદ્વીપ! ૧૧-૧૫/૧**

●●●

આ દ્વીપસમ્રાટ જંબૂદ્વીપની શોભા એ જ એની સામ્રાજ્ઞી છે. કેવાં એના શણગાર અને શાન છે.

સર્ગ-૧ પદ્ય-૧૪/૧૫

## ...રાણી...

**૨) ઉદધિતણું મૃદુ વસન અંગે સોહતું,**
**રત્નને મુક્તા ખચિત કેડે ઝગારા મારતી કટિમેખલા,**
**જગતીતણી હેમે ઘટિત, ચંદ્રને સૂરજ બની કુંડળ ઝળુંબે, ગાલપર...**
**ઉદયાદ્રિને અસ્તાદ્રિ જેના,**
**સાંધ્ય તેજે ઉલ્લસિત, ઝગે ઉન્નત સ્તન યુગલ...**
**દિવ્યકુંકુમ અંગરાગે અતિરૂચિર... ઝૂલી રહ્યો છે હાર હૈયે તારલાના વૃંદનો,**
**વચ્ચે ઝૂલે છે રત્ન ઝૂમખો દિવ્ય મેરૂગિરિંદનો...**
**સમ્રાટ જંબૂદ્વિપની શોભા અહો!**
**રાણી સમી સોહે પ્રવર!... ૧૪-૧૫/૧**

●●●

જંબૂદ્વીપમાં ભારતવર્ષ... એમાં ગુજરાતની લીલૂડી ધરતી... એ ધરતીમાં અભિ-સારિકા બનીને સંચરતી સોહામણી સાબરમતીને આપણે કવિની કલ્પનાની નજરે જોઈએ.

સર્ગ-૧ પદ્ય ૫૧/૫૨/૫૩ દ્વારા

## ...સલૂણી સાબરમતી...

**૩) સોહતું વક્ત્ર ઉઘડી ગયેલું કમળ,**
**ત્યાં જ મધુપાનમાં લીન અલિ - નેત્રદળ,**
**ચક્રવાકો બન્યાં ખેલતાં વિમળજળ-**
**પીન ઉત્તુંગને ઉછળતા- સ્તનયુગલ,**
**લીલ પથરાયલી રોમરાજી વિરલ...**
**પુલિન વિશ્રાંત ક્રૌંચોતણી હાર-**

**અંકમાં ઝૂલતો મોતીનો લખ હાર**

**તટ**

**ખેલતી હંસલીઓ તણાં વૃંદનું મધુર કૂજન બન્યા નૂપૂર ઝંકાર,**

**આપે યુવાને ઈજન!**

**આવ અહીં આવ કર કેલિ મુજ અંક પર!**

**શુભ્ર સાબરમતી તટિની જલથી સભર**

**ઝૂમતી કામિની જેમ મદરંગભર...! ૫૧-૫૨-૫૩/૧**

●●●

કવિની રચના લાંબી છે આપણે થોડા ઝડપથી ચાલીયે બીજા સર્ગમાં ઉત્તમપુત્ર જન્મસૂચક સ્વપ્ન પામીને નાયકની માતા નાથીબાઈ સ્વપ્ન જાગરિકા કરી રહ્યા છે, ત્યારે એમની સખીઓ મહાપુરૂષોના ચરિત કીર્તનને અંતે અદ્‌ભુત રાત્રિ વર્ણન કરે છે. તેને થોડું માણીએ. સખીઓ તારાઓને કેવી અવનવી કલ્પનાથી વર્ણવે છે, સર્ગ બીજાના પદ્ય ૧૨૩-૨૪માં...

## ...સ્વપ્ન જાગરિકા...

**૪) આ ફૂલવાડી આભની**
**પેખો સખી મૃગનેણલી...!**
**જ્યાં દેવગંગાની બનેલી નીકમાં**
**દ્યુતિ સલિલધારા સંચરે...**
**ને ફૂલ ખીલે તારલાનાં...**
**જ્યોતિના મધુબિંદુઓ અવિરત ઝરે...**
**નીલિમા નભની બનીને શ્યામ અલિનું ઝૂંડ**
**જ્યાં ઝૂમ્યા કરે ઘૂમ્યા કરે... ૧૨૩/૨**

**૫) આકાશના આમોદ વનમાં**
**પ્રાણવલ્લભ ચંદ્ર સાથે રાતભર...**
**રતિરંગ કેલી ખેલવાથી શ્રાંત -**

**કૈરવનેત્ર રજનિ અંગ પર...**
**જામી ગયેલા સ્વેદ કેરા બિંદુ-**
**સમ તારા નિકર**
**જોવા સખી મૃગરાજ કટિની !**
**સહેજ ઊંચી નજર કર !... ૧૨૪/૨**

૬) ને પેલા ચંદ્રને કેવો કલ્પ્યો ? પદ્ય ૧૨૮/સર્ગ-૨

**આકાશ કેરી અપ્સરાએ**
**તારલાના શુભ્ર મુક્તાપૂંજની**
**માળા બનાવી**
**મધ્યમાં શો ગોઠવ્યો શશધર મણી !**
**મૃગચારુનેત્રે જો સખી ! ૧૨૮/૨**

●●●

મહાકાવ્યના ૩/૪/૫/૬ સર્ગ વૃત્તાંત પ્રચૂર છે... સાથે વર્ણનો તો ખરાં જ... પણ કવિનું કાંતદર્શન ૭ મા સર્ગમાં... પાછું હેલે ચડે છે. સૂર્યાસ્તના વર્ણનમાં સાંજના ડૂબતાં સૂર્યનું ક્રમશઃ વર્ણન કરે છે. પહેલા પૂર્ણસૂર્યબિંબની સ્હેજ ઉંચે આકાશમાં ઝળુંબતી સ્થિતિનું દર્શન પદ્ય-૧૮ સર્ગ-૭

## ...સૂર્યાસ્ત...

**૭) અંભોધિના ઉછળતા તરંગે**
**થંભેલ સોહે રવિબિંબ લાલ**
**અંભોજ જાણે વિકસ્યું વિશાલ**
**ઝૂરી રહ્યું રશ્મિતણાં મરંદે. ૧૮/૭**

**૮) સમુદ્રની વેળ મહીં સરંત, માર્તંડનું બિંબ પરિભ્રમંત,**
**શું ચક્ર છે?**
**સાગર સેજડીએ, સૂતેલ શ્રી વિષ્ણુની આંગળીએ. ૧૯/૭**

૯) ક્ષિતિજના સાગરમાં અર્ધા ડૂબેલ સૂર્યને કવિ જૂએ છે. નવ્યકલ્પનાના ઉન્મેષથી...

**પશ્ચિમ પયોધિમાં અર્ધનિમજ્જિત સૂર્યમંડલ...!**
**શું! વિપન્ન પ્રિયતમ દિનપતિની પાછળ-**
**ઝંપલાવતી દિનલક્ષ્મીનું રક્તાભ ભાલસ્થલ...? ૨૧/૭**

અને છેલ્લે ક્ષિતિજમાં ડૂબી રહેલા સૂર્યની અંતિમ કિનાર !

**૧૦)** ક્ષિતિજના સાગરમાં નિમજ્જિત સૂર્યમંડલની પ્રકાશિત અરૂણાભ અંતિમ રેખા...
**જાણે મુરારિને મળવા પયોધિમાં પ્રવેશેલ**
**પુરારિની પ્રણયરુષ્ટ પાર્વતીના આળતે રંગેલ**
**પદાઘાતથી લાલ... ભાલસ્થિત ચંદ્રલેખા. ૨૨/૭**

**૧૧)** સૂર્યનો પૂર્ણ અસ્ત થાય છે. તેને નવી જ રીતે કવિ જૂએ છે.
**સૂર્ય પશ્ચિમ દિગ્વધૂના અંકમાં ઝૂકયો...**
**પશ્ચિમાધીશ વરૂણે બની ક્રુદ્ધઃ**
**નિજ પ્રિયતમામાં વિલુબ્ધ.**
**જાણે સૂર્યને પાશથી કરી બદ્ધ**
**ક્યાંક એકાંતવાસમાં મૂક્યો... ૨૪/૭**

●●●

## ...સોહામણી સંધ્યા...

સૂર્યનો અસ્ત થયો...

આભને આંગણે સોહામણી સંધ્યા, વાદળોમાં રંગવર્ષા કરતી પ્રગટ થાય છે.

**૧૨)** **સૂર્ય ડૂબ્યો સિંધુમાં**
**આભમાં છાયા કસુંબલ સાંધ્યવાદળ રંગ...**
**પ્રાણવલ્લભ ચંદ્રના,**
**આવાગમનમાં લાલ થાપા કંકુના**
**દીધાં શું રજનિ રાણીએ ઉરને ઉછરંગ...? ૩૬/૭**

કલ્પનાની ચક્ષુથી સંધ્યાભ્રના વૃંદમાં પળે-પળે કવિ નવું જ દશ્ય નીરખે છે.

૧૩) મદઝરંતા દિગ્ગજોએ,
સ્વર્ગગંગામાં લગાવી ડૂબકી મનભર
રક્તમદ ધારા વિમિશ્રિત,
જળતરંગો ઉછળ્યા જબ્બર...!
કોકનદના ઝૂંડ ડોલ્યાં,
કેશરાના કોશ ખોલ્યા,
ઝર્યો મધુરસ સ્વર્ગગંગાનાં જળે
આભમાં શું? તે છવાયાં સાંધ્ય વાદળનાં છળે? **૩૭/૭**

૧૪) નીલનભના આંગણે.
દોડી રહેલી સાંધ્ય વાદળ ઝૂલ તે
પ્રાણવલ્લભ સૂર્યની
પડતી દશા પેખી રહેલી દિગ્વધૂએ
દુઃખથી મુખથી તજેલું લાલ શું તાંબૂલ છે? **૪૧/૭**

૧૫) ચમકતા સાંધ્ય તણા
અરૂણાભ વાદળવૃંદ પર ઉતરી રહેલી
તિમિરની શ્યામલ છટા !...
ખીલેલ લાલ સરોજ કેરી હારને -
અંકે બિરાજીત લીન મધુને પાન જાણે...
ભ્રમરની કાળી ઘટા... **૪૪/૭**

૧૬) સંધ્યાભ્રના રંગ થકી છવાયેલું,
અંધાર આલિંગિત આભ આંગણું,
શોભે અહો કસ્તૂરી કંકુના દ્રવે
સીંચ્યો સુરોએ શું સુરેન્દ્રમાર્ગને ? **૪૫/૭**

●●●

# ...તારલાનો ઉઘાડ...

સંધ્યા વીલાઇ ગઇ... અંધારાના ઓઘ ઉછળ્યા... ફૂલછડીના તણખાં જેવા તારલા પ્રગટ થવા લાગ્યા. તેને કેટકેટલી રીતે કવિ નવાજે છે... એના થોડાં પદ્ય જોઇએ.

**૧૭)** **આકાશને મારગ ઉઘડી રહ્યા...**
**ઝબક ઝબક તેજલ તારલાઓ,**
**આવી રહેલા નિજ નાથના પથે**
**જાણે બિછાવ્યા ફૂલ રાત્રિ રાણીએ... ૫૫/૭**

**૧૮)** **અંધારના ઉદ્ધત વૈરિ મારવા,**
**ચડી રહેલા શશિથી ઉતાવળા,**
**દોડી રહે સૈન્યની જેમ તારલા,**
**આકાશથી પૃથ્વી સુધી છવાયેલા... ૫૬/૭**

**૧૯)** **સ્વર્ગંગનો દંડ કરે ધરીને,**
**અંધારનું શ્યામલ વસ્ત્ર ઓઢી,**
**તારારૂપી શું નરમુંડમાળા**
**કંઠે ધરે અંબરનો કપાલી ? ૬૦/૭**

**૨૦)** **તટે વસે જે નિત સ્વર્ગ ગંગના,**
**રાત્રે વિયોગી ચકવા વિહંગના,**
**નેત્રો થકી અશ્રુનું વારિ જે ઝરે,**
**શું તે જ તારા થઇ જાય અંબરે... ૬૪/૭**

**૨૧)** **ઓછું થયું અમૃત જાણી દેવતા,**
**પાછા મથે સાગર પામવા સુધા,**
**તે મંથને જે જળબિંદુ ઉછળ્યા,**
**આકાશમાં તારકવૃંદ તે બન્યાં... ૬૫/૭**

●●●

## ...ચંદ્રનો ઉદય...

પૂર્વ આકાશના ઉદયગિરિ ઉપરથી અજવાળાની કેડીએ કદમ માંડતો પૂર્ણિમાનો ચંદ્ર ધીરે ધીરે પ્રગટ થઇ રહ્યો છે... પહેલા રેખા દેખાય છે... પછી અર્ધો... પછી પોણો... પછી પૂરો પ્રગટ થાય છે... એનું પૂરૂં ચિત્ર કવિ ચાર પદ્યમાં અંકિત કરે છે...

**૨૨)** **પ્રગાઢ નીલ વૃક્ષકુંજ**
**રમ્ય પૂર્વ શૈલ શૃંગ**
**ઉપર ઊગતી લઘૂક ચંદ્રરેખ**
**શું?...**
**પૂર્વ દિગ્વધૂતણે સુભાલ**
**ઘૂંઘરાળ નિબિડશ્યામ કેશપાશની વિચાલ**
**ચમકતો ચૂડામણી સુરેખ છે! ૬૯/૭**

**૨૩)** **અર્ધ ઉદિત ચંદ્ર,**
**પૂર્વ દિગ્ગિરીન્દ્રને કપાલ,**
**રજતરચિત દિવ્ય ભાલ -**
**પટ્ટ...**
**સકલ અદ્રિનું અધીશ પદ**
**આપતા રચે શું દેવરાજ ઇંદ્ર? ૭૦/૭**

**૨૪)** **પૂર્વ અદ્રિને શિરે ઉદીયમાન**
**પૂર્ણ ચંદ્રબિંબ... રાહુની, કરાલ દાઢ**
**માં ચવાઈને પ્રગાઢ**
**શું બનેલ ન્યૂનમાન? ૭૧/૭**

**૨૫)** **ઉદય અદ્રિને શિરે પછી જરીક થોભતો**
**ઉગેલ પૂર્ણચંદ્ર તે પુરંદરે**
**પ્રસન્ન થૈ સ્વકીય પૂર્વદિગ્વધૂ કરે**
**શ્વેત પુંડરીક આપ્યું હોય તેમ શોભતો**

ચંદ્ર ઉદર શ્યામ અંક.
પદ્મકોશ કેરે અંક,
છલાછલી રહ્યો મરંદ
તત્ર લીન ભ્રમર વૃંદ
શું ? ૭૨/૭

•••

૧૭/૧૭ સર્ગમાં ફેલાયેલા હીર સૌભાગ્યની રસયાત્રા બહુ લાંબી છે... આપણે છેલ્લું એક વર્ણન જોઇ વિશ્રાંતિ કરશું.

કાવ્યનાયક હીરસૂરીશ્વરજીને દિલ્હીશ્વર અકબરનું આમંત્રણ આવ્યું છે દિલ્હી પધારવા... ગુજરાતથી દિલ્હી પધારી રહેલા પૂજ્યશ્રીના પથપર ગુજરાતનો ગરવો ગિરિવર આબુરાજ આવે છે... તેની શોભાને અવનવી ઉપમાથી આપણે પણ માણી લઇએ... બારમા સર્ગનાં રમણીય વર્ણનોમાંનું આ એક વર્ણન છે.

## ...અલબેલા આબુ...

૨૬) અદ્રિ અધીશ્વર હિમગિરિ અગંજ,
અર્બુદગિરિવર નભ ઉંચો;
સહુ ગિરિ જીતી મેઘાડંબર,
છત્ર ધરે શિર મેઘ રચ્યો...**૫૫/૧૨**
સૂર્ય શશીનો પથ રોકીને, ઉભો વિન્ધ્યગિરીન્દ્ર પરે,
ઊંચા ઊંચા શિખરોથી જે, નભનો પથ અવરૂદ્ધ કરે... **૫૬/૧૨**
શિર પર સોહે શશધર પડખે, ઝરણાં ખળખળતાં ચાલે,
ચામર છત્ર ધરંતા નૃપની જેમ, જેહ ગિરિવર મ્હાલે.. **૫૮/૧૨**
મણિમય શિખર ઔષધિ વૈભવથી, જીત્યા મેરૂપ્રમુખ ગિરિવર,
તેનો યશ થઇ મૂર્ત ઝરે છે, ઝરણાં રૂપે શિખર શિખર !... **૬૦/૧૨**

**ઉંચા શિખર ઉપર સરવરમાં, ખીલી કમલિની પ્રીતિભરી,**
**રવિ સાથે નિત સંગ કરાવે, મિત્ર જેમ સહકાર કરી... ૬૨/૧૨**

**વીંધી વ્યોમ વધી ઉંચો જે, કંઠે મોતીમાળ ધરે,**
**વચ્ચે ચંદ્ર જડી નિરમેલી, લખ તારા ગ્રહ રત્ન વડે... ૬૪/૧૨**

**નભ ઉંચા ભૃગુપાત શિખરથી, પત્થર પર પછડાય ઝરણ,**
**જળ બિંદુ લખ ઉછળે ઉંચે, દિવસે ચમકે તારાગણ... ૬૫/૧૨**

**સાગર ચાર સુધીની ધરતી, નદીસૈન્યે આક્રાંત કરી,**
**કરે આરતી વેદ ઉચરતા, બ્રહ્મા સૂરજ દીપ ધરી... ૬૯/૧૨**

**વિધિએ જાણે એને સરજ્યો, મેરૂપ્રમુખ ગિરિના સારે,**
**તેથી સહુ ગિરિવરને જીતે, એ નિજ વૈભવ વિસ્તારે... ૭૨/૧૨**

●●●

જંબુદ્વિપના વર્ણનથી શરૂ થયેલી આપણી રસયાત્રા અર્બુદ ગિરિરાજ ઉપર વિશ્રાંત થાય છે.

આ બધાં રસપ્રચૂર વર્ણનોને માણવાથી આ મહાકાવ્ય કેવું મઝાનું છે. તેનો વિદ્વજ્જનોને ખ્યાલ આવશે.

આ મહાકાવ્યની બીજી પણ ઘણી વિશેષતાઓ છે. પણ તેનો બીજા વિદ્વાનોના અભ્યાસ લેખ માટે જ રાખીએ એ જ બરોબર છે.

●●●

# હીરસૌભાગ્ય મહાકાવ્યના રસદર્શનના શ્લોકો

## ...સર્ગ-૧...

१)	नीराजयन्तीष्विव चित्रभानुमादाय दिग्वारविलासिनीषु ।
संवर्धयन्तीषु पय:पृषद्भिर्वेलासु कान्तास्विव मुक्तिकाभि:	।।११।।

२)	यं शंभुशैलच्छविरोमगुच्छचन्द्रातपत्रोद्धतवाहिनीकम् ।
वार्धेस्तरङ्गा मगधा इवोर्वीधवं स्तुवन्तीव गभीररावै:	।।१२।।

३)	अन्त:स्फुरन्मौक्तिकरत्नराजीविराजिकुल्येशदुकूलभाज:।
भास्वज्ञगत्यर्जुनमेखलाया निशावशाहर्मणिकर्णिकाया:	।।१४।।

४)	संध्यारुचीकुङ्कुमपङ्किलाङ्कप्राचीप्रतीचीक्षितिभृत्कुचाया: ।
द्वीपश्रियास्तारकतारहारे किंनायको राजति रत्नसानु:	।।१५।।

५)	मुक्तालताङ्केव निजोपकण्ठश्रेणीभवल्लक्ष्मणपक्षिलक्षै: ।
शिञ्जानमञ्जीरवतीव कूलानुकुलकूजत्कलहंसिकाभि:	।।५१।।

६)	शिलीमुखाश्लेषिसरोरुहेव सनेत्रवक्त्रश्रियमाश्रयन्ती ।
रथाङ्गनामद्वितयेन तुङ्गपीनस्तनद्वन्द्वमिवोद्वहन्ती	।।५२।।

७)	रोमावलीं शैवलवल्लरीभिरिवादधानापि च यत्र देशे ।
स्वकेलिलोलान्वरवर्णिनीव युवव्रजान्साभ्रमती तनोति	।।५३।।

## ...સર્ગ-૨...

१) मृगाक्षि पश्यामरसिन्धुसारिर्णी त्वमभ्रवीथीं सुमनोवनीमिव ।
मयूखलेखामकरन्दितारकामणीचका मेचकिमालिमण्डलाम् ।।१२३।।

२) मृगेन्द्रमध्ये मृगयस्व तारकाऽश्रमोदबिन्दुस्तबकानिवाङ्गके ।
विभावरीकैरवचक्षुषोऽमुना निखेलयन्त्या दयितामृतांशुना ।।१२४।।

३) नभ:श्रियास्तारकमौक्तिस्त्रज: किमेणनाभीशितिमाङ्कनायक: ।
दृशा विनिर्दिश्य शशाङ्कमादरात्परा ददे कापि गिरं मृगक्षेणा ।।१२८।।

## ...સર્ગ-૭...

१) उत्तुङ्गतारङ्गशिखावलम्बि किंजल्कलीलायितरश्मिराशि ।
पयोधिपूरेऽम्बुजबन्धुबिम्बं स्मेरारुणाम्भोरुहवद्विभाति ।।१८।।

२) पूरे समुद्रस्य बभस्ति बिम्बं राजीविनीजीवितनायकस्य ।
पयोधिपल्यङ्कतले शयालोरुल्लासि चक्रं किमु चक्रपाणे: ।।१९।।

३) अम्भोधिमध्येऽर्धितबिम्बमम्भोजिनीवरस्य स्फुरति स्म सायम् ।
अतादृशीं प्रेक्ष्य दशां प्रियस्य किमब्धिमज्ज्द्दिनलक्ष्मिभालम् ।।२१।।

४) भानोर्बभौ मण्डलखण्डमब्धौ गन्तु: पुरारेर्मिलितुं मुरारिम् ।
मृगाङ्कलेखेव सरोषचण्डीसालक्तपादाहतिशोणितश्री: ।।२२।।

५) अनक्षिलक्ष्यीभवति स्म भास्वान्निजाङ्गनायामनुरागिभावात् ।
क्वचिन्निगूढं वरुणेन रोषादिवैष पाशेन नियन्त्र्य मुक्त: ।।२४।।

६) नभोङ्गणे सान्द्रितसांध्यरागैर्बभेऽम्बुधिं शीलति हेलिबिम्बे ।
भर्तुर्विधोरागमने प्रणीतै रात्रिस्त्रिया कुङ्कुमहस्तकै: किम् ।।३६।।

७) मज्ञत्ककुप्कुञ्जरबिन्दुवृन्दारुणीभवद्व्योमसरित्तरङ्गै: ।
अभ्रेऽरुणाम्भोजरजोविमिश्रैरदभ्रसंध्याभ्रनिभात्प्रसस्त्रे ।।३७।।

८) अनीदृशीं व्योममणेर्दिनश्रीचूडामणे: प्रेक्ष्य दशां स्वभर्तु: ।
दुखेन ताम्बूलमहायि वक्त्रात्संध्याभ्रदम्भादिव दिग्वधूभि: ।।४१।।

९) विभ्राजिसंध्याभ्रपरम्पराभिरलम्भि भूच्छायभरैर्विभूति: ।
स्मेरारुणाम्भोरुहमण्डलीभिर्भृङ्गैरिवान्तर्मधुपानलीनै: ।।४४।।

१०) तमोगणालिङ्गिनभोङ्गणश्री: संध्याभ्ररागच्छुरिता चकासे।
वृन्दारकै: कुङ्कुमगन्धधूलीद्रवैरिवासिच्यत शक्रमार्ग: ।।४५।।

११) अथोददीप्यन्त नभ: पदव्यां झगज्झगित्युस्त्रविमिश्रतारा: ।
स्वकान्तमायान्तमवेत्य रात्र्या पुष्पोपचारो व्यरचीव मार्गे ।।५५।।

१२) कुक्षिंभरि क्षोणिनभ: पदव्यो दृप्ताहितं संतमसं जिघांसो: ।
तारा: स्वयं राज्ञ इहायियासो: पताकिनीव प्रसृता पुरस्तात् ।।५६।।

१३) स्वर्दण्डदण्डं दधता तमिस्त्रवासो वसानेन सितेतरश्रि: ।
कपालमालेव धृता विहाय कपालिना वक्षसि तारतारा ।।६०।।

१४) स्व:कूलिनीकूलविलासिनीनां प्रदोषविश्लेषिविहंगमीनाम् ।
विलोचनोद्भूतपय:पृषद्भि: किमम्बरं तारकितं पतद्भि: ।।६८।।

१५) स्वां निष्ठितां प्रेक्ष्य सुधां सुधांशैः पुनः कृतेऽस्या इव मथ्यमानात् ।
सुधाम्बुधेर्व्योम्नि समुच्छलद्भिरम्भः कणैस्तारभरैर्बभूवे ।।६५।।

१६) सान्द्रद्रुमोल्लासिनि पूर्वशैलश्रृङ्गाङ्गणे चञ्चति चन्द्रलेखा।
किंचिन्निरीक्ष्या हरिदिङ्मृगाक्ष्याश्चूडामणिः किं चिकुरान्तरस्था ।।६९।।

१७) दत्त्वाधिपत्यं निखिलाचलानां स्वदिग्गिरेः स्वर्गिरिचक्रिणेव ।
मौलिस्थले राजतपट्टबन्धो विनिर्मितः स्फूर्जति सामिसोमः ।।७०।।

१८) सुरेन्द्रदिग्भूधरमूर्ध्नि बिम्बमपूर्णमाभासत शीतभासः ।
खण्डं शिखायामिव सैंहिकेयदंष्ट्रान्तरायन्त्रणतोऽजनिष्ट ।।७१।।

१९) संपूर्णपीयूषमयूखबिम्बं बभौ ततः स्वीयदिगङ्गनायै ।
मरन्दलीनालिपुरंदरेण समर्प्यते स्म स्मितपुण्डरीकम् ।।७२।।

## ...સર્ગ-૧૨...

१) यो गिरिस्तुङ्गिमश्रीभिरन्यान्पराभूय श्रृङ्गाग्ररङ्गत्पयोदोपधेः ।
छत्रमाधत्त मायूरमुर्वीधराधीशितुर्नन्दनस्तं जयाङ्कं किमु ।।५५।।

२) अध्वरोद्धुः सुधाधामचण्डद्युतोर्विन्ध्यधात्रीधरस्येव संस्पर्धया ।
श्रृङ्गलेखाभिरभ्रंकषाभिर्नभः पद्धतिं रुद्धवानर्बुदोर्वीधरः ।।५६।।

3) मौलिलीलायमानामृतांशुक्षरन्निर्झराम्भः प्रवाहस्वरूपैरसौ ।
सातपत्रस्फुरच्चामरैर्भूभृतां राजभावं बिभर्तीव भूमीधरः ।।५८।।

४) रत्नसान्वौषधीप्रस्थमुख्यश्रिया मेरुमुख्यक्षमाभृज्जयादर्जिताम् ।
श्रृङ्गनिर्गत्वराणां झराणां निभात्कीर्तिमेतां बिभर्तीव मूर्तां गिरि: ॥६०॥

५) अम्बरालिङ्गिश्रृङ्गावीपल्वलोपाश्रया: स्मेरदम्भोजिनी रागिणी: ।
योऽभिकेनाभ्रपान्थेन साकं सदा मित्रवत्कारयामासिवान्संगमम् ॥६२॥

६) कण्ठपीठीलुठत्पार्वणश्वेतरुत्तारकानायकोदात्तमुक्तालता ।
व्योम निर्भिद्य यातेन येनोच्चकैर्धार्यते भूभृतेवात्मभूषाकृते ॥६४॥

७) अभ्रविभ्राजियन्मेदिनीभृद्भृगुव्रातनिष्पातिपाथ: प्रवाहोत्थितै: ।
उत्पतद्भि: पतद्भिर्नभ: पद्धतौ बिन्दुवृन्दैरिवाभावि ताराभरै: ॥६५॥

८) बिभ्रतो वाहिनीर्यस्य वार्धिप्लवाप्लाविनी: श्रीपराभूतभूमीभृत: ।
तिष्ठत: क्षोणिमाक्रम्य पूषार्चिषा वेदगर्भ: करोती नीराजनाम् ॥६९॥

९) मेरुमुख्याखिलोर्वीधराणामिवोपात्तसारैरसौ वेधसासृज्यत ।
एष नि:शेषभूमीभृतां निर्जयं निर्मिमीते न चेद्वैभवै: स्वै: कुत: ॥७२॥

●●●

# પંચ કલ્યાણક ભાવના

**...પરમ તારક વીતરાગ પરમાત્માના પાંચ કલ્યાણક = જગતની પરમ સંજીવની...**

- પાંચ કલ્યાણક એટલે તીર્થંકર નામકર્મનો પાંચ તબક્કે થતો વિસ્ફોટ.
- કરૂણાના કલ્પનાતીત કર્તૃત્વનો કમાલ કરિશ્મો
- પુણ્યનો પ્રકૃષ્ટ પુંજ
- સુખનો અનુપમ સુધાસાગર...
- ચૌદ રાજલોકમાં ચમકતો ચિતિશક્તિનો ચમકારો.
- અણુ અણુમાં ગર્જી ઊઠતો અનાહત દુંદુભિનાદ
- નરકથી નિગોદ સુધી પ્રસરતું સુખાસિકાનું આંદોલન.
- પ્રાણીલોકનાં પ્રદેશે-પ્રદેશમાં પ્રફુલ્લ પ્રાણધારાનો પ્રબલતમ પ્રવાહ.

**...ચ્યવન કલ્યાણક...**

- પરમ શક્તિનું પૃથ્વીતલ પર અવતરણ...
- ત્રિલોકીના પ્રાણી જગતને નવજીવન...
- જગતની સર્વઘટનાઓનું પારસ્પરિક અનુકૂલન...
- પરમશક્તિનાં પ્રાકટ્યના પરમપ્રકાશને પાથરતું સ્વપ્નદર્શન...
- બત્રીશલાખ વિમાનાધિપતિ વજ્રપાણિ શક્રેન્દ્ર નું આસન કંપન...
- શક્રસ્તવ દ્વારા પરમાત્માનાં પરમસ્વરૂપનું સ્તવન...
- રાજ જ્યોતિષી દ્વારા માતાને આવેલાં ચૌદસ્વપ્નનું ફલકથન...

## ...જન્મ કલ્યાણક...

- સમગ્ર જીવલોકમાં આનંદ ઉલ્લાસનું વાતાવરણ
- મુક્તિના મંગલગીતોનું મંજુલ ગુંજન
- દિક્કુમારિકાઓના દિવ્યવૃંદનું આગમન
- પવિત્રતમ પરમાત્માનું સૂતિકર્મકરણ
- હરિણૈગમેષી દેવ દ્વારા ઘંટવાદન
- બાર દેવલોક આદિનાં અધીશ્વરોનું આસનકંપન.
- ત્રિલોકાધીશ પરમાત્માના મહાભિષેકનું સમાયોજન...
- ત્રિલોકમધ્યવર્તિ મેરૂશિખર પર અગણિત દેવગણનું મહામિલન...
- પંચરૂપધર ઈન્દ્ર ધ્વારાં પરમાત્માનું મેરૂશિખર પર સંસ્થાપન...
- સપ્તસમુદ્ર-સરિતાઓને સરોવરોના નિર્મલ સલિલથી સ્વામિનું અભિસિંચન
- દેવ-દેવેન્દ્રો દ્વારા દેવાધિદેવનું પ્રકૃષ્ટ-પૂજન અર્ચન...વંદન...
- ધનદ દ્વારા કરાવવામાં આવતું કરોડો સોનૈયાનું અભિવર્ષણ
- રાજવી દ્વારા નગરમાં પ્રભુ જન્મનું ઉદ્ઘોષણ

## ...દીક્ષા કલ્યાણક...

- નવલોકાંતિક દેવોનું દિવ્ય સંબોધન ...
- પરમાત્માની પરમકરૂણાનું જાગરણ ...
- સંવત્સર સુધી સ્વર્ણમેઘનું અવિરત વર્ષણ ...
- સ્વર્ગ-મૃત્યુ-પાતાલનાં અધિપતિઓનું આગમન ...
- દીક્ષા મહા અભિષેક, અર્ચન, અલંકરણ ...
- પરમાત્માનું મહા અભિનિષ્ક્રમણ ...
- નિષ્પરિગ્રહી પ્રભુનું પંચમુષ્ટિ કેશ લુંચન ...
- સ્કંધ પર માત્ર ઈન્દ્રપ્રદત્ત દેવદૂષ્યધારણ ...
- પંચ મહાવ્રતધર જગત્પતિને મનઃપર્યાયજ્ઞાનનું ઉદ્ભવન ...

- નિર્મોહી પરમપિતા પરમાત્માનું નિરીહભાવે વિહરણ ...
- અનાદિકાલીન મહામોહાદિ શત્રુઓનું અપસરણ ...

## ...કેવળજ્ઞાન કલ્યાણક...

- ક્ષપક શ્રેણિ પર જિનેન્દ્રનું આરોહણ ...
- ચિતિશક્તિનું પૂર્ણ પ્રકટીકરણ ...
- અષ્ટ મહાપ્રાતિહાર્યની અનુપમ સંપદાનું અલંકરણ ...
- પરમશક્તિપુંજ ત્રિલોકપતિ પ્રભુનું સ્વર્ણકમલ પર સંચરણ ...
- ત્રૈલોક્યૈશ્વર્યનાં પરમ પ્રતીક ચોવીશ અતિશયો અને સમવસરણ ...
- ત્રિભુવન તારક મહાતીર્થનું સંસ્થાપન ...
- પરાવાણીનું પાર્થિવ જગતમાં પરમસ્ફુરણ ...
- પ્રાણીગણનાં સર્વસંશયોનું નિરાકરણ ...
- સવાસો યોજનમાંથી અતિવૃષ્ટિ આદિનું નિઃસરણ ...
- દ્વાદશાંગીનું અર્થથી શ્રેષ્ઠતમ પ્રરૂપણ ...
- ભવ્યાત્માઓનું ભવકૂપથી સમુદ્ધરણ ...

## ...નિર્વાણ કલ્યાણક...

- વિવિધ આસને પાદપોપગમ અનશન ...
- મન-વચન કાયાનાં સર્વ યોગોનું નિરૂંધન ...
- નિર્ધૂમ ધ્યાનાગ્નિનું પ્રજવલન ...
- ઔદારિક તૈજસ-કાર્મણ-દેહત્રયીનું વિસર્જન ...
- સમગ્ર વિશ્વમાં પરમનિર્મલ ચિત્તિ શક્તિનું વિકિરણ ...
- પરમાત્માનું અસ્પૃશદ્‌ગતિથી લોકાગ્રભાગે ગમન ...
- ચૈતન્યના અનંત ક્ષીરધવલ મહાસાગરમાં શાશ્વત મિલન ...

આગમ પ્રભાકર
પરમ પૂજ્ય પુન્યવિજયજી મહારાજ
માટેનો સ્મૃતિલેખ

# પુણ્યપુરુષના પાવન સંભારણાં-સંસ્મરણો

**વિ. સં. ૨૦૧૭**માં મારૂં ગીરધરનગર અમદાવાદમાં ચાતુર્માસ, ૨૦૧૬માં વ્યાકરણનો અભ્યાસ પૂરો થયા પછી એવી જબ્બર સંસ્કૃતવાંચનની ભૂખ ઉઘડેલી કે અકરાંતિયાની જેમ હું સંસ્કૃત ગ્રંથો વાંચતો.

દર અઠવાડીયે કાળુપૂર દાનસૂરિ જ્ઞાનમંદિરમાં જાઉં અને દરેક વિષયના નાના-મોટા ૫૦/૬૦ સંસ્કૃત ગ્રંથો લાવું, અઠવાડીયામાં પૂરા કરી પાછા જમા કરાવું અને નવાં લાવું.

આ ક્રમમાં નાટકો-કાવ્યો-ચંપુકાવ્યો, સ્તોત્ર કાવ્યો સેંકડોની સંખ્યામાં વાંચ્યા. એમાં પૂ.ચતુરવિજયજી સંપાદિત સ્તોત્ર સમુચ્ચય મારા હાથમાં આવ્યો.

એમાં ચિત્રાલંકારબદ્ધ થોડાં સ્તોત્ર છપાયેલા જોયા... પણ ચિત્રો નહિ. એટલે ચિત્રકાવ્ય વિષયક તીવ્ર જિજ્ઞાસા થઇ. આ અંગે કયા અધિકૃત વિદ્વાનને મળવું. તપાસ કરતાં પૂ.પુણ્યવિજયજી મ.ને મળવા ઘણાએ સૂચવ્યું.

ત્યારે પૂ.મહારાજશ્રી, દરિયાપૂર લૂણસાવાડ મોટી પોળના ઉપાશ્રયે બિરાજમાન હતા. વર્ષોથી એમની જ્ઞાનસાધના એ ઉપાશ્રયના ઉપરના મેડે ચાલતી હતી. ક્યારેક પ્રસંગવશ બહાર પધારતા પણ પ્રસંગ પતતાં જ પાછા ત્યાં જ આવી જતા. સંશોધન કાર્ય અને સતત વિહારને આડવેર છે. આ કાર્યમાં ડૂબેલી વ્યક્તિ બહુધા સ્થિર રહે તો જ કાર્યો પૂરા કરી શકે.

પૂ. મહારાજશ્રીનું નામ અને સરનામું મળતાં જ મને એમને મળવાની તીવ્ર તાલાવેલી જાગી. ભાદરવા મહિનાની બપોરે ગોચરી પતાવી, તરપણીમાં પાણી લઇ, ૧૨-૧૨।। વાગ્યે લુણાસાવાડ જવા ઉપડ્યો. ગીરધરનગરથી ૧-૧।। માઇલનું અંતર થાય. ૦।। કલાકમાં હું લૂણસાવાડ પહોંચ્યો.

લૂણસાવાડ તો પહોંચ્યો, ઉપરના માળે છેક છેવાડાના બારણા પાસે પૂ. મહારાજજીની બેઠક. આજુબાજુ હસ્તપ્રતો અને અભ્યાસ ગ્રંથોથી ભરચક ભરેલા કબાટો અને ઘોડીઓ. વચ્ચે ઝળહળતી જ્ઞાનજ્યોત જેવા મહારાજશ્રી બિરાજમાન હોય. નીચું ઘાલીને એમનું કાર્ય એવી

એકાગ્રતાથી કરતા હોય કે કોક આગંતુક ચૂપચાપ બેઠો હોય તો એમને ખ્યાલ પણ ન આવે... આ દૃશ્ય અત્યંત હૃદયસ્પર્શી હોય.

લૂણસાવાડ પહોંચ્યો તો ખરો... પણ ત્યાંનો સાવ અજાણ્યો. બધા સાધુ ભગવંત પણ અજાણ્યા. હું રામટોળીનો, પૂ.મહારાજશ્રી વલ્લભટોળીના, એ સમયમાં આ બંને સમુદાય પૂ. આત્મારામજી મ.ના પરિવારના છતાં જબરદસ્ત વિરોધી ગણાય, પૂ. મહારાજશ્રી એ સમુદાયના અગ્રિમ પંક્તિમાં બિરાજતા વડિલ અને અસાધારણ વિદ્વાન્ અને વયોવૃદ્ધ... મારા જેવા છોકરડા સાધુને કેવો પ્રતિભાવ મળશે એવી ભારે વિમાસણ...

ઉપરના માળે ચડતાં હૈયું ધડક... ધડક... થાય. છતાં હિમ્મત કરી ઉપર ચડ્યો. પહેલી જ આવે પૂ. દર્શનવિજયજી મ.ની ચોકી, ભારે આખા બોલા... પણ રમૂજી, ત્યાંથી હેમખેમ આગળ વધ્યો. ખાસ પૂછપરછ ન થઈ. આગળ કબાટની આડે બારણા પાસે બેઠેલા. પૂ.મહારાજશ્રી, ઠેઠ પહોંચ્યો ત્યારે દેખાયા... તેઓ કોકની સાથે કશીક સંશોધનની ચર્ચા કરી રહ્યા હતા.

હું ત્યાં જઈ **'મત્થએણ વંદામિ'** કરી ચૂપચાપ બેસી ગયો. સમુદાય ભિન્નતાના કારણે વંદના ન કરી. પૂ. મહારાજશ્રી મારી સામે જોઈ મર્માળુ હસ્યા... હાથમાંના પાના બાજુમાં મૂકી મને બરોબર જોયો.

એમની અત્યંત ભવ્ય આકૃતિ, પ્રશાંતગંભીર વ્યક્તિત્ત્વ, આંખમાંથી અજાણ્યા પ્રત્યે પણ નિર્વ્યાજ વરસતો સ્નેહ, એનાથી હું અભિભૂત થઈ ગયો. પળ-બે પળ મને નીરખી પૂ. મહારાજશ્રીએ જ વાતનો પ્રારંભ કર્યો, મારો પરિચય પૂછ્યો, આવવાનું પ્રયોજન પૂછયું...

પૂ. મહારાજશ્રીના આત્મીય અને સૌજન્યપૂર્ણ વ્યવહારથી મારી હિમ્મત ખૂલી ગઈ. મેં સીધી જ વાત કરી, મહારાજજી ! હું છું તો આપના વિરોધી સમુદાયનો સાધુ... પણ સાહિત્યનો અભ્યાસી છું. હમણાં એક ગ્રંથમાં થોડાંક ચિત્ર સ્તોત્રો જોયા, તેને સમજવા માટે તલપ જાગી... કોકે એ માટે આપશ્રીનું નામ સૂચવ્યું તેથી આપની પાસે આવ્યો છું. ચિત્રકાવ્ય સમજાવવા માટે આપ કૃપા કરશો તો હું આપનો ખૂબ જ કૃતજ્ઞ થઈશ.

પૂ. રમણિક વિ.મ. ચૂપચાપ મારી સાથે જોઈ રહ્યા હતા, મને માપી રહ્યા હતા. મારી

છાતી ધડક ધડક થતી હતી. આ બંને વિદ્વાન્ મહારથી સામે. શી ખબર મહારાજજી મારી વાતનો શો પ્રતિભાવ આપશે? મેં મહારાજજીની સામે પહેલી જ મુલાકાતમાં કશીય પ્રસ્તાવના વિના સીધી મારા કામની વાત રજુ કરવાની ધૃષ્ટતા કરી હતી.

પૂ. મહારાજજી મારી સામે મલકયા અને ઉભા થયા. એ કબાટમાંથી એક વ્યવસ્થિત કપડામાં બાંધેલું બંડલ કાઢ્યું... મારી સામે મુકીને ખોલ્યું, એમાં એમણે વર્ષોની મહેનતથી ભેગો કરેલો ચિત્ર કાવ્યોનો ખજાનો હતો. પ્રાચીન અને અત્યંત સુંદર દોરેલા રંગીન ચિત્ર કાવ્યોનો દુર્લભ સંગ્રહ... અષ્ટમંગળ ચિત્ર, મંગળ કળશ ચિત્ર, હાર ચિત્ર, મહા સ્વસ્તિક ચિત્ર, નાગપાશ ચિત્ર, મોટા મોટા કમલબંધ, આમ નાના મોટા રંગીન ચિત્ર, બંધ કાવ્યોનો અદ્‌ભૂત ખજાનો. હું વિસ્મિત હૃદયે બધું જોતો જ રહ્યો.

બે થી ત્રણ કલાક સુધી મહારાજજીએ એ બધા બંધો વાંચતા મને શીખવાડ્યું.

પછી મને જ કહે ''જા લઇ જા આ બધું, તું એનો અભ્યાસ કરજે, તારૂં મન ધરાય ત્યાં સુધી તારી પાસે રાખજે.'' હું એ સાંભળતો આભો થઇ ગયો. આટલો મોટો ખજાનો મને આ રીતે મળશે એ મારી કલ્પના બહારની વાત હતી.

પહેલા જ મિલનમાં મહારાજશ્રી મારા પર અનરાધાર વરસ્યા... પૂ. રમણીક વિ. મ. સાથેની આગમ સંશોધનની ચર્ચાઓ એક બાજુ મૂકી ૨-૩ કલાક આ રીતે મને આપ્યા. શું એમનું એ સૌજન્ય...ભંડારો તપાસતા ફેંદતા આ દુર્લભ ચિત્રકાવ્યોનો ખજાનો એમણે ભેગો કર્યો હશે. એક જ ક્ષણમાં કોઇ બાંહેધરી વિના... ઓળખાણ વિના મને, અજાણ્યાને ઉપયોગ કરવા સોંપી દીધો, આવી ઉદારતા, આવો વિશ્વાસ કોઇ કરી શકે, એ અકલ્પનીય હતું.

૨૦૧૭નું એ ચોમાસું, એ ભાદરવો માસ એની એ બપોર... એજ ક્ષણથી મને મહારાજશ્રીએ પોતાનો બનાવી લીધો. એમના જીવનના અંતિમ સમય સુધી અત્યંત આત્મીયતાપૂર્ણ સંબંધ ચાલુ રહ્યો, જાણે કોઇ પૂર્વ ભવનો જબરદસ્ત ઋણાનુંબંધ. એ વિરાટ પુરુષે મને એમનો નાનકડો અત્યંત લાડકો ભાઇ બનાવી લીધો. એમનો અત્યંત પ્રેમપૂર્ણ નિરંતર પત્ર વ્યવહાર એમના સ્નેહનો સાક્ષી છે. એમના બધા પત્રો આજે પણ મારી પાસે સુરક્ષિત છે. ૪૦ વર્ષ બાદ પણ જયારે એ પત્રો વાંચુ છું. ત્યારે એમના નિર્વ્યાજ સ્નેહથી

ભીંજાઇને રોમાંચિત થઇ જાઉ છું.

ચિત્ર કાવ્યોના સંગ્રહનું હું કામ કરતો હતો ત્યારે એક પૂરૂં ચિત્ર કાવ્યોનું વિનંતિ પત્ર પણ મહારાજશ્રીએ મને આપ્યું હતું. જે આજે એલ.ડી.ના મ્યુઝીયમમાં લગાવેલું છે. આ બધી સામગ્રીથી, મારૂં કામ પૂરૂં થયું. મને સંતોષ થયો ત્યારે પછી મહારાજશ્રીને સોંપી આવ્યો...

આજે એ સામગ્રી એલ.ડી. ઇન્સ્ટીટ્યુટના કંટ્રોલ રૂમમાં કેદ થઇને પડી છે. આપણને મળવી પણ દુર્લભ થઇ ગઇ છે. ત્યારે ઘણીવાર મને મનમાં થાય છે કે ત્યારે આ બધી સામગ્રી જો મહારાજશ્રી પાસે મેં માંગી હોત તો ચોક્કસ મને એ આપી દેત... તો એ સાહિત્ય આપણા જેવા અભ્યાસીને દુર્લભ ન હોત... પણ... જ્યાં મહારાજશ્રીને જ આપણે અકાળે ગુમાવી દીધા... ત્યાં સામગ્રીને શું રોવી? ૮ થી ૧૦ વર્ષના સમયગાળામાં એ પુણ્યપુરૂષના સ્નેહના અનેક પ્રસંગો બન્યા જે મારા જીવનના સોનેરી સંભારણા છે.

**૨૦૧૮ ની સાલ...**

એક વાર હું બપોરના સમયે પૂજ્યશ્રીની પાસે બેઠેલો, શીયાળાના દિવસો હતા. બપોરે એક પ્રોફેસર, સાહેબ પાસે આવ્યા વંદન કરીને બેઠા.

મહારાજશ્રી એ સમયે કોઇ અગત્યના સંશોધનમાં વ્યસ્ત. પ્રોફેસરને એક કાચા પુઠાનું પુસ્તક વાંચવા આપ્યું. જેથી એમનો સમય પાસ થાય.

પ્રોફેસર કાચા પૂંઠાની એ નાની ચોપડીનું પુઠું એક તરફથી વાળીને આરામથી વાંચવા લાગ્યા. અચાનક મહારાજજીની નજર એ તરફ ગઇ. મહારાજજીએ પલકારામાં એ પુસ્તિકા પ્રોફેસરના હાથમાંથી ખેંચી લીધી. લાલ આંખ કરી પ્રોફેસરને કહ્યું,‘ભાઇ, તમને પુસ્તક કઇ રીતે પકડીને વાંચવું એ પણ આવડતું નથી ? આ રીતે પુસ્તક વાળીને વાંચવાથી પુસ્તકનું આયુષ્ય ખતમ થઇ જાય.’

પછી મહારાજશ્રીએ સંશોધનમાં ઉપયોગી પુસ્તકોમાંથી ક્રિયારત્ન સમુચ્ચય પુસ્તક, જે સાંપડા ઉપર પડેલું, તે બતાવી મને કહ્યું, ધુરંધર ! છેલ્લા ૪૦ વર્ષથી હું આ પુસ્તકોનો નિરંતર ઉપયોગ કરું છું. પણ એનું બાઇન્ડિગ એવુંને એવું છે. એક પણ પાના ઉપર ક્યાંય ડાઘ નથી. એકપણ પાનું ફાટ્યું નથી. જ્ઞાનના ગ્રંથો એ રમકડા નથી, એ તો આપણું જીવન છે. એનું જીવની

જેમ જતન કરવું પડે.

હું તો મહારાજશ્રીની જ્ઞાનના સાધન પરની તીવ્ર પ્રીતિ, સ્નેહ, આટલી સરસ જાળવણી અને જ્ઞાનનો આશાતના કરનાર ગમે તેવા ચમર બંધીને પણ લાલ આંખ બતાવાની ક્ષમતા જોઇ અત્યંત પ્રભાવિત થયો. જ્ઞાનના પુસ્તકો, સાધનો એની અત્યંત વ્યવસ્થિત ગોઠવણીની એમની આવડત આજે પણ ભૂલાઇ નથી. પુસ્તકોના અવ્યવસ્થિત ઢગલા વચ્ચે કામ કરનાર આપણે અને તેઓશ્રીમાં આભ અને ધરતીનું અંતર છે. એ જૂની પેઢીના સર્વ સાધુ-સાધ્વીજીની ગ્રંથને સંભાળવાની ચીવટ જ્યારે પણ જોવા મળે છે ત્યારે મારૂં માથું આજના અમારા જેવાની બેદરકારી માટે શરમથી ઝૂકી જાય છે.

મહારાજશ્રી રમૂજી પણ બહુ હતા. ઘણીવાર હું ને પં.અમૃતભાઇ ભોજક, લક્ષ્મણભાઇ, પૂ.રમણીક વિ.મ. બધા બેઠા હોઇએ ત્યારે એવી રમૂજી વાતો કરે કે અમે બધા પેટ પકડી હસીએ.

આટલી મોટી હસ્તી અને ગંભીરપ્રકૃતિની દેખાતી વ્યક્તિ આવી રમૂજી અને અત્યંત સરળ હોય તે તમે કલ્પી ન શકો.

એકવાર અમે બે જણ બપોરના સમયે કોઇ વાતો કરતા હતા. ત્યાં અચાનક એમણે મને પૂછ્યું : ધુરંધર ! તને ગોચરી વહોરતા આવડે છે કે નહિં? અચાનક સાહેબનો આવો પ્રશ્ન સાંભળી હું જરા વિચારમાં પડી ગયો.

હકીકત એ હતી કે મને વહોરવા જતા આવડતું જ ન હતું. મેં કહ્યું, 'મહારાજજી, ગોચરી જતા મને જરાય નથી આવડતું. ગૃહસ્થના ઘરે કઇ રીતે જવું, કઇ રીતે વ્હોરવું, ત્યાં કઇ રીતે ઉભા રહેવું એટલી પણ ગમ મને તો પડતી નથી. મારા બાપા ગુરુ મહારાજ વ્હોરીને લાવે ને હું ગોચરી ભેગો થાઉં. એ કોઇ દિવસ ક્યાંય બહાર ગયા હોય ને ગોચરીને સમયે ન આવે તો આખો દિવસ ભૂખ્યો મરું. ગમે તેવી ભૂખ લાગે તોય કોઇના ઘરે જવાની વાત આવેને તોય મહારાજજી ! હું તો શરમથી મરી જાઉં.'

મહારાજશ્રી મારી વાત સાંભળીને ખૂબ હસ્યા. મને કહે, 'અલ્યા ! તું તો મારો પાક્કો સાધર્મિક'... આ વાત થઇને મને આજે ૬૫ વર્ષ થયા અને દીક્ષાને ૫૦ વર્ષ ઉપર થયાને તોય ગોચરી વ્હોરતાં કે જતાં આવડતું નથી, જીંદગીમાં પહેલી ને છેલ્લી વાર એકજવાર ગોચરી ગયો

છું. એમની એ ગોચરીગમનની વાત જોરદાર રમૂજી શૈલીમાં વહાવી.

૧૪/૧૫ વર્ષની એમની વય... દાદાગુરુ પ્રવર્તક કાંતિવિજયજી મ., ગુરુ પૂ. ચતુર-વિજય મ., એમના અત્યંત લાડલા એટલે ક્યારેય ગોચરી કે પાણી કે કશું કામ કરવું પડે નહિં.

એકવાર તિથિનો દિવસ, બધાને પચ્ચક્ખાણ... વાપરવા બેસી ગયા ને થોડીવારે ગોચરી ખૂટી. પચ્ચક્ખાણ વાળા ગોચરી જાય શી રીતે! હું વાપરીને ઉઠી ગયેલો... મને દાદા ગુરુજીએ બોલાવ્યો... પુણ્યવિજયજી ! સામે ઘરે... બહેનને ત્યાં જઇ ગોચરી વ્હોરી આવ... આજ્ઞા સાંભળતાં મારા તો હોશ ઉડી ગયા. ગોચરી? હાયરે કેવી રીતે જાઉં, કેવી રીતે વ્હોરૂં? દાંડા સિવાય કશું પકડતા આવડે નહિં. સાધુઓ, બીજા બધા બેસી ગયેલા મોટા મ. ને કામ ના કરાવાય. હું સહુથી નાનો ને બધાનો લાડલો મારૂં કામ ભણવાનું. ગોચરી, પાણી કે કાજો પણ નહિ. પાત્રા પકડતા પણ આવડે નહિ. હવે શું કરવું?

પણ દાદા ગુરુજીની આજ્ઞા એટલે ગયા સિવાય છૂટકારો નહિં. જેમના ઘરે ગોચરી જવાનું હતું, એ દાદા-ગુરુજીના પરમભક્ત, દાદાગુરુના શિષ્યવર્ગ ઉપર એમને પોતાના દીકરા કરતાં પણ વધુ વાત્સલ્ય અને ભક્તિ, ભણનારા, માંદા અને લોચ કરાવેલા સાધુની એવી ભક્તિ કરે કે ના પૂછો વાત...

ઢીલા પગે હું ઉપડ્યો, જેવો ઘરમાં પ્રવેશ કર્યો ને માજી મને જોતાં જ ટહુક્યા... ઓ હો હો... આજ તમારો નંબર લાગ્યો... આજ તમારા પહેલા જ પગલા... પધારો... પધારો... હું બારણામાં જ થંભી ગયો... આગળ ક્યાં ઉભા રહેવું એની પણ ગમ નહિં. રીતસર ધ્રુજું... શરમનો માર્યો લાલચોળ...

માજી સમજી ગયા કે નાના મહારાજ પહેલ વહેલા જ નીકળ્યા છે. ગોચરી વહોરતા આવડતું નથી ને ગભરાઇ ગયા છે. મને વ્હાલથી હસીને કહે, 'મહારાજ અહીં રસોડા પાસે આવો... અહીં ઉભા રહો... તમને વ્હોરતા નથી આવડતું મને ખબર છે. જરાય ગભરાશો નહિ. તમે પાત્રા મૂકો હું બધું વ્યવસ્થિત વહોરાવીને ગોઠવી દઇશ'...

હું થોડો આશ્ચર્યચકિત થયો. પાત્રા મૂક્યા... માજીએ વ્યવસ્થિત બધી જોઇતી ગોચરી પોતાની સૂઝથી પાત્રામાં ગોઠવી દીધી. એમને રોજના સ્વભાવથી શું વ્હોરાવવાનું છે, તે ખબર.

બધું ગોઠવી મને કહે લ્યો મહારાજ પાત્રા ઉપાડોને પધારો...

બંદા મૂંગે મૂંગા પાત્રા ઉપાડીને ઉપસરા ભેગા... આજની ઘડીને કાલનો દી... એ પછી આજ સુધી ક્યારેય ગોચરી ગયો નથી. પહેલા વડિલોએ સાચવ્યોને પછી શિષ્યોએ... આમ ગોચરી વ્હોરવાનું શીખ્યા વગર આ જીંદગી નીકળી ગઇ. વાત પૂરી થઇ... અમે ખૂબ હસ્યા... મને કહે આપણે શાસ્ત્રોના વિદ્વાન્ અને ગોચરીના ઢ.., બરોબરને ?

**૨૦૧૮માં** વૈશાખ સુધી હું અમદાવાદ રહ્યો. ત્યાં સુધી પૂજ્યશ્રી સાથે એકાંતરો સત્સંગ ચાલુ. મારી બપોર એમના નામે... એકબીજાનો એવો મોહ થઇ ગયો કે, હું ન જાઉં તો મને ચેન ન પડે... અને હું ન જાઉં તો તેઓશ્રી ચિંતામાં પડે... આજે કેમ આવ્યો નહિ?

વૈશાખ મહિનો, ઉત્સવોની મોસમ, હઠીભાઇની વાડીમાં અમદાવાદના શેરદલાલ રતીલાલ નાથાલાલ તરફથી ૧૦૦ છોડનું ઉજમણું ને ૧૦૦ પ્રતિમાઓની ભવ્ય અંજન-શલાકાનો મહામહોત્સવ.

પૂજ્યપાદ પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મ. ની શુભનિશ્રામાં આ ભવ્ય મહોત્સવ... સો થી સવાસોનું મુનિમંડળ ઉત્સવ પ્રસંગે હાજર.. કાપડિયા હાઇસ્કુલમાં ઉતારો... હઠીભાઇની વાડીની સામે જ આ હાઇસ્કૂલ. હું પણ પૂજ્યપાદશ્રીની સાથે જ ત્યાં હતો... અહીંથી લૂણસાવાડ મોટી પોળ જતાં પાંચ જ મિનિટ થાય એટલું નજીક... મને મઝા આવી ગઇ પણ હું પૂ. પુણ્યવિજય મ. પાસે જાઉં છું એ સમુદાયમાં કોઇ જાણે નહિં. ગીરધરનગર તો માત્ર બાપા મ. ને હું જ એટલે બાપા મ. ને પૂછીને પુજ્યશ્રી પાસે જતો હતો. હવે તો મોટા સાહેબ પ્રેમસૂરિ મ. એમની રજા સિવાય જવાય નહિં.

મેં અવસર મેળવી મોટા સાહેબજીને ધીરે ધીરે વાત કરી કે ચિત્રકાવ્યોના કારણે હું પૂ. પુણ્યવિજય મ. પાસે જાઉં છું ને મારે ને એમને ખૂબ સારો પરિચયને પ્રેમનો સંબંધ બંધાયો છે. સાહેબજીનો ઠપકો મળશે કે, સામા પક્ષ સાથે તેં કેમ પરિચય કેળવ્યો ? એથી ડરતા ડરતા બધી વાત કરી. ત્યારે સાહેબજીએ ઠપકો આપવાને બદલ મને પ્રેમથી કહ્યું... 'ધુરંધર ! પુણ્ય-વિજયજીને મળ્યાને ખુબ સમય થઇ ગયો છે. મારી એમને મળવાની ઇચ્છા છે તો તેઓ અહીં પધારી શકશે કે કેમ? તું પૂછી આવ'... હું તો સાહેબજીની આ વાત સાંભળી રાજી રાજી થઇ

ગયો... એમની અનુમતિથી હું અને કીર્તિચન્દ્રવિ. ઉપડ્યા. લૂણસાવાડ મોટી પોળ... પૂજ્યશ્રીને વાત કરી કે પૂ.આચાર્યદેવ આપને મળવા ઇચ્છે છે.

બપોરનો ૧/૧॥ વાગ્યાનો સમય... જેવી મેં આ વાત કરી કે તરત જ પૂજ્યશ્રીએ કપડો કામળી ઓઢ્યા અને કહ્યું કે હાલ અબઘડીજ ચાલ આચાર્યદેવશ્રીને મળવા જઇએ.

એમની આટલી સરળતા અને નમ્રતા જોઇ હું ચકિત થઇ ગયો. પૂજ્યશ્રી અમારી બન્ને સાથે પોતાના કોઇ સાધુને પણ સાથે લીધા વિના બળબળતા બપોરે કાપડીયા હાઇસ્કૂલ આવ્યા. કીર્તિચન્દ્ર વિ. એ આગળ જઇ સાહેબજીને ખબર આપ્યા. સાહેબજી હાઇસ્કૂલના પ્રાંગણમાં સામે આવ્યા. બન્ને મહાપુરુષ અત્યંત પ્રેમથી મળ્યા. થોડીવાર બધા સાધુ હાજર રહ્યા પછી બે જણ એક રૂમમાં બે કલાક બેઠા, ખૂબ પ્રેમથી વાતો કરી. ખૂબ પ્રેમ અને સંતોષથી છૂટા પડ્યા. અમે તો ૧૬/૧૭ વર્ષના છોકરડા એટલે એ વાતચીત દરમ્યાન હાજર ન હતા... એમણે શું વાતો કરી એ તો બે જ જાણે પણ એ મુલાકાતની પ્રસન્નતા બંન્નેના મુખ ઉપર ઝળકતી હતી. તે અમે જોઇ. બંનેની સરળતા અને સૌજન્યનું અનેરૂં દર્શન અમે કર્યું.

**સંવત્ ૨૦૧૯ વૈશાખ મહિનો...**

પૂજ્ય પણ્યવિજયજી મ. પાટણ સાગરના ઉપાશ્રયમાં પધાર્યા, હું પણ ૨૦૧૮નું ચોમાસુ પાટણ મારા ગુરુદેવ પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. સાથે વીતાવી, પાટણ ભણવા માટે રોકાયો હતો. હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર અને કેશરબાઇ જ્ઞાનમંદિરના હસ્તપ્રતોના સંગ્રહમાં ગળાડૂબ હતો.

વૈશાખ મહિને પૂજ્યશ્રી પધાર્યાના સમાચાર મળતા જ હું આનંદઘેલો થઇ ગયો. હું તો બપોરે સાગરના ઉપાશ્રયે (મંડપના ઉપાશ્રયથી) પહોંચ્યો. મને જોતા જ પૂજ્યશ્રી ઉભા થઇ ગયા. મને વ્હાલથી ભેટ્યા. બેઠા પછી મારી ખબર અંતર પૂછી બધા ભક્તોને ગૌણ કરી કલાક સુધી મારી સાથે વાતો કરી. હું તો ખુશ ખુશ... રોજ બપોરે જાઉં. ૨/૩ કલાક રોકાઉં. પૂજ્યશ્રીનો અમૂલ્ય સમય મારી સાથે વાતોમાં-મજાકમાં વીતે.

એકવાર બપોરે પૂજ્યશ્રીનું પ્રવચન. હું પણ સાંભળવા ગયો. બરોબર ૧॥ કલાક પ્રવચન સાંભળ્યું. શાંત અને ગંભીર અવાજ... વસ્તુ પદાર્થની તલસ્પર્શી રજુઆત, હાથ કે

ચહેરાના કોઇ ફેરફાર નહિં. આદિથી અંત સુધી જમણો હાથ પ્રવચન મુદ્રામાં, ડાબો હાથ મુહપત્તિ સાથે મોઢા આગળ. એ જ શાંત સ્થિર મુદ્રામાં કોઇપણ પ્રકારના ભાવ વિના, કોઇપણ અંગ, હાથ કે આંખની હલન ચલન વિના, સ્થિર ભાવે દેશના કરવાની એમની અનોખી પદ્ધતિ એમના સિવાય કોઇની મેં જોઇ નથી. હાથ હલાવ્યા વિના, ચહેરા ઉપર હાવભાવના વિકાર લાવ્યા વિના પ્રવચન કરવું અત્યંત કઠિન છે. માત્ર વાણીના જ ઉતાર ચડાવથી ભાવોને પ્રગટ કરવા જેવું કઠિન સાધના સાધ્યકાર્ય તેમને સહજ હતું.

આજે ૫૦ વર્ષ થવા છતાં એમના પ્રવચનની એ શૈલિ આજે પણ સ્મરણમાં છે.

પૂજ્યશ્રી પાટણ પધાર્યાને મને તો જલસા પડી ગયા. પણ અફસોસની વાત એ કે ૮/૧૦ દિવસ પછી મારે અચાનક વિહાર કરવો પડે તેવી પરિસ્થિતિ થઇ. મેં મહારાજશ્રીને કહ્યું, ‘સાહેબજી ! કાલે સવારે અમે ૫।। વાગ્યે વિહાર કરશું. હવે શી ખબર ક્યારે મળશું!’ મોડી સાંજ સુધી સાગરના ઉપાશ્રયે પુજ્યશ્રી સાથે ગોષ્ઠિ કરી હું મંડપના ઉપાશ્રયે આવ્યો. રાતે મારૂં સ્વાસ્થ્ય બગડ્યું સવારનો વિહાર મોકુફ રાખ્યો. સવારે હું ૫।। વાગ્યે ઉઠયો ત્યાં તો પૂજ્યશ્રી મને વળાવવા માટે મંડપના ઉપાશ્રયમાં આવી ગયા. હું તો પૂજ્યશ્રીને જોઇ સ્તબ્ધ થઇ ગયો ? મેં પૂછ્યું, ‘સાહેબજી, કેમ એકદમ અચાનક અહીં? મંડપમાં’...

પૂજ્યશ્રી હસીને બોલ્યા,.. ‘તારો વિહાર છે ને તને વોળાવવા આવ્યો છું.’ મેં કહ્યું સાહેબ, ‘ક્યાં આપ? પૂ. મારા દાદા ગુરુ રામચંદ્રસૂરિમ. થી પણ ૪ વર્ષ દીક્ષા પર્યાયમાં મોટા અને ક્યાં હું સાવ છોકરડો સાધુ... આપ મને વોળાવવા આવ્યા?’ મને કહે ‘ધુરંધર ! પ્રેમને મોટાઇ ન નડે’... મેં કહ્યું, ‘પણ સાહેબ ! મારી તબિયત બગડીને વિહાર બંધ રાખ્યો છે. આપને ખોટો ફેરો પડ્યો’... મને કહે, ‘શેનો ફેરો? તું રહેવાનો છે તે ઔર આનંદની વાત’... ૫।। ના આવેલા પૂજ્યશ્રી જે અવનવી વાતો એ ચડ્યા તે વાગ્યા ૮।। મેં કહ્યું, ‘સાહેબ ! હવે આપ પધારો, બે નૌકારશી થઇ ગઇ’... બધા આપની રાહ જોતા હશે? ત્યારે પૂજ્યશ્રી પધાર્યા... સાગરના ઉપાશ્રયે ગયા.

અમે બીજા દિવસે સવારે વિહાર રાખ્યો.

તો બીજે દિવસે પણ પૂજ્યશ્રી મને વળાવવા પધાર્યા. આંખમાં આંસુ સાથે હું એમનાથી

છૂટો પડ્યો... પૂજ્યશ્રી ૨૦૨૯ સુધી જીવ્યા. પણ પ્રત્યક્ષ મળાયું નહિ. પત્ર-વ્યવહાર સતત ચાલતો રહ્યો.

**૨૦૧૮માં** કાપડીયા હાઈસ્કૂલમાં પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ. તથા પૂજ્યશ્રી પુણ્ય-વિજય મ. ની જે મુલાકાત થઈ તેની પૂ. આચાર્ય ભગવંત ઉપર બહુ મોટી અસર હતી. પૂજ્યપાદશ્રીએ મને કહ્યું, 'ધુરંધર ! કર્મ સાહિત્યનું કાર્ય પૂરૂં થાય એટલે તારા જેવા ૨૫ સાધુઓને પુણ્યનિધાન આગમ સંશોધન કાર્યમાં એમની સાથે ગોઠવી આ વિરાટ કાર્યને આપણે પૂરૂં કરવાનું છે. પુણ્યવિજયજીની પણ ઉંમર થઈ છે. હવે એમનું આ કાર્ય આપણે ઉપાડી લેવું જ રહ્યું. પણ ૨૦૨૪માં પુજ્યપાદશ્રીના સ્વર્ગવાસ થતાં આ સ્વપ્નું અધૂરું જ રહ્યું.'

**૨૦૨૦નું** ચાતુર્માસ મેં પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. સાથે પિંડવાડા કર્યું. પછી મારે સારવાર માટે જામનગર જવાનું થયું. ૨૧-૨૨-૨૩ ૩ વર્ષ મારા તે બાજુ જ ગયા, એ બાજુ જામનગર-જૂનાગઢ-માંગરોળમાં મને, અપૂર્વ હસ્તપ્રતો, ત્યાંના ભંડારો જોતા મળતી રહી. પૂ. ઉપા. યશોવિજય મ.ના ઘણા બધા દુર્લભ ગ્રંથો જોવા મળ્યા. હું બધી માહિતી પૂ.પુણ્યવિજયજી મ.ને મોકલતો રહ્યો એ માઈક્રોફિલ્મ કરાવતા રહ્યા. પછી ૨૦૨૪માં હું અમદાવાદ આવ્યો. પૂ. પુણ્યવિજયજીને અચાનક મુંબઈ જવાનું થયું, મેં એમને લખ્યું. હું આપની પાસે આવવા માંગું છું અને આપ મુંબઈ જાઓ છો. આમ કેમ ચાલે ? એમણે મને, લખ્યું કે હું મુંબઈનું કામ પતાવી, તરત જ પાછો આવું છું. મેં લખ્યું. સાહેબજી ! મુંબઈ જાય એ ત્યાંજ રહી પડે. ઝટ પાછા આવીજ શકતા નથી. તમે પાછા આવો એનો મને ભરોસો નથી. પૂ. પં.શ્રી રમણીક વિ. વડોદરા રહી ગયા... આપ?

મારી દહેશત સાચી પડી એ મુંબઈ ગયા ને મુંબઈ જ રહી ગયા. પાછા ન આવ્યા. મારી તમન્નાને સપનાઓ ભાંગીને ભૂક્કા થઈ ગયા. પાટણમાં એમણે મને વિહારમાં વળાવ્યો. એ છેલ્લો વળાવ્યો.

એકવાર પૂજ્યશ્રીએ કોઈ વાત નીકળતા મને પૂછયું : તું ક્યા મંત્રો ગણે છે ? મેં કહ્યું સરસ્વતીજીના... મને કહે ધુરંધર ! મને તો એક માત્ર નવકાર પર અટલ શ્રદ્ધા છે. બસ માત્ર નવકાર પૂર્ણભાવથી ગણું છું. મને તો નવકાર જ પ્રાણથી પણ પ્રિય છે.

એકવાર મને કહે મને આપણા આગમો ગ્રંથો પર અતૂટ શ્રદ્ધા છે. આગમોનું શાસ્ત્રોનું સંશોધન એને પૂર્ણ સત્ય માનીને જ કરૂં છું. સંશોધન કરતા ક્યાંક વિસંગતિ દેખાય, અને પ્રત્યક્ષ વિરોધ દેખાય તો એટલો ભાગ છદ્મસ્થોથી ઉમેરાયો હોય કે લેખક દોષથી પાઠમાં ફેરફાર થઇ ગયો હોય તેમ માનું પણ સર્વજ્ઞનું વચન અસત્ય હોય જ નહિ. હોય તો તે સર્વજ્ઞનું હોય નહિ. આ વાત પકડી, વાતો કરતાં એકવાર મને કહે મારા બે જ મનોરથ છે. બધા આગમોને પંચાંગી સહિત યથાશક્ય પૂર્ણ શુદ્ધ કરવા અને એ આગમોનું એક આગમ મંદિર બનાવવું તે પણ આ પુણ્ય ભૂમિ પાટણમાં જ, જ્યાં મારો બાલ્યકાળ વીત્યો, જ્યાં હું એમના સંશોધન કાર્યનો કક્કો શીખ્યો.

તેઓના લહિયા ગુરુ ગોરધનદાસ લક્ષ્મીશંકર ત્રિપાઠી હતા. જે પાટણ મંડપ પાસે રહેતા. ૨૦૧૯માં તેઓ પાટણ પધાર્યા ત્યારે ૯૫ વર્ષના હતા જીવિત હતા. મહારાજજી એમનો ખૂબ આદર કરતા. તે મેં નજરે જોયું છે.

મેં પણ ૯ વર્ષ ગોરધન ભાઇનો સત્સંગ કર્યો... ૯૫ વર્ષની ઉંમરે પણ સ્ફૂર્તિલા... મને એમણે પ્રાચીન લિપિનો અભ્યાસ કરાવ્યો. કેટલીય પ્રાચીન વસ્તુ શંકુ વિ. ભેટ આપેલી. જોકે બાળક બુદ્ધિના કારણે એ દુર્લભ વસ્તુઓ હું સાચવી ના શક્યો.

મહારાજશ્રીના અનન્ય સેવક અને સહયોગી પં. શ્રી અમૃતલાલ ભોજક જે મહારાજશ્રીની અનન્ય કૃપાથી પ્રાકૃતના એવા વિદ્વાન્ બન્યા કે પ્રાકૃતમાં ગ્રંથો રચી શકે.

બીજા અંગત પરમ સેવક લક્ષ્મણભાઇ, જેમના ઉપર પૂ. મહારાજશ્રીને અનન્ય વિશ્વાસ, પૂજ્યશ્રી અસ્વસ્થ હોય ત્યારે એમના વતી એજ પત્રો લખતા.

આજ તો એ બંને પણ પૂજ્યશ્રીની સેવામાં સ્વર્ગે પહોંચી ગયા.

પૂ. મહારાજશ્રી માત્ર ૭૫ વર્ષની વયમાં આપણી વચ્ચેથી ચાલી ગયા. કાશ ૮/૧૦ વર્ષ વધારે જીવ્યા હોત તો?

સંગ્રહણી રોગની આજીવન વ્યાધિ, રોજ ૮/૧૦ વાર ઠલ્લે જવું પડે, છતાંય એ ભયાનક રોગની, એમના કાર્યકલાપ ઉપર જરાય અસર નહિં. મને કહે શરીર શરીરનું કામ કરે. હું મારું. મેં હવે આ રોગને બહેનપણી માની લીધી છે.

દિવસના સતત અભ્યાસુ અને મુલાકાતીનો ધસારો રહે. સંશોધનનો સમય રહે જ નહિં.

કમને મારે ના છુટકે રાતે જ આ સંશોધનનું કાર્ય કરવું પડે છે. મને ટેબલ લેમ્પ દેખાડીને કહે કે આના પ્રકાશમાં રાતના ૧૨/૨ સુધી કાર્ય કરું છું. માત્ર પુસ્તક ઉપર પ્રકાશ પડે. બીજે ક્યાંય ઉજેહી ના પડે તેનો ઉપયોગ રાખું છું. શ્રુતના અત્યંત જરૂરી કાર્ય માટે મારે આ અપવાદનું સેવન કરવું પડે છે. એનું મને દુઃખ છે.-એવું એમણે કહેલું

**આવા પ્રકૃતિથી અત્યંત શાંત, ગંભીર, ઉદારચિત્ત, વિનમ્ર અને સૌજન્યની પરાકાષ્ઠા સમા એ મહાત્મા સાથે વીતેલો મારો નાનકડો બાલ્યકાળ મારા જીવન ઘડતરમાં સહુથી અમુલ્ય છે. એમની બહુમુખી તલસ્પર્શી વિદ્વત્તા મારે માટે અવિસ્મરણીય છે.**

**(૨૦૬૬ મા.શુ. ૨)**

**- પ.પૂ. ધુરંધરવિજયજી મ.સા.**

(''વીસમી સદીની અલૌકિ વ્યક્તિ'' - પુસ્તક

પૂજ્ય પૂન્યવિજયજી મહારાજ સંબંધિ સ્મૃતિ લેખ)

# પરમરહસ્યના
# ઉદ્‌ઘાટનની લેખનયાત્રા

અરિહંત પરમાત્માનો પવિત્ર આત્મા પૂર્વના ત્રીજા ભવમાં યોગસાધનાની પરમ ટોચે પહોંચે છે ત્યારે સમગ્ર જીવાસ્તિકાય સાથે પૂર્ણ તાદાત્મ્યનો અનુભવ કરે છે. એક તરફ અનંત સિદ્ધોનું સહજ પરમ સુખ, બીજી તરફ નિગોદના અનંતાનંત આત્માઓનું અનંત, અસીમ દુઃખ. બંને સામ સામા ધ્રુવ.

તીર્થંકરોનો પરમયોગી આત્મા આ બંનેનું પૂર્ણ સંવેદન કરે છે. બંને પરમ સૂક્ષ્મ, પરમ ઇન્દ્રિયાતીત, સર્વજ્ઞ સિવાય બધા માટે અગમ્ય છે. પરંતુ અરિહંતનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છદ્મસ્થ અવસ્થામાં પણ યોગની સર્વોચ્ચ ભૂમિકામાં પહોંચી આ અપૂર્વ અનુભવ કરે છે. આ અનુભવમાંથી પ્રગટે છે, એક વિશ્વ વ્યાપી કરૂણાનું પ્રચંડ પૂર ! એમાંથી રચાય છે એક સંકલ્પ!

'જગતના સર્વ જીવોને પરમાત્મ શાસનના રસિક બનાવી બધા દુઃખથી મુક્ત કરૂં !'

પ્રભુનું શાસન એક જ છે- 'જગતના સર્વ જીવો સાથે તું તારા માટે ઇચ્છે છે, એવો સદ્‌વ્યવહાર કર.'

જો એક જીવાત્મા સાથેનો સદ્‌વ્યવહાર પણ આખા ભવ સુધી સુખ આપી શકે તો અનંત આત્મા સાથેનો સદ્‌વ્યવહાર અનંત-શાશ્વત સુખ આપી જ શકે. સાચા સુખનો આધાર જીવના સજાતીય એવા આત્મદ્રવ્ય સાથેનો સદ્‌વ્યવહાર જ છે. અતીવ અહિંસક વ્યવહાર જ છે.

દુઃખનો આધાર છે - વિજાતીય પર પુદ્‌ગલ સંયોગો સાથેનો સદ્‌વ્યવહાર અને જીવ જગત સાથેનો દુર્વ્યવહાર...!

પરમાત્માનું શાસન સમજાવવા, સર્વજીવોનું કલ્યાણ કરવાની ભાવનામાંથી જન્મે છે તીર્થંકર નામકર્મ-તીર્થંકર નામકર્મના વિપાકોદયથી અકર્તાભાવે પ્રગટેલી ધર્મદેશનાના સશક્ત વાક્ પુદ્‌ગલોનો અખૂટ પ્રવાહ બને છે, **અનાહત શબ્દ બ્રહ્મ...!** અને પ્રચંડ કરૂણાના પ્રવાહથી અણુ અણુમાં પ્રભાવિત તૈજસ્ શરીર બને છે જ્યોતિર્બ્રહ્મ...!

આ શબ્દબ્રહ્મ અને જયોતિર્બ્રહ્મનું સાયુજ્ય બને છે વિશ્વ પ્રાણ-ચિતિ શક્તિ, વૈશ્વિક

ઉર્જા, આર્હન્ત્ય, અર્હત્શાસન, અર્હંતની અપ્રતિહત આજ્ઞાશક્તિ, વિશ્વ મહાસત્તા...! જે સકલ શુભાશુભનું પરમ નિમિત્ત કારણ, સકલ ચરાચર જગતની શાસિકા, સમગ્ર વિશ્વનું સંચાલન કરે છે, તે જ પરમપ્રાણ ઉર્જાના સહારે જગતના સર્વજીવો નિગોદથી નિર્વાણ સુધીની ગતિ કરે છે તે જ ઉર્જા પ્રવાહના પ્રભાવે ગ્રહ, નક્ષત્ર, તારા, ઋતુચક્ર આદિ સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા નિયમિત ચાલે છે.

મુક્તિગમન યોગ્ય જીવાત્માઓ માટે પ્રાણ વાયુથી કરીને બધી જ જીવન સામગ્રી જેના પ્રભાવે ઉત્પન્ન થાય છે. સૂર્ય જેમ સમગ્ર ભૌતિક વિશ્વના સર્જન માટે પ્રકાશ પૂરો પાડે છે. તેમ પરમસૂર્ય જેવું પરમાત્માનું અસ્તિત્વ, આર્હન્ત્ય સ્વરૂપ, સમગ્ર જીવ જગતને મોક્ષપ્રાપ્તિમાં સહાયક સર્વ સામગ્રીનું ઉત્પાદન કરે છે, પૂરી પાડે છે.

આવા પરમપુરૂષ પરમાત્મા અને એમનું આર્હન્ત્ય તેમજ પરમ મહામંત્ર શ્રી નવકારને ઓળખવા, ઓળખાવવા માટેની સફળ મથામણ તેનું નામ પૂ. પંન્યાસજીમહારાજની અવિરત લેખનમાળા...!

આ પરમગુરૂદેવની સંનિધિમાં વર્ષો સુધી રહ્યો. એમાં અનુભવ્યું કે એમણે સાધેલું બધું જ લેખન દ્વારા સાધકોને આપવા માટે જ એમનું સમગ્ર અસ્તિત્વ સક્રિય રહ્યું હતું. આ હું વર્ષો સુધી જોતો રહ્યો છું.

નિત્ય, અપ્રમત્ત ભાવે લખવાનું કાર્ય ચાલતું જ રહ્યું . ક્યારેક વિશાળ વાંચન દ્વારા લાધેલા અપૂર્વ પદાર્થો, ચિંતન-મનની અનુપ્રેક્ષાઓ ડાયરીઓમાં નોંધાતી રહી. ક્યારેક વિશિષ્ટ માસિકો માટે લેખો લખતા રહ્યા. ક્યારેક એ જ લેખો પુસ્તક બદ્ધ કરતા રહ્યા. અવિરત પત્ર વ્યવહાર એ પણ કેવો વિરાટ સ્તર પર ફેલાયેલો...! મોટા મોટા જ્ઞાની પુરૂષો સાથે ગહન તત્ત્વચર્ચાઓ અને સાવ સાધારણ મુમુક્ષુઓ, શિષ્યો, શ્રાવકો, સાધ્વીજીઓ, શ્રાવિકાઓ, બધાને પોતપોતાની રૂચિ અને બુદ્ધિની કક્ષા પ્રમાણે અવનવી રીતે પદાર્થો પીરસતા રહ્યા.

સંયમયાત્રાના થોડાક જ વર્ષોથી શરૂ થયેલી આ વિરાટ પત્રયાત્રામાં એમણે જૈન-જૈનેતર સર્વ વિદ્યાશાખાઓનું તત્ત્વજ્ઞાન સાધકોને આપ્યું. તે પણ સરળ, હૃદયંગમ ભાષામાં...! કેટલાય સાધકોને પોતે સામેથી પ્રશ્નો પૂછીને ગહન તત્ત્વજ્ઞાનમાં સરળતાથી પ્રવેશ કરાવ્યો. ૪૦

વર્ષ જેવા લાંબા ગાળા સુધી આ અસંખ્ય પાત્રો સાથે એમનો પત્રવ્યવહાર ચાલ્યો.

મારા જેવા આળસુને પણ પત્ર લખતા કર્યા. ૧૫ દિવસે પત્ર લખવો, તેવો આગ્રહ રાખતા. **એમને લખેલા નાના પણ પત્રનો એ અવશ્ય ઉત્તર આપતા. એમાં કાંઇ ને કાંઇ, નાની-મોટી પ્રેરણાદાયક વાત હોય જ.**

પત્રવ્યવહારમાં તત્ત્વના વિષયો તથા વૈવિધ્યનો પાર નહિં, ઘણીવાર પત્રમાં લખાયેલી સાધકના જીવનની નાની ઘટનાઓ પર પણ ધ્યાન આપીને યોગ્ય માર્ગદર્શન આપતા, ત્યારે તેમની સૂક્ષ્મૈક્ષિકા પર ઓવારી જવાતું.

પાછલા વર્ષોમાં વ્યાખ્યાનો ઓછા કરતા પણ વાર્તાલાપ દ્વારા દિવસોના દિવસો અને કલાકો સુધી સાધકોને માર્ગદર્શન આપતા. એમાં પણ જ્યારે વગર પૂછ્યે સાધકના મનના પ્રશ્નોત્તરોને, એની સામે જોઇને, જે રીતે ઉત્તર આપતા એ જોઇ અમે અચંબામાં મૂકાઇ જતા. વાર્તાલાપોમાં જે બોલ્યા, જે સાંભળ્યું એના પદાર્થો એમના પત્રવ્યવહારમાં પણ નોંધાતા રહ્યા.

વિશ્વના પૌર્વાત્ય, પાશ્ચાત્ય બધા દર્શનોના એ તલસ્પર્શી અભ્યાસી હતા. કૃષ્ણમૂર્તિ, અરવિંદ, રમણ મહર્ષિ, વિવેકાનંદ, વિનોબા, રજનીશ, દાદા ભગવાન, વિપશ્યના, તંત્ર ગ્રંથો, દાર્શનીક ગ્રંથો બધું જાણતા છતાં વિવેકપૂર્ણ સ્વદર્શનમાં સ્થિર હતા. ઇંગ્લીશ, હિન્દી, ગુજરાતી ઘણા મેગેઝીનોમાં આધ્યાત્મિક કોલમો વાંચતા. સ્વયં સારાસરનો વિવેક રાખતા અને અન્યને શિખવાડતા. એ બધાના સારનો સ્યાદ્વાદશૈલીથી જૈનદર્શનમાં સમવતાર કરતા રહ્યા. **જાણે... આ યુગના આચાર્ય હરિભદ્ર સૂરિ એ હતા...!**

એમની લિપિબદ્ધ ચિંતનયાત્રા આપણને મોટા મોટા વોલ્યુમ રૂપે મળી રહી છે. જે નિત્ય, નૂતન ને તાજી છે. ઓછામાં ઓછા શબ્દોમાં સૂત્રાત્મક શૈલીએ પોતાની વાતને અત્યંત સ્પષ્ટ રજૂ કરવી એ એમની આગવી વિશિષ્ટતા છે. પોતાના વિચારોમાં જે અત્યંત સ્પષ્ટ અને રૂઢ હોય એ જ આવી આગવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે.

આજના યુગના મોટા ભાગના સાધુઓને મજાની, સરળ, પ્રાંજલ ગુજરાતી ભાષામાં બોલતા કરવાનું શ્રેય, પ.પૂ. આચાર્યદિવશ્રી રામચંદ્રસૂરિ મ. ને જાય તો એમના જ પ્રવચનોને લિપિબદ્ધ કરી, જૈન પ્રવચનના નામે મુદ્રણનું કાર્ય પૂજ્ય પંન્યાસજી મહારાજે સંસારી પણામાં

કરી, લેખનના યુગનો મજબૂત પાયો નાંખ્યો. આ બંનેનું આ આગવું પ્રદાન સદીઓ સુધી યાદ કરાશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજે પરમાત્માના પરમ રહસ્યભૂત આર્હન્ત્યની ઓળખાણ કરાવી, એની પરમવિશ્વોપકારકતાને વિશ્વના ફલક ઉપર રજૂ કરી, આપણા ઉપર સહુથી મોટો ઉપકાર કર્યો છે.

**પૂજ્ય પંન્યસાજી મહારાજે કાંઇપણ બોલવા કે લખવા ઉપર સહુથી વધુ ભાર શાસ્ત્રાધારનો જ આપ્યો છે. એમણે જે કાંઇ લખ્યું એના સંખ્યાબંધ શાસ્ત્ર પ્રમાણો સાથે જ આપ્યા છે.**

આજના બૌદ્ધિક, સ્વચ્છંદ યુગમાં, માર્ગની આવી વફાદારી અને શાસ્ત્રોની તરફદારી જવલ્લે જ મળે.

એમના આ સમગ્ર પત્રગંગાના વોલ્યુમોમાં આપણને ઢગલાબંધ શાસ્ત્રપ્રમાણો વાંચવા મળવાના. એમની શાસ્ત્રપ્રમાણોની નોંધ ગજબની છે. નાની નાની વાતોના પણ પ્રમાણ ક્યાંક શાસ્ત્રમાં ખૂણે-ખાંચરે મળી આવે તો પણ એમણે નોંધ્યા છે, તે એમની સૂક્ષ્મ દષ્ટિને આભારી છે. એમની આ અપૂર્વ બહુશ્રુતતાને કોટિ કોટિ નમસ્કાર...!

**વિ. સં. ૨૦૭૩, મહા વદ ૧૨**
**અરિહંત, નવાડીસા-હાઇવે.**

**લિ. પૂજ્ય ગુરૂદેવના અંતેવાસી**
**મુનિ ધુરંધરવિજય**
**(પત્રગંગા પુસ્તક ભાગ-૨ ની પ્રસ્તાવના)**

•••

પૂ. આ. ભ. શ્રી હર્ષતિલકસૂરીશ્વરજી મહારાજની વિનંતિથી આલેખાયેલ...
પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજતિલકસૂરીશ્વરજી મહારાજની વિવિધ સ્મૃતિ મહોત્સવની

# પત્રિકામાં આલેખાયેલ સંવેદનાઓ

## ...ક્યારે બનીશું ઋણમુક્ત !!!...

**ઓ પ્રાણ પ્યારા ગુરુદેવ !**

આપશ્રીની વસમી વિદાય પર કૈંક ઋતુના ચક્રો ફરી વળ્યા... છતાંય આપશ્રીની યાદ શેં ભૂલાય !

- અનેક સાધક આત્માઓના પ્રાણની પેટીમાં આપશ્રીની અઢળક સ્મૃતિઓ સંઘરાયેલી છે... આપશ્રી કેટકેટલા સ્વરૂપે આરાધકોના/સાધકોના જીવનમાં પ્રવેશ્યા અને સાધના માટે થનગની રહેલાઓનું મંગળ કર્યું ! એની સ્મૃતિ થતા જ અમારા અંગ અંગ રોમાંચિત થઇ ઉઠે છે !
- ક્યારેક આપશ્રી સાધકોના જીવનમાં ઝંઝાવાતની જેમ ધસમસી આવ્યા... સંસારની માયાની ઝૂંપડીને જમીનદોસ્ત કરી નાંખી... મોહને ઘાસની ગંજીની જેમ ઉડાડી મૂક્યો તો કુવિકલ્પોના બાવળોનો શોથ વાળી નાંખ્યો !
- ક્યારેક આપશ્રી આરાધકોના જીવનમાં વીજકડાકો થઇને ત્રાટક્યા... તેના અસહ્ય તેજ લીસોટાએ અનેકોને રંગરાગ માટે અંધ બનાવી મૂક્યા... વાસનાના વૃક્ષોને ઠૂંઠામાં બદલી નાખ્યા... તો તૃષ્ણાની ધરતીમાં જબરદસ્ત તીરાડ પાડી દીધી !
- ક્યારેક આપશ્રી સાધકોના જીવનમાં પાનખરનો વાયરો થઇને ચોમેર ફરી વળ્યા... સાધકોની ઇન્દ્રિયોની આકાંક્ષાઓ સૂકા પત્તાની જેમ ખરી પડી... તેઓનો પ્રમાદ ટાઢની જેમ ઓસરવા માંડ્યો... અજ્ઞાનનો ધૂમ્મસ ઓગળ્યોને... જ્ઞાનનો સોનેરી તડકો ચમકવા માંડ્યો...
- ક્યારેક આપશ્રી આરાધકોના જીવનમાં વસંતના વધામણા થઇને પ્રગટ્યા... આરાધક આત્માઓનું જીવનનું નંદનવન અગણિત ગુણપુષ્પોથી ખીલી ઉઠ્યું... આરાધકો કેસુડાના

ફૂલોની જેમ ત્યાગના રંગે રંગાઇ ગયા... સાધકોના અંતરની આમ્રવાટિકામાં વિરતિની માંજર મહોરી ઉઠી... ડાળે ડાળે વૈરાગ્યની કોયલો ટહૂકવા લાગી... અને સમતાની સુરભિ ચોતરફ મ્હેંક મ્હેંક થઇ ઉઠી...

- આમ ક્યારેક રમ્ય ક્યારેક રૌદ્ર, ક્યારેક કોમળ ક્યારેક કઠોર, ક્યારેક કૃપાળુ ક્યારેક કુપિત, ક્યારેક ઉદાર ક્યારેક અનુદાર, પ્રત્યેક સ્વરૂપે આરાધક આત્માઓનું માત્ર મંગળ જ કરનારા હે મહાન તપોપુંજ ગરવા ગુરુ ×રાજ'' ! આપશ્રીના અગણિત ઉપકારમાંથી ઋણ મુક્ત બનવાનું સૌભાગ્ય ક્યારે સાંપડશે !
- આપશ્રીને પરમપ્રિય એવા મુક્તિપદને મેળવશું ત્યારે જ ને ?

**કોટિ કોટિ વંદન... આપશ્રીના પદપંકજે...**

## ...ભીગી ભીગી પલક...

ચિત્તના આકાશમાં ચિત્ર-વિચિત્ર સ્વરૂપે વારંવાર ચમકી જતા ઓ મહાન ઉપકારી ચારિત્ર ચૂડામણિ પૂજ્ય ગુરુદેવ !

આપશ્રીની યાદ દિલના ઝરૂખડે ઈશાન ખૂણાની વીજઝબૂકાની જેમ ઝબૂક ઝબૂક થાય છે ને આંખના આભલેથી અશ્રુની ધારા વરસી પડે છે...

આપશ્રીની યાદ અમારા માટે બારેમાસ વરસતી ભીગી-ભીગી પાવસઋતુ છે.

વીતી ગયેલા સમયનાં પગલાં હજી પણ લાગણીના જલથી લથબથ છે.

આપશ્રીના વાત્સલ્યની ઝીણી ઝીણી ઝરમરે તો અમારા હૃદયને કૂણું બનાવ્યું... તેમાં વાવેલ ધર્મના બીજે સાવ વેરાન બની ગયેલા અમારા જીવનને લીલું કુંજાર બનાવ્યું, તેમાંથી અનેક વિધ આરાધનાની શાખા-પ્રશાખાનો પ્રાદુર્ભાવ થયો...

અને અમારી વૃત્તિના કદંબની ડાળે ડાળે સંયમના શ્વેત પુષ્પ બેઠાં...

પ્રાણવલ્લભ ઓ પ્યારા ગુરુદેવ ! વર્ષા ભલે વિદાય થાય.

વાદળીઓ પણ ભલે વિલીન થાય... પણ તેની અજસ્ર ધારે ભીંજાયેલી ધરતીમાં પડેલા ચાસ ક્યારેય ભૂંસાતા નથી...

તેમ... આપશ્રીના કરુણાભીનાં લોચનિયામાંથી વરસેલી વાત્સલ્યની અવિરલધારાથી ભીગાં ભીગાં થયેલાં અમારાં અંતરમાં પડેલી આપશ્રીની યાદની છાપ કદી પણ મીટવાની નથી એ તો હરહંમેશ કૃતજ્ઞતાના આંસુથી ભીગી ભીગી જ રહેશે.

**કરુણાના... કમનીય કેલિકાનન ગુરુદેવ !**

**કોટિ કોટિ વંદન... !**

**આપશ્રીના કમલ કોમલ ચરણયુગલે !...**

## ...ગુરૂદેવ ! વરસો અનરાધાર !...

ઓ જીવદયાના મહાન જયોતિર્ધર, કરુણાસાગર ગુરૂદેવ !

આપશ્રીના વિરહની વેદનાથી વલોવાતા અંતરની વ્યથાની વીતક શેં વર્ણવી !

આપશ્રીના વિરહની એક-એક ક્ષણ બની છે પ્રતીક્ષાની પીડાથી વિલક્ષણ...

આપશ્રીના વિરહની એક-એક ઘડી બની છે સંતાપની ધખધખતી સગડી...

આપશ્રીના વિરહનો એક-એક કલાક બને છે ઘોર દુષ્કાળ જેવો દુઃસહ...

આપશ્રીના વિરહનો એક-એક દિવસ બને છે દક્ષિણાયન... વિરહના હિમખંડની પીડા દેતો...

આપશ્રીના વિરહની એક-એક રાત બને છે ઉત્તરાયણ...વિયોગના અગનદાહથી ઉકળતો...

આપશ્રીના વિરહનો એક-એક મહિનો બને છે માતમનો મહાયુગ...

ઓ ગુરુમાત ! ક્યાં છો આપ ! અમારા અંતરના તાર પર ઝણઝણાટી બોલાવતો આર્તપોકાર કેમ આપને પહોંચતો નથી !

આપશ્રીના આંખની અમીઝરણા...વાત્સલ્યની વારિવર્ષા... સ્નેહની સરવાણીઓ... હવે ક્યારે અમારા અંતરની ધરતીને તરબતર કરીને આરાધનાના-ઉદ્યાનને ફુલ્લ પ્રફુલ્લિત કરવા પુનઃ અવતરણ કરશે.

આરાધનામાં ભીંજાવનારી આપના અંતરની અમીવર્ષાને ઝીલવા ચાતક બાળની જેમ અમે તડપી રહ્યા છીએ.

**ઓ પ્રાણપ્યારા ગુરૂદેવ ! વરસો અનરાધાર...**

## ...ક્યાં ગોતીએ ગુરુવરને !!!...

પરમકૃપાસાગર ઓ ગુરુદેવ ! આપશ્રી ક્યાં છો ! નથી ખત... નથી ખબર...

ધારીએ છીએ કે આપ છો તો સ્વર્ગલોકમાં જ... પણ ક્યાં ?

- સ્વર્ગના નંદનવનમાં કલ્પવૃક્ષની પુષ્પની શેરીઓમાં વિહરતી વિલાસવતી દેવાંગનાઓના ઝૂંડમાં તો આપશ્રી જડો જ શેના !
- સુમેરૂના સુવર્ણના શિખરો પર મૃગમિથુનની જેમ મ્હાલતા પ્રમત્ત દેવયુગલોના ચંચળ વિચરણમાં સાથ આપવાનો તો આપને સમય જ શેનો મળે !
- અનુપમ અંગના મરોડોથી ઉછળતી દેવાંગનાઓના પ્રીતિમધુથી છલકાતા અનંત નૃત્ય ઉત્સવો પર ઠરવા માટે તો આપશ્રીની આંખોને અવકાશ જ ન હોય ને !
- ક્રીડા સરોવરોના સુવર્ણકમળોના પરાગથી સુગંધિત અગાધ જલવિસ્તારમાં જળક્રીડા માટે વિનવણી કરતી, અનુપમ દેહ-લાલિત્યથી મનમોહક સુરલલિતાઓની વચ્ચે ઉપસ્થિત રહેવાનો તો આપને રસ જ ક્યાંથી હોય !
- આપશ્રી તો મશગૂલ હશો શાશ્વતી જિનપ્રતિમાઓના અપ્રતિમ પુષ્પ શૃંગારમાંથી નિખરતા પરમાત્માના પરમ સૌંદર્યના મધુરસના આકંઠ પાનમાં...
- વિચરતા હશો શાશ્વતા ગિરિશૃંખલાઓના શિખરો પર પથરાયેલ અસંખ્ય સિદ્ધાયતનોની કુંજ ગલીઓમાં...
- દોટ મૂક્તા હશો સમ્યગ્દર્શની દેવવૃંદની સાથે વિહરમાન તીર્થંકર પરમાત્માઓના સમવસરણમાં પ્રવચનની અમૃતધારામાં તરબોળ થવા...
- નાચતા હશો નવ નવ સુવર્ણના કમળો પર ચરણ ઠવીને વિહરતા પરમાત્માની આગળ વરસતા પંચવર્ણીય પુષ્પપુંજના ઢગ પર અસીમ આનંદના ઉદ્રેકથી...

અવનવી આરાધનાના અગાધ સાગરમાં ડૂબેલા આપને ક્યાં ગોતીએ ઓ સ્વર્ગસ્થ ગુરુદેવ ! અમે તડપી રહ્યા છીએ આપશ્રીના વિરહની વેદનાના દાવાનલમાં...

**બસ ! ઓ ગુરુદેવ ! એકવાર દર્શન દ્યો... સ્વર્ગલોકના દ્વારેથી...**

# ...સંવેદના !...

## સ્મરણના સથવારે...

શીલની સૌરભથી મઘમઘતા વંદનીય ગુરુદેવ !

આપનું અસ્તિત્વ શાશ્વત પદ્મ સરોવર જેવું હતું. સુગંધ અને શીતળતાથી છલોછલ... શ્વેત પુંડરીક જેવું ખીલેલું આપનું મુખડું વચનનો મધુરસ રેલાવતું હતું... નીલ ઇન્દીવર જેવા આપના નયન કરુણાના મકરંદથી ઝરતા હતાં. સુવર્ણ કમલ જેવું આપનું કરયુગલ વરદમુદ્રાથી અભયનો પરાગ વિખેરતું હતું... રક્ત કોકનદ જેવા આપના ચરણતલ અમારા અંતર સરોવરમાં ભાવની હવા લહરીથી ઝૂલતાં હતાં. આપના શીતલ અને સુગંધિ અસ્તિત્વનું સ્મરણ અમારા અસ્તિત્વને પ્રસન્નતાથી તરબતર કરી રહ્યું છે.

અંતરના આકાશમાં ઝળહળી રહેલા ગુરુદેવ !!!

કાળનું ચક્ર ફર્યે જાય છે... કેલેન્ડરના પાના ખર્યે જાય છે. જૂનું ભૂસાતું જાય નવું રચાતું જાય. આ જ સંસારનો ક્રમ... પણ... ગુરુદેવ ! આપ એમાંથી બાકાત છો... આપ તો અમારું શાશ્વત સંસ્મરણ છો.

આપનું આધ્યાત્મિક અસ્તિત્વ તો અમારા અંતરના આકાશમાં ધ્રુવના તારાની જેમ નિરંતર ઝળહળી રહ્યું છે... એના શાશ્વત સહારે અમે આ ભવનો અતાગ સાગર સહેલાઈથી પાર કરી પરમાત્મ પદના લક્ષ્યને અવશ્ય પ્રાપ્ત કરશું એવો અમને અટલ વિશ્વાસ છે... ગુરુદેવ ! અમારા અંતરમાં આપ સદા જીવંત રહો ! જયવંત રહો !

ફરી યાદ કરવા આપને, આવ્યા અમે સહુ દોડતા...

ફરી યાદ દઈએ આપને, અમને નહીં તરછોડતા !

ફરીયાદ એક જ આપને, અમને શું મૂક્યા એકલા !

ફરી યાદ કરવા ના પડે, એવા થજો ભેળા ભલા !

## ...અસ્તિત્વનો ઉત્સવ...

અમારા રોમેરોમમાં રમી રહેલા ગુણસાગર ઓ ! ગુરુવર ! આંખો મીંચીએ છીએ ને પાંપણોની ભીતરના પડદે પ્રગટ થાય છે, આપનું દેદીપ્યમાન દિવ્યરૂપ! ટટ્ટાર-અડોલ ચંપકવરણો દિવ્યદેહ...આશીર્વાદના અમૃતઝરતી અનુપમ મુદ્રા... નિષ્કલંક ચારિત્ર્યના ચમકારાથી ચમકતો સુપ્રસન્ન ચહેરો... હેત છલકતી આંખડીને... હોઠો પર ફરકતું નિર્મલ સરલ સ્મિત... અભય મુદ્રામાં ઊંચો થયેલો પવિત્રતમ હાથ... અને... નિરંતર સ્વાધ્યાય ધ્યાનમાં લીન આપનું પાવનતમ અસ્તિત્વ...ઓહ ! પરમોપકારી ગુરુવર ! આપ અહીં જ છો અમારા ભાવભીના અંતરની ભીતર નિરંતર...

આપનું આનંદ અને આશીર્મય અસ્તિત્વ અમે સદાય અમારી ભીતર રોમે રોમમાં રમતું અનુભવીએ છીએ...

પેલું તારાઓનું ઝૂંડ તો સૂરજ અને ચાંદાના તેજમાં ને વાદળોની આડમાં નિસ્તેજ બની જતું હોય છે... પણ...આપના ગુણગણના સિતારા ક્યારેય ઓલવાતા નથી...

પેલો સૂરજ તો ઉગે છે ને આથમે છે... પણ... આપના વિરાટ તપનો સૂરજ તો સદા બહાર ચમકારા વેરી રહ્યો છે...

પેલો ચાંદો તો રોજ વધે છે અને ઘટે છે... પણ... આપના મહિમાનો ચાંદો તો દિન પ્રતિદિન વૃદ્ધિ જ પામી રહ્યો છે...

આપની પાવન સ્મૃતિના સરોવરમાં ડૂબકી મારીને અમે એક જ ઝંખના અભિવ્યક્ત કરીએ છીએ... અમારી ભીતર રમતું આપનું આધ્યાત્મિક અસ્તિત્વ માત્ર અમારું જ નહીં. સમગ્ર જીવજગતનું કલ્યાણ કરનાર બને...

આપની વિરહની વેદના નીતરી નીતરીને આપશ્રીના ગણનાતીત ગુણોના બહુમાનમાં પલટાય...

આપના ગુણો ઉપરનો પ્રેમ/લાગણી, આરાધના/સાધનાના પંથે અવિરત વધવામાં વેગવંત બને...

## ...સ્મૃતિના સથવારે...
## ...ઓ કરૂણાના કેલિકુંજ ગુરુપ્રવર શ્રી !...

વસંતની વાંસળીના સૂર જેવા આપના જીવનના અમૃતસ્વર આપની વિદાય બાદ પણ હજુ હવામાં લહેરાઇ રહ્યો છે... સ્મૃતિના પટ પર ઉભરતા એ સ્વર અવનવા દશ્યોમાં પલટાતા રહે છે...

- ક્યારેક દેખાય છે ઉત્સવોને - મહોત્સવોના પ્રસંગે ઉડી રહેલી મીઠાઈઓ અને ફરસાણોની મહેફિલો વચ્ચે આયંબિલનું પ્રસન્નભાવે નીરસ ભોજન સ્વીકારતી આપશ્રીની નિર્વિકાર સ્વસ્થ મુખમુદ્રા.
- ક્યારેક ઉભરે છે સૂર અને સાજની ધમાલભરી સંગીતની રંગતમાં પણ સ્વસ્થપણે સ્વધ્યાયમાં સધાતી આપની નિષ્પ્રકંપ લયલીનતા...
- ક્યારેક માનસ પટ પર પ્રગટ થાય છે લાગણીભીની ભક્તિના ધોધ વહાવતા ભક્તગણોની ભીડની વચ્ચે પણ આપનું પરમનિઃસ્પૃહ વ્યક્તિત્વ પ્રગટ કરતું કરુણાસભર સ્મિત મઢ્યું મુખ મંડલ...
- ક્યારેક પડઘાય છે કર્ણપટ પર વ્યાખ્યાનની પાટ પરથી ધોધમાર વહેતો વિષયોના વિલાસરૂપ વૈરીઓ અને વિગઇઓના આસ્વાદના વરવા વિપાકો સામેનો ઉગ્ર આક્રોશ... અને...
- ક્યારેક સંતપ્ત અંતરને ભીંજવી જાય છે કષાયો અને સંક્લેશના કડવા પ્રસંગે પણ વહાલપની વાદળીઓ વરસાવી જતી આપની અમૃતભરી કરુણા નજરની ઝાંખી...

સ્મૃતિના મખમલી પડદા ઉપર રંગબેરંગી ઉભરતી આપશ્રીની અમૃતઝરતી યાદ જ હવે તો આપની વિદાયની વિષમતમ વેદનાના દાવાનળને બૂઝવશે... સંયમ સાધનાની ધરતીને નવપલ્લવિત કરતી રહેશે... ડગલે ને પગલે સતત ખાલીપાનો અનુભવ કરતા હૃદયને હર્યુંભર્યું બનાવશે...

**ઓ મહાન્ ગુરુવર ! જયાં હો ત્યાંથી આશીર્વાદ વરસાવી કૃતાર્થ કરો !!!**

## ...ઓ સ્વર્ગસ્થ ગુરુદેવ !...
## ...સુણો અમારો પોકાર !...

આતમના પ્રદેશે પ્રદેશે છવાઇ ચૂકેલા ઓ અલગારી ગુરુદેવ !

ક્યાં બિરાજો છો આપ...!

ઉનાળાના ધગધગતા વાયરા વાઇ રહ્યા છે... સૂરજ ધગધગતા લોખંડના ગોળા જેવો લાલઘૂમ બનીને સારીયે સૃષ્ટિને સળગાવી રહ્યો છે.

આવી બળબળતી ઋતુમાં પણ આપશ્રીના વિરહના હિમડંખથી અમારા રુંવે રુંવે ખાલી ચઢી જાય છે.

બહાર ભલે આગ પ્રજળે છે પણ... આપશ્રીના વિરહનો હેમાળો તો હવે જાણે કે અમારી આરાધનાના જોમને થીજવી રહ્યો છે...

ગુરુવર ! આપશ્રી હતા ત્યારે જાણે કે અમારા અંતરના આકાશમાં શરદનો સૂર્ય ચમકતો હતો.

અમારી મોહની ધ્રુજારી પેદા કરાવતી થીજવી નાંખતી ઠંડી ઓસરી જતી હતી.

ચૈતન્યના પ્રદેશે પ્રદેશે સ્ફૂર્તિના ઝરા ફૂટી નીકળતા હતા.

અમારા સંયમનાં એક એક અંગ ઉલ્લાસ / ઉમંગનો અનેરો તરવરાટ અનુભવતા હતા.

આપશ્રીની નજરના તેજ લીસોટાથી અમારી બધી અકડાઇઓ ઓગળી જતી હતી.

અમારા રોમ રોમે અનેરી તાજગીનો ફુવારો ઉછાળા મારતો હતો. અમારા જીવનના આકાશમાં અવનવી ક્ષિતિજો ખૂલતી હતી... આપ હતા ત્યારે શીયાળે પણ ઉનાળો હતો... આજે આપ નથી તો અમારે મન ઉનાળે શિયાળો છે... અમારા ઉત્સાહ અને ઉમંગ ઠંડા પડી ગયા છે. તપ અને તિતિક્ષા અળસાવા માંડયા છે.

અમારી જીવનદષ્ટિ નિરાશાના ગાઢ ધૂમ્મસમાં ઓઝવાઇ રહી છે.

ઓ ગુરુવર ! પાછા ક્યારે પ્રગટશો અમારા જીવનના સુમેરુ શીખર પર !

ક્યારે ઝળહળતો કરશો અમારા સંયમનો/ધર્મનો સુવર્ણ દેહ!

ક્યારે ઉઘાડશો આરાધનાની/સાધનાની અવનવી ક્ષિતિજો !

ક્યારે ભરશો અમારા અંગે અંગમાં ઉછાળા મારતી ઉમંગની ચમક !

**કૃપા કરીને ગુરુવર ! પુનઃ પ્રગટો ! પાછા આ અવની પર !**
**અમ જીવનના રાહે માંડો પ્રકાશ પગલા મન ભર !**

# ...भीगी भीगी यादें...

बारीश की मौसम । भीगी भीगी मौसम।
भक्ति की प्यारी-प्यारी यादो से भरी-भरी मौसम।
प्यारों से बिछडे हुए भावुको कीं तडपन की मौसम ।
बरसता हुआ आकाश और बरसती हुई आंखो की मौसम ।

बरस रहे हुए बादलों के बिच चमकती बिजली के कारण
उजाले अंधेरे के खेल में थिरकती सावन की रातों के
नीरव एकांत में आती हुई आपश्री की यादें हमारे पूरे
अस्तित्व को भीगी भीगी महक से भर देती है ।
आपकी परम पावन सांन्निध्य में बीते हुए
वे वरस... ... .... वे महिने... ... .... वे सप्ताह... ... ....
वे दिन... ... ... वे घंटे... ... .... वे पल... ... ...
हमारे जीवन की धन्यतम वेला थी... ... ...
आज भी अंतर की आंखो के सामने आ रही है आपकी भिन्न भिन्न भावमुद्राएं... ... ...

● कभी प्रवचन पीठ पर संसार की नितांत असारता को बताते हुए आपकी करूणाभीनी कठोरता...

● कभी चारो और घिरकर बैठे हुए श्रीमंत भक्त मंडल की भावभीनी
भक्ति प्रार्थना के अवसर पर भी आपकी आंखो में खेलती हुई निर्लेपता

● कभी आपका गुणवान आश्रितों के पर मेघ के तरह बरसता हुआ अपार असीम वात्सल्य... ... ...

● और कभी अंतेवासीयों के छोटे से दोष पर भी तिनके के जैसा
कभी आग की भांति स्वरुप भीमता को धारण करते आप...

● कभी यात्रा संघ में कभी प्रतिष्ठा प्रसंग में कभी भगवान के साथ भक्ति की अमृतधारा में आप...

● कभी स्वाध्याय, कभी जाप, कभी कायोत्सर्ग, कभी अप्रमत क्रियायें, कभी पारणा, कभी उग्रतप,

● हर अवसर पर आपकी परम प्रसन्न भावमुद्रा निरंतर स्मरण पथ पर आती है... और
अंतर में प्रतीति होती है कि आप पृथ्वी तल पर ही है...
हमारे साथ ही हो...
बस । गुण भंडार गुरूदेव । ऐसी ही कृपा हमारे पर सतत बरसाते रहना... आप हमारे पर सतत बरसते रहना...
आप हमारे साथ ही हमारे भीतर प्रगट रूप से सदा-सदा रहना...

## ...गुरुवर स्तुति...

श्री वर्धमान तपोनिधि तुम विश्वमें विख्यात थे,
दुर्जेय रसनेंद्रिय विजेता आप सबको ज्ञात थे,
श्री प्रेमसूरीश्वर चरणमें जो समर्पित थे सदा,
श्री राजतिलकसूरीश को करु कोटि कोटि वंदना ।।

**।। श्री राजतिलकसूरीश्वरजी महाराजा जयवंत रहो ।।**

श्री वर्धमान आयंबिल तपके विक्रम सर्जक अद्वितीय आराधक...
राज राजेश्वर श्रीतीर्थंकर परमात्माओं की भक्ति के समय अस्वस्थता में भी पूर्ण स्वस्थ...
जयवंत जिनशासन के गगन में चमकते रहने वाले तेजस्वी सितारे...
तितिक्षा, तप और त्याग के त्रिवेणी संगम से पुनित तीर्थ स्वरुप...
लज्जा-दाक्षिण्य-औदार्य-निस्पृहता आदि अनगिनत गुणगण के भन्डार...
कठीन से कठीन परिस्थिति में भी परम समता के धारक ! ओ गुरुदेव...
सूरज की तरह चमकते थे, आप उग्र तपके तेज: पुंज थे फिर भी...
रीस और राग आपके निकट भी झांकने की नहीं करते थे कोशिश...
श्व: श्रेयस् और परम हर्ष की प्राप्ति थी सुलभ आपके आशीर्वाद मात्र से...
रङ्गभरे उत्सव निरंतर चलते थे आपके सानिध्यमें फिर...
जीवन के पथ पर नि:स्पृही निर्मोही बनकर आप चलते रहे...
महामोह की परमवफादार रसनादासी को पराजय का अद्‌भूत स्वाद चखा दिया था आपने...
हाश की अनुभूति होती थी आप श्री के सानिध्य में आने वाले तप: प्रेमी आराधकों को...
राजलोक के अग्र भाग पर स्थित अणाहारी सिद्धिपद की प्राप्ति हेतु सतत लालायित थे आप श्री...
जाज्वल्यमान जिनशासन की पताका को असाधारण तप के द्वारा समुन्नत रखी थी आपने अत:...
जयजयकार होता था आप जहाँ पर विचरण करते थे वहाँ पर सर्वत्र...
यश फैल चुका था दूर-सुदूर तक दिगदिगंत में आपश्री के सर्वोत्कृष्ट व्यक्तित्व का...
वंदनीयो के लिए भी सदा स्पृहणीय एवं वंदनीय थे आपश्री फिर भी...
तनिक भी परवाह नहीं थी आपको भक्तों की, शिष्यों की, उत्सवों की, या आडम्बरो की
रसनेन्द्रिय के परमोच्च विजेता हे ! उपकारी तरणतारणहार गुरूदेव !
होगा जब तक सूरज चांद तब तक आप रहेंगे याद...
राजतिलकसूरि गुरूराज भवसागर मे जहाज

## ...धन्य धन्य शासन मंडन सूरि "राज"...
## ...रोम रोम की प्यास...

ओह ! प्राण प्यारे गुरुदेव !

अपने भक्तों के प्रति इतनी गहरी उदासीनता क्यो ? इतनी विरक्ति क्यों ? इतनी उपेक्षा क्यों ?

क्या मुक्ति की मंजिल पर जा रहे आपको पकड लेंगे ? नहीं जाने देंगे ? आपको ऐसा भय सता रहा था ?

अरे परम विरक्त गुरूदेव !

हमें भी थोडा ही दावानल की तरह सुलगते इस संसार में पडे रहने का मोह है ? हमें भी आपका

अँचल पकडकर इस संसार से पार होना चाहते है... आप जरा मुडकर हमारी और भी निगाह करो !

हमें भी आपके साथ ले चलो मुक्ति की मंजिल तरफ...

आपकी आँखो से टपकता हुआ वह अपार करूणा अमृत झरण,<br>
आपके वरदहस्त युगल से बरसता वह वात्सल्य का आषाढी मेघ ।<br>
अभय पथ पर चलते हुए आपके पतित पावन चरणों का मृदुतम स्पर्श !<br>
हमारे अस्तित्व के क्षण तक अविस्मरणीय है...<br>
हमारे शरीर के रोम रोम पुकारते है आपकी अमृत वर्षा को...<br>
आपकी अपार क...रू...णा...!<br>
आपका असीम वा...त्स...ल्य...!<br>
आपका अभय अ...स्ति...त्व...!<br>
अनुभव के पथ पर हमको निरंतर प्राप्त होते रहे...<br>
यही है एकमात्र अभ्यर्थना...

## ...कहां खोज करे आपकी?...

गुरुवर ! ओ ! प्राणवल्लभ गुरुदेव !

आप कहां पर बिराजमान है । कहां खोज करे आपकी ?

अमावस्याकी घोर अंधेरी रात है... अंजनगिरि के समान मेघ, कें काजल जैसे श्याम घटाटोप से पूरा आकाश लिप्त हो चूका है । सारी सृष्टि लगती है कि चुप्की के गहन अवकाश में डूब गई है । नहीं है आवाज ! नही है प्रकाश !

निराशा के घोर अंधकार में रहे हुए हमारे जीवनपथ पर आकुल-व्याकुल होकर हम आपकी खोज कर रहे है । सिना घुंटन से भर गया है । किसी अज्ञात भार से रुदन को रोक रखा है, जीवन असह्य बोज से हत-प्रहत हो गया है । आपकी चिर विदाय से हम शून्य बन गये है । उस शून्यता की भरती के लिए न जाने कितकितनी आंधीयाँ आ रही है प्रतिपल... कैसे टिकना ईन आंधियों की बीचमें... आंख को चकाचौंध करनेवाले बीजली के चमकारें... कानको बहेरे बना देनेवाले कडाके... चारों और से हमको परेशान कर रहै है...

असह्य वेदना मानों की हमारे प्राणो के पुष्पो को मुरझा डालेगी... ओ हमारे जीवन रथ के सारथि गुरुदेव ! अब आप हमारी उपेक्षा मत करो ! आप की बिदाय को संपूर्ण ऋतुचक्र पूर्ण होने आया है ! शरदऋतुने बिदाय ली... शीत एवं शिशिर भी गई... वसंत एवं ग्रीष्म भी पूर्ण हो गई... अब तो वापिस वर्षा ऋतु का आगमन हो रहा है ।

अनराधार बरसती मेघ से प्रच्छन्न रात की तरह हमारी आंखो में से अपार आंसु बहते थे और आप बिदा हो गये ।

बस ! आपश्री का अज्ञात प्रवास पूर्ण कर वापिस हमारे जीवनपथ पर पधारे करुणाभरी नजर के प्रकाश से हमारे अंधेरे दूर करो !

**करुणा सागर ! अब आप, तनिक भी न करे उपेक्षा ।**

**भव के भीषण वनमें रहे हुए हमारी किजीए पूर्ण रक्षा !!!**

# ...स्मृति की रिमझिम...

तपस्वीजनों के आलंबनरुप ओ ! प्राणप्रिय पूज्यवर !

जब-जब भी आप स्मरण पथ में आ जाते हो... तब-तब आपके नये-नये रुप हमारे अन्तर के
आकाश में उद्भाषित हो उठते है और... हम अनिर्वचनीय आनन्द में डूब जाते हैं ।

- आप थे हिमशीतल, श्वेत धवल, स्फटिक कणिका जैसे... चमकती जलधाराओं से, भीगी-भीगी काली घटा से श्याम सुहावन सावन मास......
  असंख्य अग्नि स्फुर्लिंगो से आकुल गगन को चुमती हुई काल कराल ज्वालामाला से विकराल
  प्रज्वलित हुए कषायों के विशाल दावानल के प्रशमन के लिए.....
- आप थे नील रंगीन सलिल की धारा में नर्तन करती हुई यमुना तट पर आसीन धीर सलील समीर की लहरियों के मादक स्पर्श से झूमते हुए फूल, पल्लवों से लदे कदम्ब के प्रगाढ तरु कुंजों से रसिक जनों का मन लुभावन वृंदावन....
  स्वर्ण चंपक पुष्प जैसी गौर रम्य देह दीप्तिमयी विरति रूप रसीली राधा एवं नव नीरद की भांति नील कांति से कमनीय विराग रुप राधा रमण के रास खेलने के लिए.....

- आप थे स्वर्ण घटित प्रोतुंग, शृंगावती परिण्डित सुमेरु शैल की मणि मेखला पर संस्थित कमनीय कल्पतरु के कुंज निकुंजो से सघन नन्दन वन
- गुणगरिमा की अंग भंगिमा से, करुणा के कोमल कटाक्षों से, असीम आनन्द के मृदु आलिंगन से, भुवन जन मोहिनी सुमधुर वाक्य विन्यास से विश्व अभयदायिनी पांच प्रकार के आचार की अप्सराओं को निरन्तर विचरण के लिए ...........

हे पतित पावन !

ओ ! वात्सल्य की वर्षा के सावन ! ओ ! वैराग्यादि गुणों के वृन्दावन
ओ ! शील से सुरभित नन्दन वन ! स्वर्गस्थ गुरुदेव
गुणस्मरण पर्व पर आपके गुणगान से हम होंगे पवित्र ...

# ...ओ जीवन नैया के सुकानी गुरुदेव...

पावस की काली काली घनघटाओं के बीच चमकती बीजली की भांति आपकी पावन स्मृति अंतस्तल के गहन अंतराल में अजिबों गरिब की रोशनी फैल जाती है उस झलहलती रोशनी में दिखता है... अनंत भवसागर का दिल दहल जाय वैसा भीषण स्वरुप ।

न कोई आरा... न कोई किनारा... चारो और फैला हुआ है अनंत अनंत भवपरंपरा... का जल विस्तार...।

जिसकी जन्म मृत्यु की उच्छलती तरंगावली बड़े-बड़े पहाडो को भी अपने भीतर डुबा देती है वहाँ हमारी क्या हेसियत ?... और उस भवसमुद्र के अथाह जल के अंदर छीपकर बैठी विपत्तियों की वज्र जैसी कठीन तीक्ष्ण चट्टाने टकराते हुए हर पदार्थ को चूर-चूर करने हेतु प्रतिक्षण तैयार रहती है जिसके उफनते हुए जल में कषायों के क्रुर जलचरों के हमें पुरे के पुरे हरदम झुंड को हड़पने को लालायित रहते है... विषय का विकराल वड़वानल भोग सुखों की असंख्य जलधारा से भभूकता रहता है । हमें असंख्य दाह प्रदान करता है । ऐसी विषम परिस्थिति में कुविकल्पो की भयानक अंधेरे में फस कर दिशा हिन बन निराधार भटकते हमको बडे भाग्य से आप सुकानी के रुप में मिल गये... धर्म के सुकान को दृढ बनाकर हमारे जीवन जहाज को आपने सिद्धिगति के पथ पर चढा दिया... सारी विपदाओं से मुक्त निर्वाण पद का ''मम शीघ्रं भवतु'' का मंत्रदान दिया ।

आपके असीम उपकारो की याद से हमारा हृदय गद् गद् है... हमारी आंखे सावन भादो की तरह गिली गिली है ।

ओ गुरुदेव ! एक ही अभ्यर्थना है कि मुक्ति की मंझिल न मिले तब तक आप हमारे राहबर बने रहे आपकी अभय आशीवर्षा हमें बल देती रहे ।

